# કરેમિ ભન્તે !-સૂત્ર

[ सकलद्वादशाङ्गोपनिषद् ]

અથવા

## ભગવાન્ મહાવીરનું જીવન રહસ્ય

[ભગવાન્ મહાવીરની મહા-પ્રતિજ્ઞા]

ભાગ ૧ લો.

યોજક અને પ્રકાશકઃ
પ્રભુદાસ બ્હેચરદાસ પારેખ.

વ્યવસ્થાપકઃ
જૈન વિદ્યા ભુવન-રાધનપુર.

अध्यात्म-विद्या-प्रकाश-रश्मि:—१ જૈન તત્વજ્ઞાન—૨
[ ચરણાનુયોગ ]

# કરેમિ ભન્તે !-સૂત્ર.

[ सकलद्वादशाङ्गोपनिषद् ]

## ભાગ ૧ લો.

અથવા

# શ્રી મહાવીર પ્રભુનું જીવનરહસ્ય.

[ ભગવાન્ મહાવીરની મહા પ્રતિજ્ઞા ]

મુનિ મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કર્પૂરવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી જુદા જુદા ગૃહસ્થો તરફથી એકત્ર થયેલી રકમમાંથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

યોજક અને પ્રકાશકઃ
પ્રભુદાસ બેચરદાસ પારેખ.

:: વ્યવસ્થાપક ::
જૈનવિદ્યા-ભુવન—રાધનપુર.

વી. સં. ૨૪૫૪ ] તા. ૨૦—૮—૧૯૨૮ [ વિ. સં. ૧૯૮૪

પહેલી આવૃત્તિ, પ્રત ૪૦૦૦

# અનુક્રમણિકા


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ ભકિત નિવેદન. ... ... ... ... | ૩ |
| ૨ પ્રસ્તાવના. ... ... ... ... | ૪ |
| ૩ ભૂમિકા. ... ... ... ... | ૧૦ |
| ૪ કરેમિ ભંતે-સૂત્ર ! ... ... ... ... | ૧ |
| ૫ મંગળ. ... ... ... ... ... | ૨ |
| ૧ તૈયારી. ... ... ... ... | ૩ |
| ૨ તુલના. ... ... ... ... | ૨૬ |
| ૩ પ્રતિજ્ઞા અને પ્રસ્થાન. ... ... ... | ૪૫ |
| ૪ ભાવાર્થ અથવા મનોદશા. ... ... ... | ૫૯ |
| ૫ અનુભવની એરણપર. ... ... ... | ૭૨ |
| ૬ કસોટીને શિખરે. ... ... ... | ૧૦૪ |
| ૭ પરિણામ. ... ... ... ... | ૧૨૦ |
| ૮ પ્રકટ પ્રકાશ અને તીર્થ પ્રવર્તન. ... ... | ૧૨૪ |
| ૯ સામાયિક ધર્મ અને તીર્થનું શાસનતન્ત્ર. ... | ૧૬૦ |




"પરીખ પ્રીન્ટીંગ પ્રેસ"માં પરીખ નટવરલાલ ચુનિલાલે
ઠે. ફોફલીયાવાડાને નાકે—પાટણ. અને

ટાઇટલ, પ્રસ્તાવના, ભૂમિકા "સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ"માં
મૂળચંદભાઈ ત્રીકમલાલે છાપ્યાં. પાનકોરનાકા—અમદાવાદ.

શાન્તમૂર્તિ, સદ્‌ગુણાનુરાગી, ચારિત્રશીળ મહારાજ

## શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ.



દીનીશ પ્રી. વર્ક્સ અમદાવાદ

શાંત મૂર્તિ, સદ્‌ગુણાનુરાગી, ચારિત્ર શીલ, સન્મિત્ર પરમ
પૂજ્ય મુનિ મહારાજશ્રીશ્રીશ્રી ૧૦૦૮ **શ્રી કર્પૂરવિજયજી**
મહારાજશ્રીની પરમ પવિત્ર સેવામાં

# ભક્તિ નિવેદન—

ભક્તિબહુમાનપૂર્વક સમર્પિત કરવામાં આવેલું આ પુસ્તક,
વીતરાગ ધર્મના આરાધકોમાંના આપના કર કમળના
સ્પર્શથી સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રનો
સંસ્કાર પામી, અન્ય આત્મબંધુઓને સમ્યગ્
દર્શન–જ્ઞાન–ચારિત્ર અર્થાત્–સામાયિક
ધર્મરૂપ વીતરાગ ધર્મની પ્રાપ્ત થઇ
ઉત્તરોત્તર નિર્વાણ પ્રાપ્ત થવામાં
સહાયક થાઓ. એવી ઇચ્છા
અને આશા ધરાવનાર—

સેવક—

**પ્રભુદાસ બેચરદાસની**

૧૦૦૮ વાર વંદના

સ્વીકારશોજી.

# પ્રસ્તાવના.

"નમોક્કાર અને કરેમિ ભન્તે!"—એ પુસ્તક પ્રસિદ્ધ થયા પછી તેના તરફની લોકરુચિ ઉપરથી નમોક્કાર વિના એજ પુસ્તક આજે જુદાજ સ્વરૂપમાં વાચક મહાશયોના હસ્તકમળમાં સાદર રજુ થાય છે.

કરેમિભંતે વિષેની મારી વિચાર શ્રેણિ ક્રમસર વિકસી છે. પ્રથમ સામાન્ય મહત્ત્વ સમજાયેલું, ને વખત જવા સાથે કેવું સ્વરૂપ લીધું છે, ને લેશે, તે આ પુસ્તક અને ભૂમિકા વાંચવાથી સમજી શકાશે.

પુસ્તકના નામ વિષે એક નાનકડું લિસ્ટ થવા જાય છે:—કરેમિ ભંતે! સૂત્ર, દ્વાદશાઙ્ગોપનિદ્, શ્રીમહાવીર જીવનરહસ્ય, શ્રીમહાવીરનું સામાયિક, આદર્શ સામાયિક, જૈનગીતા, જૈનધર્મોપનિષદ્, સામાયિક સૂત્ર, સામાયિક ધર્મ, શ્રીમહાવીરની પ્રતિજ્ઞા, જૈનધર્મ બીજક, મહાદંડક સૂત્ર, જૈનઆદર્શ, આદર્શજૈનજીવન, સમતાયોગ, મૂળાવશ્યક, અત્યન્ત આવશ્યક અનુષ્ઠાન, પ્રધાનાવશ્યક, મુખ્ય આવશ્યક, પ્રથમ આવશ્યક અધ્યયન, વિગેરે વિગેરે. આમાંથી ટાઇટલપર ખાસ સૂચક કયું નામ મૂકવું? એ વિચારણીય થઇ પડયું હતું. તોપણ—મુખ પૃષ્ઠપર લખેલા નામોની યોજના વધારે બંધબેસતી લાગવાથી હાલ તેજ રાખેલ છે.હજુ તેમાં વિચારને અવકાશ હોવાથી ઉચિત ફેરફાર કરી શકાશે.

"કરેમિ ભંતે! સૂત્ર" એ નામ રાખવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે—એ સૂત્ર દરેક સ્ત્રી પુરુષ અને બાળકો: એમ સામાન્ય રીતે વધારે સંખ્યાને પરિચિત છે. જૈનોની મોટી સંખ્યાને એ સૂત્ર આવડતુંજ હોય છે. વળી એ સૂત્ર જૈનોના સર્વ વર્ગને એક સરખું માન્ય છે. એજ રીતે ભગવાન્ મહાવીર પણ સર્વને માન્ય છે? હા. પરંતુ મારો ઉદ્દેશ આ પુસ્તક લખ્યાને ભગવાન્ મહાવીરનું જીવનચરિત્ર લખવાનો નથી. આ સૂત્રની વ્યાખ્યામાં ભગવાન્ મહાવીર સ્વામીના જીવનનો

ઉપયોગ તો પ્રાસંગિક જ છે. ભગવાન્ મહાવીર સ્વામીના જીવનચરિત્રને મુખ્ય રાખીને આ સૂત્ર સમજાવવા જતાં સૂત્રની ખુબી ગૌણ પડી જાય છે. અને કરેલી આ વ્યવસ્થાથી સૂત્રની ખૂબી વાચકોની સામે બરાબર રજુ થશે, એમ લાગે છે. " એક સૂત્રમાં આટલી બધી ખુબી છે ? તો સમગ્ર જૈન શાસ્ત્રોની ખુબી કેવી વિચિત્ર હશે ? " તેવો ખ્યાલ આપવાનો પણ ગર્ભિત ઉદ્દેશ છે. પ્રાચીન શોધ ખોળની દૃષ્ટિથી—આ સૂત્ર ભગવાન્ મહાવીર પ્રભુએ ઉચ્ચારિત છે, માટે તેટલું તો પ્રાચીનજ છે. તથા તે સકળ દ્વાદશાંગીનું બીજ છે, તેથી આ સૂત્ર જગત્માં જ્યાં જ્યાં જૈનત્વ છે, તે સઘળાનું કેન્દ્ર છે. આગળ વધીને કહેવાની હિમ્મત કરીયેં તો શેષ તીર્થંકરોએ પણ દિક્ષા વખતે આ સૂત્રનો ઉચ્ચાર કરેલો છે. માટે ભગવાન્ મહાવીર કરતાં પણ જૈન દર્શનમાં આ સૂત્ર વધારે વ્યાપક વસ્તુ છે. તે સમજાવવાનો પણ ગર્ભિત ઉદ્દેશ છે. [ પ્રાચીન શોધ કરનારાઓને જૈન ઇતિહાસ લખતી વખતે આ સૂત્ર કેટલું ઉપકારક થશે તેની તો આજથી કલ્પનાજ શી કરી શકાય ? ગુંચવાઇ ગયેલા કોકડામાંથી છેડો હાથ કરવાનું મન થાય છે. તે વિના કોકડું ઉકેલી શકાતું નથી. તેમ જૈનધર્મ અને જૈન દર્શનની કોઇપણ ગુંચ ઉકેલતી વખતે આ કેન્દ્રને વળગી રહીને વિચાર શ્રેણી ચલાવવાથીજ આડે રસ્તે ન ઉતરી જતાં અનેકવિધ સત્ તત્ત્વો હાથ લાગવાનો સંભવ છે. યદ્યપિ આ મુદ્દો પૂર્વાચાર્યોના ધ્યાનમાં તો બરાબર રહેલોજ છે. અને ઠામ ઠામ એજ દૃષ્ટિબિંદુથી તેમણે ધર્મ અને દર્શનની વ્યવસ્થા સાધી છે. એમ નજરે પડે છે. પરંતુ આધુનિક લોકોના ખ્યાલમાં એ છે કે કેમ ? તે વિષે મને સંશય છે.] તથા " એક પ્રાચીન સૂત્રના સંબંધમાં શોધ ખોળ ચાલે છે " એવો પણ ખ્યાલ વાંચકોના ધ્યાનમાં બેસે. માટે સૂત્રની મુખ્યતાએ મુખ્ય નામ રાખવું વધારે ઉચિત લાગ્યું છે. " તો, સામાયિક સૂત્ર નામ રાખો. કરેમિ ભંતે ! સૂત્ર૦ એવું વિચિત્ર નામ શિષ્ટ લોકોને પસંદ પડે તેવું નથી લાગતું. " એમ કદાચ હશે. પરંતુ

સામાયિક સૂત્ર કરતાં બાળકો અને સ્ત્રીઓને " કરેમિ ભંતે ! સૂત્ર " એ શબ્દો વધારે પરિચિત છે, એ શબ્દો કાને પડતાંની સાથે તેનો ખ્યાલ જશે કે " આ સૂત્ર મને આવડે છે "–અને ચટ ચટ તે બોલી પણ જશે. " તેને વિષે આ વિવેચન છે ? " એવી જીજ્ઞાસા જાગ્રત્ થતાં વાંચશે. અર્થાત્ તેની જીજ્ઞાસા પ્રેરાશે. આમ જાણીતા ઉપરથી અજાણ્યા ઉપર જવાનો શિક્ષણનો હેતુ સચવાય છે. હજુ આમાં વિચારને અવકાશ હોવાથી કોઈ ભાઇ વધારે લાયક નામ સૂચવશે તો તે રાખવામાં જરાયે આગ્રહ નથી.

મનન વધતાં તત્ત્વાર્થાધિગસૂત્રની વૃત્તિમાંથી "**सकलद्वादशाङ्गोपनिषद्भूतसामायिकसूत्रवद्** " એ વાક્ય વાંચ્યું ત્યારે તો ઘણોજ આનંદ થયો, વધારે ઉત્સાહ જાગ્રત્ થયો, તેમજ સંકલનામાં ચોક્કસાઈ અને સચોટતા વધતાં ગયાં.

**ભાષા**—સૌથી મુખ્ય બાબત આ પુસ્તકની ભાષા વિષે ઘણી ફર્યાદો થવા સંભવ છે. આ રીતની ભાષા રાખવા તરફ હું કેમ દોરાયો ? તેનો ખુલાસો કરી દેવાથી વિદ્વાનો મને ક્ષમા આપશે. આ ગ્રંથમાં જો કે કરેમિ ભંતે સૂત્ર વિષેજ લખવાનો ઉદ્દેશ છે, નહીં કે ભગવાન્ મહાવીર દેવના ચરિત્ર વિષે. છતાં પ્રસંગોપાત્ત મુખ્યપણે તેઓશ્રીના જીવનના પ્રસંગો લેવામાં આવ્યા છે. ભગવાન્ મહાવીરદેવ જેવા સર્વોચ્ચકોટિના મહાપુરુષોનો વાગ્વ્યાપાર ઘણોજ સંક્ષિપ્ત, ગંભીર અને સચોટ તથા સૂચક હોય એમ કલ્પવું વધારે યોગ્ય છે. તેવા પુરુષોનું મૌન પણ ઘણુંજ અર્થ સૂચક હોય છે. કંઇપણ બોલવાની જરૂરીયાત વખતે અલ્પ શબ્દોમાં અને સચોટ વાક્યરચનાથી જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે. તેનો પરિજન પણ લગભગ તેવો જ હોય. આ સ્થિતિમાં તેમને મુખેથી જે શબ્દો બોલાવવા તે એવી જ શૈલીના હોવા જોઇએ, તેથી આજુબાજુનો ગ્રંથ સંદર્ભ પણ એવો જ હોવો જોઇએ કે જેમાં એવી પ્રૌઢ ભાષા પણ બરાબર બંધ બેસતી થાય. તથા–આ પુસ્તકમાં સમાવેલા વિષયોને

વિસ્તૃત વાકયરચનાથી લખતાં ગ્રંથ બહુજ મોટો થવા સંભવ હતો. એજ અર્થવિસ્તારને ટુંકી વાકય રચનામાં લખવા જતાં આ રીતે ભાષાની રચના રાખવી પડી છે. તેથી રચના જુદીજ ઢબ ઉપર લખાઇ ગઇ છે. એટલે મારી ભલામણ છે કે—

જેમ બને તેમ જુસ્સાથી અને વાકયના ધ્વનિ પ્રમાણે તે તે શબ્દો ઉપર ભાર દઈને, તે તે રસને છાજતી ઢબથી વાંચન કરવાથી વાંચનાર તથા સાંભળનારને પ્રત્યેક વાકય આનંદ આપશે.

જો કે આ પુસ્તકના આશયો સમજાવવા એક ટીપ્પણુની આવશ્યકતા રહે છે. પરંતુ અવકાશને અભાવે તે આવશ્યકતા હાલ પુરી કરી શકાઈ નથી. એટલે સામાન્ય વાચકો કે બાળકો કરતાં વિશિષ્ટ સમજદાર વ્યકિતઓને કે ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓને જરૂર કંઈક જૈન ધર્મ વિષે નવીન બોધ આપશેજ. એમ લાગે છે. નાના બાળકો માટે આ પુસ્તકના પ્રકરણોમાંથી ટુંકાટુંકા પાઠો રચી કાઢીને પ્રવેશિકા બનાવી લેવામાં આવે તો પણ તે અર્થ સરે ખરો.

પ્રસંગને વિશેષ સ્પષ્ટ કરવા સ્વયંનિર્મિત ને બે અન્ય નિર્મિત સામાન્ય પદ્યો આપવાની ચપળતા કરી છે. તેમાંની ભૂલચૂક સુધારીને વાંચવા વિનંતિ છે.

કેટલાક પાત્રો તો જાણીતા છે. અને વિષય સમજવો સ્હેલો પડે માટે સંવાદ પદ્ધતિ લાવવા કલ્પિત પાત્રોનો યે ઉમેરો કર્યો છે. પરંતુ ઐતિહાસિક પાત્રોમાં **યશોદા રાણી** વિષે અહીં થોડો ખુલાસો કરૂં— ભગવાન્ મહાવીર દેવની દિક્ષા વખતે તે વિદ્યમાન હતા કે નહીં ? આ પ્રશ્ન છે. બન્ને પક્ષોના કોઇ ચોકકસપુરાવા નથી. વિદ્યમાનતા પ્રમાણોથી સાબિત થાય તો બરાબર છે. અને જો અવિદ્યમાનતા સાબીત થાય તો પછી આ પુસ્તકમાં આપેલો તેમની સાથેનો સંવાદ બોધક જાણીને પાત્ર બાદ રાખી તેનું રહસ્ય સમજવું.

**છેલ્લું પ્રકરણ.**

છેલ્લા પ્રકરણમાં **તીર્થ** પૂર્વાપરની આપણી કેવી સંસ્થા છે? તેનો સ્થૂળ ખ્યાલ આપેલો છે. જૈનધર્મ અને તેનું વિજ્ઞાન એ માત્ર વિજ્ઞાન રૂપેજ નથી. પરંતુ તેના નિયમો જીવનમાં ઉતારનાર એક ચોક્કસ વર્ગ છે. અને તે વર્ગના સમુહને કાયદા--કાનુનો અને બંધારણથી મૂળથીજ વ્યવસ્થિત કરવામાં આવેલો છે. તેજ વ્યવસ્થા હજુ ચાલતી આવે છે. નવી સંસ્થાઓ તેની પેટા સંસ્થા તરીકે ગણાય. અહીં તીર્થ—સંઘ—સંસ્થાને લગતા મૂળ મૂળ નિયમો આપ્યા છે. તેનો સંક્ષિપ્ત વિગતવાર નિબંધ જુદો તૈયાર કર્યો છે. એ અનુસાર સંપૂર્ણ સાંગોપાંગ બંધારણ લખાય તો એક દળદાર પુસ્તક થાય. કલ્પો અને છેદ ગ્રંથોમાંથી તેમજ ચાલુ સ્થિતિમાં જ્યાં તેના અવશેષો હોય તેનો ફરીને સંગ્રહ કરી કાયદા—કાનુનો તારવા જોઈએ.

આ તીર્થ સંસ્થા અઢીહજાર વર્ષથી ચાલતી આવે છે. અને આટલી ચિરસ્થાયિ છે, તેનું કારણ—તેનું મહત્ત્વનું બંધારણ પણ છે. આજકાલના કામચલાઉ બંધારણોથી કોઇપણ સંસ્થા હજારો વર્ષ માટે સ્થાયિ ન થઈ શકે. માટે જેઓ મહાવીરના ભક્ત હોય, તેમનું શાસન આગળ ચાલે તેવું ઇચ્છતા હોય, તેમણે અભિનિવેષ-આગ્રહ છોડીને, દીર્ઘ દૃષ્ટિ રાખીને એ બંધારણની પુનઃવ્યવસ્થા કરી તેનેજ અમલમાં લાવવા પ્રયત્ન કરવો જોઇએ. નહીં કે બીજી કેટલીક વસ્તુઓની ધાલમેલ કરીને એ બંધારણને છિન્ન ભિન્ન કરવાને બાલીશ પ્રયત્નો કરવા જોઇએ.

જૈન સંઘની કોઈપણ સંસ્થા કે પેટા સંસ્થા રચતી વખતે તીર્થના બંધારણના મૂળતત્ત્વો ખ્યાલમાં રાખવા, ને તેને ક્ષતિ ન થાય તેમ રચવા. અન્યથા માર્ગભ્રષ્ટતા થવા સંભવ છે. મહાપુરુષોનું અપમાન અને આશાતના થાય તે જુદાં. જેઓ ધર્મ અને તીર્થ નિરપેક્ષ છે, તેને તો આ બંધારણથી વિરુદ્ધ થવામાંજ પોતાના સાધ્યની સિદ્ધિ છે.

પરંતુ જેઓ તીર્થ અને ધર્મ સાથે સાપેક્ષ વૃત્તિવાળા છે, તેઓએ બંધારણને સાપેક્ષ રહેવામાંજ પોતાની સાધ્યસિદ્ધિ ને આરાધના છે.

જૈન ધર્મના પ્રમાણભૂત સાહિત્યના અંતર્ ભાગમાં આ પુસ્તકને સ્થાન મળવાની આશા રાખવી, એ "ભિખારીના રાજ-સિંહાસન પર બેસવાના" મનોરથ જેવી છે. પરંતુ તેના બહિર્ભૂત–પ્રચારકઅંગમાં છેલ્લા નંબરનું યે સ્થાન મળવાનું ભાગ્ય પ્રાપ્ત થાય તોયે યથાકથંચિત્ શ્રુત–ભક્તિ કર્યાનું ફળ પ્રાપ્ત થાય. તેટલાપરથી કૃતકૃત્ય થઇને એવી આશા રાખી શકાય કે ઉત્તરોત્તર શ્રુત–ભક્તિ કરવાના સુપ્રસંગો મને સદા પ્રાપ્ત થાઓ !!! અસ્તુ.

નવા ભાગો છપાવવાની આશાથી આ પુસ્તક અમે તદ્દન ભેટ આપી શક્યા નથી. છતાં કિંમત ઘણીજ જુજ રાખવામાં આવી છે. સામટી લેનારાઓને તેથી પણ જુજ કિંમતે આપીશું. કારણ કે અમારો આશય વિશેષ પ્રચાર કરવાનો છે.

આ પુસ્તકની આખી રચના સ્વયં અભ્યાસની દૃષ્ટિથી ને તદ્દન સ્વતંત્ર છે. એટલે તેમાં ઘણીજ ભૂલો થવાનો સંભવ છે. તથા છપાતાં ધાર્યા કરતાં ઘણો લાંબો વખત થયો છે. ઘણા વાચકોને બહુજ રાહ જોવી પડી છે. એવી બીજી પણ ઘણી સ્ખલનાઓ માટે સજ્જનો તરફથી ક્ષમા યાચી વિરમું છું.

રાધનપુર. કડીયાવાસ.
અશાડ શુદ ૮
૧૯૮૪.

સેવક,
પ્રભુદાસ બેચરદાસ પારેખ.
યોજક ને પ્રકાશક.

# ભૂમિકા

૧. "ઇચ્છકારિ ભગવાન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી!" આ વિનંતિ પછી વડીલ "કરેમિ ભંતે!" સૂત્ર સંભળાવે છે. એ હકીકત પ્રત્યેક જૈન બાળકને લગભગ અત્યંત વિદિતજ છે. પરંતુ તે દંડકસૂત્ર સમગ્ર જૈનત્વનું કેન્દ્ર છે, મૂળ છે, બીજ છે, સારભૂત છે, તેની તો ભાગ્યેજ હાલની જૈન જનતાને માલૂમ હશે. તે કેન્દ્ર કેવી રીતે છે? તે સમજાવવાનો આ પુસ્તકમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. અહીં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે—આ પુસ્તકમાં ભગવાન્ મહાવીરદેવના જીવનના પ્રસંગો આપવામાં આવ્યા છે, તે માત્ર પ્રાસંગિકજ છે.

૨. મહા અભિનિષ્ક્રમણ વખતે ભગવાન્ મહાવીર દેવે આ મહાદંડક સૂત્રનો ઉચ્ચાર કરી અભિગ્રહ ધારણ કર્યો હતો. અને તેજ અભિગ્રહના પાલન ખાતર સાડાબાર વર્ષ સુધી ઘોર પરિષહોની સામે ઝઝુમ્યા હતા. પરિણામે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી એજ અભિગ્રહ ધારણ કરવાનો જગતને ઉપદેશ આપ્યો છે, અને તે ઉપદેશના પ્રચાર માટે તીર્થ નામની સંસ્થા સ્થાપી સ્થાયી વ્યવસ્થા કરી છે.

૩. આ પ્રતિજ્ઞાવાક્યનો ઉચ્ચાર ભગવાન્ મહાવીર દેવે કેવી પૂર્વ તૈયારીથી કર્યો હતો? તથા એ પૂર્વ તૈયારી સાથે તેમની ગૃહસ્થાવાસ જીવનની, ને તે વખતના દેશકાળની કેવી પરિસ્થિતિ હતી? તેનો કંઇક ખ્યાલ આપવા પ્રથમના બે પ્રકરણો આપવામાં આવ્યા છે. બાકીના પ્રકરણો પ્રતિજ્ઞા સાથે કેવો સંબંધ ધરાવે છે? તે ગ્રંથ વાંચવાથી બરાબર સમજી શકાશે.

૪. સ્વયંબુદ્ધ ભગવાન્ મહાવીરદેવે ઉચ્ચારેલું પ્રતિજ્ઞાવાક્ય જ ત્યારપછીના તેના સર્વ પ્રકારના સર્વ અનુયાયિઓ થોડાઘણા ફેરફાર સાથે પ્રતિજ્ઞા તરીકે ઉચ્ચારે છે. સર્વ જૈન અનુષ્ઠાનોમાં મુખ્યપણે સાક્ષાત્ કે પરંપરાએ આ સૂત્રની છાયા હોય જ છે. આ

સૂત્રનું મહત્ત્વ સમજનારજ જૈન આગમોની સંગતિ અને એકવાક્યતા સમજી શકશે.

૫. ભગવાન્ મહાવીરદેવે ઉચ્ચારેલું પ્રતિજ્ઞાવાક્ય ગણુધર ભગવંતોએ દ્વાદશાંગીમાં દાખલ કરી, તીર્થનું અંગ બનાવ્યું, માટેજ તે ગણુધરકૃત ગણાયું, અને સર્વ પ્રકારના સમ્યગ્ દર્શનીઓના ઉપયોગને માટે જાહેરમાં મૂકયું, એટલે તે અંગબાહ્યશ્રુત પણુ ગણાયું. છતાં આવશ્યક નિર્યુક્તિના એક વાકય ઉપરથી કરવામાં આવેલું મારૂં અનુમાન સાચું હોય તો શેષ બાવીશ તીર્થંકરોએ પણુ કેટલાક ફેરફાર સાથે આ જ પ્રતિજ્ઞાવાક્ય ઉચ્ચારેલું, અને ખુદ આદિતીર્થપતિ ઋષભદેવ પ્રભુએ પણુ. તેમાં પ્રમાણુ તરીકે જૈનશાસ્ત્રોમાંના ઉલ્લેખો અને સૂત્રની સાદાઇ–સામાયિક, અને સાવદ્ય યોગનું પ્રત્યાખ્યાનઃ એ સાદા વાકયોથી પ્રતિજ્ઞાસૂત્રનું સ્વાભાવિકપણું–ગણાવી શકાય. તોપણુ ભગવાન્ મહાવીરદેવના જેટલી આ સૂત્રની પ્રાચીનતા સાબીત કરવામાં તો કોઇપણુ બાધક પ્રમાણુ નથી જ.

૬. બાકીના પાંચ આવશ્યકના સૂત્રો આ સૂત્રના વિસ્તાર રૂપજ છે, એમ કહીએ તોપણુ ચાલે, એટલુંજ નહીં પરંતુ સમગ્ર જૈન વાઙ્મય પણુ આ સૂત્રના અર્થવિસ્તાર રૂપ જ છે.

૭. પૂર્વાચાર્યોએ આ સૂત્ર ઉપર ઘણુંજ લખ્યું છે. છયે આવશ્યકની વ્યાખ્યારૂપ ચતુર્દશ પૂર્વધર પરમપૂજ્ય શ્રી ભદ્રબાહુ સ્વામીકૃત આવશ્યક નિર્યુક્તિ સૌથી પ્રાચીન અને મૂળભૂત વ્યાખ્યા છે. તેના ઉપર આવશ્યક ચૂર્ણિ, ભાષ્ય, મુલાવશ્યક ટીકા [ પ્રાકૃતમાં ] તથા શ્રીમાન્ હરિભદ્રસૂરિની નાની અને મોટી [ જે મળતી નથી ] એ વ્યાખ્યાઓ, તથા બીજી કેટલીક અવચૂરિ રૂપ લઘુ ટીકાઓ. એ બધું સાહિત્ય બરાબર ઉપલબ્ધ હોય તો છએ આવશ્યક ઉપર લખાયેલા ગ્રંથ સંગ્રહનું શ્લોક પ્રમાણુ લાખ દોઢ લાખ ઉપરાંત જાય.

૮. તેમાં પણુ માત્ર " કરેમિ ભંતે ! " સૂત્ર ઉપર એક હજાર ગાથા લગભગ નિર્યુક્તિ છે. ચૂર્ણિ ભાષ્ય અને હારિભદ્રી વૃત્તિ, ઉપ-

રાંત શ્રીજીનભદ્રગણિક્ષમાશ્રમણકૃત ત્રણ-સાડા ત્રણહજાર ગાથાબદ્ધ વિશેષાવશ્યક ભાષ્ય, તેના ઉપર કોટ્યાચાર્ય, મલ્લધારિ હેમચંદ્રાચાર્ય, તથા મલયગિરિ મહારાજ કૃત ટીકાઓ. વિગેરે ગ્રંથોનો સંગ્રહ કરીએ તો તે પણ લગભગ પોણો લાખ શ્લોક પ્રમાણ થાય એમ લાગે છે. તે ઉપરાંત છુટા છુટા સૂત્રો ઉપર સ્વતંત્ર ભાષ્યો, લલિત વિસ્તરા વિ. ગેરે ટીકાઓ, ટીપ્પણો, તથા ભાષામાં લખાયેલા ટબાઓ વિગેરેની સંખ્યા પણ ઘણીજ મળી આવે તેમ છે.

૯. ખૂબી તો એ છે કે આ " કરેમિ ભંતે ! " સૂત્ર સર્વ જૈનોને માન્ય છે. શ્વેતામ્બર, દિગમ્બર કે સ્થાનકવાસી. સર્વ ગચ્છોને પણ માન્ય છે. એવું એક પણ સૂત્ર કે ગ્રંથ સર્વમાન્ય નથી. તત્ત્વાર્થ સૂત્ર શ્વેતામ્બર દિગમ્બર બન્નેને માન્ય છે. ત્યારે સ્થાનવાસી વર્ગ તેને માન્ય નથી રાખતો. કારણ કે સંસ્કૃત ભાષામાં છે. જ્યારે ઉપલબ્ધ આચારાંગાદિક કેટલાક આગમો શ્વેતામ્બર અને સ્થાનકવાસી બન્ને વર્ગને માન્ય છે. ત્યારે દિગમ્બરો તેને માન્ય ગણતા નથી. પરંતુ આ કરેમિભંતે !-સૂત્ર ત્રણેયને માન્ય છે. એટલે મૂળ તો ત્રણેય વર્ગે પકડયું જ છે. આમ છતાં શ્વેતામ્બરોમાં આ સૂત્ર ઉપર ઘણીજ મૂળભૂત અને પ્રાચીન વ્યાખ્યાઓ છે. અને અનેક વિધિ-વિધાનોમાં અને અનુષ્ઠાનોમાં આ સૂત્રને જેટલું વ્યાપક સ્થાન છે, તેટલું બાકીના એમાં નથી. એ તો સ્પષ્ટજ છે, તો પણ કોઇને આદર ઓછો નથી.

૧૦. કરેમિ ભંતે ! સૂત્ર ઉપરનું પૂર્વાચાર્યોનું લખાણ મેં આ પુસ્તકનું પાંચમું પ્રકરણ લખતી વખતે જોયું, ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. અનેક દષ્ટિબિંદુથી આ સૂત્ર ઉપર જે લખવામાં આવ્યું છે. તેનો શતાંશ પણ આ પુસ્કમાં ઉતારી શકવાને શકયજ નહોતું અને નથી. માટે જેને ખાસ જાણવાની ઇચ્છા હોય તેમણે તો તેજ ગ્રંથો જોવા જોઇએ. જેને જૈનત્વ વિષે જાણવું હોય, તેણે તત્ત્વાર્થ સૂત્રનો અભ્યાસ કરવો જોઇએ, એ તો ઠીક. પરંતુ વિશેષ જીજ્ઞાસુએ તો આવશ્યક સૂત્ર અને તે ઉપરનું સાહિત્ય બરાબર કાળજીથી અભ્યસ્ત

કરવું જોઇએ. ને તેવી વ્યક્તિજ જૈન દર્શન, શાસ્ત્ર, અને ધર્મ, તથા વ્યવસ્થા વિષે અભિપ્રાય આપે કે ઉપદેશ આપે તોજ તે વ્યાજબી ગણાય. આવશ્યક સૂત્ર જૈન આગમોનું પ્રવેશદ્વાર છે. એ વાત તદ્દન ખરી લાગે છે. જૈન દૃષ્ટિ પ્રાપ્ત થયા વિના જૈન આગમોનું હાર્દ પામવું ઘણું મુશ્કેલ છે. અને ઇતર સાહિત્યની દૃષ્ટિથી તેનું અવલોકન કરવા જતાં તે જગતકલ્યાણીની પવિત્ર વાણીને અન્યાય થવા સંભવ છે.

**૧૧.** આ ભાગમાં ભગવાન્ મહાવીરદેવના જીવન પ્રસંગો સાથે કરેમિ ભંતે ! સૂત્રનો સંબંધ સમજાવી જૈન ધર્મ અને દર્શનનું ઉત્થાન કેવી રીતે છે? તે સમજાવવામાં આવેલ છે. હવે પછીના ભાગોના વિષયોની રૂપરેખા અહીં આપીએ છીએ. જેમ જેમ સંજોગો મળતા જશે, તેમ તેમ તે લખાતા જશે. પરંતુ કદાચ લખી ન શકાય તો તેની ટુંક રૂપરેખા જાણવાથી કદાચ વાચકોને સંતોષ થાય—

**ભાગ ૨ જો**.—ભગવાન્ મહાવીરદેવના અનંત સામર્થ્ય યુકત આત્મ પ્રકાશમાં પરિણત થયેલા સામાયિક ભાવનો પ્રકાશ તેમણે બાકીના ૩૦ વર્ષ સૂધી ઉપદેશ આપી જગત્માં ફેલાવ્યો. જગત્ એટલે મહાવીર દેવની વ્યકિત શિવાયની વ્યકિતઓના આત્માઓ જેટલા પ્રમાણમાં તે ઝીલી શકયા. ભગવાન્ મહાવીર દેવ નિર્વાણ પામ્યા પછી તુર્તજ કોઇ મતિમાન્ મહાત્મા પોતાની સૂક્ષ્મ દૃષ્ટિથી તે પ્રકાશની જગત્માં રહી ગયેલી અસરને એકઠી કરે અને તે સમગ્ર એકત્ર થયેલ પ્રકાશના બળનું–પાવરનું પુરેપુરૂં માપ કાઢે. ત્યારે તે બળનું પ્રમાણ કેટલું થાય ?

અર્થાત્ ભગવાન્ મહાવીરદેવે શીરીતે પ્રકાશ ફેલાવ્યો ? અને તેની કેટલી અસર સ્થાયિ રૂપે જગત્ ઝીલી શકયું ? આ બે પ્રશ્નોનો નિર્ણય કર્યા પછી તે પાવર ધીમે ધીમે કેવા સંજોગોથી ઘટતો ગયો? તેના ઉપર કઇ કઈ ઐતિહાસિક અસરો થઈ ? તે અસરોમાંથી પસાર થવા છતાં હાલ એ સ્વાભાવિક પાવર કેટલો ટકી રહ્યો છે ? તે વિચારવાનું રહે છે. [ ધર્મના અનુયાયિઓની સંખ્યા નાની હોય કે મોટી હોય, તેના ઉપર

એ પાવરનું માપ નથી. સંખ્યા ઓછી હોય પરંતુ પ્રત્યેક પાત્રમાં ખૂબ પાવર ભર્યો હોય, અને તેને એકઠો કરીએ, તેના કરતાં મોટી સંખ્યામાં ભરેલો પાવર કદાચ ઓછો પણ હોય, જો પ્રત્યેક પાત્રમાં છાછરાપણું હોય તો. ] અર્થાત્ ભગવાન્ મહાવીરદેવ પછીનો સામાયિક ધર્મનો આખો ઇતિહાસ આપવાનો ઈરાદો છે, નહીં કે વ્યક્તિઓનો. ફક્ત વ્યક્તિઓના દિલમાં વારસા પ્રમાણે પસાર થતા આવતા સામાયિક ધર્મના પાવરનો ઇતિહાસ આપવાનો છે. વ્યકિતઓની હકીકત તો માત્ર પ્રાસંગિકજ હશે.

૩ જો ભાગ—વર્તમાનકાળે સામાયિક ધર્મનો પાવર કેટલો છે? તે બીજા ભાગમાં નક્કી થયા પછી હાલ—

૧ કયા સંજોગો તેને સાધક છે? અને કયા સંજોગો તેને બાધક છે? સાધક સંજોગો અને બાધક સંજોગો ઉપર જગત્ના હિતાહિતનો કેવો સંબંધ છે?

૨. હાલનું સાઇન્સ અને ભગવાન્ મહાવીરદેવે બતાવેલા સામાયિકના સાઈન્સની તુલના, બન્નેના કાર્યક્ષેત્રો અને અસર તથા પ્રાણીવર્ગના હિતાહિત સાથે તેનો સંબંધ, તાત્કાલીન અસર અને સ્થાયિ અસર, તથા ભાવિ પરિણામની રૂપરેખા.

૩. હાલના જીવનમાં પણ સામાયિક ધર્મનું સ્થાન, તે કરવાની રીત તેમાંથી ઉઠાવવા જોઈતા લાભો, તેને માટેની શારીરિક, માનસિક, વાચિક, સામાજીક, આર્થિક, વ્યાવહારિક, વ્યક્તિગત, કૌટુમ્બિક, રાજકીય વિગેરે કેવી પૂર્વ તૈયારી હોવી જોઇએ, વિગેરેનું હાલના જીવન સાથે બંધબેસતું નિરૂપણ. પ્રાથમિક શ્રેણીથી માંડીને ઉત્તરોત્તર તેમાં કેવી રીતે આગળ વધવું? સામાયિકમાં મુખ્ય કર્તવ્ય, વિગેરે.

૪. સામાયિક ધર્મના પ્રચાર માટે-જાગૃતિ માટે કયા કયા ઉપાયો કઇ કઈ રીતે લેવા? અને કેવા કેવા ઉપાયોથી બચવું?

૫. બેઘડીના સામાયિકથી માંડીને મુનિના સામાયિક સુધીની પ્રવૃત્તિઓ સંઘમાં ઉત્તરોત્તર શી રીતે ચાલુ રાખવી?

૬. સામાયિક સૂત્ર અને ધર્મને લીધે આ ભારતભૂમિ સાથેનો આપણો આર્યજનોનો સંબંધ, આપણા ચાલુ જીવનમાં આજુબાજુના જીવન અને પરિસ્થિતિની અસર, તેની સામાયિક ધર્મ ઉપર અસર, તે મિશ્રણની આપણી ભાવિપ્રજાના જીવન પર અસરનું દિગ્દર્શન.

૭, ભગવાન્ મહાવીરદેવના જીવન સાથે જગત્‌ના બીજા ધર્મપ્રવર્તકો અને વિશિષ્ટ વ્યક્તિઓના જીવનની તુલના; તેમાં વચ્ચે વચ્ચે આચાર્યશ્રી હરિભદ્ર સૂરિ તથા પ્રો. લૉયમેન વિગેરેના અભિપ્રાયો અને તેની સમાલોચના, વિગેરે.

**ભાગ ૪ થો**—૧. આ ભાગમાં **વિધિવિજ્ઞાન** વિષે લખાશે. ઘણી ઘણી જૈન ક્રિયાઓની વિધિના ઘણાખરા હેતુઓ સમજાતા નથી. દરેકનો પરસ્પર શો સબંધ હોય છે? કઇ જાતના તત્ત્વોનું મિશ્રણ હોય છે? તેનો છુટોછુટો તથા સામટો વિચાર કરવામાં આવશે. અને દરેક વિધિમાં, "કરેમિ ભંતે!" સૂત્ર અને સામાયિક ધર્મની પ્રધાનતા કેવી રીતે છે તે પૃથક્ કરીને સમજાવવામાં આવશે. આવશ્યકની વ્યાપકતા;-તેમાં-અંતર્મૂહૂર્તના છ આવશ્યક, પ્રહરના, દિવસના, રાત્રિના, પર્વદિવસના, વાર્ષિક, ગૃહસ્થના, મુનિના, ગણધરના, આચાર્યના, ઉપાધ્યાયના, જીંદગીના એમ દરેકના જીવનમાં છ આવશ્યક, કેવી રીતે વ્યાપ્ત હોય છે? પ્રત્યેક આવશ્યકની છ આવશ્યકતા, તેનો સંક્ષેપ અને વિસ્તાર, એકંદર સર્વ પ્રકારના જૈન જીવનમાં છ આવશ્યકની વ્યાપકતા, તેમાં કરેમિભંતે!–સૂત્રનું સ્થાન અને તેના ઉપર રચાયેલી વિધિઓના સંબંધોનો વિચાર. પ્રતિક્રમણના સૂત્રો અને તેનો સીધો યા આડકતરો ષડાવશ્યક સાથે સબંધ અને તેનો કરેમિ ભંતે! સાથે સબંધ. તથા ચાલુ પ્રત્યેક વિધિઓ ઉપર આ દૃષ્ટિથી થોડો થોડો વિચાર.

૨. વર્તમાન અંગ, ઉપાંગ, પયન્ના, છેદ, મૂળ તથા બીજા આગમોનો કરેમિ ભંતે! સાથે સીધો યા આડકતરો સંબંધ, અને લુપ્ત આગમો કયા કયા હોવા જોઇએ? તેની કલ્પના. અર્થાત્ સકળ દ્વાદશાંગીમાં આ સૂત્ર કેન્દ્રભૂત કેવી રીતે છે, તેનું બીજી રીતે નિરુપણ.

૧૨. આ ચાર ભાગ બરાબર સાંગોપાંગ રીતે પ્રમાણભૂત મુદ્દાસર જેમ બને તેમ સંક્ષેપમાં લખાય તો જરૂર સંક્ષિપ્ત રૂચિવંત મહાશયોને જૈનધર્મ વિષે ખ્યાલ બાંધવાને અને તેનું રહસ્ય સમજવાને ઘણીજ સગવડ થાય. જૈનધર્મ અને તેના બંધારણ વિષે મુદ્દાસર અને પરસ્પર એક બીજા સાથેના સંબંધોનો ખ્યાલ આવે. અસ્તવ્યસ્ત મુદ્દાઓ ઉપરથી જેમ તેમ સાચા ખોટા અભિપ્રાયો બાંધવાને કારણ ન મળે.

૧૩. આ મહાસૂત્ર વિષે જેટલું લખાય તેટલું ઓચ્છું છે. જેમ જેમ વિચાર કરવામાં આવે છે, તેમ તેમ તેની અગાધતા એટલી બધી લાગે છે કે છેવટે મુગ્ધ થઈ એ પરમ શ્રુતને–એ મહાદંડક સૂત્રને ભક્તિથી નમસ્કાર કર્યા સિવાય–શ્રદ્ધાભક્તિથી નમ્યા સિવાય ચાલતું નથી. તેમાં રહેલા અર્થગાંભીર્યનો સાક્ષાત્કાર શી રીતે કરવો ? એ મહાગંભીર પ્રશ્ન થઇ પડે છે. છેવટે ગમે તેટલા વિચારો કર્યા પછી પણ બાકીની અગમ્યતા માટે શ્રદ્ધાથી નમવુંજ પડે છે. મને તો લાગે છે કે અનેક બુદ્ધિમાન્ વ્યક્તિઓની બુદ્ધિ શક્તિ આ સૂત્રના ગાંભીર્યને ફરી વળે કે કેમ ? એ વિષે તો શંકાજ લાગે છે.

૧૪. જેઓના આત્મામાંથી આ પ્રકાશ નિકળ્યો છે, જેમણે પોતાના જીવનમાં તેનો યથાશક્તિ અનુભવ કર્યો છે, અને જે તેની અગાધતાનો પાર પામ્યા છે. તે સર્વને અંતઃકરણથી ભક્તિપૂર્વક વંદન કરીને વિરમું છું.

લી૦ યોજક.

अध्यात्म-विद्या-प्रकाश-रश्मि १

( જૈન તત્ત્વજ્ઞાન )

૨

[ ચરણાનુયોગ ]

# કરેમિ ભંતે !-સૂત્ર

અથવા

# શ્રી દ્વાદશાઙ્ગોપનિષદ્

## ( શ્રી મહાવીરપ્રભુ જીવન રહસ્ય )

" सकलद्वादशाङ्गोपनिषद्भूतसामायिकसूत्रवद्०-"

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય.

તત્વાર્થ ટીકા ૧-૧.

યોજક,

પ્રભુદાસ બેચરદાસ પારેખ.

# મંગળ.

## मङ्गलं भगवान् श्रीवीरः

### એકત્રિસા સવૈયા.

( ૧ )

ભરતભૂમિમાં જ્યારે માગધ દેશ હતો સૌનો સરદાર,
આર્ય પ્રજાનું આર્યત્વ જ્યાં વ્હેતું'તું અસ્ખલિતજ ધાર,
પ્રજાજીવનના પણ મોભાનો કોઇ ન તેજોવધ કરનાર,
સુંદર સમયે જન્મ ધરે જે; વીર નમું તે વાર હજાર.

( ૨ )

ધાર્મિક, સામાજીક જીવનનો રાજકિય પણ પૂર્ણ વિકાસ,
દેશ–વિદેશનું કેન્દ્ર બજાર ગંગા–સાગર દ્વારા ખાસ,
વિજ્ઞાન, કળાદિક સંસ્કૃતિની પ્રગતિમાં મચેલા નરનાર,
સાધ્યું સ્વાભાવિક સંપૂર્ણત્વ; વીર નમું તે વાર હજાર.

( ૩ )

આધુનિકે ભારતઇતિહાસે કાળગણના જ્યાંથી કરાય,
બુદ્ધથકી પણ પૂર્વે કાળે નવચેતનતા જેથી થાય,
જીતી આંતર શત્રુ, પ્રેમે— બાહ્ય જગતને વશ કરનાર,
સંયમી,સ્વાશ્રયી,સર્વજ્ઞ, મહા- વીર નમું તે વાર હજાર.

( ૪ )

પુરુષસિંહ, મહારાજકુમાર, જન્મભૂમિ છે પ્રાંત બિહાર,
ત્યાગી, યોગી, મૌની, તપસ્વી, સહન કર્યું છે વર્ષજ બાર,
મનુષ્ય કે પશુ માત્ર નહીં પણ, સર્વ જગજન્તુ હિત કરનાર,
આત્મિકરાજ્યે ત્રિભુવનસ્વામી, વીર નમું તે વાર હજાર

૧

# તૈયારી.

શ્રી વર્ધમાનકુમાર પાંસુ ઢાળી ઉઠ્યા હતા, સ્વચ્છ જળથી મ્હોંપર પાણી છાંટી નિદ્રાની અસર ઉડાડતા હતા. તુરત શય્યાપાલિકાએ દૂધના ફીણ જેવો રૂમાલ ધર્યો, તે લેઈ મ્હોં લૂચ્છયું. ચામર ગ્રાહિણીએ ચામર હાથ લીધું. તામ્બુલ વાહિનીએ પાનનું બીડું હાથમાં મૂકયું. કપૂરમિશ્રિત પાન વર્ધમાનકુમારે મ્હોંમાં મૂકયું.

સદા શાંત અને ભવ્ય મુખમુદ્રાવાળા વર્ધમાનકુમાર આજે સ્હેજ વિચાર વ્યગ્ર જણાતા હતા. પલંગ છોડી ભદ્રાસન પર કેસરીની માફક શોભતા હતા.

સર્વ પરિજન હાજર હતો. સૌ સેવાના કાર્યમાં

ગુંથાઇ ગયા હતા. કંચુકીઓ હાથની સંજ્ઞાથી ને નાક પર આંગળી મૂકી ગડબડ, ને ગણગણાટ અટકાવી શાંતિ પાથરતા હતા. સૌ દ્વારપાલિકાઓ પોતપોતાના અધિકાર પર હાજર હતી.

વર્ધમાનકુમાર શાંતપણે બેઠા હતા. કેટલોક વખત એમ જ ગયો. "ચિત્તને આરામ અને આનંદ મળશે, ને નિદ્રાની સુસ્તી ઉડશે" એમ સમજી વીણાવાદકોએ વીણા હાથ ધરી. તેના સૂર મેળવવાની શરૂઆત કરતાંજ શ્રી વર્ધમાનકુમારે હાથની સંજ્ઞાથી અટકાવ્યા. એટલે તેઓએ પોતપોતાના સાજ સંભાળપૂર્વક સૌ સૌની જગ્યાએ મૂકી છાંડ્યો.

વળી ક્ષણભર સુમસામ્ શાંતિ પ્રસરી રહી. સૌ પોત-પોતાના કામમાં હતાં, પણ ચિત્તમાં "હવે શું થાય છે ?" એવી આતુરતા સૌને જાગી હતી, એમ દરેકના ચંચળ ને ઉદ્‌ભ્રાન્તનયનો પરથી જણાતું હતું.

" કલહંસક ! ઓ કલહંસક–"

" જી ! આવ્યો, જી ! " કહી થોડે દૂર ચંદનદ્રવ વિગેરે વિલેપનદ્રવ્યો તૈયાર કરનારીને કંઇક સૂચનાઓ આપતો હતો, ત્યાંથી આવી ઘુંટણ સુધી મસ્તક નમાવી આજ્ઞાની રાહ જોતો છત્રધર કલહંસક નમ્રભાવે ઉભો રહ્યો.

" વ્હાલા ! જરા જોઇ આવ તો–અનેકરાજન્ય-પ્રણમિતચરણકમળ વડિલબંધુશ્રી હાલ *ક્યાં બિરાજે છે ?* શા કાર્યવ્યાપારમાં નિમગ્ન છે ? "

" જી! આપની આજ્ઞા પ્રમાણેજ–" કહી, ચાર–છ ડગલાં પાછે પગે ચાલી, પ્રણામ કરી, કલહંસક પવન વેગે ઓરડા બહાર જઈ રાજમહેલના બીજા ભાગ તરફ ચાલ્યો ગયો.

વળી શાંતિ પથરાઈ રહી, સૌ પ્રસંગની ગંભીરતા કળી ગયા હતા. માત્ર અનિમેષનયને શ્રીવર્ધમાનકુમારનું વ્યક્તિત્વ નિહાળી રહી, હવે " શું થાય છે ? " તેની આતુરનયને રાહ જોતા હતા. સૌની નજર ખુદ વર્ધમાનકુમાર પરજ હતી. તે વખતે વર્ધમાનકુમાર કંઇક બોલતા હતા કે કેવળ વિચાર કરતા હતા ? તે કંઇ કહી શકાતું નથી, પરંતુ દરેકને નીચે પ્રમાણે ભાસ થયો—

" હજુ, માતા–પિતાના સ્વર્ગગમનને બહુ દિવસો વિત્યા નથી. એટલે વડિલ બંધુનો શોક હજુ જોઇએ તેવો શમ્યો ન ગણાય. તોપણ જોઉં છું–શું થાય છે ? "

" અહા ! માતા–પિતાનું સ્વર્ગગમન !!! શું એઓનું વાત્સલ્ય ! પણ તે દિવસો તો વહી ગયા ! ! ઓ વ્હાલી માતા ! તમારા સ્નેહપાશેજ મને જકડ્યો હતો. કેવો સ્નેહ ! જાણે, અમૃતના સહસ્રસમુદ્રનું મંથન કરીને, તેમાંથી ઉતારી કાઢેલ માખણથી વિલેપન કરેલો હાથ અંગે અડતો હતો, ત્યારે મારા જેવાનું વજ્રસાર હૃદય પણ ક્ષણવાર આંચકો ખાઈ જતું હતું. માતુશ્રી ! માતુશ્રી ! મને યાદ છે–એ જ કરસ્પર્શની રામબાણ અસરથી જ આપ મને

પરણાવી શકયા હતા. “ બેટા ! આટલું માની જા ” એટલાજ માત્ર શબ્દો ઉચ્ચારી માતા ! મારી પીઠ પર તમે હાથ મૂક્યો હતો, તે વિસર્યો કેમ વિસરાય ? પરંતુ હા ! માતા ! તમારૂં સ્વર્ગગમન ! એ દેહ ! દેહ !! તારી ક્ષણભંગુરતા હું બરાબર પિછાણું છું. તેનું ઔષધ- ”

એકાએક કલહંસક પ્રવેશ કરી–ઘુંટણીએ પડી બે હાથ ઉંચા કરી–

“ જય જય ભર્તૃદારક ! ”

“ કેમ ભાઈ ? શી હકીકત છે ? ”

“ જી, વડિલશ્રી મંત્રણા મંદિરમાં બિરાજે છે. મિત્રો તથા શ્રેષ્ઠી સાંમંતો પણ ત્યાંજ આવશે, એમ જણાય છે. પછી યથારુચિ આપની. ”

* * * *

અહો ! જુઓ ! સામેજ શ્રી નંદિવર્ધનદેવ સપરિવાર બિરાજે છે ને. બાજુમાં છે, તે મંત્રિરાજ અને કેટલાક મિત્ર રાજકુમારો. હજુ બીજા પણ કેટલાક મિત્રો, સામંતો, સરદારો, ગૃહસ્થો તેમજ મુખ્ય મુખ્ય રાજકર્મચારિઓ આવતા જાય છે. ચાલો, આપણે પણ સર્વ સામાન્ય આસન પર જ બેસી જઇએ.

હં, ચાલો.

*　　*　　*　　*

"માન્યવર સિંહાસનાધિષ્ઠિતભૂપાલોના સર્વે રાજપુત્રો! શ્રેષ્ઠીપુત્રો ! સામંતો અને ગૃહસ્થો ! આજની રાજસભા આસ્થાન મંડપમાં નહીં રાખતાં અહીંજ–દેવશ્રીના એકાન્તાવાસની નજીક જ મંત્રણામંદિરમાં રાખવામાં આવી છે. આપ સર્વ જાણો છો, કે–રાજપિતા, શ્રી સિદ્ધાર્થ દેવ, તથા રાજમાતા વૈદેહીજી શ્રી ત્રિશલાદેવી : પ્રજાવાત્સલ્યની મૂર્તિમંત પ્રતિમાઓ જેવા એ. જેના નામોચ્ચારથીજ નહીં, પરંતુ સ્મરણમાત્રથી જ આપણા મસ્તક નમે છે, અને હૈયાં દ્રવે છે. તેઓના સ્વર્ગગમનને હજુ તો બહુ દહાડા વીત્યા યે નથી. અને અલ્પ સમયથીજ મૂર્ધાભિષિક્ત, પૂર્ણકળાવાન્ ચંદ્રસમાન છતાં શોક–રાહુથી ઘેરાયેલા. આ પિતૃભક્ત આપણા મહારાજા આયુષ્માન્ શ્રી નંદિવર્ધન દેવ.

હજુ તેઓશ્રીનો શોકાવેશ પણ બળવત્તર છે. તેથી આપ સર્વેને મારી વિનંતિ છે કે–વિનોદો, પ્રાસંગિક વાર્તાલાપ વિગેરે તે આપ સર્વ એવાંજ પસંદ કરશો; કે જેથી કરી, મહારાજશ્રીનો શોકરણકો કંઈક શાંત થાય.

મહારાજશ્રીની ઇચ્છાનો લેશમાત્ર ઈંગિત પરથી જાણીને, અત્રે પધારેલા ગાયક મંડળને પણ શોક દૂર કરે એવી કોઇ સુંદર વસ્તુનો આરંભ કરવાને વિનંતિ કરૂં છું. "

મુખ્ય મંત્રિશ્રીની વિજ્ઞપ્તિ પરથી સંગીતાચાર્યોએ

## કરેમિ ભંતે !-સૂત્ર

વાજીંત્રોના સૂર મેળવવા માંડ્યા.

આ‥જ રાજે અહો-ઋ‥તુરાજ વસંત આ‥જ રાજે
અહો-ઋ‥તુરાજ વસંત વ‥ને-વન
વન રાજી ખૂબ વિકસંત વ‥ને-વન
વન રાજી ખૂબ વિકસંત મ‥ધુકર
માલતી પુષ્પે ગુંજા—રવ કરતા વિરાજે
માલતી પુષ્પે ગુંજા—રવ કરતા વિરાજે
લતાઓ કુસુમ હાસ હસંત આ‥જ રાજે
લતાઓ કુસુમ હાસ હસંત આ‥જ રાજે
અહો-ઋ‥તુરાજ વસંત આ‥જ રાજે
અહો-ઋ‥તુરાજ વસંત આ‥જ રાજે ૧

વા‥યુ— મલ-
યાચલનો વહે ઉલસંત વા‥યુ મલ-
યાચલનો વહે ઉલસંત ટ‥હુકંતી
કોયલડીનો મધુ—ર પંચમ રાગ ગાજે
કોયલડીનો મધુ—ર પંચમ રાગ ગાજે
કેસુડાં રે કેસરી વિલસંત આ‥જ રાજે
કેસુડાં રે કેસરી વિલસંત આ‥જ રાજે ૨

અહો ઋતુરાજ વસંત વ'ને વન વન રાજી ખૂબ વિ

કસંત મધુકર માલતી પુષ્પે ગુંજારવ કરતા વિરાજે

લતાઓ કુસુમ હાસ હસંત આજ રાજે

આ · · જ રાજે આં· · · · · ·આં· · ·આં· · ·આં· · · ·

આ · · જ રાજે આં· · · · · ·આં· · ·આં· · ·આં· · · ·

આ · · જ રાજે આં··આં··આં·આં· · ·આં· · ·આં· · · · ·

આ · · જ રાજે આં··આં··આં·આં· · ·આં· · ·આં· · · · ·

આ · · જ રાજે આં· · ·આં· · ·આં· · ·આં· · ·આં· · · · ·

આ · · જ રાજે આં· · ·આં· · ·આં· · ·આં· · ·આં· · · · ·

આ · · જ રાજે આં··આં··આં· · ·આં··આં· · ·આં· · · · ·

આ · · જ રાજે આં··આં··આં· · ·આં··આં· · ·આં· · · · ·

આ · · જ રાજે આં· · ·આં· · ·આં· · ·આં· · ·આં· · · · ·

આ · · જ રાજે આં· · ·આં· · ·આં· · ·આં· · ·———

મહારાજાએ હાથની સંજ્ઞાથી સંગીત ગાયકોને નિવાર્યાં. એકાએક આલાપ ને વાદ્યોના સૂર બંધ પડ્યા.

**નર્મ સચીવ**—"મિત્ર! શું આ સંગીત પણ આપને આનંદ ન આપી શકયું ? હજુ આપ આમ શોકોદ્વિગ્ન કેમ

રહો છો ? તમારૂં આ શોકરાહુગ્રસ્ત પૂર્ણચંદ્રતુલ્ય મુખમંડળ જોઇ મારાથી હવે રહ્યું જતું નથી. હું રોઇ પડીશ! જો જો, કહું છું કે–મારાથી નહીં રહેવાય! અને જો મારૂં રુદન શરૂ થશે અને રસ્તા પરના ગર્દભો તથા શ્વાનો હસશે, તેમાં પછી મારો વાંક ન ગણશો. ”

મહારાજનું મ્હોં જરા મરકયું. આખી સભા હસવા લાગી. એવે એકાએક પ્રતિહારીએ પ્રવેશ કરી—

“ આ તરફ જરા દેવશ્રી ! દૃષ્ટિ દીજીએ જી ! ” એમ બોલતાં નીચે જુકી હાથ વતી પ્રણામ કરી—

“ શ્રી વર્ધમાનકુમાર પધારે છે ! ! ”

“ ઓહ્ વર્ધમાનકુમાર ! કયાં છે ? ”

“ જી ! દ્વાર નજીક જ આવી પહોંચ્યા છે. જુઓ, એ આવે. ”

સભામાં શાંતિ પથરાઇ, વર્ધમાનકુમારના મુખચંદ્ર તરફ જ સૌ આતુર નયનકુમુદો વિકસી રહ્યાં. વર્ધમાનકુમારે આવતાં આવતાં દ્વારમાં પ્રવેશ કર્યો.

રાજમાન્ય ભટ્ટ કવિએ પ્રસંગોચિત કાવ્ય લલકાર્યું:—

૧

શાંત રસ મૂર્તિમાન માનું જોઇ સૌમ્યતા.
વીર રસ મૂર્તિમાન માનું જોઇ વીરતા.

ભાલ અર્ધ ચંદ્ર માનું, પૂર્ણ ચંદ્ર મ્હોંજ છે.
અંગ અંગ દીપતા પ્રકાશનો જ હોજ છે.

**વર્ધમાનકુમારે સભામાં પ્રવેશ કર્યો અને કવિએ વર્ણન આગળ ચલાવ્યું:—**

૨

ધરતા પાય ધરણી પર કેસરી યાદ કરાવે.
ધીર લલિત આ ગમન પણ દ્વિરદપતિ સમરાવે.
કરી પ્રવેશ નિસ્તેજ સભામાં નવચેતનતા લાવે.
સુંદરતા રે! સારા જગની આ તે કેમ ધરાવે?

સૌ સભ્યો બાજુ સંભાળી સ્વસ્થ થઇ બેસવા લાગ્યા.

"જય વિજય હો પૂજ્ય આર્યનો"

"અહો વત્સ વર્ધમાન!! આવ, ભદ્ર! આવ." એકદમ મહારાજાએ સિંહાસન પરથી જ ભેટવા હાથ લાંબા કર્યા. ત્યાં તો શ્રી વર્ધમાન્ ચરણ તરફ જ ઢળ્યા. ને મહારાજ મસ્તક પર હાથ મુકી "દીર્ઘાયુષી હો" એમ બોલતા બોલતા ઉભા કરી બે હાથે ભેટી પડી બાજુમાં જ બેસાડવા લાગ્યા.

"અનુગ્રહ આપ વડિલનો" એમ કહી સિંહાસન પર બેસતાં બેસતાં આખી સભા પર એક પ્રસન્નતાભરી દૃષ્ટિ વિસ્તારી.

મંત્રિરાજ વિગેરે સર્વ સભાસદોએ પણ " જય વિજય શ્રી યુવરાજનો " કહી શ્રી વર્ધમાનને જય વિજય શબ્દોથી વધાવ્યા.

" અનુગ્રહ આપ સર્વ આર્યોનો. "

દોહા.

**પ્રથમ કવિ**—અરે શું આ—

અશ્વિની કુમારો વળી, સૂરજ સોમ ગણાય ?
શારદા ને લક્ષ્મી કેરા હાસ્ય પ્રવાહ મનાય ? ૧

**બીજો કવિ**—નહીં, નહીં. એ તો—

રાજસિદ્ધારથ કેરા જાણે જશ પરતાપ જણાય !
ત્રિશલા માના પ્રેમ ને વત્સલતા વખણાય ! ૨

" પ્રિય વર્ધમાન ! શરીર સુખાકારી તો આનંદ-પ્રમોદમાં વૃદ્ધિ કરે તેવી જ છે ને ? " પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં શ્રી નંદીવર્ધન દેવે આરોગ્ય સુખવાર્તા વિષે પૂછ્યું.

" શરીરસુખાકારી તો આપના હર્ષ–પ્રહર્ષમાં સર્વથા આનંદની વૃદ્ધિ કરે તેવી જ છે આર્ય ! "

" રાજકુમારોચિત વિવિધભોગવિલાસ સુખ તો અવ્યાબાધ પ્રવર્તે છે ને ? "

" તેમાં યે આપ પૂજ્યની કૃપા તો પરમ કોટિએ

પહોંચી ચૂકી છે. ”

“ કળા, વિજ્ઞાન, સાહિત્ય, ચિત્ર, સંગીત, વિગેરે સુશિક્ષિતવિદગ્ધજનોચિત પ્રવૃત્તિઓમાં પણ પ્રાપ્તપરમ-પ્રકર્ષ આયુષ્માનને આગળ વધવામાં અને તેનો રસાસ્વાદ લેવામાં હાલ વિશેષ કયા કયા સાધનોની અપેક્ષા રહે છે? ”

“ સાધનસંપત્તિની વિપુલતા પણ આપના વાત્સલ્ય-યુક્ત હૃદયની સાથે જ અગાધ છે, એટલે મનથી પણ તેની ગણત્રી અગમ્ય છે. ”

“ તો–અન્ય કાર્યાન્તરોનો ત્યાગ કરી, શોકદાવાનળની અસહ્ય વેદના અનુભવતા આ દગ્ધહૃદયને સુધાવર્ષી મુખ-ચંદ્રની શીતળતાથી શાંત કરવાનો આયાસ, આજે કયા વિશિષ્ટ સુમહોજ્જ્વલ કાર્યને ઉદ્દેશીને આયુષ્માને સેવ્યો છે?”

“ પ્રથમ તો–આપના મુખચંદ્રની ચંદ્રિકાના સદા યે અતૃપ્તપિપાસુ આ બે નયનચકોરોની, અને પરમ પૂજ્યોના ચરણારવિન્દ સ્પર્શમાં ટેવાઇ ગયેલા આ ક્ષુદ્ર દેહની લાલસાને વશ થઈ આપની સેવામાં હાજર થયો છું. ”

“ હં. પણ બીજું ? ”

“ બીજું તો એ કે–એક અનુમતિ લેવા આવ્યો છું. ”

“ આયુષ્માનના દરેક કાર્યમાં અમારી અનુમતિ જ છે ને ? ”

" એ આપનો મહાન્ અનુગ્રહ. તોપણ ખાસ પ્રસંગમાં પુનઃ સ્પષ્ટ અનુમતિ લેવી જોઇએ, એ અનિવાર્ય કલ્પ છે. "

" એવી તે શી ખાસ બાબત છે એ ? શું અપરિમેય-પરાક્રમી આયુષ્માન્ વિજીગીષુ વીરની માફક વિજય યાત્રાએ નિ-કળવા ઇચ્છે છે ? યદ્યપિ મનસ્વી રાજકુમારોને તો તે ઉચિત જ છે. પરંતુ હાલ વિજયયાત્રા માટે તો યથાયોગ્ય સમય નથી જ. તેનું બીજું પણ એક કારણ એ છે કે-આજુબાજુના તમામ રાજ્યો-જેવાં કેઃ-વૈશાળી, કૌશાંબી, શ્રાવસ્તી, ચંપા, ઉજ્જયિની, મથુરા, રાજગૃહ વિગેરે-તેમાંના ઘણાખરા આપણા સગાં સંબંધીઓ અને ઇષ્ટમિત્રો છે. તેમ જ કેટલાક તો ભારે સમૃદ્ધ તથા સત્તાસંપન્ન છે. એટલે પુરેપુરી તૈયારી વિના તેઓની સામે બાથ ભીડવી હાલ તો ઉચિત નથી જ.

વળી જ્યાંથી આયુષ્માનના સમાચાર ઘણા જ મોડા મળે તેવા દૂરના પ્રદેશોમાં મોકલવાને અમારૂં શોકવિહ્વળ હૃદય હાલ શી રીતે હિમ્મત કરી શકે ?

તો પણ અમારા દિલમાં એક ઇચ્છા હમ્મેશ રહ્યા કરે છે જે-પ્રથમ તો પિતાશ્રીનું આ લગભગ સમૃદ્ધ રાજ્ય આયુષ્માને સંભાળવું, અને અંતર્ગત સંપૂર્ણ વ્યવ-સ્થા કરી દેવી, પછી ચક્રવર્તિલક્ષણલક્ષિત સર્વાંગસુંદર આયુ-ષ્માન્ જ્યારે અખિલ ભારતવર્ષમાં વિજયયાત્રા માટે ફરવા નીકળો, ત્યારે આયુષ્માનના પ્રતાપાગ્નિની આંચમાંથી

પસાર થઈ, સુધાધવળ યશ—સાગરમાં સ્નાન કરતા જગતને જોઇ હર્ષ વડે પરમપુલકિતદેહે અપૂર્વ રસાસ્વાદમય એકાન્ત નિવૃત્તિ સુખ અમે અનુભવીએ તો કેવું સારૂં ! તેમ છતાં અવન્ધ્ય-પ્રયત્નશીળ આયુષ્માનની કોઈ પણ પ્રકારની મનોવાગ્-છના પૂર્ણ થયેલી જ જોવા અમે ઇચ્છીએ છીએ. કહો વારૂ ! શી એ મનોવાગ્-છના છે આયુષ્માનની ? ”

“ નહીં, નહીં, રાજ્યની ધુરાને વહન કરવાને આપ જ સર્વથા સમર્થ અને યોગ્યજ છો. મારે માટે તો આપની ચરણ સેવા જ વધારે સુયોગ્ય છે. વિજયયાત્રાની તો મારે ઇચ્છા જ નથી. રાજ્યવ્યવસ્થા અને પ્રજાપાલનની યોગ્ય રાજનીતિમાં તો આ દેશના તમામ રાજકુમારો આજકાલ સિદ્ધહસ્ત જ છે. તેમાં વળી વિશેષ પ્રગતિ કરવા ઘણાખરા ઉત્સાહભેર મચેલા જ છે. તેથી હું વિશેષ શી પ્રગતિ કરવાનો હતો ? ”

“ તમામ રાજ્યો—એટલે આખા દેશની રાજ્ય-વ્યવસ્થા એકજ તંત્ર નીચે આવે, તેને શું આપ યુવરાજ યોગ્ય અને ઇચ્છવાયોગ્ય નથી ગણતા ? ”

“ જો કે હું યોગ્ય ગણું છું. તોપણ વિવિધતા છતાં મને તો આ દેશમાં એક જ તંત્ર જણાય છે—દાખલા તરીકે—આર્ય પ્રજા એક અખંડ પ્રજા છે. તેની સંસ્કૃતિ પણ પૂર્વાપરથી એક જ ચાલી આવે છે. વ્યવહારોની શાસ્ત્રીય ભાષા પણ

એક જ છે. સંસ્કૃતિનું ધ્યેય નિવૃત્તિ છે. તે સર્વ આર્યોને સમ્મત છે. દરેક પ્રદેશોમાં પ્રજાએ પોતામાંથી જ રાજા નીમેલ છે. અર્થાત્ આર્ય પ્રજાનું શાસન કરનાર અનાર્ય કે વિદેશી કોઇ વ્યક્તિ જ નથી. કોઇ કોઈ સ્થળે પ્રજાના અગ્રેસરો મળીને એકાદ મુખ્ય પુરુષની સલાહથી યે શાસન ચલાવે છે. જ્યાં રાજા તરીકે ખાસ એક વ્યક્તિના હાથમાં તંત્ર છે, તેનું ધ્યેય પણ પ્રજાને રીઝવવાનું અને પૂર્વજોની કીર્તિને અવિચળ કરવાનું, ને તે ખાતર જ જીવવાનું છે.

પ્રજાના હિતચિંતકો જ નહીં, પણ પ્રજાના હિતને માટે મથીમરનારા મહાજનોની ઇચ્છા વિરુદ્ધ રાજા કે રાજાને મદદ કરનાર અધિકારી વર્ગથી જઈ શકાતું જ નથી. પ્રજામાં ધાર્મિકતા, પવિત્રતા કેમ વધે ? તેની જ પેરવીમાં નાનાથી મોટા સૌ કર્મચારિઓ લાગેલા છે. દરેકની પ્રવૃત્તિનું પરિણામ એક જ શુભ મહાપરિણામ તરફ વળી રહ્યું છે, તે ફરીથી કહેવાની જરૂર નથીજ.

દેશની સંપત્તિની ન્યાયસંપન્ન ઉત્પત્તિ અને વહેંચણી પણ પ્રજાકીય પવિત્રતાની પોષક કેમ બને તેને માટે જ અર્થચિંતકો સદા જાગૃત રહેતા જણાય છે. સજ્જનપુરુષોનું યથાર્થ પાલન થાય છે. જેમ જેમ દેશની સંપત્તિ વધતી જાય તેમ તેમ પ્રજા વિલાસ, ને મોજશોખમાં દોરાઈ ન જાય. પ્રજામાં વાસનાવૃદ્ધિનાં તત્વો દાખલ થાય, ને પ્રજા પતિત થઇ કદી નાશ ન પામે, તેને માટે

દરેક સંયમી વર્ગ જેવાં કે—બ્રાહ્મણો, શ્રમણો, ઋષિઓ અને તપસ્વીઓ: સંયમમાં વધુ ને વધુ દૃઢ બની પ્રજાની સામે હમ્મેશ સંયમનો આદર્શ રાખ્યે જ જાય છે. એટલે એકંદર રીતે જોતાં સૌ આર્યો એક જ વાતની સિદ્ધિમાં લાગતા આવ્યા છે, અને આજે પણ તેમાં બરાબર દૃઢ ચિત્તે સૌ લાગી રહેલા છે.

તોપણ, એટલું તો ખરૂં છે કે—હજારો વર્ષથી પ્રયત્ન કરતી આ મહાપ્રજામાં એક જાતનો જાણે થાક લાગ્યો હોય તેવી સ્હેજ મંદતા આવી છે. આ વાત સૂક્ષ્મ દૃષ્ટિથી નિહાળનારને જ જણાય તેમ છે. આ મંદતા ધીમે ધીમે લાંબે કાળે આ પ્રજાને ભેદી નાંખશે કે શું ? એમ મને લાગ્યા કરે છે. જ્યારે કોઈ પણ પ્રજામાં જાગૃતિ કમી થતી જાય છે, ત્યારે ધીમે ધીમે કલ્મષ પ્રવેશ કરે એ અનિવાર્ય છે. કોણ જાણે કેવાં યે ઉલટસુલટ વિતર્કો વિતર્શે તેની તો આજથી શી કલ્પના જ કરી શકાય? તોપણ વચ્ચે વચ્ચે એવા પુરુષો પાક્યા જ કરશે કે જેઓ કંઇક ટેકો મૂકીને સંસ્કૃતિને ધરી રાખશે. હજુ એવું અનેક પ્રકારનું ઓજસ્ આ પ્રજામાં હું જોઉં છું. મંત્રીશ્વરજી ! સામ્રાજ્ય હોય, અરાજ્ય હોય, કે નાના નાના રાજ્યો હોય, પણ આબાદી અને સુખનો આધાર માનવ પ્રજાના મનોરાજ્ય ઉપર જ છે. પ્રજાનું મનોરાજ્ય જેટલું પવિત્ર અને ઉદાત્ત તેટલું જ વ્યક્તિગત અને સમાજગત સુખ, સુધારો

કે વિકાસ ખરા ગણવા. એટલે મને અત્યારે સામ્રાજ્ય મેળવવા મથવાની અગત્યતા તો જણાતી જ નથી. અથવા તે કામને માટે, અનેક આર્યકુમારો પ્રયત્ન સેવી રહ્યા છે. તેમાંથી કોઈ પણ વખતે કદાચ એ પ્રયત્ન સિદ્ધ થઇ જાય. ધારો કે–સામ્રાજ્યની જરૂરિયાત હોય, તોપણ મારી તે તરફ વૃત્તિ જ નથી–ઉદાસિનતા જ છે. મારા ચિત્તનું વલણ એ તરફ તો બિલકુલ નથી જ, એ આપ ખચિત માનશોજી. પ્રજાની માનસિક ઉજ્વળતામાં ઓર પ્રકાશ આણવાની જેટલી અગત્યતા છે, તેટલી અગત્યતા બીજી કોઈ પ્રવૃત્તિની મને જણાતી જ નથી.

વળી, મંત્રીશ્વરજી ? આ આર્ય પ્રજા: કે જેના સાધનો સાંગોપાંગ મજબૂત અને વિસ્તૃત છે, તેણે કદી કોઇના સ્વાતંત્ર્ય પર અયોગ્ય હુમલો કર્યો હોય એવું જાણ્યામાં નથી. વ્યક્તિગત તેવો કોઇ અયોગ્ય પ્રયત્ન થયો હોય છતાં તેને સમસ્ત પ્રજાનો ન ગણી શકાય, એ મારો ઉપરના કથનનો આશય છે.

છતાં જ્યારે જ્યારે પોતાની ઉપર હુમલા થયા છે, ત્યારે ત્યારે તેને પાછા વાળવા; અને તેનાથી બચવા ઈરાદાપૂર્વક પ્રયત્ન કર્યો છે; અને તે જેમ બને તેમ નિર્દોષ સાધનોથી. સામ, દામ, દંડ અને ભેદ એ નીતિનો ઉપયોગ પણ આંતરૂ વ્યવસ્થા અને સ્વરક્ષા નિમિત્તેજ આર્યોએ

કર્યો છે. પાડોશીને સુધારી લેવા તે પણ સ્વરક્ષાજ છે. કદી તેનું પડાવી લેવા પ્રયત્ન કર્યોજ નથી. તેઓનું પણ કલ્યાણજ ઇછ્યું છે.

હું ખાત્રીપૂર્વક કહું છું કે આ **મહા પ્રજાની** બરાબરી કરી શકે એવી એક પણ પ્રજા આ ભૂપૃષ્ઠ પર અત્યારે વિદ્યમાન નથી. તેની આ અગાધ અને મહાશક્તિના પ્રવાહનો દુરુપયોગ થઇ જગતની બીજી પ્રજાને કચરવામાં નથી વ્હેતો, તેનું માત્ર એકજ કારણ છે; અને તે એ કે–સાથેજ આધ્યાત્મિક આદર્શ આ પ્રજાના જીવનમાં વણાયેલો છે. અર્થાત્ પ્રજાને ઉપયોગી જીવન–વ્યવહારોની સમસ્ત વ્યવસ્થામાં રોકાઇ ગયેલી શક્તિ ઉપરાંત વધી પડતા સામર્થ્યના પ્રવાહનો દુરુપયોગ ન થતાં આ પવિત્ર અધ્યાત્મ માર્ગે એ પ્રવાહ વહે છે. જો એકજ એ માત્રા દુરંદેશીપણાથી પૂર્વના મહાપૂરુષોએ ન ગોઠવી હોતે તો આર્યોના આર્યત્વની કશી કિંમત ન્હોતી; તેમાંજ આર્યત્વ સમાયેલું છે એમ મારૂં માનવું છે; અને જ્યાંસુધી આર્યોમાં યથાસ્થાને શુદ્ધ સ્વરૂપે આધ્યાત્મિક બળની વીર્યવતી માત્રા ચમકતી રહેશે, ત્યાંસુધી તે જગત્પૂજ્ય પ્રજા સદાને માટે વિજયવતી જ છે, એમ દરેક મહાપુરુષોનું માનવું છે. આ માત્રાની જો સ્થાનભ્રષ્ટતા, વિકૃત સ્વરૂપ કે નાશ થાય ત્યારેજ આ આર્ય પ્રજાની પણ સાથેજ સ્થાનભ્રષ્ટતા, વિકૃત સ્વરૂપ કે નાશ માની લેવો. ભારતના આર્ય ચક્રવર્તિ ભૂપતિનું

ચક્રવર્તિપણું પણ છેવટે એમાંજ પરિણમે છે, અર્થાત્ દરેકને પોતપોતાના અધિકાર ઉપર રહેવા દઇને રાજકીય તંત્રની એક સૂત્રણા ઉત્પન્ન કરીને તે, આ આર્ય પ્રજાની રાજકીય સેવા કરે છે, ને સાથે સાથે આંતર્ વ્યવસ્થાવડે વ્યવસ્થિત પ્રજાની શક્તિ બચાવી દઇને આધ્યાત્મિક જીવન માટે પ્રજાને સબળ કરી દે છે. આ રીતે છેવટે ચક્રવર્તિ પણ આધ્યાત્મિક મહારાજ્ય–ધર્મરાજ્યનોજ એક ભક્ત માત્ર બની રહે છે.

આર્ય સંસ્કૃતિની એક ખુબી એ છે કે—ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની અને તેના અંગપ્રત્યંગ સર્વ સાધનોની એવી રચના કરી છે કે–તમામ સાધના ધર્માભિમુખ હોય છે; અને તેથીજ વ્યવહારનાં દરેક અંગપ્રત્યંગો પણ ધર્મજ ગણાય છે. અર્થ અને કામ: સુવ્યવસ્થિત પણ ત્યારેજ ગણાય છે કે, ધાર્મિક—આધ્યાત્મિક જીવન સુવ્યવસ્થિત હોય તો. ધાર્મિક જીવન ત્યારેજ સુવ્યવસ્થિત હોય કે અર્થ અને કામ સુવ્યવસ્થિત હોય તો સામાન્ય પ્રજાજીવનની અપેક્ષાએ, ત્રણેની સુવ્યવસ્થા એજ ઉન્નતિ, બાકીની અવનતિ. તેથી ધર્મ રાજ્ય એજ મારે મન મુખ્ય વસ્તુ છે; અને તેની વ્યવસ્થામાંજ સમસ્ત વ્યવસ્થાઓનો સમાવેશ છે. તેથી ધર્મ રાજ્ય બરાબર સુવ્યવસ્થિત રહે તે માટેજ પ્રયત્ન કરવો એ પ્રાપ્ત કાળ છે. તદ્યોગ્ય તત્વોનો પ્રકાશ કરવો, અને તેમાં તેજસ્વિતા લાવવી એજ સર્વ કર્તવ્યોનો સારાંશ છે. ”

આ વાત સાંભળી રાજગૃહના રાજકુમાર શ્રેણીકે ઉજ્જયનીના રાજકુમાર પ્રદ્યોતની સામે નજર કરી. બન્ને આશ્ચર્યમાં ગરકાવ થયા હતા ! ! શ્રેણીકે પૂછયું—

" શું આપ પ્રસન્નમુખકુમારશ્રી ! ચક્રવર્તિ થવાની બિલકુલ ઇચ્છા જ નથી રાખતા ? તો પછી આપ આપના જીવનમાં શો પુરુષાર્થ કરીને અનેક શુભ કાર્યસૂચક લક્ષણો, ગુણો અને સામર્થ્યનો ઉપયોગ કરવા ધારો છો ? અથવા શું એ ગુણો એમ ને એમ વ્યર્થ ગુમાવવા ધાર્યા છે ? જો આપ મહાન્ સમ્રાટ્ બનવા ન ચાહતા હો, તો કોઈ કળા, વિજ્ઞાન, સાહિત્ય વિગેરેમાં કંઈ ને કંઇ અપૂર્વ પ્રગતિ કરો. અને પૂર્વ પુરુષોએ સ્થાપેલી આ વ્યવહાર મર્યાદાઓમાં અને તેના કોઇ પણ અંગપ્રત્યંગમાં પ્રગતિ કરી નવું તેજ—નવો પ્રકાશ—નવો વિકાસ લાવો. આપને કંઇ પણ દુર્ઘટ હોય એમ અમને તો ભાસતું જ નથી. "

" પ્રિય મિત્ર શ્રેણિક ! કળા અને વિજ્ઞાનના સર્વ અંગો પ્રજાજનોની જરૂરીઆત અને યોગ્ય રુચિ પ્રમાણે અત્યારે ખીલી રહ્યાં છે. અનેક મહાનુભાવોએ પોતાના જીવન સર્વસ્વનો પ્રવાહ તે તે દિશામાં વહેવડાવી દીધો છે. હું ચોક્કસ ખાત્રીપૂર્વક કહું છું કે—અત્યારનો આ શાંત છતાં જુસ્સાદાર ઉત્સાહનો પ્રવાહ નજીકનાજ ભવિષ્યમાં અનેક મહાન મહાન કળાકોવિદો, શાસ્ત્રપ્રણેતાઓ, ધુરંધર ધર્મો-

પદેશકો, મહાન મહાન મુત્સદ્દીઓ અને રાજાધિરાજાઓ ઉત્પન્ન કરી દેશે.

ધન ધાન્યની વિપુલ સંપત્તિ, સુંદર આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, સુદૃઢ બાંધાના પશુ અને માનવો, સુસંગઠિત સમાજો-મંડળો, સુવ્યવસ્થિત રાજ્યો, દીર્ઘદૃષ્ટિવાળા મુનિ-પુંગવો, અને તત્વાન્વેષી આચાર્યો: આ વિપુલ સામગ્રીના જોરથી, અવકાશ અને સાધનોની બિનડખલ અનુકુળતાને લીધે બુદ્ધિ વૈભવી અનેક નર-નારીઓ ધીમે ધીમે પણ પૂર્ણ મક્કમતાથી એવા તો આગળ ધપી રહ્યા છે કે—આજની આ તૈયારી સેંકડો નહીં, પરંતુ હજારો વર્ષ સુધી આર્ય સંસ્કૃતિનો, અને પ્રજાના વ્યક્તિત્વનો દીપક નિ:સંશય દીપતો રાખશેજ. તો પછી મિત્ર ! તમારો શું એવોજ અભિપ્રાય છે કે-મારે પણ એજ વિષયોમાં ગતાનુગતિકતા જ કર્યે જવી ? ”

“ વાહ ! વાહ !! ધન્ય કુમાર ! ધન્ય !! ” આ ઉદ્ગાર એકાએક સભાજનોના મુખમાંથી સરી પડ્યો.

“ પ્રિય વર્ધમાન ! કઇ અગમ્ય સાધનાના મનોરથો તમારા ચિત્તને આટલું દર્પણ જેવું અવદાત બનાવી રહ્યા છે ? બહુ વિચારને અંતે પણ તે લેશમાત્ર અમે કળી શકયા નથી. તમારી વિશદાક્ષરી મધુર વાણી દ્વારા સ્પષ્ટીકરણ જાણવા ઉતાવળું મન તલ્પી રહ્યું છે. ” મહારાજ નંદિવર્ધને આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

શ્રી વર્ધમાનકુમારે ક્ષણ વાર મૌન ધર્યું. ચક્ષુઓ બંધ કરી પ્રણિધાનભરી એક દ્રષ્ટિ અંતરમાં ફેંકી. ચક્ષુઓ ઉઘાડી, આશ્ચર્યચકિત સ્તંભિત જેવા ઉત્સુક સભાજનો તરફ એક દૃષ્ટિ ફેંકી, અને બીજી, વડિલ ભ્રાતાની ઉદ્વિગ્ન મુખમુદ્રા તરફ પણ વિનય નમ્ર, દૃઢતાસૂચક, દયામય, પ્રસન્નતાભરી અને ગંભીર દૃષ્ટિ ફેંકી. ફરી મૌન ધારણ કર્યું, અને પછી ધીમે ધીમે નીચેના અક્ષરો મુખમાંથી સેરવ્યા.

" આર્ય ! માતા–પિતાના સ્વર્ગગમન સાથેજ મારા નિશ્ચયનો અવધિ આવી પહોંચ્યો છે. "

" શી બાબતનો નિશ્ચય ? વ્હાલા ! "

" સર્વસ્વના પરિત્યાગનો– "

એકાએક દેવશ્રી નંદીવર્ધનની આંખમાંથી અશ્રુ-પ્રવાહ ચાલ્યો. એકાએક મૂર્છિત જેવા થઈ ગયા.

" શાંત થાઓ ! મહારાજ ! શાંત થાઓ. " શ્રી વર્ધમાનકુમારે સ્વહસ્તેજ ઉત્તરીય પલ્લવથી વાયુ વીંજ્યો.

થોડી વારે ચેતના વળી એટલે એકાએક કુમારશ્રીને મહારાજ ભેટી પડ્યા. મસ્તક પર હાથ ફેરવતાં ફેરવતાં માત્ર મહાકષ્ટે નીચેના—

" કુમાર ! શો આ દાઝ્યા ઉપર ડામ ! ! " એ શબ્દો ઉચ્ચાર્યા કે સભાજનોની પણ આંખમાં ઝાકળનાં બિંદુઓ ફૂટ્યાં.

" બંધુ ! ક્ષણ લાખેણી જાય છે. "

" નહીં, નહીં. અમારી દશાનો વિચાર- "

" તે શી રીતે ? હવે કંઇ વિલંબ થાય ? "

" કુમારશ્રી ! મને વચ્ચે બોલવાનો લેશમાત્ર અધિકાર હોય તેમ હું માનતો નથી, છતાં દાક્ષિણ્યશીળ સૌમ્યાકૃતિ કુમારશ્રીને આટલી વિજ્ઞપ્તિ કરવી ઉચિત ધારૂં છું; કે—કુમારશ્રીનો કલ્યાણશાળી આ મનોરથ સર્વથા શ્લાઘ્ય છે, પરંતુ તેને માટે હજુ ઉચિતાવસર હું નથી ધારતો, પરંતુ કંઇક વિલંબ સહવો વધારે ઉચિત ધારૂં છું; અને તેમાં સબળ કારણ તો એજ છે કે—વડિલોથી વિરહિત કુટુંબીજનોની દશા તો જુઓ ! શું તેઓ અનાથ, છલિત, વિહ્વળ, ગભરાયેલ અને લુંટાયેલ જેવા તમને નથી જણાતા? અને આપનું નિર્ગમન તેઓને કેટલું અસહ્ય થાય ? તેની આપ કુમારશ્રીજ કલ્પના કરશો. માટે 'હાલ આ વિચારને મુલ્તવી રાખશો' એવી મારી નમ્ર વિનંતિ સાંભળીને શું કરવું તે વિષે તો આપ પોતેજ પ્રમાણભૂત છો. "

" મન્ત્રીશ્વરજી ! વિલંબ તો અસહ્ય છે, તોપણ માન્ય ગુરુજનના અનુરોધથી જે કર્તવ્ય થઇ પડે છે, તે યથાશક્તિ બજાવીશ. "

" જય ! જય ! ભદ્ર ! ચિરંનંદ ! ચિરંનંદ ! " શ્રી નંદીવર્ધનદેવે હર્ષાવેશમાં ગર્જના કરી, અને સર્વ સભા-

સદોએ તેમાં અવાજની પૂર્તિ કરી.

પ્રણામપૂર્વક " જય પામો, આર્ય ! " એમ કહી, દૃઢ ગતિએ સભાસ્થાન છોડવા શ્રી વર્ધમાનકુમારે પ્રયત્ન કર્યો.

આખી સભા ઉભી થઇ ગઇ, અને સ્તુતિપાઠકોએ અવસરોચિત મંગળ કાવ્ય લલકાર્યું:—

( ઉપજાતિ છંદ. )

પૃથ્વી જણાયે થઇ ભાર મુક્ત;
વાયુ વહે આજ પ્રમોદ યુક્ત;
દશે દિશા હાસ હસે હુલાસે;
જગત્સમસ્તે ય પ્રસન્ન ભાસે.— ૧

પધારિયે દેવશ્રી રાજ મ્હેલે;
અતિ ત્વરા જો કરી સૂર્ય દેવે;
સંધ્યાવધૂ મ્હેલ ભણી જવાને;
આ—નંદ સંદેશ સુણાવવાને.— ૨

*　*　*　*　*

" ચાલો, આપણે પણ શ્રી વર્ધમાનકુમારની જ પાછળ જઇએ. "

" હા, ચાલો. "

૨

# તુલના.

" અહો ! પરિચારકો અને પરિચારિકાઓ ! સાવધાન. જુઓ, ચોઘડીયાં સંભળાય છે. મંત્રણા મંદિરની સભા વિસર્જન થઈ જણાય છે. કુમારશ્રી હમણાંજ પધાર્યા સમજો. સાંધ્ય કૃત્યોચિત સર્વ સેવા સામગ્રીની તૈયારીમાં લાગી જાઓ. " વૃદ્ધ કંચુકીએ આજ્ઞા ફરમાવી. તાલીમ-બદ્ધ પરિચારકગણ પોતપોતાને કામે લાગી ગયો.

* * * * *

" પધારિયે કુમારશ્રી ! આ સર્વ સામગ્રીથી સજ્જ

આપણા રાજમ્હેલની ચિત્રશાળા. ” આગળ આગળ ચાલતા કલહંસકે નિવેદન કર્યું.

“ જય જય ભદ્ર ! ચિરંનંદ ! ” પરિચારકોએ જય-ઘોષ કર્યો.

શ્રી વર્ધમાનકુમારે ઈષદ્ હાસ્યથી સર્વની સંભવના કરી પ્રસન્નતા બતાવી.

“ પ્રફુલ્લક ! અસીમ ગામ્ભીર્યના સાગર અને સમ-યોચિત સર્વ વ્યવહારમાં કુશળ કુમારશ્રીની મનોદશા કળવી મહા મુશ્કેલ છે; પરંતુ કહે કે ન કહે—આજે હમ્મેશ કરતાં કંઈક પરિવર્તન અવશ્ય જણાય છે. મધ્યાહ્ન સમયે પણ એવાંજ કંઈક ચિહ્નો જણાયા હતા. ખરૂં કે નહીં ? ” પ્રિયંવદકે પ્રફુલ્લકના કાનમાં ધીમે ધીમે આટલા અક્ષર કહ્યા ન કહ્યા, તે પહેલાં તો શ્રી વર્ધમાનકુમાર ભદ્રાસન પર બિરાજી ચૂકયા હતા.

*      *      *      *      *

ત્યાર પછી સર્વ સાંધ્ય કૃત્યોથી નિયમ પ્રમાણે પર-વારી, સર્વ પરિજનોને એકઠા કરવાની કલહંસકને આજ્ઞા કરી.

કલહંસકે સંજ્ઞા કરી, કે એકાએક સૌ પોતપોતાના કામકાજ છોડી કરી એકઠા થઈ ગયા ! !

“ શું છે ? શું હશે ? આજે વળી આ શું ? શું

થશે ? કોણ જાણે શું યે થશે ? ચાલોને, જોઇએ તો ખરા, શું થાય છે ? જે થવાનું હશે તે થશે. શું વળી થઇ જશે ? " આમ પરસ્પર છાના છાના ગણુગણુતા, એક બીજાના મ્હોં સામું જોતા જોતા છેવટે 'શ્રી વર્ધમાન-કુમાર શું કહેવાના છે ? ' તે સાંભળવાને ઉત્સુક ચિત્તે શાંત-પણે વિનય નમ્ર ચ્હેરે સૌ ઉભા રહ્યા.

" કલહંસક વિગેરે સર્વ પરિજન ગણ ! પરિજન શબ્દ મારી દૃષ્ટિમાં વ્યવહાર માત્ર જ છે. મેં કદી કોઇને વસ્તુતઃ પરિજન માન્યા જ નથી. સર્વ સત્ત્વોમાં સદા જાગતી સમનતાબુદ્ધિ એમ શી રીતે માનવા જ દે ? તોપણ આજ સુધીનો આપણો બાહ્ય વ્યવહાર સેવ્ય-સેવક તરીકેનો રહેતો આવ્યો છે. તેમાંથી પણ આજથી તમને સર્વને મુક્ત કરૂં છું. એટલે કે—ન હું સેવ્ય, ન તમે સેવકો— " ત્યાં તો એકાએક—

" નયનામૃત કુમારશ્રી ! અમે પણ નથી જાણ્યું કે-સેવ્ય તથા સેવક એટલે શું ? કડકડતી ઠંડીમાં અગ્નિની માફક આપના સહવાસની હુંફમાં રહી માત્ર આત્માને કૃતાર્થ કરીએ છીએ. ચંદ્રની ચંદ્રિકા જોઈ કુમુદની માફક પ્રફૂલ્લ રહીએ છીએ. આપની અમૃતમય પ્રસન્ન દૃષ્ટિથી સદા છંટકાતા અમે અન્ય સર્વ ભાવોને ભૂલી, કેવળ આપમાં જ તન્મય બની રહીએ છીએ.

આપથીજ અમે સદા સનાથતા, સબંધુતા, સસખાભાવ

અનુભવિએ છીએ ! પરંતુ, નાથ ! શો અપરાધ ? શોણે આમ એકાએક પરિત્યાગ ? ” સર્વેની વતી કલહંસકે આમ વિનવ્યું, ને જવાબની આશાએ અંજલિ જોડી કુમારશ્રીના મુખ–ચંદ્ર સામે ચકોરની માફક દૃષ્ટિ સમર્પીને ઉભો રહ્યો.

“ નહિં, નહિં, કલહંસક ! તમારો જ માત્ર પરિત્યાગ કરવાનો છે, એમ ન સમજજો, પણ સર્વસ્વનો પરિત્યાગ મને ઇષ્ટ છે.

અથવા, પ્રેમની ક્ષેત્ર મર્યાદાનો વિસ્તારજ માત્ર કરવા ઇચ્છું છું, એમ કહું તોપણ ચાલે. આજે કુટુંબ કબીલો અને પરિજનોમાં જ જે પ્રેમ મર્યાદિત થઇ રહ્યો છે, તેને સમસ્ત પ્રાણિ વર્ગ સાથે બંધુભાવ અનુભવવા ને નિરવધિ–વિશ્વ-વ્યાપિ બનાવવા ઇચ્છું છું.

પરંતુ, કલહંસક ! આ અમારા મનોરથો હજુ વડિલ બંધુશ્રીના અનુરોધથી માત્ર મનોરથો જ છે. તોપણ આવતી કાલથીજ વનમાં પ્રસ્થિતને યોગ્ય જીવનનો અનુભવ લેવાને એકાંત સેવવાની શરૂઆત કરવાનો અમે ત્યાંસુધી દૃઢ નિશ્ચય કર્યો છે, કે જ્યાંસુધી અમારા મનોરથોને અતિપ્રતિબંધકપણે વડિલ બંધુશ્રીની મનોવૃત્તિનું વલણ ન રહે. ”

“ શું અમારી સ્વામિની યશોમતી દેવીનો, અને પ્રિય-પુત્રી પ્રિયદર્શના સુદ્ધાંનો પરિત્યાગ કુમારશ્રીને સુશકય છે ? ”

“ અમારો પ્રયત્ન તે પરિત્યાગને પણ તદ્દન સુશકય

કરી મૂકે તેવો જ છે. મંદારિકે ! તું તેઓને આ અમારી પ્રવૃત્તિ સંભાળપૂર્વક વિવેકથી નિવેદન કરી શકે છે. ”

“ સ્વામિન્ ! શો આ ઉત્પાત ? ” કહી મંદારિકા ચાલી ગઈ.

“ આ ઉત્પાત નથી મંદારિકે ! પરંતુ અમારા જીવનની એ તો સ્વાભાવિક સ્થિતિ છે. ”

“ એ સ્વાભાવિક સ્થિતિ માણવાને કુમારશ્રી ! અમારૂં યે મન તલસે છે; નહીં કે પ્રાણાંતે પણ આપનો સહચાર છોડવાને. ”

“ કલહંસક ! બાપુ ! અતિ વિકટ માર્ગ છે એ. અતિ સમર્થ પુરુષોનાં યે હૃદયો, એ કંપાવી નાંખે છે.

આ મ્હેલવાસી રાજકુટુંબીજનોનો સહચાર એજ હજુ તમારે યોગ્ય કર્તવ્ય છે, ને હમ્મેશની માફક હજુ પણ તેજ બજાવ્યે જાઓ. ”

“ આપનું એકાન્ત નિવાસસ્થાન પણ આ જ મ્હેલ રહેશે કે ? ” આશ્વાસન પામી કલહંસકે પૂછ્યું.

“ નહીં, નહીં. આને એકાન્ત સ્થાન કેમ કહી શકાય ? અમારો એકાન્ત વાસ તો રાજગઢના અંત પ્રાંત ભાગના વિરલ જન પ્રચારવાળા કોઈ મકાનમાંજ નક્કી કરી લેવામાં આવશે. જ્યાં કોઈ પરિજનની પણ અપેક્ષા નહિ રહે. ”

" તો પછી અમારે અહીં રહી શું કરવું ? "

" તમારે રાજકુટુંબ અને રાજમાન્ય આપ્તજનો જે ઇચ્છે તે કરવું. અમારી તો માત્ર દૂરથીજ સંભાવના કરવી."

" છતાં આપની કંઇક તો અમારે સેવા કરવી જ જોઇશે. માત્ર તેનો પ્રકાર જણાવવાની આપ કૃપા કરશો. "

" અમારો જીવન ક્રમજ જુદી જાતનો હશે. જેમાં સહાયક વર્ગની કશી અગત્ય જ નહીં રહેવાની. સ્વયમેવ સ્વામી અને સ્વયમેવ સેવક, અર્થાત્ પ્રવૃત્તિઓનોજ સંકોચ રહેવાનો. આવશ્યક પ્રવૃત્તિ પણ સ્વયં જ કરી લેવાની. કલ્પ્ય આહાર અને પ્રાશુક જલાદિનો યોગ્ય યોગ જાતે જ મેળવી લેવાનો રહેશે. વખતનો ઘણો ભાગ મૌન અને ધ્યાનાવસ્થામાંજ વીતશે, એટલે વિનોદાદિકને અવકાશ પણ ક્યાં રહ્યો ? કોણ કોનો પરિજન ? પરિજન બુદ્ધિજ વિલય પામ્યા પછી પરિજનની શી જરૂર ? કલહંસક ! "

" સ્વામિન્ ! શું સાંભળીએ છીએ; અને આ બધું શું થઇ રહ્યું છે ? તેમાંનું કશું અમે કળી શકતાજ નથી. શું કરીએ ? ક્યાં જઇએ ? કોને કહીએ ? સર્વથા નિરુપાય બની હતાશ થઇ જઇએ છીએ.

આપની આજ્ઞા અમૃત સિંચન તુલ્ય જણાય છે. ત્યારે આપના સહવાસનો ત્યાગ બીજું મૃત્યુ લાગે છે. નાથ ! અમે અનાથો કોને શરણે જઇશું ? આપના મનોરથો સાં-

ભગી અમારાં મુખ નિર્વાક્ થઇ ગયાં છે, પરંતુ માનસિક રણરણાટ હજારો પોકારો ઉઠાવી રહ્યો છે !

આપના ઉદ્ધારક ચરણોને વળગી પડીએ ? કે એ ચરણોમાં બાળકની માફક આળોટી પડીએ ? કે આપના મુખ–ચંદ્રની જ્યોત્સ્નાનું ચકોરની માફક સામે બેસીને પાનજ કર્યા કરીએ ? શું કરીએ ? કશું સુજતું નથી. આટલી હદ સુધી અમૃત પીરસી હવે એકાએક— ”

“ કલહંસક ! ખેદ પામવાની કશી જરૂર નથી. જગત્માં સંયોગ–વિયોગ અનિવાર્ય છે. આવા પ્રસંગોમાં મનોવૃત્તિનું સમતોલપણું જ ફાયદાકારક છે. તેથી તેનો જ આશ્રય લેવાની મારી સલાહ છે; અને સર્વ પરિજન વર્ગને છેવટે એટલું જ કહેવાનું છે કે—

ગમે તેવા ઉલટસુલટ જીવનના પ્રસંગોમાં મનોવૃત્તિનું સમતોલપણું ન તજવું. અમે પણ કદી કોઇના પ્રત્યે સ્વામિત્વના અભિમાનથી, પ્રમાદથી કે બીજા કોઇ પણ કારણથી મનનું સમતોલપણું ખોઇ બેઠા હોઈએ; અને કદી કોઇના મન રૂપી સ્વચ્છ આકાશમાં કલુષતાની કાળી વાદળી છાઈ હોય, તેને વરસાવી વિખેરી નાંખશો. ”

“ અહો ! સ્વામિન્ ! સુર્યમાંથી અંધકારનો વરસાદ કેવો ? ચંદ્રમાંથી અંગારાની ઉત્પત્તિ કેમ થાય ? ”

* * * * *

## તુ લ ના

### ( સવૈયા–એકત્રીસા )

દિવસે ઉલટ્યા જન સાગરને નિદ્રા દેવી શાંત કરે;
ચંદ્રિકાની ભભકભર્યું આ વિશ્વ–નિવાસ એકાંત બને;
માત્ર સુધાકર ગગને ચડિયો, સ્વતંત્રપણે જ વિહાર કરે;
ચંદ્રકવાળું અંબર ધરતી નિશા વધૂ પણ સાથ ફરે.

" અહો ! શું શયન વેળા થવા આવી ? ચાલો. સૌ પોતપોતાના કામમાંથી પરવારીને સુઈ જાઓ. " કલહંસકે આજ્ઞા કરી.

" અરે ! આજે ઉંઘવાની તો વાતજ કેવી ? " એમ બોલતા બોલતા, સૌ પોતપોતાનું કામ કરીને ચાલ્યા જવા લાગ્યા. શય્યાપાલિકાઓએ શયનીય સ્થાનની સંપૂર્ણ વ્યવસ્થા કરીને ' અહો ! દેવી યશોમતી યે પધાર્યાં. ' એમ બોલતી બોલતી પોતપોતાને સ્થાને ચાલી ગઈ.

" કેમ પ્રકુલ્લક ! આજ સાંજનું મારૂં અનુમાન બરાબર હતું કે નહીં ? "

" બરાબર હતું ભાઈ ! " પ્રકુલ્લકે જવાબ આપ્યો, અને બન્ને વાતો કરતા કરતા ધીમે ધીમે ચાલતા થયા.

*  *  *  *  *

" જય ! જય ! આર્યપુત્ર ! " બોલતા દેવીએ વિલાસભવનમાં પગ મૂકયો.

" દેવીને સ્વાગત. " કહી શ્રી વર્ધમાનકુમારે હાથ લંબાવ્યો. એટલે બાજુએ સામે પડેલા ભદ્રાસન પર દેવીએ આસન લીધું.

હસ્ત સંજ્ઞાથી આજ્ઞા થતાં અવદાતિકા પણ લગભગ રાણીની સામે જ ભોંય પર બેઠી.

ક્ષણવાર શાંત મૌન વિસ્તરી રહ્યું.

થોડી વારે અવદાતિકા બોલી—

" સ્વામિન્ ! દેવી અત્યન્ત અસ્વસ્થ દશામાં છે. અંતઃપુરમાં ચર્ચાતી આપના સર્વસ્વ ત્યાગની વાત સાંભળી, હારી જતા હૈયાને ' મહારાજ નંદીવર્ધન દેવના અનુરોધથી આપે વિલંબ કર્યો છે. ' એટલા આશ્વાસન માત્રથી જ ધારી રાખ્યું છે. "

" હા અવદાતિકા, અમારા સર્વસ્વ પરિત્યાગ અને પ્રવ્રજ્યા સ્વીકારને હજુ વિલંબ છે. છતાં ત્યાગી યોગ્ય જીવનની શરૂઆત તો અમે આવતી કાલથી જ કરવાના છીએ. આ સમાચાર પણ મંદારિકા દ્વારા દેવીને પહોંચ્યાજ હશે. "

" આર્યપુત્ર ! કમલિનીવને શી આ વ–જ્ર–પ્ર–હા–ર–ની ચે–ષ્ટા–આ— ? " બોલતા બોલતા દેવીને અસ્વસ્થતા જણાવા લાગી.

અવદાતિકાએ ઉભા થઇ વસ્ત્રાંચળથી પવન નાંખ્યો.

“ હર્ષસ્થાને શો આ દેવીનો ખેદાવેશ ? શું આ ઉચિત છે દેવિ ! ઉત્કૃષ્ટ આર્યત્વવતી આર્ય બાળાને ? જગત્‌માં આર્યત્વના વિશ્વવ્યાપી વિજય માટે થતા ઉજ્જવળ પ્રયત્નોમાં વિજયી અને પ્રખર આર્યો સાથે પ્રાણને તૃણ સમાન પણ ન ગણતી આર્યરમણીઓની તેજસ્વિતાને દેવિ ! તમે યાદ કરો. ” શ્રીવર્ધમાનકુમારે ગંભીર અને ઉત્સાહપ્રેરક તેજસ્વી વાણી દ્વારા સ્વસ્થચિત્તે દેવીના ખેદાવેશની હવા ઉડાડવા માંડી.

“ આર્યપુત્ર ! આપની સાથે રહીને તો હું કંઇ પણ કરવાને તૈયાર જ છું. શી આજ્ઞા છે આપની ? ”

“ આ આજ્ઞા માગવામાં દેવીનો મુખ્ય શો આશય છે ? તે પ્રશ્ન રહે છે.

કોઈ પણ સાહસ ખેડવું, એ આશય મુખ્ય છે કે, ગમે તે જોખમ ખેડીને અમારો સહવાસ ન છોડવો, એ ? પ્રથમ પક્ષ જો મુખ્ય હોય, તો પ્રતિબંધ ન કરતાં તેમાં ઉત્તેજન આપવા જ અમારે પ્રયત્ન કરવો જોઇએ.

જો બીજો પક્ષ મુખ્ય હોય, તો અમે સલાહ આપીએ છીએ કે એ સાહસ દેવીએ હાલ ન ખેડવું. જે માર્ગે અમારે જવાનું છે, તે અતિવિકટ અને મહાસાત્વિક પુરુષોને પણ દુઃસાધ્ય છો. તે માર્ગમાં અમારી સાથે આવતાં લાંબો વખત

ટકી રહેવું ભારે મુશ્કેલ છે. એટલું જ નહીં, પણ ઉલટ પક્ષે વિચાર કરતા, અમારા માર્ગમાં વિઘ્નભૂત થઇ પડવાનો વિશેષ સંભવ રહે છે. ”

“ આપના સહવાસથી પ્રથમપક્ષની અમારી તૈયારી સુદૃઢ થશે; અને આપને, આપના પ્રયત્નોમાં આગળ વધવામાં વ્યવહારૂ અનુકુળતાઓ કરી આપવી, એ પણ અમારૂં મુખ્ય કામ રહેશે. ”

“ પ્રથમપક્ષનો દેવીનો તૈયારીની ભાવનાને અમે પ્રશંસીએ છીએ, પરતુ હાલ તેને મુલ્તવી રાખવી, એમ અમારી સલાહ છે. યોગ્ય અવસર આવ્યે, એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના દેવીએ એ માર્ગનું અવલંબન જરૂર કરવું. આજે યોગ્ય અવસર નથી. પહેલા અમે માર્ગ તૈયાર કરીએ, પછી દેવીએ તે માર્ગે ચાલવું. ”

“ અમે પણ સાથે સાથે જ અમારો માર્ગ તૈયાર કરવાની શરૂઆત કરીએ તો શું ખોટું ? આર્યપુત્ર ! ”

“ કશું ખોટું નથી. પરંતુ દેવિ ! આ માર્ગ વ્યક્તિગત તૈયારીનો છે. તેમાં કોઈ કોઇને સહાય ન કરી શકે. વ્યક્તિની જેટલી પૂર્વ તૈયારી અને ઉત્કટ સ્વતંત્ર પ્રયત્ન, તેટલા પુરતું જ તે આગળ વધી શકે છે. સમુદ્ર ભર્યો હોય, છતાં જેવડું પાત્ર, તેટલું જ પાણી ભરી શકાય; એ સીધી વાત છે.

એટલે અમે તમને સહાય ન કરી શકીએ, તમે

અમને સહાય ન કરો. એમ તટસ્થતા જાળવવામાં આવે, છતાં જો બન્નેની સમાન યોગ્યતા ન હોય, તો આગળ જતાં અંતર વધતું જ જાય; અને છેવટે સાથ તો છોડવો જ પડે દેવિ ! ”

“ અમે સ્ત્રીજાત કશું નજ કરી શકીએ. અમારામાં કશી યોગ્યતા જ નથી. એવો શું આપનો અભિપ્રાય છે ?”

“ નહીં નહીં દેવિ, સર્વ પ્રાણીઓમાં અનંત શક્તિનો ભંડાર ભર્યો છે, તેથી સર્વમાં સર્વ જાતની યોગ્યતા હોય છે; પરંતુ તેની ખીલવટ ક્રમે થઇ શકે છે. તમારી ખીલવટ ઘણે અંશે ચોક્કસ થઇ છે; પરંતુ એ વિકટ માર્ગમાં અત્યારે પ્રવેશ કરવા જેટલી ખીલવટ ન ગણી શકાય. જ્યારે તદ્યોગ્ય ખીલવટ થશે, ત્યારે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, અને અમારા સહવાસની પરવા કર્યા વિના જ દેવિ આ માર્ગે વેગબંધ તમે આગળ વધશો જ વધશો. એ પણ ક્ષણ જરૂર આવશે. ”

“ ત્યાંસુધી નાની મોટી વ્યવહારૂ અનુકુળતાઓ કરી આપી, આપનો માર્ગ વધારે સરળ બનાવી અમારી યોગ્યતા કેળવવાનું સદ્ભાગ્ય ઇચ્છીએ છીએ. ”

“ દેવિ ! એવી અનુકુળતાઓની એ માર્ગમાં કશી કિંમત નથી, એટલું જ નહીં, પણ તેનો ત્યાગઃ એ જ એ માર્ગની સાધનાનું સ્વયંસિદ્ધ સાધન છે.

અમારા માર્ગમાં અનુકૂળતા જ કરવા જો દેવી ઇચ્છતા હોય, તો હાલ અમારા સહવાસની જ વાત છોડી દેવી. એટલો સંયમ કેળવવાથી યે અમારા માર્ગમાં દેવીકૃત-અનુકૂળતા જરૂર થાય છે.

આર્ય પ્રજાની મહાન્ મહાન્સાધનાઓમાં આર્ય રમણી-ઓનો અસાધારણ ફાળો છે, એ ક્યાં દેવીથી અજાણ્યું છે?

એક આર્ય રમણી તરીકે તમને હું કહું છું, કે દેવિ! વિચાર કરો. જગત્કલ્યાણીની આ આર્ય પ્રજાની મહાન સાધનાઓમાં આગળ વધવા, વ્યક્તિગત ફાળામાંથી આજે એક પણ આર્ય પુંગવ અને આર્ય બાળા પાછી પાની કરે તેમ છે? જો નથી, તો આ મુખ્ય ધ્યેયની તુલનામાં કૌટુંબિક પ્રેમ કે જીવનની વ્યાવહારિક જરૂરીયાતોનો શો હિસાબ છે?

પ્રસિદ્ધઆર્યકુલોત્પન્ને દેવિ! તમારૂં ધ્યેય એ નથી, એમ કોણ કહી શકે તેમ છે?

એ ધ્યેયને જીવનસર્વસ્વ ગણનાર આર્ય રમણીઓમાંના એક! ઓ! દેવિ! આવો પ્રસંગ પ્રાપ્ત થાય, એ હર્ષનો વિષય છે કે ખેદનો? આવા પ્રસંગને વધાવી લેવો જોઇએ કે જતો કરવો જોઇએ? અમારી સાધના એવી જ કોઇ ભવ્ય સાધના હોય, તો આ પ્રસંગને હસતે ચ્હેરે વધાવી લેવામાં, અને તે ખાતર બીજા પણ જે જે સંજોગો આવી પડે તેને સતકારી લેવામાં, દેવિ! તમારી જ સ્વાર્થસિદ્ધિ

છે–તમારી જ સાધના છે. નહીં કે અમારી અનુકુળતા ખાતર એ કષ્ટ સહન છે. ” શ્રી વર્ધમાનકુમારે આબાદ-સફળ અને વાસ્તવિક આ છેવટની દલિલ, એવી તો સચોટતાથી આગળ કરી, કે દેવીના અંતરમાં પ્રકાશ પડ્યો. ખેદાવેશનો અંધકાર એકાએક નાસવા લાગ્યો. મ્હોં પર પ્રસન્નતાનો અરુણોદય પ્રકાશવા લાગ્યો.

“ સર્વશક્તિસંપન્ન ! આર્યપુત્ર ! આપની સામે વાણીના વિલાસમાં અમારા શા ભાર ? પરંતુ ત્યાગ શબ્દ-માત્રના શ્રવણ ક્ષણથી જ ઝણઝણી ઉઠેલી રોમરાજીમાંનું એક પણ રોમ હજુ રણરણાટનો આવેગ ઓછો કરવા તૈયાર જ નથી. ”

“ દેવિ ! આ કેવળ વાણીવિલાસ નથી. વાણીના વિલાસ માત્રથી હું તમને આંજી નાંખવા નથી માગતો, વાસ્તવિક વિચાર કરવાને તમારે માટે માર્ગ ખુલ્લો કરૂં છું.

પરંતુ દેવિ ! હું જાણું છું, એ તમારો સ્નેહાવેગ છે; પ્રેમપરવશતા છે. પરંતુ કર્તવ્યપાલન ખાતર સ્નેહનો ભોગ આપવાને પ્રસંગે જરા યે પાછી પાની ન કરવી, એ પ્રત્યેક માનવનો નહીં, પણ પ્રત્યેક પ્રાણીનો વાસ્તવિક ધર્મ છે. આ ધર્મ ન બજાવી જાણનારના જીવનમાં શો સારાંશ હોઈ શકે ?

દેવિ ! સર્વસ્વ પરિત્યાગને માટે આ ક્ષણેજ અમારી સર્વથા તૈયારી હોવા છતાંયે વડિલ બંધુશ્રીના આગ્રહથી કંઇક

વિલંબ કર્યો છે. ત્યાંસુધી હું પણ મારી પ્રત્યેક ક્ષણનો ઉપયોગ એકાન્તાવાસમાં કરી મારી ભવિષ્યની સાધનાની પૂર્વ સાધનામાં લાગવાનો છું. આ મહેલ અને સર્વ વૈભવ સામગ્રીનો તો ત્યાગ થશે જ, છતાં રાજકુળનો ત્યાગ હાલ તુરત તો નહીં જ કરવામાં આવે, એટલે હવેથી તમારો કલ્પ એ રહેશે કે–અમારી સંભાવના દૂરથી જ કરવી, નહીં કે નિકટ સંસર્ગથી. કર્તવ્યમાં વધતા જતા અમારા ઉત્સાહ બળથી જ શરીરની આરોગ્ય વાર્તા અનુમાનથી જાણી લેવી, નહીં કે પરિજન મોકલીને. અમારા આહારાદિકને માટે વ્યવસાયાત્મિકા બુદ્ધિનો પણ દેવીએ ત્યાગ જ કરવો. કારણ કે–કલ્પ્ય એવાં તે, અમે અમારી–બાહ્ય દૃષ્ટિથી અનિયમિત છતાં નિયમિત–જરૂરયાત પ્રસંગે જાતેજ મેળવી લેઇશું "

" સ્વામિન્ ! આપની શરણાગતવત્સલ્યતા કેમ ગણાશે ? "

" નહીં નહીં દેવિ ! હજુ તમારો આ સ્નેહાવેશ છે. હૃદયના ઉંડાણમાં વિવેક પ્રદીપ પ્રદીપ્ત કરો. તત્ત્વ અને પરિણામનો વિચાર કરો. "

" આપના અનુગ્રહથી આર્યપુત્ર ! સુશક્ય છે એ અમારે. "

" અવદાતિકે ! દેવીની સંભાવના કર. અમે ઉપરની અગાશી પર જવા ઇચ્છીએ છીએ. "

" પધારિયે, સ્વામિન્ ! આ રસ્તે. "

*　　*　　*　　*　　*

" અહા ! આ ક્ષત્રિયકુંડગ્રામ, પેલું ભારતવર્ષ, આ જ્યોતિષ્ચક્ર અને પેલું સમસ્ત જગત્,—જે સદા ગતિશીળ છે !

આ રાત્રિ ! જેમાં પ્રાણીઓ નિદ્રાધીન છે !

આ વિધુ ! ચંદ્રમા ! ઔષધિપતિ ! સર્વત્ર સુધા વર્ષાવી રહ્યો છે !

પરંતુ, અરે ! હા ! આ કાળ સર્વનો કોળીયો કરી રહ્યો છે ! !

અહા ! સર્વ અશરણ છે !

અરે આ ચીસો કોની ? શું મને કોઇ બોલાવે છે ? !

હા. અશરણ જગત્ શરણ માટે બોલાવે છે.

બસ, તૈયાર જ છું.

અરે ! આ ધમ્ધમાટ કોનો ?

વિસ્તૃત રાજ્યસંપત્તિનો.

શા માટે ?

રાજ્ય કરવા લલચાવે છે.

બસ, નહીં જોઇએ.

પણ આ કરુણાક્રંદનો શો અર્થ ?

એ તો કુટુંબીજનોના વિલાપો છે.

શા માટે ?

તમારો વિયોગ અસહ્ય થાય છે, તેથી.

એ સ્થિતિ અનિવાર્ય છે.

આટલો શોરબકોર શો ?

મોહરાજના સૈન્યની તમારા પર ચ્હડાઇ છે.

ઠીક છે, જોઈ લેવાશે.

હું કોણ ?

શુદ્ધ, બુદ્ધ, નિરંજન, પરમાત્મા, જગત્પ્રકાશ, જ્યોતિ-સ્વરુપ! અનન્ત બળ-વીર્યશાળી, અચ્છેદ્ય, અભેદ્ય, ચૈતન્ય-સ્વરુપ છું.

ત્યારે આ શું ? શરીર !

તેને શો સંબંધ ?

તેનો અંતિમ-ત્યાગ, એજ મારી સ્વાભાવિક સ્થિતિ છે.

તે શી રીતે સાધ્ય થાય ? પરમત્યાગથી.

પરંતુ, હા ! વડીલ બંધુનો અનુરોધ આડે આવે છે ! !

પણ સબળને અનુરોધ શો ?

લોકસ્થિતિનું યે પાલન તો થવું જોઇએ ને ? અસ્તુ.

શું કરવું ?

બસ, એ જ ! આ સમયક્ષણથી માંડીને ત્યાગીયોગ્ય અવસ્થામાંજ રહેવું. પેલા અંતપ્રાંત શાંત અને એકાંત નિર્જન નિવાસ સ્થળમાં નિવાસ કરવો. મૌનસ્થ, ધ્યાનસ્થ અને સ્થાનસ્થ રહેવું. સર્વ પરિચયના પ્રસંગોનો પરિત્યાગ કરવો. વડિલ બંધુની સમ્મતિના પ્રસંગની રાહ જોવી. તક મળ્યે કાર્ય સાધવા બહાર પડી જવું. બસ, એ જ નિશ્ચ–"

" કુમારશ્રી ! પ્રાતઃકાળ સમય નજીક આવી રહ્યો છે. નિદ્રા વેળા વીતી રહી છે. ક્ષણવાર આપ પર્યંકે પધાશો ? ઉન્નિદ્રતાથી વ્યાકુળ દેવી પણ નિદ્રાસુખ અનુભવવા શયનીય તરફ જાય. "

" અવદાતિકે ! શું દેવી હજુ પણ પર્યાકુળ સ્થિતિમાં છે ? અમારા કાર્યક્રમ સાથે હવે દેવીના કાર્યક્રમનો શો મેળ બેસવાનો છે ? જા. કહે–" દેવી ! નિદ્રાધીન થાઓ. હું પણ ક્ષણવાર નિદ્રા અનુભવું છું. "

" તેજ પ્રમાણે નિવેદન કરૂં છું, સ્વામિન્ ! ! જય જય ! કુમાર ! "

* * * * *

થોડીવાર પછી મંગળપાઠકોએ પ્રાતઃમાંગલિક ગાયું–

**ભૈરવી.**

જાગો રે !—
નિદ્રા ત્યાગો, ખોલો દ્વાર.

## કરેમિ ભંતે!–સૂત્ર

જાગો રે—

અરુણનો ઉદય થયો
ભુવનમાં,
ભાનુ ઉદયને કાજ.
જાગો રે— ૧

પૂર્વે ચળકાટ થયો
ગગનમાં,
છુટે પ્રકાશની ધાર.
જાગો રે— ૨

પદ્મ વિકસે કુમુદ
સંકોચાયે,
નાસી છુટે અંધકાર.
જાગો રે— ૩

પંખી કલરવ કરે
વન વિષે,
ભૃંગ કરે છે ઝંકાર.
જાગો રે— ૪

જાગ્યો રે! જાણો તેહને
જગતમાં,
જેહ જગાવણહાર.
જાગો રે— ૫

## ૩

# પ્રતિજ્ઞા અને પ્રસ્થાન.

ભાઈ ! હવે જરા ઉતાવળા ચાલો.

કેમ ? વખત થવા આવ્યો છે કે શું ?

હા, હા. જુઓને, સૂર્ય કેટલો ચડ્યો છે ? મોડા પહોંચીશું તો જોવાની મઝા નહીં રહે.

હાં હાં, ચાલો, ત્યારે જલ્દી ચાલીયે.

જુઓ ! પેલું દેખાય તે ક્ષત્રિયકુંડ નગર. હવે ઘણું દૂર નથી હો !

*  *  *  *  *

આપણે દરવાજે તો આવીજ પહોંચ્યા. વાહ ! દિશાઓ તો જાણે ખુશ ખુશ થઇ આપણી સામે મ્હોં મલકાવી રહી છે ! આ પ્રાતઃકાળના દિવ્યપરિમલવાહી પવન ઝાડાને ધીમે ધીમે ગલગલીયાં કરી આનંદમાં નચાવે છે. સૂર્યમંડળને પણ જાણે આજના દિવસ અહીંજ ગાળવાનું મન થતું હોય તેમ ધીમે ધીમે ચંક્રમણ કરી રહ્યું છે ! ! વાહ ! શી કુદરતની પ્રસન્નતા ! ! ! શી નિસર્ગ-સુંદરતા ! ! !

અહા ! લોકોની ચપળતા તો જુઓ ! ઝપાટાબંધ જાય છે, ને આવે છે. જાણે કેટલી બધી તૈયારીઓમાં ગુંથાઈ ગયા હોય તેમ જણાય છે ! શહેરને તો શણગારીને જુદું જ બનાવી દીધું છે ! કે જાણે આ પ્રથમનું ક્ષત્રિયકુંડ જ ન હોય. દેશ દેશાંતરના રાજા મહારાજાઓ, ને કુમારોના રસાલાઓથી શહેર ચીકાર ભરાઇ ગયું લાગે છે.

ભાઈ ! આપણે આ દરવાજે થોડીવાર વિસામો લેઇએ.

ભલે, લેઇએ. જો કે વ્હેલા ઉઠી દૂરને ગામડેથી ઉતાવળા ઉતાવળા આવ્યા છીએ; છતાં કેટલો પંથ કાપ્યો, તે જણાયું જ નથી. તોપણ બેસો.

*            *            *

સાંભળો, સાંભળો, સુરીલાં વાજાં અને હર્ષનાદ. “જય જય” શબ્દ સાંભળો છો કે ?

હા, હા, કેમ નહીં ? એ વાજાં રાજગઢની પાસે જ વાગતાં હોય તેમ જણાય છે.

પણ હવે અવાજ ધીમે ધીમે વધારે સ્પષ્ટ થતો જાય છે.

હા. ઓ ! ઈંદ્રધ્વજ આવ્યો ! !

હેં, આવ્યો ? કયાં ?

એ દેખાય.

હા, હા. ચાલો ઉભા થઇ જાઓ. હમણાંજ બધા અહીં આવી પહોંચશે.

*          *          *

આહાહા ! શો સાજ શણગાર્યો છે ?

અરે ! ભાઈ ! જરા આગળ વધવા દો. જોવાનું તો હજુ હવે બાકી છે. સાંભળો—

**“ જય જય નંદા, જય જય ભદ્દા.**
**જય જય નંદા, જય જય ભદ્દા. ”**

જુઓ, આ મોટી જબરજસ્ત પાલખી આવે. જોઇ એની શોભા ? તેની વચ્ચે બિરાજ્યા છે, તેજ **“ શ્રી વર્ધમાનકુમાર. ”**

વાહ, ધન્ય ધન્ય રાજકુમાર ! ધન્ય છે ! !

ચાલો હવે આપણે અહીંથીજ સૌની સાથે ભળી જઇએ.

હા. એ ઠીક છે.

*  *  *

રાજકુટુંબની રમણીઓ, સાંભળો તો, કેવા અર્થગંભીર ગીતો ગાય છે !!

એઓની આંખે આંસુ ને મ્હોંએ ગીત છે ! !—

૧ જાયા ! તમ વિણ સુની છે નગરી.
સુનાં હૈયાં છે **નંદીવર્દ્ધન** રા...જ.
સુનાં રે ! છે મંદિર ને માળીયાં.
સુનાં **યશોદાનાં** દિન રા...ત......જાયા તમ૦

૨ જાયા ! તમે વડભાગી ! ને સૌભાગી !
દીધો હૃદયે પ્હેલેરો ઘા...વ.
છોડી રે ! જાતાં હૈયાં કેમ ચાલે ?
લ્હેવાના ઘણા છે હજુ લ્હા...વ......જાયા તમે૦

૩ જાયા ! રાજ તમારા અમર લોકમાં.
અમર તપે છે હો ! રા...જ !
નાનકડાં આ નવિ ગમિયાં ?
કે, થાશો ત્રિભુવન શિરતા...જ ?......જાયા રાજ૦

૪ જાયા ! ચેટક જેવા રે ! મોટા રાજવી,
તમારા છે મામા ને મોસા...ળ,
**રાજગૃહી** ને **ઉજ્જૈની** વળી
**કૌશાંબી** શું યે સગપણ આ...પ......જાયા ચેટક૦

૫ જાયા ! તમે રમતાં'તા રંગ મ્હેલમાં.
શોભંતા'તા પંડિતોની સભા...જ.
ધડકતાં હૈયાં રે ! શત્રુઓના.
નામ તમારા દશ દિશ વિખ્યા...ત......જાયા તમે૦

૬ જાયા ! બબ્બે વરસથી તપ તો આદર્યાં.
તમે દીધાં છે રે ! વરસી દા...ન.
માત પિતા સ્વર્ગે સિધાવિયાં,
હવે લ્યો છો સંયમ ભા...ર......જાયા બબ્બે૦

૭ જાયા ! છૂપા ન્હાસે ત્યાગી જીવડા,
પણ તમ અમ આ સહકા...ર;
શાબાશી તેમાં અમને ઘટે ? કે-
એ તે તમ દિલના છે શણગા...ર ?......જાયા છુપા૦

૮ જાયા ! મનોરથ છે જગ કલ્યાણનાં,
તો કરજો જગતનું કલ્યા...ણ.
જુગ જુગ જીવો રે ! રાજવી !
એ છે અમ દિલડાંની આ...શ......જાયા મનોરથ૦

"વાહ ! શ્રી વર્ધમાનકુમારનું મહત્વ ! કુટુંબીજનોના યે પ્રેમ, ને સમર્પણ ! આપણાં યે હૈયાં દ્રવી (પીંગળી) જાય છે ! ! "

"શ્રી વર્ધમાનકુમારની મહત્તા એકજ વાક્યમાં કહું ?"

"અરે ! તમે શું કહેશો ? હું યે સમજું છું કે—આ જમાનામાં માનવીની સંસારી સંપૂર્ણતામાં એનો જોટો

નથી. રૂપ, ગુણ, જ્ઞાન, ઉચ્ચ જીવન, અપૂર્વ વ્યક્તિત્વ વિગેરે કોઈ પણ બાબતનો વિચાર કરી લ્યો. ખરેખર, ભારતભૂમિ અમૂલ્યરત્ના છે.

"બસ, બસ, હું પણ એજ કહેવાનો હતો. છતાં આશ્ચર્ય તો એ થાય છે કે–આટલી પૂર્ણતા છતાં શ્રી વર્ધમાન-કુમારે જગતમાં તેનો ઉપયોગ નહીં કર્યો હોય? રાજમહેલોમાં ને સાદા પ્રસંગોમાં જ માત્ર આમ ને આમ જીવન કેમ ગુજાર્યું હશે ?"

"ભાઇ! તમારી સમજ ભૂલભરેલી છે. મોટાનાં મનોરાજ્ય ને મહાત્વાકાંક્ષા પણ મોટાં હોય; તેઓની ગંભીરતા આપણાથી કેમ મપાય ?

દરેક દુન્યવી માણસ પોતાની શક્તિ વહેવડાવે છે, તેવા સાંસારિક પ્રસંગોમાં ન વ્હેવડાવતાં, તેઓશ્રીએ તેનો સંગ્રહ જ કરી રાખ્યો છે. જગતના ચાલુ પ્રવાહમાં ભળીને વહી જનારા ઘણા હોય છે. ખરેખર તેમાંથી આવા વિરલ પુરૂષોએ તો બચીજ જવું જોઇએ, અને સંચય કરી પોતાની શક્તિ જગતને કોઈ ભવ્ય માર્ગે દોરવામાં જ વાપરવી જોઇએ."

"એ વાત ખરી. પરંતુ તેમાંનું યે હજુ તો એમણે કાંઇ યે કર્યું નથી."

"આજથી જ હવે તેઓશ્રીના ખરેખરા કાર્યોની શરૂ-

આત થાય છે. એટલે ચોખુંટ ધરતીમાં દિગંત વ્યાપી પોતાની વિજય પતાકાઓ કેવી રીતે રોપે છે, તે હવે જ જોવાનું છે. બીજી પણ કઇ કઈ શક્તિઓ ધરાવે છે, તેનો પરિચય પણ દુનિયાને હજુ હવે જ મળશે ! ! ”

*　　　　*　　　　*

“અહાહા ! ભારે મોટો વરઘોડો ! મધ્યાહ્ન તો કયારના યે વીતી ગયા. શીયાળો છે. ( માગસર વદી ૧૦ [ કારતક વદી ૧૦ હાલની ] ) એટલે તાપ બહુ ન લાગ્યો, ને સાંજ પણ હમણાં જ પડશે.

હવે આપણે બધા જ્ઞાતખંડ નામના વનખંડ પાસે તો આવી પહોંચ્યા છીએ. જુઓને—એ પેલું દેખાય.

વરઘોડાની આગળની કક્ષાઓ હવે વેરાતી જાય છે, ને વનમાં ચારે તરફ યોગ્ય યોગ્ય સ્થળે વાહનો વિગેરેની ઠઠ્ઠ જામતી જાય છે. ચાલો, આપણે જરા આગળ પહોંચી જઇએ, ઠેઠ શ્રી વર્ધમાનકુમારની પાસે જ. હં, વધો આગળ. ”

*　　　　*　　　　*

“ હાશ. ભાઇ, જરા વિસામો લેવા દો, બહુ ભીડ; મુશ્કેલીએ આવી પહોંચ્યા ! ઉભા રહો, હવે શું થાય છે, તે જોઇએ. ”

નર્મ

"અહાહા ! શી મેદની !! સહસ્ત્ર કિરણો વચ્ચે-વાદળાંએ અનાવૃત-સૂર્યમંડળ જેવા, વસ્ત્રાલંકાર રહિત શ્રી વર્ધમાનકુમાર આ મેદનીમાં કેવા શોભે છે ! ! !

જુઓ, જુઓ, પંચમુષ્ટિ લોચ પણ સ્વહસ્તે જ કરી નાંખ્યો ! અહાહા ! ! અરે એ તે હસે છે કે શોકમાં છે ? ઉત્સાહમાં છે કે ચિંતામાં ? કાંઈ જણાય છે ? કેવી અપૂર્વ ગંભીરતા ? ! એણે શું ધાર્યું હશે ? આ મહા પુરૂષ જગતમાં કેવો ભાગ ભજવશે ? ખરેખર કંઇ કલ્પી શકાતું જ નથી. "

" અરે ! પણ તમે શા વિચારમાં પડ્યા છો ? "

" કેમ શું છે ? હું તો આ મહાપુરૂષની અગાધતાનું માપ કાઢવા મથું છું. "

"અરે શું. ' શું છે ? ' તેઓ કાંઇ બોલવાની તૈયારી કરતા હોય એવો ભાસ થાય છે. સાંભળો, બરાબર ધ્યાનથી સાંભળો. જુઓ, આખી મેદની તો શાંત થઇ ગઇ. એ મહા ગંભીર પુરૂષનો એકેએક શબ્દ નિ:સંશય ભારે અર્થસૂચક હોવો જોઇએ. માટે બરાબર સાંભળો ! ! "

" હા, બરાબર. અધ ઉઘડી આંખોથી સ્હેજ ઉંચે જોઇ હાથ જોડી સાંભળો, સાંભળો, તેઓશ્રી કંઈ બોલે છે."

# करेमि भंते ! सूत्र

अथवा

## भगवान महावीरनी महाप्रतिज्ञा.

" नमो सिद्धाणं "

"(१) 'करेमि सामाइयं.'
(२) 'सावज्जजोगं पच्चक्खामि—
(३) 'जावज्जीवाए पज्जुवासामि'

—तिविहं तिविहेणं—

—[मणेणं, वायाए, कायेणं;
(ऊपर अंक: ३, २, ३)

१
न करेमि,

२
न कारवेमि,

३
करंतं पि अन्नं न समणुज्जाणेमि.];

(४)—तस्स—

—पडिक्कमामि,
—निंदामि,
—गरिहामि. '

(५) ' अप्पाणं वोसिरामि. '

" પણ સાંભળો—"

*    *    *    *    *

" મહારાજા નંદિવર્ધન દેવ! કાકાશ્રી સુદર્શન પ્રભૃતિ વડિલ રાજકુટુંબી વર્ગ ! પૂજ્ય કુલવૃદ્ધ માતાઓ ! દેવી યશોમતી ! રાજદુહિતા પ્રિયદર્શના ! મંત્રીશ્વરજી ! ક્ષત્રિય-કુંડવાસી માન્ય નગરજનો ! અને નગર-નારીઓ !

અમારો જીવન પ્રવાહ આજથી હવે આ મહા પ્રતિજ્ઞાને લીધે જુદીજ દિશામાં વહી ચુકયો છે, છતાં સ્થાનાન્તર માટે પ્રયાણ કરતાં પહેલાં, કલ્પને અનુસરી આપ સર્વ સજ્જનોની, અમારા આ કાર્યમાં તન્મય થવાને, અનુમતિ ઇચ્છીએ છીએ. '

પ્રેમાશ્રુ ખાળી આખી મેદનીએ—

" જય જય નંદા ! જય જય ભદ્દા !

જય જય નંદા ! જય જય ભદ્દા !

જય જય નંદા ! જય જય ભદ્દા !

ચિરં નંદ ! ચિરં જય ! " એવો ગગનભેદી પ્રઘોષ કર્યો.

કુલવૃદ્ધાઓ આશીર્વાદ આપવા આગળ આવી.—

" પુત્ર ! તમે સર્વદા જય પામો !

પુત્ર ! તમે સર્વદા વિજય પામો !

પુત્ર ! તમે સર્વદા કલ્યાણ પામો !

પુત્ર ! તમે સર્વદા કલ્યાણ કરો !

પુત્ર! તમારા માર્ગો સદા શિવ હો! મંગળમય હો! કલ્યાણમય હો ! આનંદમય હો ! ”

આખી મેદનીએ ભક્તિમય અંતઃકરણમાંથી આશીર્વાદનો અસ્ખલિત પ્રવાહ છોડ્યો.

“ આયુષ્માન્ ! વર્ધમા—પૂજ્ય સ્વામિન્ !........... ચિરં નં........” એ શબ્દો ઉચ્ચર્યા ન ઉચ્ચર્યા ત્યાં તો મહારાજાશ્રી નંદિવર્ધન દેવ મૂર્છા પામ્યા, અને હાથ છુટા મૂકી દૃષ્ટિ નાસિકા પર સ્થાપી શ્રી વર્ધમાન સ્વામિએ પ્રયાણની શરૂઆત કરી.

“ અરે ! ઓ ! બંધુ ! વર્ધમાન ! તારા સુધાસ્રાવી અંગસ્પર્શ અને વચનામૃત હવે શું દુર્લભ થયા? બંધુ! શો આ ક્ષતે ક્ષાર નિક્ષેપ ? ઓ સ્વામિન ! કરુણાસાગર ! મારો પણ ત્યાગ?...........” ઇત્યાદિ વાક્ય પરંપરાથી, દૂર દૂર વહી જતા પ્રવાસી બંધુની પાછળ પહોંચી શકે ત્યાંસુધી દૃષ્ટિ લંબાવી લંબાવી, મહારાજ નંદિવર્ધન દેવ અશ્રુ દ્વારા જાણે કરુણરસ વર્ષાવી આખી મેદનીને નવરાવી રહ્યા.

* * * * *

“ અહા ! કેવી નિર્દયતા ! ”

“ અરે ! અગાધ દયાના સાગર પર નિર્દયતાનો

આરોપ ન હોય. પણ જુઓ, એ જાય, દર્શન કરી લો. હમણાં જ થોડા વખતમાં અદૃશ્ય થશે. "

" હેં ! ક્યાં જશે ? "

" લીધેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવા. "

"શું તેને માટે આમ આ રાજકુમારને રખડવું પડશે ?"

" એ બધો વિચાર પછી. જુઓ, અદૃશ્ય થાય છે, છેલ્લાં દર્શન કરી લો. "

" **णमो, समणस्स भगवओ सिरिमहावीरवद्धमाण-जिणस्स णमो णमो** "

" શું આપણે તેઓની પાછળ તેમના જેવા થઈ ન જઇ શકીએ ? "

" અરે ! આપણું એવું ભાગ્ય ક્યાંથી ? "

*　　*　　*　　*　　*

## પ્રભુ શ્રી મહાવીર સ્વામિની સ્તુતિ.

( સંસાર ત્યાગ પ્રસંગ )

### તોટક.

શિબિકા પરથી પ્રભુ જો ઉતરે,
જઈ ઝાડ તળે સઘળાં તજી દે-
શણગાર, બને અણગાર, અરે !
પણ ધીર ગભીર પણે જ રહે. ૧

જઇ ઇંદ્ર ધરે બહુ નમ્ર પણે
શુભ દેવ દુકૂલ, ધરે જ ખભે.
સ્વકરે ઝટ લોચ કરે જ શિરે,
પણ કાંઇ નહીં હૃદયે અરરે. ૨

સહુ શાંત થયા, સુણુ જો વ્રત લે.
કર યોજી કરી સહુ સિદ્ધ નમે.

[ પ્રતિજ્ઞા ]

" મુજ આત્મ વિકાસ કરીશ સદા,
હર એક પળે ધરિ તત્પરતા. ૩

મુજ સાધ્ય વિષે યદિ કાંઈ નડે,-
મન વાચ શરીર તણી જરિયે-
પ્રકૃતી; ઝટ દૂર કરીશ વળી-
બસ ! જીવ સટોસટ યત્ન કરી. " ૪

### શિખરિણી.

[ પ્રયાણુ ]

મહાવીર સ્વામી ! પ્રભુ ! જગત ઉદ્ધારક ! વિભુ !
કરી શી તૈયારી તૃણસમ તજી નાથ ! સઘળું ?
ઉભા છે આશાયે સજળ નયને પાન કરતાં,
દયાભીની દૃષ્ટિ અમ ઉપર ફેંકો તલસતાં. ૧

અરે ! ઓ ! એ ચાલ્યા, પવન સમ નિર્બંધન થઇ,
તૃણે, સ્ત્રૈણે, સ્વર્ણે, સ્વ, પર પર વિશ્વે સમ બની;
પહાડોની ખીણો, શિખરપર ને જંગલ મહીં,
ફરે છે એકાકી કનકગિરિ શી ધીરજ ધરી. ૨

## પાઠ રચના પ્રમાણે સૂત્રનો શબ્દાર્થ.

### " સિદ્ધોને નમસ્કાર. "

"૧. '**હું સામાયિક કરૂં છું**' [આ ક્ષણથી પ્રતિક્ષણે મારા આત્મ વિકાસમાં પ્રગતિ કરૂં છું.]
[રચનાત્મક-વિધાનાત્મક પ્રતિજ્ઞા.]

૨. [તથા] '**સર્વ સાવદ્ય યોગનો ત્યાગ** કરૂં છું-
[ નિષેધાત્મક-ત્યાગાત્મક પ્રતિજ્ઞા. ]

[આ બંને પ્રતિજ્ઞાઓ]
**૩. ' જાવ જીવ સુધી** [જીવન પર્યંત, ને મરણાંત કષ્ટે પણ] **પાળું છું. '**
[ અવધિ

[ સાવદ્યયોગનો ત્યાગ નીચે પ્રકારે— ]
**—ત્રણ રીતે, ત્રણ પ્રકારે—**
[ **મન, વચન, કાયાથી;**
[સાવદ્યયોગ] **ન કરૂં,**
" **ન કરાવું,**
" **કરનાર બીજાને સમ્મત પણ ન થાઉં.** ];

[ થઈ જતા સાવદ્યયોગથી શુદ્ધિના પ્રકાર— ]

૪.-**તે** [ સાવદ્ય યોગ- ]-
-**થી-પાછો ફરૂં** [ અતિચારની શુદ્ધિ કરૂં ] **છું,**
-**ને-નિન્દું** [ અતિક્રમની શુદ્ધિ કરૂં ] **છું,**
-**ને-ગર્હું** [ વ્યતિક્રમની શુદ્ધિ કરૂં ] **છું.'**
એ બન્ને પ્રતિજ્ઞાઓ ખાતર—

૫. '**મારા આત્માનો** [ બહિરાત્મ ભાવનો-દેહાદિ મમત્વનો, ને કોઇ વખતે શારીરિક વિગેરે અનિવાર્ય જરૂરીયાતોનો પણ, ઇચ્છાપૂર્વક સર્વથા ] **ત્યાગ કરૂં છું.** ' "

૪

# ભાવાર્થ અથવા મનોદશા.

૧.

## " સિદ્ધોને નમસ્કાર. "

" સિદ્ધ થવું–પૂર્ણ થવું: એજ મારૂં અંતિમ ધ્યેય છે–અંતિમ કર્તવ્ય છે. એજ મારો પરમ આદર્શ છે.

હજુ હું અસિદ્ધ છું–અપૂર્ણ છું, તેથી જ જેઓ સિદ્ધ છે–પૂર્ણ છે, તેઓનું સ્મરણ કરૂં છું–ધ્યાન કરૂં છું. તથા, સ્તુતિપૂર્ણ ભાષાથી કરયોજન અને મસ્તકનમન દ્વારા તેઓ તરફ મારા તરફની નમ્રતા દર્શાવું છું.

જ્યાં દુનિયાદારીની પૂર્ણતા પૂરી થાય છે, ત્યાંથી જ આજે મારૂં કર્તવ્ય શરૂ થાય છે. કારણ કે–હું પૂર્ણ થવા ઇચ્છું છું–સિદ્ધ થવા ઈચ્છું છું. તેથી હું પૂર્ણ–સિદ્ધ થાઉં ત્યાંસુધી તેઓને મારા આદર્શ તરીકે ગણું છું. એટલે હવેથી તેઓના પ્રણિધાનમય બની રહું છું. ”

૨.

૧. “ હું સામાયિક કરૂં છું. ”

“ અનંત ભવોની પરંપરા પસાર કરી, અને મારી દૃષ્ટિ સમ્યક્ થયા પછી પણ કેટલાક ભવો મેં પસાર કર્યા, તેને પરિણામે આજ સુધીમાં મારામાં સ્વાભાવિક આત્મવિકાસ જેટલો થયો છે, તે તો કાયમ જ રહેશે–તેમાંથી ઓચ્છાશ નહિંજ થાય, એ તો ચોક્કસ. પણ તેમાં પ્રતિક્ષણે વધારો થતો રહે, ને આત્મવિકાસનું એકેએક પગથિયું પ્રતિક્ષણે મક્કમપણે ચડતો જ જાઉં. તેવી રીતે, અન્તિમ સાધ્ય જે સિદ્ધત્વ–પૂર્ણત્વઃ તે પૂર્ણ–સિદ્ધ ન થાય ત્યાંસુધી આત્મવિકાસના તમામ પગથિયા વેગપૂર્વક જ ચડવાની શરૂઆત કરવાને હું આજથી જ પ્રતિજ્ઞા કરૂં છું.

કારણ કે–જગત્માં ઉન્નતિના ચડતા ઉતરતા અનેક દરજ્જા છે, અને તે તે દરજ્જે ( પગથિયે ) ચડવાના સાધનો પણ અનેક છે. ‘અર્થાત્–પ્રાણીના પ્રાથમિકમાં પ્રાથમિક વિકાસથી માંડીને અંતિમ વિકાસ સુધીમાં વિકાસની

સીડીના અનેક પગથિયાં છે. અને તે દરેક પગથિયા પર ચડવાને સાધનો પણ ચડતા ઉતરતા ક્રમના અનેક છે. ' તેમાંનું આ સામાયિક અંતિમ અને સર્વોત્કૃષ્ટ સાધન છે. સર્વ સાધનોનું શિરોમણિ સાધન છે. અને દુનિયાદારીના કર્તવ્યો અહીં પુરા થઈ, આત્મવિકાસનું કર્તવ્ય અહીંથી શરૂ થાય છે. માટે હું તે સામાયિક એટલે આત્મવિકાસના પગથિયા ચડવાની શરૂઆત કરવાને પ્રતિજ્ઞા કરૂં છું.

બીજા સામાન્ય કર્તવ્યો—નીતિ રીતિની ઉત્તમતાનો આધાર પણ આ સાધન ઉપર જ છે. કારણ કે—જેટલી આત્મશક્તિ—જેટલો આત્મવિકાસ તેના પ્રમાણમાં જ બીજા સાધનો ફળ આપી શકે છે.

તેથી અન્ય સર્વ કર્તવ્યો, ભાવનાઓ, વિચારણાઓ, અને સાધનોને બાજુ પર રાખીને સામાયિક કરવું [ પ્રતિક્ષણના આત્મશુદ્ધિના વધારામાં તત્પરતાપૂર્વક લાગી જવું ] એજ વધારે ઉચિત છે, એજ પ્રસંગ પ્રાપ્ત છે. અને આત્મવિકાસમાં ઉપયોગની બીજી યોગ્ય સામગ્રીને પણ સામાયિક જ ખેંચી લાવશે.

આ ક્ષણથી માંડીને હવે પછીના મારા જીવનનું આ જ મુખ્યમાં મુખ્ય કર્તવ્ય છે, અને રહેશે.

માટે જ જગત્‌માંની અન્ય સર્વ પ્રતિજ્ઞાઓ કરતાં આ પ્રતિજ્ઞા મહાકર્તવ્ય છે, મહાશ્રેષ્ઠ છે, સર્વોત્કૃષ્ટ છે,

સર્વોત્તમ વિકાસમાર્ગ છે. એમ સમજીને હું તેનો સ્વીકાર કરૂં છું. ”

[ આ રચનાત્મક–વિધાનાત્મક–પ્રતિજ્ઞા ]

૨. “સાવદ્ય યોગને પ્રત્યાખું છું–દૂર ધકેલું છું–તજું છું.”

“ હું એ સામાયિક જેવા પરમ કર્તવ્યમાં આજથી રોકાયેલો હોવાથી બીજી કોઈ પણ બાબત તરફ ધ્યાન આપવા ઇચ્છતો જ નથી.

ચળવિચળ અને અનેક પ્રકારની ઘટનાઓથી ભરપૂર આ જગત્ના કોઈ પણ બનાવની અસર મારા પર થવા જ નહીં દઉં, કોઈ પણ જાતની અસરમાં દોરવાઈ નહીં જાઉં.

મારા સામાયિક રૂપ કર્તવ્યમાં વિઘાતક એવી [ સાવદ્ય યોગની ] કોઇ પણ નાનામાં નાની પ્રવૃત્તિને હું દૂરજ રાખવા માગું છું, હું તેનાથી દૂર રહેવા માગુ છું. ( પચ્ચક્ખામિ )

આત્મવિકાસના માર્ગમાં પ્રયાણ કરતાં મને જે જે વિઘાતક પ્રવૃત્તિઓ રોકનારી હોય, તેનું ખરેખરૂં મૂળ તો મન, વચન, અને કાયાની ચેષ્ટા–પ્રવૃત્તિ–ક્રિયા જ છે. તેનું જ નામ સાવદ્યયોગ છે. કે જે સામાયિકમાં–આત્મવિકાસમાં વિઘાતક છે.

તેના પર એટલો બધો કાબુ ધરાવીશ કે તે જરા પણ

મારા સાધ્યની આડે ન આવે, સાધ્યના માર્ગમાંથી મને ચ્યુત ન કરે, આડે રસ્તે દોરી ન જાય, તેની પુરેપુરી સાવચેતી રાખીશ. હું જાતે તેની પ્રવૃત્તિમાં બિલકુલ ભાગ નહીં લઉં.

અને તે એટલે સુધી કે–બીજા કોઇને પણ મન, વચન, અને કાયાની પ્રવૃત્તિમાં સીધી કે આડકતરી રીતે પ્રેરીશ તો નહીંજ, પરંતુ કોઇ સ્વયંપ્રવૃત્ત થયેલ હશે, તોપણ તેમાં તેને માનસિક સમ્મતિ પણ આપીશ નહીં. અર્થાત્ તે તરફ સંપૂર્ણ ઉદાસીનતા જ રાખી, તે તરફ જરા પણ લક્ષ્ય નહીં જ આપું.

મારા સાધ્યમાં આગળ વધતાં વચ્ચે આવનારાં સર્વ વિઘ્નોના મૂળભૂત–બીજભૂત આ વિઘ્નોને આવી રીતે સર્વથા દૂરજ રાખીશ, રોકીશ, અટકાવીશ, દૂર ધકકેલીશ, ને મારા સાધ્યમાં આગળને આગળ વધ્યે જઇશ. '

[આ નિષેધાત્મક–ત્યાગાત્મક–પ્રત્યાખ્યાનાત્મક પ્રતિજ્ઞા થઇ.]

એટલું જ નહીં પણ—

૩. " ઉપરની બન્ને પ્રતિજ્ઞાઓ, જાવજીવ સુધી–મરણ પર્યન્ત પાળવા માટે સ્વીકારૂં છું, માટે જાવજીવ સુધી પાળીશ. "

" આ બન્ને પ્રતિજ્ઞાઓ એકજ ધ્યેયની સિદ્ધિ માટેની

જુદી જુદી બાજુઓ છે. તેથી મારા એ ધ્યેયમાં હમ્મેશને હમ્મેશ એક પણ ક્ષણ ગુમાવ્યા વિના આગળ ને આગળ વધીશ. પ્રયાણની ધારા કદો પણ તુટવા નહીં દઉં.

નાની કે મોટી, અંદરની કે બહારની, દરેકેદરેક મુશ્કેલીઓને વટાવીશ, તેથી હારીશ નહીં, બળપૂર્વક મથન કરી તેઓથી બચીશ, ને અસ્ખલિત રીતે આગળ ને આગળ વધીશ. હતાશ નહીં થાઉં, કંટાળીશ નહીં, ઇરાદાપૂર્વક તેને છોડી પણ નહીં દઉં. કારણ કે આ બન્ને પ્રતિજ્ઞાઓ મારા જીવ સાટે છે. પહેલેથી જ પુરેપુરો વિચાર કરીને જ સ્વીકારેલ છે. મરણાંત કષ્ટે પણ તેનો નિર્વાહ કરીશ. અને તેના નિર્વાહ ખાતર આવી પડતી સર્વ મુશ્કેલીઓને ઇરાદાપૂર્વક માથે વ્હોરી લેઈશ. પણ સાધ્ય સિદ્ધ કરવાનો પ્રયત્ન નહીં છોડું તે નહીંજ છોડું." [ જાવ જીવં પજ્જુવાસામિ ]
[ઉપરની બન્ને પ્રતિજ્ઞાઓમાં અવધિ સૂચવાય છે.]

૪. " તે–થી જાતે દૂર થઇશ, તે–ને ખરાબ કરનાર ગણીશ, એટલુંજ નહીં, પણ વધારેમાં વધારે ખરાબ કરનાર છે, એમ ગણીશ. "

કદાચ કોઇ અનિવાર્ય પ્રસંગે, ઘણી સાવચેતી રાખવા છતાં, તેઓને દૂર રાખવાનો બળપૂર્વક પ્રયત્ન કરવા છતાં, પણ પ્રાણીઓને ડૂબાવનારૂં આ સબળ અનિષ્ટ તત્ત્વ ઘણા વખતના અભ્યાસને પરિણામે ફાવી જાય, પોતાની ખરાબ

અસર કરી દે, અને તેવી અસર જ્યારે જ્યારે માલુમ પડશે કે તુરત સાવચેતીપૂર્વક તેને ( સાવદ્યયોગને ) ખંખેરી નાંખીશ, તેથી દૂર ખસીશ, તેની ખરાબ અસર સાફ કરી નાંખીશ, અને વધારે જાગરિત બનીશ.

સાવદ્યયોગની થઈ ગયેલી સ્હેજસાજ અસરથી પ્રતિક્રમીશ, પાછો ફરીશ, વધારે સાવચેત બનીશ, અતિચાર પ્રસંગે શુદ્ધ થઈશ, ને સાધ્યમાં આગળ ને આગળ ધપીશ.

અર્થાત્–આત્મવિકાસમાં અનાવશ્ય શરીરની કે વચનની સત્ કે અસત્ કોઇ પણ જાતની પ્રવૃત્તિ થઈ જાય, તથા કામ, ક્રોધ, લોભ, મોહ, રોગ, શોક, ભય, પ્રેમ, માન, અપમાન, લાલચ, રાગ, દ્વેષઃ વિગેરે આત્મવિકાસની વિરોધિની માનસિક લાગણીઓ તરફ સંયમ રાખવા છતાં કદાચ દોરવાઇ જવાય, સ્હેજસાજ પણ દોરવાઇ જવાય, કે તુરત વિશેષ ને વિશેષ સાવચેત બની તેની શુદ્ધિ કરી નાંખીશ, તેથી પ્રતિક્રમીશ. [ તસ્સ પડિક્કમામિ ]

કદાચ સ્હેજસાજ સાવદ્યયોગની અસર થઈ જાય, અર્થાત્ અતિક્રમ થઇ જાય, તો તેને નિંદી નાંખીશ. અને કદાચ તેથી પણ વધારે અસર થઇ જવાનો પ્રસંગ પ્રાપ્ત થઈ જાય એવું લાગશે, અર્થાત્ વ્યતિક્રમ થઈ ગયેલો લાગશે, તો તેને ગર્હીશ, વધારે નિંદીશ. અને મારા કર્તવ્યમાં આગળ વધીશ. ” [ નિંદામિ, ગરિહામિ ]

૫. " તે ખાતર બહિરાત્માનો ત્યાગ કરૂં છું. "

" હું હિમ્મતપૂર્વક કહું છું કે તે પ્રતિજ્ઞાના પાલન ખાતર મારા બહિરાત્માનો ( શરીરના મમત્વનો ) સર્વથા ત્યાગ કરૂં છું. અથવા મારા સાધ્યની સિદ્ધિમાં સમર્પી દઉં છું. મારે તેની સાથે કશી લેવા દેવા નથી.

ઓગણપચ્ચાસ પ્રકારમાંથી કોઇ પણ પ્રકારે થઇ જતી સૂક્ષ્મમાં સૂક્ષ્મ સાવદ્ય પ્રવૃત્તિના પ્રતિક્રમણ, નિન્દા અને ગર્હા કર્યા છતાં, સામાયિકની વિશેષ પ્રગતિ માટે, વિશેષ વિશુદ્ધિ માટે અને સાવદ્ય પ્રવૃત્તિના બીજભૂત પૂર્વના કર્મોના નાશ માટે આજથી જ સદા ધ્યાનમાં લીન રહું છું, તે એટલે સુધી કે–શરીરની કોઇ સૂક્ષ્મ વિકૃતિ પણ તેમાં આડે આવી શકે જ નહીં. જેવી કે–સમસ્થિતિક શિવાયનો ઉંચે કે નીચે ચાલતો શ્વાસ, ખાંસી, છીંક, ઓડકાર, બગાસું, ચકરી, વમન, શરીરનું કે અંગોનું ફરકવું: વિગેરે. અને કદાચ આડે આવી જશે, તો તેથી ધ્યાનનો ભંગ ગણી ફરીફરીને ધ્યાનમાં લીન થઇશ. જ્યારે મારી ક્ષણેક્ષણ કિંમતી છે, છતાં એકનું એક કાર્ય ફરીફરીને કરવું પડે, તે નિર્બળતા છે, અને તેથી પ્રગતિમાં રોકાવટ થાય છે. એમ સમજીને આજથીજ મન, વચન અને કાયાને એટલી બધી હદ સુધી સ્વાભાવિક સ્થિતિમાં રાખવા પ્રયત્ન કરૂં છું કે જેથી કરીને તેવી વિકૃતિ ઉત્પન્નજ ન થાય. તેવી રીતે સદાકાળ ચાલુ રહે તેવા ધ્યાનમાં લીન થાઉં છું, અને તે ખાતર

બહિરાત્મ ભાવનો ત્યાગ કરૂં છું.

તેનું ( બહિરાત્માનું–શરીરનું ) ગમે તે થાય–તે કુવામાં પડે, તેમાં શૂળો ભોંકાય, તેના પર આગ ભભુકતી હોય, તે સિંહના મ્હોંમાં જઈ પડે, કે તે સેવકથી સેવાતું હોય, તોપણ તેની પરવા કરીશ નહીં, પણ કેવળ મારા સાધ્યને જ વળગી રહીશ.

ભૂખ પણ ઈરાદાપૂર્વક જ સહન કરીશ. તરસ પણ ઇરાદાપૂર્વક જ સહન કરીશ. અરે ! કોઈ પણ ક્રિયા–જેવી કે–જાગરણ, ભ્રમણ, મૌન, ધ્યાન, ઉભા રહેવું, ચાલવું, બેસવું વિગેરે વિગેરે તથા શરીરની અનિવાર્ય જરૂરીયાતોના રોકાણ કે પ્રવૃત્તિ : એ સર્વ વિચારપૂર્વક જ–સહેતુક જ કરીશ.

એટલું જ નહીં પણ, તેઓને મારી સાધ્ય સિદ્ધિના અંગભૂત બનાવી દઇશ–તેઓની પ્રવૃત્તિનો પ્રવાહ પણ સામાયિક તરફ જ વાળી દેઈશ. દાખલા તરીકે—

જ્યાં સુધી મારા સાધ્યની સિદ્ધિમાં સ્ખલના થતી માલૂમ નહીં પડે, ત્યાં સુધી કોઇ એક સ્થાને ધ્યાનમાં ( સામાયિકમાં ) લીન થઇને બેઠેલો કે ઉભો રહેલો હું ભૂખ, તરસ કે નિદ્રાની બિલ્કુલ પરવા જ નહીં કરૂં.

અને જે ક્ષણે મને એમ જણાશે કે ‘હવે આ ભૂખ, તરસ, નિદ્રા, આ સ્થાન કે બીજા કોઇ પણ સંજોગો મને કંઈક સ્ખલના કરે છે, સાધ્ય સિદ્ધિમાં કંઇક આડે આવે

છે.' તો જ, તે વખતે સ્ખલના પુરતા જ તેને દૂર કરીશ. તેને દૂર કરતી વખતે પણ તે સીધી કે આડકતરી રીતે સાધ્ય સિદ્ધિમાં આડે આવી ન જાય-સાવદ્યયોગ સેવાઈ ન જાય-તેની પુરેપુરી કાળજી રાખીશ-અને સાધ્ય સિદ્ધિમાં મદદગાર થાય તેવી રીતે ને તેટલા પુરતાજ સેવેલા, તેનો પ્રવાહ આ તરફ વાળી દેવાને ચુકીશ નહીં. અર્થાત્:— આહાર, વિહાર, નિહાર કે નિદ્રામાં પણ મારા સાધ્યનો અખંડ પ્રવાહ ચાલતો જ રહેશે. માટે મારા બહિરાત્માના અન્યથા ઉપયોગનો ત્યાગજ કરૂં છું.'

[ અપ્પાણં વોસિરામિ ]

" આ પ્રતિજ્ઞાઓ હું કોઇના કહેવાથી, કીર્તિલોભથી કે સ્વર્ગના સુખોની ઇચ્છાથી, સ્પર્ધા કે પરાભિભવનીકાંક્ષાથી નથી લેતો, પરંતુ-સ્વયંબુદ્ધ થઇને-તેને સબળમાં સબળ મોક્ષનો ઉપાય સમજીને-હું આ પ્રતિજ્ઞાઓ લઉં છું."

" વળી મારી આ પ્રતિજ્ઞાના ઉચ્ચારમાં નવ ક્રિયાપદોનો ઉપયોગ કર્યો છે. અને તે દરેક ક્રિયાપદોનો વર્તમાન કાળ, પહેલો પુરુષ એક વચનમાં પ્રયોગ કર્યો છે. જેમકે—

**करेमि, पच्चक्खामि, न करेमि, न कारवेमि, न समणुजाणामि; पडिक्कमामि, निन्दामि, गरिहामि, वोसिरामि.**

*તેથી હું એમ સૂચવું છું કે—*

મારે કોઈની મદદની જરૂર નથી, હું એકલો જ–જાતે જ–કેવળ સ્વાશ્રયીપણે જ મારી પ્રતિજ્ઞાનું પાલન કરીશ, અને તેનો પાર પામીશ, તેના પરિણામ સુધી પહોંચીશ.

તેમ જ, આજથી માંડીને કોઇ ગણ દિવસે– અરે ! કોઇ પણ ક્ષણે–મને પૂછવામાં આવે કે—

" તમે શું કરો છો ? "

ત્યારે પણ હું જવાબ આપી શકું કે—

" અત્યારે પણ સંભવ પ્રમાણે ઉપરની નવેય ક્રિયાઓમાં લાગેલો છું. "

થોડીવાર પછી પણ મને પૂછવામાં આવે કે—

" તમે શું કરો છો ? "

ત્યારે પણ એજ જવાબ હોય.

પરંતુ જો હું કોઇ પણ ક્ષણે પ્રમત્ત બનેલો હોઉં, તો મારાથી તે પ્રસંગે વર્તમાનકાળમાં જવાબ નજ આપી શકાય. કારણ કે–તે વખતે મારી તે ક્રિયાઓ ચાલુ નથી. તે વખતે તો મારે નીચે પ્રમાણે જ જવાબ આપવો જોઇએ.

" હું એ નવેય ક્રિયાઓમાં લાગેલો હતો અથવા હવે લાગુ છું, અર્થાત્ લાગીશ. " એવો જવાબ આપવો પડે.

પરંતુ વર્તમાનકાળનો પ્રયોગ કરીને હું એ પણ સૂચવવા ઇચ્છું છું કે–ભૂતકાળ કે ભવિષ્યકાળને લગતા જવાબનો સંભવ જ રહેવા દીધા વિના, જે વખતે મને પૂછવામાં આવે તે–વર્તમાન–કાળે પણ મારી પ્રવૃત્તિ ચાલતી જ

હોય, અર્થાત્ આજથી માંડીને કોઇ પણ એવો ક્ષણ નહીં હોય કે જેમાં હું પ્રમત્ત હોઉં. એવી રીતે આ પ્રતિજ્ઞા પાળવાની મારી તૈયારી છે. એમ ભાર મૂકીને હું સૂચવું છું.

અર્થાત્ મને જ્યારે પૂછવામાં આવે ત્યારે તે વખતે પણ હું વર્તમાનકાળના પ્રયોગ સહિત જ જવાબ આપી શકું કે—

" હું સામાયિક કરૂં છું, સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરૂં છું, વિગેરે, વિગેરે. "

" તથા–

૧ આત્મવિકાસ કરવો,
૨ સાવદ્યયોગને દૂર કરવા
૩ કદાચ, સાવદ્યયોગમાં પ્રવૃત્તિ થઇ જાય તો તેની શુદ્ધિ કરી નાંખવી, અને
૪ યાવત્ જીવ સુધી આ પ્રતિજ્ઞાઓ પાળવા શરીર વિગેરેની પરવા ન કરવી. [ તપ, ધ્યાન વિગેરેનો આમાં સમાવેશ થાય છે. ]

એટલે સ્વયંબુદ્ધ એવા મારા હવે પછીના જીવનના આ ચાર ખાસ આવશ્યક કર્તવ્યો જ પ્રતિક્ષણ સાવધાનીથી કરવાના નક્કી થાય છે. કારણ કે—

**ન કરેમિ,** વિગેરે ત્રણ ક્રિયાઓ બીજી પ્રતિજ્ઞાના વિસ્તાર રૂપે છે.

**નિંદામિ, ગરિહામિ,** એ ક્રિયાઓ પડિક્કમામિ સાથે સમાન સ્વરૂપ ધરાવે છે. એ રીતે પાંચ ક્રિયાને અંત-

ભૂત કરવાથી ચાર આવશ્યક કર્તવ્યો તરી આવે છે. ”

## સામાયિક નિષ્ઠ પુરુષઃ

[ રાગ—આશાવરી-ગૌડી ]

અવધૂ નિરપેક્ષ વિરલા કોઇ,
દેખ્યા જગ સહુ જોઇ. અવધૂ૦
સમરસભાવ ભલા ચિત્ત જાકે,
થાપ ઉથાપ ન હોઇ,
અવિનાશીકે ઘરકી બાતાં
જાનેંગે નર સોઇ. અવધૂ૦
રાવ-રંકમેં ભેદ ન જાને,
કનક-ઉપલ સમ લેખે;
નારી નાગનકો નહીં પરિચય,
તે શિવ મંદિર દેખે. અવધૂ૦
નિન્દા-સ્તુતિ શ્રવણ સુણીને
હર્ષ-શોક નવિ આણે;
તે જગમેં જોગેશ્વર પુરા,
નિત્ય ચઢતે ગુણઠાણે. અવધૂ૦
ચન્દ્ર સમાન સૌમ્યતા જાકી,
સાયર સમ ગંભીરા,
અપ્રમત્ત ભારંડપેરે નિત્ય,
સુરગિરિ સમ શુચિ ધીરા. અવધૂ૦
પંકજ નામ ધરાય, પંક શું
રહત કમલ જિમ ન્યારા.
ચિદાનંદ ઐસા જન ઉત્તમ,
સો સાહિબકા પ્યારા. અવધૂ૦

## ૫

# અનુભવની એરણ પર.

" તે કાળે, તે સમયે, હેમંત [ શિશિર ] ઋતુના માગશર મહિનાની વદ દશમ [ ગુજરાતને હિસાબે–કારતક વદ ૧૦ ] ની સાંજે, મહાપ્રતિજ્ઞા લઇ, પૂજ્ય વડિલોની રજા માગી, જ્યારે તે રાજકુમારે જ્ઞાત ખંડ વનમાંથી વિહાર કર્યો; ત્યારનો એ પ્રસંગ હજુ જેવો ને તેવો જાણ્યે તાજોજ બન્યો હોય, તેમ નજર સામે દેખાયાજ કરે છે."

" એ પ્રસંગ ખરેખર, મહા ભવ્યજ પ્રસંગ હતો."

" ............અરે ! પણ જ્યારે એ મહાપુરુષે વિહાર કર્યો, ત્યારે માત્ર તેના ખભા પર એકજ વસ્ત્ર હતું. શિયા-

ળાની કડકડતી એ ટાઢ ! અને રાજકુમારનું કોમળ એ શરીર ! ! ”

“ છતાં, મને તો એક જ વાતનું આશ્ચર્ય થયા કરે છે કે—તેમણે પોતાનો જીવન વ્યવહાર શી રીતે ચલાવ્યો હશે ?

સામાન્યમાં સામાન્ય પશુ–પક્ષિ જેવા પ્રાણીને પણ રોજ નિયમિત ખોરાકની ઓચ્છામાં ઓચ્છી જરૂરીયાત રહે છે જ. ઉપરાંત, નિદ્રા કે આરામ લેવા, ટાઢ, તાપ અને વરસાદથી બચવા, તથા બહારના હુમલાઓથી બચવા કોઈ પણ જાતના આશ્રયભૂત નિવાસ સ્થાન વિના ચાલી શકતું જ નથી.

ત્યારે આ તો માનવ છે, સંસ્કારી પ્રજાજન છે, એટલુંજ નહીં, પણ ઉત્તમ રાજકુલોત્પન્ન મેધાવી રાજપુત્ર છે.

તેની વિશાળ જરૂરીયાતો, તે જરૂરીયાતોને પહોંચી વળવાને પુરતી વિપુલ સાધન સામગ્રી અને સુખ સગવડો, તથા તેનો દીર્ઘકાળ સુધી કરેલો ઉપભોગ.

આ બધું ત્યાગીને જ્યારે એ ચાલી નીકળ્યા, ત્યારે તેમાંનું તેની પાસે શું હતું ? ”

“ ખરેખર, તેમાંનું તેની પાસે તે વખતે કાંઈ યે ન્હોતું ! ”

“ શું તેઓએ પશુ–પક્ષિ અને વન મૃગલાઓની

માફક જીવન વ્યવહાર ચલાવવાનો વિચાર રાખ્યો હશે ?

અજ્ઞાન અને તાત્કાલીન સુખ-દુઃખની લાગણીમાં દોરાઈ જનારા એ વર્ગને પણ નિવાસસ્થાન, ખાનપાનનો સંગ્રહ કે તેના પર મમત્ત્વબુદ્ધિ તો હોય જ છે.

તોપછી એક સંસ્કારી રાજપુત્રને કઈ ચિજ વિના ચાલી શકે ? કામકાજ માટે નોકર-ચાકર જોઈએ, સુવા માટે શયન-પલંગ વિગેરે જોઈએ. અરે ! છેવટ એકાદ ગમે તેવું પાથરવાનું તો જોઈએ જ. આનંદ વિનોદની પણ કોઈક દિવસે ઈચ્છા તો થાય જ. આતાપ અને કંટકોથી બચવા પગમાં ઉપાનહ જેવા કોઈ પણ સાધન વિના ચાલી જ કેમ શકે ? વર્ષાઋતુ જેવા પ્રસંગમાં તો છત્ર વિના નભે જ શી રીતે ? અરે ! જમવાને કે પાણી પીવા માટે એકાદ -બે પાત્ર કે વાસણ જેવી કેટલીક ખાસ જરૂરીયાતની ચીજો વિના તો ચાલે જ કેમ ?

સાથે શિષ્ય-સેવક કે મદદગાર જ કોઈ મળે નહીં ! ! કેવળ એકાકી ! ! અહો ! કેવી ધીરજ ! કેવું સામર્થ્ય ! ! કેવી સ્વાશ્રયવૃત્તિ ! ! ! ”

“ એ અલૌકિક મહાપુરુષનું જીવન ખરેખર અત્યદ્ભૂત જ જણાય છે. ”

“ સંસ્કારી મનુષ્યને સ્નાન વિના કેમ ચાલે ? શરીર પર મેલ કેટલો ચડે ? દંતધાવન કર્યા વિના પણ કેમ

ચાલે ? રોગ થાય તો ઔષધ અને પરિચર્યા વિગેરેની કેટલી જરૂર પડે છે ? એ સ્થિતિમાં એમની શી દશા થતી હશે ? ”

“ આપણે જરૂરીયાતોના કીડા રહ્યા એટલે એમ લાગ્યા કરે. પરંતુ જો મનુષ્ય સ્વાભાવિક જીવન જીવે તો સ્નાનાદિકની જરૂર ન પડે. ”

“ એ શી રીતે ? ”

“ સર્વાંગ સંપૂર્ણ શરીરની રચનાવંત પુરુષનું આરોગ્ય અતિ સુંદર હોય છે. લોહીની ગતિ પણ બરાબર હોય છે. એકંદર શરીરની તમામ જીવનક્રિયા સુવ્યવસ્થિત જ હોય છે. જીવનક્રિયાનો એક સ્વભાવ એ છે કે–પોતાની આડે આવતી કોઈ પણ વસ્તુને તે ધકકેલી કાઢી નાંખે છે. પ્રબળ જીવનક્રિયાવંતની શરીર પરની ચામડીમાં થતી જીવનક્રિયા જ શરીર પરના મેલને ધકકેલી કાઢે છે. મેલનો સંગ્રહ જ થઈ ન શકે.

આહાર વિગેરેનો પરિપાક યથાર્થ થવાને લીધે તેમાંના તેજસ્વી અને સુગંધી અણુઓ ત્યાંસુધી પરિણામ પામી શકે છે, કે જેથી કરીને શરીરમાં કાંતિ અને સુગંધ જણાય.

સર્વાંગ સુંદર પુરુષની આંત્રશુદ્ધિ એ જ દાંતની કાંતિનું મુખ્ય કારણ છે. આંત્રમાં મેલ ભરાય તો જ દાંત ઉપર મેલ ચોંટે અને દાતણ કરવું પડે. વળી આવા આ-

રોગ્યવાન પુરુષને રોગનો તો સંભવ જ કેમ ગણાય ?

" બસ, ત્યારે તેઓ સર્વોચ્ચ કોટિના આરોગ્યવાન્ અને શરીરના બંધારણવાળા પુરુષ છે. તેમને એવી વસ્તુઓની જરૂર ન હોય, અને તેથી તેવા સાધનોની બેપરવા શ્રી વર્ધમાનકુમાર રાખે, એ હવે બરાબર સમજાય છે. "

" નહીં, નહીં, એટલા જ માટે તેઓએ એ સર્વ વસ્તુઓનો સ્વીકાર નથી કર્યો એમ ન સમજતા. "

" તો પછી તેનું કારણ શું હોવું જોઈએ ? "

" તેનું કારણ—ઈરાદાપૂર્વકનો ત્યાગ છે. તેઓની સંયમી વૃત્તિ છે. તેમણે જે જાતની પ્રતિજ્ઞા લીધી છે, તે પ્રતિજ્ઞાનું બરાબર પાલન કરવાનો, આવો ઈરાદાપૂર્વકનો ત્યાગઃ એ પણ એક માર્ગ છે. એમ સમજીને તેમણે સર્વ સામગ્રીનો ઈરાદાપૂર્વક ત્યાગ કર્યો છે. સર્વાંગસુંદર માનવના સ્વાભાવિક જીવન કરતાં પણ વધારે ઉચ્ચ ધ્યેયને પહોંચી વળવા તેમણે એ પ્રતિજ્ઞા લીધી છે. "

" આવું કોઈ કરે ખરૂં ? કેવી વિચિત્ર રીત ! આપણે મહાપ્રતિષ્ઠાવંત ઘણા બ્રાહ્મણો, શ્રમણો, યોગિઓ અને તપસ્વીઓનાં દર્શન કર્યાં છે, ને કરીએ છીએ. પરંતુ આ તો હદ ! આવો સર્વોત્કૃષ્ટ ત્યાગ શા ઉદ્દેશથી કરવામાં આવ્યો હશે ? "

" એ સમજવું જો કે વિકટ કાર્ય છે. જ્યાંસુધી

બરાબર સમજ્યા ન હોઈએ ત્યાંસુધી શ્રી વર્ધમાનકુમારનું આ વર્તન કદાચ વિચિત્ર લાગે ખરૂં. ”

“ શ્રી વર્ધમાનકુમારનો આ પ્રયત્ન ખરેખર, કોઈ પણ જાતના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલો છે ? આ પ્રયત્ન વ્યવસ્થિત યુક્તિસંગત છે. ? કે મનમાં એક જાતનો તરંગ ઉઠ્યો, એટલે તરંગી માણસની માફક મનમાં જેમ તરંગો ઉઠ્યા, તેમ વર્તન કરવા માંડયું હશે ? શો ઉદ્દેશ હશે ? શું ધ્યેય હશે ? ”

“ તેઓશ્રીનો આ પ્રયત્ન યુક્તિસંગત છે, ઉદ્દેશાનુસારી છે ને વ્યવસ્થિત છે. ”

“ તે શી રીતે ? ”

“ સંક્ષેપમાં સાંભળો ત્યારે—

માનવ જીવન કેટલું વિવિધ છે, તેની જરૂરીયાતો પણ કેટલી વિશાળ છે, એ આપણે સમજી શકીએ છીએ. માનવ જીવનને જરૂરની તમામ બાબતોનો શાસ્ત્રીય પદ્ધતિ પર આચાર્યોએ વિચાર કર્યો છે. તે દરેકના વિષયવાર અને વિભાગવાર જુદાં જુદાં શાસ્ત્રો રચેલાં છે. ને તે તે વિષયોના નિયમો નક્કી કર્યા છે. જેને આધારે સર્વ માનવોની સર્વ પ્રવૃત્તિઓ પ્રવર્તતી હોય છે. અથવા પ્રવૃત્તિઓ ઉપરથી નિયમો તારવી કાઢ્યા હોય છે. આવા અનેક તરેહના શાસ્ત્રો આચાર્યોએ રચેલા છે. જેવા કે:—

ખાન પાન વિગેરે જીવનચર્યાને લગતા શાસ્ત્રો, નીતિ નિયમોને લગતું શાસ્ત્ર, દેહ અને શરીર ધર્મને લગતું શાસ્ત્ર, રાજ્યનીતિ, વ્યાપાર, કૃષિ વિગેરે જીવનવ્યવહારને લગતાં શાસ્ત્રો, સંગીત વિગેરે કળાબોધક શાસ્ત્રો, ધર્મશાસ્ત્ર વિગેરે વિગેરે. ”

“ એ બધું બરાબર છે. પરંતુ આ ઉપરથી આપ શું કહેવા ઇચ્છો છો, તે સમજાયું નથી. ”

“ હું જે કહેવા ઇચ્છું છું તે હવે જ બરાબર સમજાશે, સાંભળો—

આપણી ઘણીખરી બાહ્ય પ્રવૃત્તિઓમાં આપણું શરીર ભાગ લેતું આપણે જાણીયે છીએ. પરંતુ એ બધી પ્રવૃત્તિઓમાં શરીર કયા કયા નિયમે ભાગ લે છે ? એ નિયમો ઠરાવી આચાર્યોએ “ કાયાશાસ્ત્ર ” રચ્યું.

છતાં એ પ્રવૃત્તિઓની પાછળ એકલું શરીર જ કામ કરે છે એમ નથી. બીજા કોઇ પણ તત્ત્વની તેની પાછળ મદદ છે. એમ એ શોધક આચાર્યોને જણાયું. ‘કાયાશાસ્ત્ર’ના નિયમો જેને લાગુ પડતા નથી તેવું જે એક તત્ત્વ શરીરની પ્રવૃત્તિની પાછળ કામ કરતું માલૂમ પડયું, તેનું નામ ‘ મન ’ હતું.

હવે ‘ મન ’ કયા ધોરણે પોતાની પ્રવૃત્તિઓ કરે છે. તેના નિયમો ઠરાવ્યા છે. તેનું નામ ‘ માનસશાસ્ત્ર ’

પડયું.

માનસશાસ્ત્રના નિયમો ઠરાવતી વખતે મનની પાછળ બીજું બળ છે. માનસ પ્રવૃત્તિ ઉપર પૂર્વાપરના સંસ્કારોની અમૂક અસર હોય છે. એટલે એ પૂર્વાપરના સંસ્કારોનું શાસ્ત્ર રચાયું. તેનું નામ ' ભાગ્યશાસ્ત્ર ' કહો કે ' કર્મ-શાસ્ત્ર ' કહો.

કર્મની અસરની પાછળ ચેતનતત્ત્વોનો હાથ આચાર્યોને માલૂમ પડયો. અને એ ચેતન તત્ત્વની પાછળ તેને અખંડપણે ધરી રાખનાર કોઇ પણ સ્થિર તત્ત્વનો હાથ છે, એવા નિર્ણય પર એ તત્ત્વચિંતકો આવ્યા. એટલે 'ચૈતન્ય-શાસ્ત્ર' તો રચ્યું. પરંતુ, તેમને આત્માનું નિરુપણ કરનારૂં ' આત્મશાસ્ત્ર ' પણ રચવું પડયું.

આ અને વચ્ચે વચ્ચે બીજાં જે જે તત્ત્વો જણાયા તે દરેકના શાસ્ત્રો આચાર્યોએ રચ્યા છે. એ શાસ્ત્રો રચવામાં ઘણા ઘણા સૂક્ષ્મદર્શી આચાર્યોનો અનુભવ કામે લાગ્યો છે. એટલું જ નહીં પણ આજ સુધીમાં દરેક શાસ્ત્રોને લગતા ઘણા ઘણા શાસ્ત્રીય નિયમો શોધાઇ ચૂકયા છે.

બાળકની શક્તિ ને સ્થિતિનું વર્ણન કરનારૂં ' બાળ-શાસ્ત્ર ' કહેવાય, પરંતુ બાળકની શક્તિઓ કયા ક્રમે વિ-કાસ પામે ? તે સમજાવનારૂં અને તેનો ક્રમ નક્કી કરનારૂં 'શિક્ષણશાસ્ત્ર' કહેવાય.

તેવી જ રીતે પ્રત્યેક પ્રાણીનો આત્મા કઇ પરિસ્થિતિમાં છે? તેમાંથી આગળ આગળ વિકાસ કયા ક્રમે થાય? પ્રાથમિક સ્થિતિથી માંડીને વિકાસની છેવટની સ્થિતિ સુધીમાં વિકાસના કેટલા થરમાંથી પસાર થવું પડે? વિકાસના પ્રત્યેક પગથિયા પર ચડતાં કઇ જાતના માર્ગો સ્વીકારવા જોઇએ ? વિગેરે અનેક પ્રશ્નોના નિકાલ લાવનારૂં અને વ્યવસ્થિત નિયમો નક્કી કરનારૂં શાસ્ત્ર તે 'અધ્યાત્મશાસ્ત્ર' કહેવાય છે.

પ્રાણી જીવનમાં ઉપયોગી એવા સર્વ શાસ્ત્રોનું શિરોમણિ આ અધ્યાત્મશાસ્ત્ર છે. અને સર્વ જીવનમાં શિરોમણિ જીવન, આ આધ્યાત્મિક જીવન છે.

આત્મા અને આધ્યાત્મિક જીવન સાથે જગત્ અને જગત્‌ના બીજા કયા કયા તત્ત્વો સંબંધ ધરાવે છે ? કયા કયા તત્ત્વોનો સંબંધ આત્માને ઉપયોગી છે ? એ તત્ત્વોને લગતા શાસ્ત્રો પણ આચાર્યોએ રચ્યાં છે.

તેથી પણ આગળ વધીને એ સંબંધો કયા કયા નિયમોને અનુસરે છે ? વિગેરે પ્રશ્નોના જવાબ રૂપે પૃથક્કરણ કરીને વ્યવસ્થિત શાસ્ત્ર રચવામાં આવ્યું છે. જેનું નામ 'લોકસ્વભાવ શાસ્ત્ર' અથવા 'તત્ત્વજ્ઞાન' કહેવાય છે.

જો કે પ્રત્યેક શાસ્ત્રોના સંબંધમાં આચાર્યો અને અનુભવીઓના અનેક મતભેદો અને વિચારભેદોની નોંધ

લઇ શકાય તેમ છે. છતાં દરેકે તે તે શાસ્ત્રની આવશ્યકતા સ્વીકારી જ છે. અને આ રીતે આ આર્ય પ્રજાનું વાઙ્મય વિશાળ છે. સીધી કે અડકતરી રીતે જે જે વસ્તુના વિવેચનની જરૂર પડે, તેનું વિવેચન કર્યા વિના ચાલે જ કેમ ? જુદા જુદા સાધક પાત્રોને લક્ષ્યમાં રાખીને શાસ્ત્ર રચતાં પ્રથમથી માંડીને છેવટ સુધીના નિયમો નક્કી કરવા પડે છે. આથી વાઙ્મય–શાસ્ત્રસંગ્રહ વિશાળ થાય એ સ્વાભાવિક છે. છતાં નિરુપયોગી બાબતોનો “ કાગડાના દાન્તની પરીક્ષા કરવાના પ્રયત્ન ” ની જેમ ત્યાગ કરવામાં આવ્યો છે.

જ્ઞાત પુત્ર શ્રી વર્ધમાનકુમાર આ શાસ્ત્રોમાં નિષ્ણાત છે. અધ્યાત્મ શાસ્ત્રમાં પુરા પ્રવિણ છે. એટલું જ નહીં પણ પોતાનો આત્મા કઈ ભૂમિકા પર છે ? આ ગૂઢ સ્વરૂપ પણ તેઓશ્રીને બરાબર અવગત છે. તેથી જ જ્યારે તેઓએ પ્રતિજ્ઞા સ્વીકારી ત્યારે પણ તેઓ “ આત્મજ્ઞ ” હતા, અને આજે પણ તેઓ આત્મજ્ઞ છે.

જે જે સમયે, તેઓનો આત્મા, જે જે પરિસ્થિતિમાં હોય છે, તેમાંથી આગળ વિકાસ કરવા માટે તેઓ સદા જાગ્રત છે, પ્રયત્નવંત છે. અને જ્યારે આ પ્રયત્નને પરિણામે તેઓ વિકાસની ટોચે પહોંચશે, ત્યારે તેઓ ચોક્કસ સર્વજ્ઞ થશે. અને પોતાના આત્માને હમ્મેશને માટે અનંત આનંદમાં ગરકાવ કરશે.

# ક રે મિ ભં તે !-સૂ ત્ર

આ ઉદ્દેશ ધ્યાનમાં રાખીને-પોતાની પરિસ્થિતિને બંધબેસતી આવે એવી આ પ્રતિજ્ઞા તેમણે સ્વીકારી છે. આ પ્રતિજ્ઞા આધ્યાત્મિક જીવનમાં વિકાસ કરવાનું-અધ્યાત્મ-શાસ્ત્રસિદ્ધ, સાર રૂપ અને અતિ વ્યવહારૂ-એક સર્વોત્તમ પગથિયું છે.

આ પ્રતિજ્ઞાને બંધબેસતો થઈ શકે તેવો-ત્યાગથી માંડીને બધો જીવનક્રમ-તે દિવસથી જ તેમણે શરૂ કરી દીધો છે.

અર્થાત્ તેમની એકેએક-સ્થૂલ કે સૂક્ષ્મ, કાયિક, વાચિક, માનસિક કે બાહ્ય, એવી એક પણ પ્રવૃત્તિ નથી કે જે સહેતુક, વ્યવસ્થિત, અને ઉદ્દેશાનુસારી ન હોય, એ હવે બરાબર સમજાયું હશે. ”

“ આધ્યાત્મિક પગથિયાં એ મહાપુરુષ કેટલા ચડ્યા હશે ? કેટલા બાકી હશે ? કેવી રીતે ચડ્યા હશે ? વિગેરે જાણવામાં આવે તો કેટલો બધો આનંદ થાય ? ”

“ એ આનંદની તો અવધિ જ શી ? પરંતુ તેવું ભાગ્ય આપણું ક્યાંથી હોય ? તે તે શાસ્ત્રોના રહસ્યોનું ઉંડુ જ્ઞાન હોય, બીજાની ચિત્તવૃત્તિ તથા આત્મિક પરિસ્થિતિ ચોક્કસ સ્વરૂપમાં જોઇ, જાણી શકીયે, તેવી વિશિષ્ટ જ્ઞાનશક્તિ આપણને હોય, તો એ આનંદ લુંટી શકાય ! અથવા જાતે જ આચરીને અનુભવ કરતા હોઇએ

તો એ આનંદ મ્હાલી શકાય ! બાકી તો–અનુભવીઓના વચન પરના વિશ્વાસથી કે અનુમાનથી કંઈક સમજી શકાય, શિવાય બીજો માર્ગ નથી. અથવા હોય, તો તે હું જાણતો નથી. ”

“ આપણા જીવન વ્યવહારને લગતી દરેક પ્રવૃત્તિઓ શાસ્ત્રીય ધોરણ પર મુકવામાં આવેલી છે. તેનું રેખાદર્શન આપે કરાવ્યું. પરંતુ ચાલુ લોકવ્યવહારે તેમાંના અમુક નિયમો પોતાને ઉપયોગી હોય તેટલા જ પ્રચારમાં મૂકેલા હોય છે. તેથી લોકવ્યવહારના ફાયદા ઉઠાવનાર પ્રત્યેક વ્યક્તિની તે દરેક નિયમોને બરાબર આદર આપવાની ફરજ છે, તેમાં તેનું હિત છે. એ પણ એ ઉપરથી જ સમજાય છે. પરંતુ કોઇ વ્યક્તિ એ નિયમોને આદર ન આપે તો શું કરવું જોઇએ ? ”

“ એ તેમની મરજીની વાત છે. અને જો તેના ફાયદા તે વ્યક્તિ મેળવતી હોય, તો માન આપવાની ફરજ છે. નહીં-તર તેમને લોકવ્યવહારથી થતા ફાયદા મેળવવાનો તો અધિકાર રહેતો નથી. એટલું જ નહીં, પરંતુ જો તેવી વ્યક્તિની પ્રવૃત્તિથી લોકવ્યવહારને કે તેને અનુસરનારી વ્યક્તિઓને અડચણ પહોંચે તેમ જણાય તો લોકવ્યવહા-રના અગ્રેસરોએ તે બાબત જાગ્રત રહેવું જોઇએ; અને જરૂર જણાય તો તેવી વ્યક્તિ સાથેનો સંબંધ તોડી નાંખવો જોઈએ. તેમ છતાં પણ નુકશાનનો સંભવ લાગતો હોય,

તો દુનિયામાંના કોઈ પણ પ્રયત્ને, નુકશાન થતું અટકે તેમ કરવાની અગ્રેસરોની ફરજ છે. અને તેથી જ તેમને તે જાતનો અધિકાર છે. એ અધિકાર અને ફરજ બજાવવામાં જ લોકવ્યવહારની રક્ષા અને જનસમુહનું કલ્યાણ સમાયેલું છે. પરંતુ જો ઉપેક્ષા કરવામાં આવે, તો જરૂર અગ્રેસરો જ નહીં પણ લોકવ્યવહારબદ્ધ પ્રત્યેકવ્યક્તિ, જનસમુહનું અકલ્યાણ કરવામાં ભાગીદાર બને છે. એમ સમજવું જોઈએ. ”

“ ત્યારે શું આ રીતે શ્રી વર્ધમાનકુમારનો પણ લોક-સમુહે ત્યાગ જ કરવો જોઈએ ? લોકવ્યવહારના કયા નિયમને તે અનુસરે છે ? ”

“ નહીં તેમ ન બનવું જોઈએ. ”

“ કારણ ? ”

“ કારણ એજ કે—ઉપર જે વાત કરી, તે વિઘાતક વ્યક્તિની છે. પરંતુ આવા પુરુષોની પ્રવૃત્તિ માર્ગદર્શક હોય છે. એટલું જ નહીં પણ લોકવ્યવહારને સાધક હોય છે. વિઘા-તક અને સાધક, એ બન્ને સામસામી બાજુની પરિસ્થિતિ છે. તે બન્ને વચ્ચે આકાશ-પાતાળ જેટલું અંતર હોય છે. તેથી સાધક લોકસમુહનો કલ્યાણકર હોઈ પૂજ્ય બને છે. ’

“ મને તો હજુ એમ જ લાગે છે કે-આવા આ-વા આધ્યાત્મિક જીવન જીવનારાઓની પ્રવૃત્તિઓ લોકવ્યવ-

હારની કોઈ પ્રવૃત્તિ સાથે બંધબેસતી નથી હોતી. તેથી લોકવ્યવહારથી વિરુદ્ધ વર્તનાર કાંતો નિયમ ભંગની શિક્ષા ભોગવીને લોકમાં રહી શકે, અથવા જનસમુહથી બહાર રહી શકે. ”

“ વિઘાતકની પ્રવૃત્તિ કલુષિતતા, અદીર્ઘ દૃષ્ટિ, સ્વાર્થ કે અજ્ઞાનમૂલક હોય છે. અર્થાત્ નિર્બળતાજન્ય હોય છે. તેથી તે ત્યાજ્ય થઈ પડે છે. પરંતુ આવા અભિજાત પુરુષોની પ્રવૃત્તિ ‘ શાસ્ત્રસિદ્ધ લોકવ્યવહાર જનસમુહનું કલ્યાણ કરે છે. ’ એ હેતુથી પરિણામે સહાનુભૂતિ ગર્ભિત હોય છે. લોકવ્યવહારથી જનતાની જે વિકાસ ભૂમિકા ઘડાતી હોય છે, તેના કરતાં તેઓ ઉપરની ભૂમિકા પર હોય છે. અને એ ઉપરની ભૂમિકામાં રહીને તેમનું સ્વતંત્ર વર્તન કદાચ ચાલુ લોકવ્યવહારને બાધક થતું જણાતું હોય, તો લોકવ્યવહારે તેને અનુસારે પોતાનું સ્વરૂપ બદલવું જોઈએ, અથવા એ આદર્શને ન પહોંચી વળવા માટે પોતાની અશક્તિ કબુલ કરી લઈ, તેને પહોંચી વળવા પ્રયત્નશીલ થવું જ જોઈએ. પરિસ્થિતિ વિશેષ કે સમય વિશેષમાં શું કરવું ? એવા ગુંચવાડામાં લોકવ્યવહાર પડે, ત્યારે આવા મહાનુભાવ પુરુષો તરફથી પ્રેરણા મેળવી શકે છે. આવા પુરુષો લોકવ્યવહારને ઘડનારા અને માર્ગદર્શક હોય છે. તેથી પૂજ્ય છે. એટલું જ નહીં પણ લોકવ્યવહારના—વ્યક્તિથી માંડીને રાજ્ય સુધીના—સર્વ તંત્રો કરતાં સ્વતંત્ર હોય છે. એટલે

તેઓની કોઈ પણ પ્રવૃત્તિ કે રચના મૂળતત્ત્વરુપે ત્રિકાળમાં અબાધિત જ રહે છે. અને રહેવી જ જોઇએ. ”

“ આ ભેદ હવે કંઈક સમજાય છે, અને એટલું વિશેષ પણ સમજાય છે કે–જનસમુહનું કેટલુંક ઉદાત્ત અને ઉચ્ચ વર્તન સાધન સામગ્રીને લીધે શોભે છે. સાધન સામગ્રી પર જ તેનો ઘણો આધાર હોય છે, એમ કહીએ તો પણ ચાલે. ત્યારે આ મહાપુરુષનું વર્તન બહારની કોઇ પણ સાધન સામગ્રીનું આશ્રિત નથી, એટલું જ નહીં પરંતુ વન પશુઓની માફક કેવળ શરીર સાધ્યેય નથી. પરંતુ શરીર, મન વિગેરેની પાછળ રહેલો આત્મા જ અંદરથી અપૂર્વ પ્રકાશ ફેંકે છે, જેને લીધે તેઓનો આવો ઉદાત્ત અને વિકટ જીવનવ્યવહાર પ્રવર્તી શકે છે. અને શોભી શકે છે. આ ઉપરથી એમનો આત્મા કઇ બળવત્તર ભૂમિકા પર હશે ? તેની તો માત્ર કલ્પનાજ કરવી રહી. ”

“ એ મહાત્મા પુરુષ અત્યારે ક્યાં વિચરતા હશે ? આજ સુધીમાં ક્યાં ક્યાં વિચર્યા હશે ? કેવી કેવી અનુકૂળતા–પ્રતિકૂળતાઓ વચ્ચે પસાર થયા હશે ? તેમને માથે કેવાં કેવાં વિતકો વિત્યાં હશે ? આજે બાર બાર વર્ષો વીતી ગયાં. તેમનો જીવનવ્યવહાર કેવો હશે ? પોતાના એ પવિત્ર પ્રયત્નમાં કેટલો વિકાસ કર્યો હશે ? વિગેરે જીજ્ઞાસાઓ ખરેખર, અત્યારે એકાએક જાગૃત થઈ આવે છે. ”

*    *    *    *    *

" પ્રણામ, જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાનકુમારની પાછળ પાછળ મોકલેલી આપ બન્નેની શ્રદ્ધા અને પ્રજ્ઞા નામની જીજ્ઞાસા વૃત્તિઓ આજ આવી પહોંચેલી છે. અને બાજુના મનોમંદિરમાં વિશ્રામ લે છે. એ બન્ને આપને મળવા ઇચ્છે છે. એટલું વિનવી, આપની યથારુચિ નિદેશ સાંભળવા હું તૈયાર જ છું. "

" વત્સ ! ચિત્તાવેગ ! બન્ને મહાનુભાવાઓને જલ્દી મોકલ. અહીં અમે એમની જ રાહ જોઈએ છીએ. "

" પ્રણામ. આદેશ પ્રમાણે જ—"

" જા, વત્સ ! જલ્દી જા. અને શીઘ્ર મોકલ. "

" તેમજ કરેલું આપ હમણાંજ જોઈ શકશો, આર્ય !"

*    *    *    *    *

" અહો ! સ્વાગત, પવિત્રપ્રવૃત્તિપૂનિતદેહલતાવંત બન્ને મહાનુભાવ ભગિનીઓને ! દીર્ઘકાળે પણ યથાર્થ કુશળતાયુક્ત જોઇ, અહીંની કુશળતા નિવેદનપૂર્વક ફરીથી પણ અમે બન્નેનું સહર્ષ સ્વાગત કરીયે છીએ. "

" અનુગ્રહ, આર્યોનો. દીર્ઘકાળે પણ દર્શનાનન્દનો યોગ મળ્યો, તેમાં યે આપ આર્યોનોજ વિશેષાનુગ્રહ છે. "

*    *    *    *    *

" અહો ! ભગિનીઓ ! જ્ઞાત ખંડ વનમાંથી નિકળ્યા પછીથી આજ સુધીનું એ મહાત્મા પુરુષનું જીવનવૃત્તાન્ત અમને વિગતથી કહો. અમે એ સાંભળવાને આજે સર્વથા ઉત્સુક થયા છીએ. "

" અમે પણ એ વૃત્તાન્ત ફરી ફરીને–વારંવાર કહેવાને ઉત્સુક જ છીએ, પરંતુ અમે બરાબર કહી શકીશું કે કેમ ? તે તો શંકા જ છે. જેઓના મન, વાણી, કર્મ અને આત્મા પ્રથમથી જ જે ઉદ્દાત્ત સ્થિતિએ પહોંચેલા છે, તે સ્થિતિનું પણ વર્ણન અશકય જ છે, તો પછી આ કસો-ટીમાંથી પસાર થતી વખતે સો ટચના સોનાની માફક જે રીતે તે ઝળકી નિકળ્યાં છે, તે રીતે તેનું વર્ણન સર્વથા અમારી કલ્પનાની પણ પેલે પાર છે.

એ બધા સ્થૂલ અને સૂક્ષ્મ પ્રસંગોનું રહસ્ય સમજવું જોઇએ, સમજીને સ્મરણમાં રાખવું જોઇએ. સ્મરણમાં રાખ્યું હોય છતાં તે બધું શબ્દ દ્વારા શી રીતે કહી શકાય ? શબ્દ દ્વારા કહેવા જતાં પણ યથાર્થ કહી શકાશે કે કેમ ? તે પણ શંકા જ છે. અમે ' યથાર્થ છે ' એમ સમજીને કહેતા હોઈએ, પરંતુ તે, તે રીતે સત્ય હશે ? કે અન્યથા રીતે ? એ પણ અમારો સંક્ષિપ્ત બુદ્ધિવ્યાપાર શી રીતે નિર્ણિત કરી શકે ?

' ખરેખર, અમારી મતિ મુંજાય છે, વાચા શક્તિ ગુંચ-

વાય છે, ચિત્ત ચગડોળે ચ્હડે છે. માનસિક સૃષ્ટિમાં જે અનુભવ ખડો થયો છે, જે અદ્‌ભૂત ચિત્ર મનઃપટ પર ચિત્રાઈ ગયું છે, તેની આબેહુબ છાયા કયા શબ્દો દ્વારા રજુ કરવી? કઇ વાક્યરચનાથી પ્રગટ કરવી? કયા ભાગને વિશેષ, અને કયા ભાગને સામાન્ય મહત્ત્વ આપવું? કેવી રીતે અને કયા પ્રસંગથી વર્ણનની શરૂઆત કરવી? એ કાંઈ અમારાથી નિર્ણિત થઇ શકતું જ નથી.

તોપણ અમારી શક્તિ અનુસાર અમે જે સ્વરૂપમાં નિવેદન કરીયે, તેની તે રીતે જ કદર કરશો. જેમ હોવું જોઇએ તેમ, અને જે રીતે ઘટે તે રીતે બરાબર સમજી લેવાનો તો આપ જાતે જ પ્રયત્ન કરશો, એટલી વિનંતિ કર્યા પછી, એ જ મહાપુરુષને હૃદયને વિષે યાદ કરી, હવે અમે આપની આજ્ઞાને અમલમાં મુકવાની શરૂઆત કરીએ છીએ."

"કહો, કહો, બ્હેનો! અક્ષરેઅક્ષર એ સાંભળવા અમે તૈયારજ છીએ. ધન્યભાગ્ય તમારૂં! તમને એ બધા પ્રસંગો જાતે જોવા–જાણવાનો સુયોગ મળી ગયો, તમારાં નયન કૃતાર્થ થયાં છે. અમારે તો માત્ર સાંભળીને જ રાજી થવાનું છે. બસ, બ્હેનો! હવે અમારા કર્ણપૂટને પવિત્ર કરો. કૃતાર્થ કરો."

* * * * *

" સર્વ સંગ છોડી કરી, મુંડ થઈ, અણગાર થઈ, જ્યારે એ ભવ્યકાય મનસ્વી મહાપુરુષે જ્ઞાત ખંડમાંથી વિહાર કર્યો, ત્યારે જેમ સૂર્ય જગતમાંથી કિરણોને ખેંચી લેતો હતો, તેમ અમને તમારા ચિત્તમાંથી તેમણે ખેંચી લીધા હતા. સ્થિર સમુદ્રમાં જેમ શઢવાળું વહાણ નિષ્પ્ર-કંપપણે અસ્ખલિત ગતિ કરતું કરતું દૂર દૂર વહી જાય, તેમ જાનુ સુધી હાથ લંબાવી, યુગ પર્યંત દૃષ્ટિ સ્થાપી, આગળ, પાછળ, ઉંચે નીચે કે બાજુએ જોયા વિના ભૂતળ પર અસ્ખલિતપણે એ દૂર દૂર વહ્યે જતા હતા. અને અમે પણ ખેંચાતાં હોઈએ, તેમ તેની પાછળ વહ્યે જતા હતા.

એક શહેર કે ગામથી બીજે શહેર કે ગામ તરફ જનારા એ કોઇ મુસાફર ન્હોતા કે–જેથી કરીને પ્રસિદ્ધ રાજમાર્ગ કે પાદમાર્ગ દ્વારા જ વિહાર કરે! પરંતુ વિમાર્ગ કે ઉન્માર્ગને પણ તેઓ પોતાનો માર્ગ બનાવતા હતા. નદી–નાળાં, ખાડા–ટેકરા, ખુલ્લા મેદાન કે ગીચ જંગલ, પર્વતના શિખરો કે ખીણો, વસતિવાળો કે ઉઝાડ પ્રદેશ, ખંડેરો કે મહેલો, શહેરો કે ગામડાં : એ સર્વ જળ–સ્થળ પ્રદેશોમાં સમાન ભાવે તે વિહાર કરતા હતા. અર્થાત્ તે તે પ્રદેશો સાથે કોઇ પણ જાતનો અંગત ઉદ્દેશ તેમને સંકળાયેલો રહેતો જ નહીં. આમ નિરીહ ભાવે વિહાર કરતાં સેંકડો ગામડાઓ અને સંખ્યાતીત શહેરો કે કસ્બાઓમાં તેઓ આજ સુધીમાં વિહાર કરી ચૂકયા છે.

## અનુભવની એરણ પર

એ મહા વિહાર દરમ્યાન અમને માલૂમ પડયું છે કે–

તેઓ સ્વભાવે **ચંદ્ર** જેવા શિતળ હતા. પણ તપના તેજે **સૂર્ય** જેવા ઉગ્ર હતા. અસહ્ય આફતો સહી લેવાને **ગજેન્દ્ર** જેવા બળવાન હતા, અને ઉપદ્રવોની સામે થવામાં **આખલાની** માફક સ્પર્ધાશીળ હતા. તેઓ જેમ વિકટ પ્રસંગોમાં **મેરુની** જેમ અચળ હતા, તેમજ કોઈ પણ જાતની રોકાવટને ન ગણકારતાં **પવન** અથવા **જીવની** જેમ અસ્ખલિત ગતિવાળા હતા. **પૃથ્વીની** માફક સર્વંસહ છતાં નિષ્કારણ કરુણાળુ એ **કુસુમ** જેવા કોમળ હતા. **સમુદ્રની** જેમ ગંભીર, **સિંહની** જેમ નિર્ભય, **ગેંડાના શૃંગની** જેમ કેવળ એકાકી, **કાચબાની** જેમ ગુપ્તેન્દ્રિય, **સર્પની** જેમ એકાગ્ર દૃષ્ટિ સ્થાપનાર, **શંખની** જેમ નિર્મળ, **સુવર્ણની** જેમ મુશ્કેલીઓમાંથી અણીશુદ્ધ પસાર થઈ જનાર, **પક્ષિની** માફક સદા સ્વતંત્ર, **ભારંડ પક્ષિની** જેમ સદા અપ્રમાદી, **આકાશની** જેમ સ્વાશ્રયી, **કમળ પત્રની** જેમ નિર્લેપ, **હુતદ્રવ્યની** જેમ અજ્ઞાનીઓને અગમ્ય એવા એ મહાપુરુષ, શત્રુ–મિત્ર, સોનું–પત્થર, મણિ–માટી, આલોક–પરલોક, અને સુખ–દુઃખ વિગેરેમાં સમાનતા ધારણ કરી આ પૃથ્વી તળ પર વિહાર કરી રહ્યા છે.

જ્યારે સાંજ પડવા આવે ત્યારે ખાસ કરીને કાયાનો ઉત્સર્ગ કરી, ઝુંપડીમાં, ખંડેરમાં, પાણીની પરબમાં, સુતાર,

લુહાર વિગેરેની કોડોમાં, ઉઝાડ પડેલા બાગ કે જંગલમાં, મસાણમાં, ચોરામાં, કોઈ ઝાડ-ઝાંખરાં કે ઘાસની ગંજી નીચે કે એવા કોઈ પણ એકાન્ત સ્થાનમાં સ્થળ પર કે શિલાતળ પર સ્થિર ઉભા રહીને, કે આસન બાંધી, મુદ્રાધારી કે પ્રતિમાધારી થઈ નિશ્ચળપણે દૃષ્ટિ નાસિકા પર સ્થાપી ધ્યાનમાં લીન થતા હતા.

ભરશિયાળાની ઠંડીમાં પવનના સપાટા જોરથી શરીર સાથે અથડાય તેવી રીતે ખાસ ઈરાદાપૂર્વકજ કોઇ પણ ઓથનો આશ્રય લીધા વિના ખુલ્લા મેદાનમાં સ્થિરપણે ધ્યાન ધરતા હતા; અને જ્યારે ભરઉનાળામાં અગ્નિની જ્વાળા જેવી લૂક વરસતી હોય, તેવા ખુલ્લા રેતાળ પ્રદેશોમાં ધગધગતી રેતી પર ઇરાદાપૂર્વકજ ધ્યાનમાં સ્થિર થતા હતા.

અનગાર થઈ નિકળી પડ્યા પછી પણ ભમરાઓ વિગેરે સુગંધલોલુપ જંતુઓ ક્ષણવાર પણ તેમનાથી દૂર ખસતા નહીં. કારણ કે-પ્રવ્રજ્યા મહોત્સવ પ્રસંગે શરીર વિલેપન કરેલ સુગંધી દ્રવ્યોની સુગંધ શરીરમાંથી મ્હેકતી હતી. તેમાં આસક્ત થઇ ભમરાઓ શરીર પર બેસતા હતા એટલું જ નહીં પણ વખતે વખતે ડંખ પણ દેતા હતા પરંતુ નિરીહ મહાત્મા ન તો સુગંધ દૂર કરવા મ્હેનત કરતા, ન તો ભમરાઓને ઉડાડવા મ્હેનત કરતા, ન તો તેના ડંખથી બચવા મ્હેનત કરતા, ન તો તે ડંખથી દુઃ

પામી શરીરનો સંકોચ કરતા હતા. પરંતુ એ બધું તેમણે શાંતભાવે ચાર માસ સુધી સહન કર્યું હતું, અને ધ્યાનમાં લીન રહ્યા હતા. વળી કોઇ કોઈ વખત તો લ્હેરી જુવાન પુરુષો અને જુવાન સ્ત્રીઓ આવી આવીને તેમની પાસે સુગંધી દ્રવ્યની માંગણી કરતા હતા, છતાં પ્રભુ તો મૌનપણે ધ્યાન જ ચાલુ રાખતા હતા.

જેમ આ ભમરાઓને ન્હોતા ઉડાડ્યા, તેમ બીજે પણ કોઈ સ્થળે ડાંસ, મચ્છર કે બીજા જંતુઓ ડંખ દે, કરડે તો તેને સ્વેચ્છાએ તેમ કરવા દેતા હતા.

તેઓ ઘણે ભાગે આજ સુધી મૌન જ રહ્યા છે, અને ધ્યાનની અપૂર્ણ સ્થિતિમાં તો ગમે તેવે વિકટ પ્રસંગે પણ કદી એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યો નથી. જ્યારે કોઈ તરફથી અનુકુળ કે પ્રતિકુળ ડખલ કરવામાં આવતી હોય, ત્યારે તો બિલકુલ જવાબ જ નહીં. છતાં ખાસ જરૂરી પ્રસંગે કોઇ વાર સંક્ષિપ્ત શબ્દોચ્ચાર કર્યા છે, તે સિવાય આજ સુધી સર્વથા મૌન જ રાખ્યું છે.

દિવસે-તેઓ વિહાર કરતા હતા, કોઈ વખત આહારાદિકને માટે ચંક્રમણ કરતા હતા, અને તે સિવાય કોઈ એકાંત સ્થળમાં પ્રતિમાધારી થઈ ધ્યાન ધરતા હતા; ને રાતભર તો ધ્યાનમાંજ લીન રહેતા હતા. આ તેમનો સામાન્ય કાર્યક્રમ હતો. તેમાં કોઈ વખત નિદ્રા આવવા જેવું જણાય,

તો જાગૃત થઇ ખુલ્લામાં ધીમે ધીમે ચંક્રમણ કરી નિદ્રા ઉડાડતા હતા; પાછા ધ્યાનમાં લીન થતા હતા. છતાં કોઇ વખત અનિવાર્ય સ્થિતિમાં ધ્યાનમાં સ્ખલના ન થાય માટે ક્ષણ માત્ર નિદ્રાનો અનુભવ પણ કરી લેતા હતા. પરંતુ આ રીતે તેમણે માત્ર ક્વચિત્ જ નિદ્રા લીધી છે. એટલે કે લગભગ અનિદ્રિત સ્થિતિમાં જ રહ્યા છે.

મહાનિષ્ક્રમણ પછી તેરમે મહિને જ્યારે **દક્ષિણ ચાવાળથી ઉત્તર ચાવાળ** નામના ગામ તરફ તેઓ જતા હતા, અને જ્યારે વચ્ચે **રૂપ્યવાલુકા** અને **સુવર્ણવાલુકા** નામની બે નદીઓ ઓળંગવાની હતી, ત્યારે સુવર્ણવાલુકાને કિનારે, પ્રથમથી જ જે વસ્ત્ર ખભે રાખેલું અને **સોમ** બ્રાહ્મણને આપ્યા પછી અરધું રહેલું હતું, તે પણ ખભેથી પડી ગયું. તે વખતે તેમણે સ્હેજ પાછું વાળીને જોયું, ને પાછો વિહાર શરૂ કર્યો. ત્યાર પછીથી બીજું વસ્ત્ર મેળવવા પ્રયત્ન જ કર્યો નથી, તેમજ કોઈ પણ વસ્ત્રનો ઉપયોગ પણ કદી કર્યો નથી.

તેઓએ કદી આહાર હમ્મેશ કર્યો જ નથી, અરે, બીજે દિવસે પણ કર્યો નથી. પરંતુ ઓચ્છામાં ઓચ્છું ત્રીજે દિવસે જ આહાર લીધો છે. એટલે કે—બસો ને ઓગણત્રીશ **છઠ્ઠ** ( બે ઉપવાસ ), બાર **અઠ્ઠમ** ( ત્રણ ઉપવાસ ), બોંતેર **અર્ધ માસિક**, બાર **માસિક**, બે **દોઢ માસિક**, છ **દ્વિમાસિક**, બે **અઢી માસિક**, બે

**ત્રિમાસિક,** નવ **ચાતુર્માસિક,** છ માસિકમાં પાંચ દિવસ ઓચ્છા વખત સુધી **અભિગ્રહધારણ,** એક **છ માસિક,** અને **ભદ્રાદિક ત્રણ પ્રતિમાઓ** (તેમાં ૧૬ ઉપવાસ અને જુદી જુદી રીતે ધ્યાન ધરવાનું હોય છે.) વહન કરી લાંબા વખત સુધી અતિ ઉગ્ર નિર્જળ તપ કર્યો છે.

આ ઉગ્ર તપ દરમ્યાન માત્ર ત્રણસો ને ઓગણપચ્ચાસ જ પારણા કર્યાં છે. એટલે લગભગ સાડાબાર વર્ષમાં ત્રણસો ને ઓગણપચ્ચાસ દિવસ જ ભોજન લીધું છે; અને તે પણ એક જ વખત.

જ્યારે તેઓ આહારની શોધમાં નીકળતા હતા, ત્યારે "ક્યાંથી ? કેવો ? કેવી રીતે બનાવેલો ? તથા કેવી રીતે લેવો ?" વિગેરે બાબતમાં બહુ જ સૂક્ષ્મ તપાસ કરતા હતા. પોતાને લેવાનો આહાર પોતાને ઉદ્દેશીને ન જ થયેલો હોવો જોઇએ. પાપવ્યાપારથી થયેલો ન જ હોવો જોઇએ. આપનારને બોજા રૂપ થવાય તેવી રીતે આહાર ન જ લેવો જોઇએ. બીજાં ભિક્ષુકો અથવા કાગડા –કુતરા કે બીજા પ્રાણીને મળતો અટકીને ખોરાક પોતાને મળે, તેવી રીતે તે લેતા જ ન્હોતા. કોઇને ઘેર જતાં કોઈ મનુષ્ય કે અન્ય પ્રાણી અર્થી તરીકે હાજર હોય તો તેઓ દૂર દૂર રહેતા અને ધીમે ધીમે આવતા હતા. બધાને મળ્યા પછી પોતાને મળે, તો જ એ મહાભિક્ષુક લેતા હતા.

લોકો જમી પરવાર્યા પછી જ આહાર લેવા જવાનો વખત રાખતા હતા, તેથી ટાઢો, લુખો અને કાઢી નાંખવા લાયક ખોરાક જ ઘણી વખત મેળવતા હતા. છતાં કોઇ વખત સારો ખોરાક પણ મળી જતો હતો. કોઈ ભયંકર જંગલમાં રખડીરવડી થાકી ગયેલો ઘણા દિવસોનો ભૂખ્યો મરણને કાંઠે પહોંચેલો મુસાફર જેમ પ્રાણવૃત્તિ ધારણ કરવા માટે જ જે મળ્યું તે ખાઇ લે, તેમજ, માત્ર સામાયિકમાં સ્થિરતા ખાતર જ તેઓ આહાર કરતા હતા. પાણી પણ પ્રાશુક જ વાપરતા હતા, ને કોઇ વખત તો મહિના મહિનાઓ સુધી પાણી વિના જ ચલાવી લેતા હતા. કોઈ પણ જાતના પાત્રનો ઉપયોગ કર્યા વિના જ બન્ને હથેળી-ઓ મેળવીને–કરપાત્રી થઈ તેમાંજ આહાર કરી લેતા હતા.

લુખા ચોખા, મંથુ ( ? ) અને અડદના બાકળા વિ-ગેરે રૂક્ષ ખોરાક વડે પણ ઘણી વખત નિર્વાહ કરતા હતા. એક વખત તો લાગલાગટ આઠ મહિના સુધી એ ત્રણ ચિજોના ખોરાકથી જ ચલાવ્યું હતું.

કોઇને અપ્રીતિ થાય તેવું કદી વર્તન કરતા જ નહીં. તેમ જ કદી કોઈની ખુશામત પણ કરતા નહીં. હિંસા થાય તેવી પ્રવૃત્તિ કરતા જ નહીં, તેમ જ પ્રમાદ, આળસ, ગફલત, કે બેભાનપણામાં એક પણ ક્ષણ ગુમાવતા નહીં; અને કદાચ કોઇ પણ જાતની સ્ખલનાનો સંભવ જણાય તો જ, અને તુર્ત જ તેનું પ્રતિક્રમણ કરી આત્મજાગૃતિની

જ્યોતિ: સદા જાગ્રત્ રાખતા હતા. ”

“ અહો ધન્ય ! અહો ધન્ય ! અતિ ઉગ્ર તપસ્વી એ મહા શ્રમણને અમારાં સહસ્ત્ર વંદન હો ! અહો ! ખરેખર, વિહારના ક્રમે કરીને જે ગામ, શહેર કે સ્થાનને એ મહાત્મા પવિત્ર કરતા હશે, ત્યાંના વતનીઓના કેવા અહોભાગ્ય હશે ? તેઓ આવા મહાપુરુષના દર્શન–વંદન–સ્તુતિ કરતા હશે અને આહારાદિક પ્રતિલાભી કેવા કૃતકૃત્ય થતા હશે ?

બ્હેનો ! જ્યાં જ્યાં એ મહાનુભાવ વિચરે, ત્યાં ત્યાં લોકો તેમનો કેવો કેવો ભારે સત્કાર કરતા હતા ? રાજ્યકુટુંબના પૂર્વ પરિચયને લીધે ઘણા મોટા મોટા આગેવાનો તેમને સર્વ પ્રકારની કેવી કેવી અનુકુળતાઓ કરી આપતા હતા ? ત્યાં કેવો આનંદ અને ઉત્સવ પ્રવર્તી રહેતો હતો ? વિગેરે જરા વિગતથી સંભળાવો તો. ”

“ પોતાનો પૂર્વપરિચય તેઓ ક્યાંયે જાહેર જ કરતા નહીં. કોઈની સાથે ઓળખાણ રાખવાની કે કાઢવાની તો વાત શી ? કદાચ કોઈ ઓળખીતું મળી જાય અને પૂજા સત્કાર કરે, તોપણ તેઓ તો મૌન અને તટસ્થ ભાવે જ રહે. ખરી સ્થિતિ તો એ હતી કે—પરિચિત સ્થળોનો ત્યાગ કરીને અપરિચિત સ્થળોમાં જ તેઓ વિહાર કરતા હતા. અજાણ્યા પ્રદેશોમાં જ જઇ ચડતા હતા, અને પછી જે સંજોગો આવી પડે તેનો તટસ્થપણે અનુભવ કરતા હતા.

પોતાની શક્તિ–સામર્થ્ય અને યોગ્યતા જે તેમણે ગુપ્ત રાખ્યાં હતાં. તેનો જરા પણ ઉપયોગ કદી કરવામાં આવતો જ નહીં. એટલું જ નહીં, પરંતુ સમર્થ વ્યક્તિ તરીકે લોકો પોતાને ઓળખી ન કાઢે તેવી રીતે ભારે સંયમથી રહેતા હતા. મુખ્યપણે તેઓ લોકોના પરિચયમાં જ આવતા ન્હોતા.

તેથી ઘણી વાર અનાડી લોકો તેમને બહુ જ હેરાન કરતા હતા. કોઈ વખત મશ્કરી કરતા હતા, મારતા હતા, ચોર જાણી પકડી જઈ બાંધીને મારતા હતા, ને કેદમાં પણ નાંખતા હતા. ગાળો દેતા અને તિરસ્કાર પણ કરતા હતા. અને શૂળીએ ચડાવવા સુધી પહોંચતા હતા. છેવટે નિર્દોષતાની ખાત્રી થતાં છોડી દેતા હતા. કોઇ કોઈ ચોર લોકો મુદ્દામાલ પણ તેમની બાજુમાં મુકીને નાસી જતા હતા. ત્યારે પણ આવી જ હેરાનગતિ થતી હતી. વળી કોઇ ભદ્ર મનુષ્યો માન–સત્કાર પણ આપતા હતા. છતાં આ બન્ને સ્થિતિમાં તેમની અખંડ તટસ્થતા જળવાઈ રહેતી હતી. એ બધી વિચિત્ર ઘટનાઓને સમાનતા કેળવવાનું ઉત્તમ સાધન ગણી તેવા પ્રસંગોનો પોતાના વિકાસમાં સદુપયોગ કરી લેતા હતા.

આટલાથી યે તેમને જાણ્યે સંતોષ ન થયો હોય, તેથી દૃઢભૂમિ, વજ્રભૂમિ, શુભ્રભૂમિ, અને લાઢ વિગેરે અનાર્ય,

ક્રૂર સ્વભાવના, અસંસ્કારી મનુષ્યોની વસ્તીવાળા પ્રદેશોમાં યે એકથી વધારે વાર જઇને વિહાર કર્યો. એ વિહાર પ્રસંગે જે મુશ્કેલીઓ પડી છે, તેનું વર્ણન શબ્દાતીત છે. અને એ મુશ્કેલીઓ વખતે તેમણે જે આત્મિક સામર્થ્ય દાખવ્યું છે, તે પણ તેવી જ રીતે કલ્પનાતીત છે.

ત્યાંના લોકો ભારે જડ સ્વભાવના, કડક મિજાજના, અને નિર્દય હતા. સ્હેજસાજ વાતમાં મારફાડ કરતાં વાર ન કરે. એ મહા તપસ્વી રાજકુમાર ગામ તરફ જતા હોય, ત્યાં તો રસ્તામાંથી જ કાઢી મૂકવા માંડે. કદાચ ગામ પાસે પહોંચે તો ગામમાં પેસવા જ ન દે. ગામમાં પ્રવેશ કર્યો, તો પછી હાથમાં જે કંઇ હથીયાર કે લાકડી વિગેરે હોય તેથી માર્યા વિના ન રહે. કુતરાઓ કરડાવે, કુતરાઓને પાછળ સીસકારે, ને તે ઉઝરડા કરે. તેવે વખતે જરા પણ ભય, કે અંગ સંકોચ વિના સમાન ભાવે બધું સહન કરે. બીજા કોઇથી એ પ્રદેશોમાં લાકડી કે એવા સાધનો શિવાય જઈ જ ન શકાય, એવા ભયંકર એ ઉગ્ર પ્રજાના શીકારી કુતરાઓ હતા. ત્યારે આમની પાસે તેવું સાધન તો કંઈ હતું જ નહીં.

અરે ! એકાદ વખત ત્યાં તેમનું માંસ પણ કાપવામાં આવ્યું હતું. કોઈ કોઇ વખતે હુમલો કરી ઉપર પડી જઇને તેઓ યથેચ્છ માર મારતા હતા. રાડો પાડતા હતા. ધુળ

ઉડાડતા ને ધુળથી ઢાંકી દેતા હતા. ઉછાળતા હતા. ઉછાળીને પછાડતા હતા; અને આસન બંધ થઇ ધ્યાન ધરતા હોય કે ગમે તે સ્થિતિમાં હોય પરંતુ મનમાં આવે તો ત્યાંથી ઉપાડીને ખસેડી નાંખતા હતા.

ત્યાંના લોકો કેવળ લુખો અને શુષ્ક ખોરાક ખાનારા હતા. ડાંસ, મચ્છર વિગેરે જંતુઓનો ડંખ ભારે ઉગ્ર હતો. ત્યાં રહેવા માટે તેમને સ્થાન પણ મળતું જ નહીં. છતાં એ ભૂમિમાં એક ચાતુર્માસ નિર્ગમન કર્યું હતું; અને તે કેવળ એક ઝાડ નીચે જ.

યુદ્ધને મોખરે ઝઝુમતા મહાસુભટની માફક એ મહાવીર આ બધી ઘટનાઓ સાથે બાથ ભીડે છે. જેમ વિજય–હસ્તી યુદ્ધમાં આગળ ચાલીને વિજય મેળવે, તેમ એ મહાવીર પોતાની સાધનામાં વિજય મેળવે છે.

સાવદ્યયોગના સૈન્ય સાથે સામાયિકના સૈન્યના જોરથી યુદ્ધ કરનાર એ મહાવીર સાવદ્યયોગને હઠાવતા જાય છે; અને સામાયકના બળમાં વૃદ્ધિ કરતા જાય છે. હવે તો લગભગ વિજય મેળવવાની તૈયારીમાં જ છે.

આવા મહા વિરક્ત પુરુષે કેવળ માતા–પિતાની ખાતર જ ગૃહસ્થાવસ્થામાં ત્રીશ વર્ષ ગાળીને આવો વિકટ જીવન માર્ગ શરૂ કરવાની પોતાની પૂર્વ ભૂમિકા વિષેની

યોગ્યતા બરાબર સાબીત કરી આપી છે. અને આ વિકટ જીવનમાં કોઈ વખત જરા યે પાછી પાની કરી નથી.

જરા પણ થાકયા વિના, કંટાળ્યા વિના, મનમાં દુઃખી થયા વિના, જરા પણ પસ્તાયા વિના, રસપૂર્વક, વેગપૂર્વક, સાવધાનીપૂર્વક, જેટલી રીતે પ્રયત્નશીલ રહી શકાય તેટલી રીતે પ્રયત્નશીલ રહીને પોતે સ્વીકારેલી ભગીરથ સાધનાને સિદ્ધ કરવા મચ્યા જ રહ્યા છે.

આધ્યાત્મિક સાધનાના સર્વ અંગો–જેવાં કે–તપ, ધ્યાન, બાહ્ય મુશ્કેલીઓ, એકાન્તવાસ, મૌન, પરિચયને ત્યાગ, જ્ઞાનજાગૃતિ, સાવધાની, દયા, પ્રેમ, સત્ય વિગેરે વિગેરે નાના મોટા સાક્ષાત્ કે પરંપરાએ આધ્યાત્મિક સ્થિતિમાં મદદ કરનારા દરેક અંગોને–યથાસ્થાને યથાસમયે ઉચિત સ્થાન આપી આચારમાં પાળી બતાવી આધ્યાત્મિક જીવનને ઉત્કૃષ્ટ પ્રયોગ–ઉત્કૃષ્ટ નમુને જગત્‌ને પૂરો પાડ્યો છે.

સામાયિકની પ્રતિજ્ઞા રૂપી આધ્યાત્મિક બીજને, ગમે તેવા જોખમમાં મુકીને પણ નિઃસંગતા રૂપી વાડથી બચાવી લીધું છે; અને ધ્યાન રૂપી પોષક ખોરાક આપીને સમતા રૂપી રસને ખૂબ પોષણ આપ્યું છે. એટલે આજે તેમનું આધ્યાત્મિક વૃક્ષ ફાલીફૂલી અનેક શાખાપ્રશાખાથી વ્યાપ્ત થઈ ગયું છે. સમતા રસની એટલી બધી જમાવટ થઈ

છે કે જગત્માં કોઇ પણ વસ્તુ ઉપર પોતાને રાગ કે દ્વેષની જરા પણ વૃત્તિ રહી નથી. એ તેમણે અનેક વિકટ–મહા વિકટ અનુકુળ તથા પ્રતિકૂળ સંજોગોમાં પસાર થઈ સાબીત કરી લીધું છે. અને કહેવું જ જોઇએ કે સમતા [ સમાન ભાવ ] રસથી ભરેલું પૂર્ણ કોટીનું સામાયિક રૂપી ફળ હવે પ્રગટી ચૂક્યું છે.

સર્વ ચમત્કારો, સર્વ પુરુષાર્થો, સર્વ સાધનાઓ, સર્વ ઉચ્ચ કોટિના નીતિ ગુણો, સર્વ કલ્યાણ માર્ગો, અને સર્વ આધ્યાત્મિક દશાઓ, જેમાં અંતર્ગત થઈ જાય તેવી અત્યુચ્ચ આધ્યાત્મિક ભૂમિકા પર તેઓ હવે જઇ પહોંચ્યા છે.”

“ બ્હેનો ! અતિ પ્રૌઢ, ગંભીર અને કલ્પનાતીત વૃત્તાન્તોથી ભરેલું, અશ્રુતપૂર્વ–અભૂતપૂર્વ આ વર્ણન સાંભળી, અમારા અંતરાત્મામાં પરમ આનંદ, પરમ શાંતિ, પરમ વૈરાગ્ય રસ જાગ્રત્ થાય છે. અને એમ જ થાય છે, કે જ્યાં હોય ત્યાં આજ ને આજ જ જઇને એ મહાવીર પ્રભુને વંદન કરીએ અને કૃતાર્થ થઇએ. ”

“ અહો ! મિત્ર ! મારો પણ એ જ સંકલ્પ છે ! અને એ સંકલ્પ આપણે સદ્યઃ સિદ્ધ કરવો જોઇએ. જરા પણ વિલંબ કરવાની જરૂર નથી. ઉઠો. શો પ્રતિબંધ છે ?”

“ કશો પ્રતિબંધ નથી. પરંતુ આ મહાભાગાઓ માર્ગદર્શક બની આપણને ત્યાં પહોંચાડે તેટલો જ માત્ર

વિલંબ છે. બ્હેનો ! અત્યારે સ્વામી ક્યાં બિરાજતા હશે ? લગભગ તમને ખબર હશે. જ્યાં હોય ત્યાં આ ક્ષણે જ અમને લઈ ચાલો. ”

“ આપનો આદેશ અમારે સર્વથા પ્રમાણ છે. પ્રભુજી જ્યાં હશે, તે સ્થાન લગભગ અમને અવગત છે. તેઓશ્રી હાલમાં આ માગધ મંડળને જ શોભાવે છે. બારમું ચાતુર્માસ ચંપાનગરીમાં કોઇ અગ્નિહોત્રિની શાળામાં રહી યોગ્ય પાત્ર સ્વાતિદત્ત બ્રાહ્મણને આત્મસ્વરૂપનું ભાન કરાવી ચાતુર્માસ પુરૂં થયે જૃંભક ગામ થઇ મેઢક ગામે ગયા હતા. મેઢક ગામેથી તેમણે ષણ્માની ગામ તરફ વિહાર કર્યો અને અમે આ તરફ આવ્યા. ઘણે ભાગે તેઓશ્રી આપણને ત્યાં જ મળશે. પધારિયે આ રસ્તે—”

*      *      *      *      *

૬

# કસોટીને શિખરે.

"હવે આપણે **ષણ્માનિ** ગામે આવી પહોંચ્યા છીએ."

" સામે જણાય તે જ કે એ ? "

" હા. પરંતુ હજુ એ શ્રમણ ભગવંતનો પત્તો મેળવવો પડશે ? "

" ક્યાં એ હોવા જોઇએ ? "

" તેમનું નિયત સ્થળ કોઈ હોતું જ નથી. ગામમાં કોઇ શૂન્ય સ્થાનમાં, અથવા બહાર વગડામાં નદી–નાળાં, ખાડા–ટેકરા, મેદાન કે જંગલમાં ધ્યાનમાં લીન

થઇ સ્થિર રહ્યા હશે. "

" જલ્દી ચાલો ત્યારે, આપણે શોધી કાઢીયે. "

*  *  *  *  *

" જુઓ, દૂર સામે. કોઇ ભવ્ય મુખાકૃતિ જણાય ! "

" હા, એ જ પૂર્વપરિચિત મુખાકૃતિ ! હવે તે તરફ જલ્દી ચાલો. "

" વાહ ! એ જ કદાવર–પ્રૌઢ કાયા ! ! આ બાળ-સૂર્ય સાથે સ્પર્ધા કરતી શરીરની એ જ સુવર્ણમય કાંતિ ! ! બન્ને બાહુ જાનુ સુધી લંબાવી, દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ પર સ્થિર કરી ધ્યાનમાં લીન થઈ કેવા એ ઉભા છે ? જગત્‌ની સર્વ કુદરત્‌ કેમ જાણે તેમની જ તરફ ઝુકી રહી હોય ! કેમ જાણે—

[ ગઝલ ]

" જીવન મ્હારૂં મહા કુદ્રત—
તણી મૂર્તિ ગણું છું હું.
રહી આધીન સદા, તેને—
પ્રતિક્ષણ સાચથી સેવું–૧ "

એ મહત્‌ કર્તવ્યની સિદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચ્યા હોય ! ! "

" સહસ્ર વંદન, ઓ ! જ્ઞાતવંશવિભૂષણમણિ ! ઓ ! સર્વોત્કૃષ્ટ મહાન્‌ વીર ! કોટિ કોટિ વંદન તમને; અને

તમારી આ મહા–વીરતાને. ”

“ બસ રહો, આપણે અહીં જ સ્થિર રહો; ને ચાલો, સામેના શિલાપટ પર બેસી જઇએ. ત્યાં બેઠાં બેઠાં જ સઘળું નિહાળીએ–આજની દિનચર્યા, અને જે કંઇ થાય તે બધું. સર્વથા તટસ્થ ભાવે જ બધું જોયા કરીયે. ”

“ બરાબર છે, એ સંકલ્પ બરાબર છે. ”

*　　*　　*　　*　　*

“ અહો ! સૂર્યદેવ ક્યારના યે ઉદય પામી ચૂક્યા છે. મારે તો હવે ઘેર જાઉં. ગાયો દોહવાનો વખત થવા આવ્યો છે.

પરંતુ આ બળદ કોને ભળાવવા ...............?

........હાં...., ઓ....પેલા....તપસ્વી મુનિ ઉભા........ એને જ ભળાવું. ઓ....! તપસ્વી મહાત્મા........! હું ઘેર જાઉં છું....ગાયો દોહી હમણાં જ પાછો આવ્યો સમજજો. એ....જરા મારા બળદની ભાળ રાખજો....ક્યાંય ચાલ્યા ન જાય, કોઈ લેઈ ન જાય. એ....જાઉં છું. જો જો....હો....”

*　　*　　*　　*　　*

“ ગોવાળ તો ભગવંતને ભળાવીને ગયો, પણ આ બળદો કઇ તરફ ચાલ્યા જાય છે? અરે! એ તો ચરતા–ફરતા દૂર નિકળી ગયા. જરૂર ક્યાંક ચાલ્યા ગયા. ”

" ઓ પેલો ગોવાળ દોડતો આવે. આ તરફ જ આવે છે. બળદો નહીં જુવે, તો બિચારો કેવો ગભરાશે ? "

" આપણે તો એ બધું તટસ્થ રહી જોયા જ કરવાનું છે. "

*　　*　　*　　*　　*

" અરે ! પણ, મારા બળદ ગયા ક્યાં ? અહીં તો એકે ય નથી. ક્યાં ગયા હશે ? પેલી બાવળની કાંટીમાં ચરતા હશે ? લે, તપાસ કરૂં........ના, ત્યાં તો નથી. કોઈ લઈ ગયું હશે ? પેલી ટેકરી પાછળ નિચાણમાં ચરતા નહીં હોય ? તપાસ તો કરૂં........ના, રે ! ના. ત્યાંયે નથી. ત્યારે ગયા ક્યાં ? ત્યારે આને પૂછું. મેં એને ભળાવ્યા હતા. એ ભાળ આપશે.

ઓ ! દેવાર્ય મુનિ ! ક્યાં ગયા મારા બળદ ? બતાવો.

કેમ બોલતા નથી ? ક્યાં સંતાડ્યા ? લાવો મારા બળદ. લાવો છો કે નહીં ?

અરે ! પણ બોલો છો કે નહીં ? મેં તમને ભળાવ્યા છે. બોલો કોને આપ્યા ? બોલો. નહીંતર હવે જોયાજેવું કરીશ.

કેમ ? નથી બોલવું કે ? અરે ! નીચ સાધુડા !

જવાબ તો દે. એમ નહીં પચે નહીં, મારા બળદ. બોલ, કોને આપ્યા છે ?

અરે ! પણ આ તો હજુ યે જવાબ દેતો નથી.

અલ્યા ! શું તારા કાન–બાન બ્હેરા છે કે ? સાંભળતો નથી ? અરે ! પણ કહું છું કે મારા બળદ ક્યાં છે ? બતાવને ?

ઠીક છે. નહીં બતાવે કે ? જોઇ લે જે ત્યારે હવે. ”

* * * * *

“ અરે ! આ તો બહુ જ ક્રોધે ભરાયો. વિફરેલા વાઘની માફક ધમધમી ઉઠ્યો છે. ક્યાં ગયો હશે ? શું કરશે હવે એ ? ”

“ આટલું આટલું કરવા છતાં પ્રભુજી હજુ શાંત જ રહ્યા છે. પોતાના સાધ્યમાં કેટલા બધા લીન છે ? ”

“ ઓ ! પેલો પાછો આવ્યો. હાથમાં દર્ભમૂળ જેવું કંઈક લેતો આવ્યો જણાય છે. ”

“ અરે ! જુઓ તો ખરા. એને કેવો વિચિત્ર ક્રોધ ચડ્યો છે ! મ્હોં લાલ લાલ થઇ ગયું છે. આંખો લાલ લાલ કેવી ભયંકર છે. હોઠ ધ્રુજે છે. ને આખું શરીર કેમ જાણે મૂર્તિમાન ક્રોધ દાવાનળ હોય. ”

“ અરે ! એ તો પ્રભુજીના શરીર પર ઉતાવળો

ઉતાવળો ધસ્યે જાય છે. હાય ! શું કરશે ? ”

*　　*　　*　　*　　*

“હું........, તું નથી સાંભળતો ? તારા કાનનાં કાણાં નકામાં છે. ખરૂં ને ? મારી પેઠે બીજો કોઇ બિચારો વિ-શ્વાસથી આ રીતે છેતરાય નહીં. તેને બંધ કરી દેવા જ સારા છે. બસ. એ જ ઠીક છે.

હં........, બરાબરા પેસી ગયા. તોપણ જરા પત્થ-રથી ઠોકું. હં, બસ. હવે બરાબર પેસી ગયા. પણ લાવ જરા બહારના ઠોંડા મોરી નાંખું. કોઇ પકડીને ખેંચી ન કાઢી શકે.

હં, હવે ઠીક થયું. બસ, નિકળે જ નહીં. મારા બગદ ન બતાવ્યા; ચાખ્યું ફળ ?

જાઉં ઝટ, હું જ શોધી કાઢું. બસ, ગમે ત્યાંથી શોધી કાઢું. ”

*　　*　　*

“ અરે ! પેલો પાપી ઘોર કૃત્ય કરીને ચાલ્યો જાય. બસ, કેવો નિર્દય ! ! ”

“ બસ, શાંત રહો. આપણે તો તટસ્થતા જ રાખ-વાની છે. ”

“ હાય ! શું થશે ? આપણે કેવા નિર્ભાગ્યશેખર !

નજરોનજર આ દુષ્કૃત્ય જોયું ! હાય ! શું કરવું ? કોણ એ કાઢશે ? અહો ! અહો ! કેટલી દુરન્ત વેદના થતી હશે ? ”

“ એક પડકારની સાથે આવા કંઇક ગોવાળોના હાંજા ગગડાવી નાંખે, એવા પરાક્રમી આ રાજકુમાર. પરંતુ અહો ! આમણે કેટલી શાંતિ કેળવી છે ? ”

“ સહન તો બધું યે થાય. પણ શરીર ઉપરનો હુમલો કેમ ખમાય ? કાન જેવા કોમળ અવયવોમાં લોખંડી સળીયા જેવા દર્ભમૂળ ખોસી દેવા ! અને વળી તે આવી નિર્દયતાપૂર્વક ! અવધિ ! અવધિ ! હવે તો શાંતિનો અવધિ ! અહો ! અશ્રુતપૂર્વ શાંતિ નજરે જોઇ ! ! ”

“ ઉં કે આં નહીં, શરીરનો સંકોચ નહીં, એક રોમ પણ ફરકયુ નહીં. ”

“ આપણા શરીરમાં તો ? ધમધમાટી ચાલી છે, ને સાડાત્રણ કરોડ રોમરાજી ઝણઝણી ઉઠી છે. ”

“ એ નિર્ઘૃણ કેવો હસતો હસતો, રાજી થતો થતો જતો હતો ? ”

“ એ નિષ્ઠુરતા અને નિર્દયતાનો અવધિ હતો. ”

“ પણ એ બિચારે હસીને કેવું ઘન દુર્ભાગ્ય–ઉપાર્જન કર્યું હશે ? કેવું ભયંકર ભાવિ ઘડયું હશે ? આવા

દુષ્કર્મના વિપાક કાળે એ બિચારાની શી દશા થશે ?

" ઉપેક્ષ્ય છે એ ક્ષુદ્ર બિચારો. પરંતુ બ્હેન પ્રબુદ્ધ-પ્રજ્ઞે ! એ અજ્ઞ પામર પ્રાણી જ્યારે પોતાને ઉચિત વર્તન કરતો હતો, તે વખતે પ્રભુજીના મનોરાજ્યમાં–આંતર્ સ્થિતિમાં શી પરિસ્થિતિ ચાલી રહી હશે ? "

" બ્હેન વિશુદ્ધશ્રદ્ધે ! એ અગમ્ય ભાવોનો યથાર્થ ખ્યાલ આપવો દુઃશક્ય તો છે જ. તો પણ કહું છું—જેમ સામે ભારોભાર વજન મુકવાથી જ વસ્તુનું વજન નક્કી કરી શકાય છે. તેમ ' આત્મિક પ્રગતિ કેટલી થઈ ? ' તેનો આંક કાઢવામાં આવા પ્રસંગો એમને ઘણા જ ઉપયોગી થઇ પડે છે. આ વેદના જેમ અતિ ભારેમાં ભારે છે, તેમ, જે શાંતિ આપણે જોઈ છે, તે ઉપરથી સમજી શકાય છે કે તેની ભારોભાર આત્મવિકાસનો ભંડાર પણ હવે તેમનો ભરપૂર ભરાયો છે.

સ્વાભાવિક ચાલુ રહેતા આંતરિક પ્રયત્નોથી જે વિકાસ થતો હોય છે, તેના કરતાં જ્યારે આવા પ્રસંગોની સાથે ભેટો કરવો પડે છે, ત્યારે સ્વાભાવિક રીતે જ વિકાસમાં વેગ આવે છે; અને એકદમ બળપૂર્વક કેટલાં યે આત્મવિકાસનાં પગથિયાં ચડી જવાય છે. કેમકે સામે તેટલું જ બળ વાપરવું પડે છે. એટલે વાસ્તવિક રીતે આવા પ્રસંગો કેમ જાણે ઉત્સવના પ્રસંગો હોય, તેમ આવા જા-

શ્રત્ આત્માઓ તેને વધાવી લે છે; અને આત્મિક વિકાસના રસમાં તેમની શારીરિક પિડાઓ તિરોહિત થઈ જાય છે. ”

“ અરે ! આપણે તો વાતોમાં જ રહ્યા, અને પ્રભુજી તો ધ્યાન પૂર્ણ કરી ચાલવા લાગ્યા. ચાલો. જલ્દી ચાલો. આપણે પાછળ પાછળ જઇએ. સામેના શહેર તરફજ જતા જણાય છે.”

“ હા. કયું શહેર છે એ ? એ તરફ કેમ જતા હશે ? ”

“ એ **મધ્યમ અપાપા** છે. આજે કદાચ પારણાનો દિવસ હોય. મધ્યાહ્ન વેળા થઈ ગઈ છે, એટલે પિંડની એષણા માટે નિકળ્યા હશે. ”

“ ચાલોને. જે હશે તે જણાઇ આવશે. ”

“ અરે ! એ તો રાજમાર્ગ છોડી રથ્યા માર્ગે વળી ગયા. સીધા ચાલ્યા જાય છે. ચાલો આપણે પણ વળી જઇએ. આ તરફ વણિકોનું વસતિ સ્થાન જણાય છે. ”

“ જુઓ, એ કોઈ ગૃહસ્થને ઘેર જઇ ઉભા. ગૃહસ્થો ભક્તિપૂર્વક ઉભા થઇ હાથ જોડી સવિનય ઉભા રહ્યા છે. ભગવંતે હથેળીયોનું પાત્ર બનાવ્યું છે. અને જુઓ, પેલા ગૃહસ્થ તેમાં પિંડ મૂકે છે. ”

“ ધન્ય એ ગૃહસ્થને ! પરંતુ સામે બેઠેલા પેલા વૈદ્યરાજ પડીકાં વાળવાં મુકી દઈ વારંવાર શું જોયા કરે છે ? આમ જુવે છે, તેમ જુવે છે. શું એ જોતા હશે ? ”

*　　*　　*　　*　　*

" મિત્ર સિદ્ધાર્થ ! માનો કે ન માનો. પરંતુ હું મારા વૈદ્યકના જ્ઞાનથી કહું છું કે–આ મહાત્માના શરીરને કંઈક ભારે અડચણ છે. "

" હંએ....! શું કહો છો ? જે હોય તે જલ્દી શોધી કાઢો, મિત્ર ! "

" હું ક્યારનો એ જ તપાસું છું. પણ કાંઇ પત્તો જ લાગતો નથી. "

" બરાબર તપાસો. જે હશે, તે હમણાં જ જાણી શકશો. "

" અરે હા ! ! આ કાનમાં જ કંઇક છે. અરરર ! કોઈ મહા દુષ્ટે દર્ભ મૂળ ખોસી ઘાલ્યાં છે ! "

" અહાહા ! કેવો પાપી ?

ન ડર્યો રાજ દંડથી, ન ડર્યો નરક પાતથી.
ન ડંખ્યું મન પોતાનું, ન ડર્યો લોકાપવાદથી. ૧.

પરંતુ મિત્ર ! બીજું બધું છોડો ! માત્ર આ શલ્યો કાઢવાનો જ ઉપાય કરો. જેમ બને તેમ જલ્દી કરો. મારાથી એ જોયું જતું નથી. "

" કોઈથી યે શી રીતે જોયું જાય ? પરંતુ મિત્ર ! શી રીતે કરવું ? એ જ મને સૂજતું નથી ! "

" કેમ ? શી અડચણ છે ? મારા સર્વસ્વને ભોગે બિલકુલ બેધડક થઇને આ કામ કરો. "

" આપના તરફની તો કશી શંકા જ નથી. પરંતુ નિરીહ અને શરીર પર તદ્દન નિર્પેક્ષ ભગવંતના સળીયા કાઢવા એ ઘણું મુશ્કેલ કામ છે. તેઓ તો આવા કષ્ટોને પોતાના માર્ગમાં મદદગાર માને છે.

લો, જુઓ–તેઓ તો ચાલતા થયા. મારે શી રીતે કરવું ? "

" મિત્ર ખરક ! ત્યારે આપણે ચાલો તેમની પાછળ પાછળ. જોઇએ તે સામગ્રી સાથે લેઇ લો. મારે હવે બીજી વાત સાંભળવી નથી. "

" ઠીક છે, ત્યારે એ વિચાર. "

*   *   *

" અહો ! પાછા તે જ સ્થાને ભગવંત પહોંચી ગયા."

" પારણું કરવા જતાં સાધ્યસિદ્ધિમાં કંઇક રોકાવટ થઇ હોય તેનું પ્રતિક્રમણ, જતાં આવતાં કદાચ પ્રાણીની હિંસા થઈ હોય તે માટે ઇર્યા પથિકા પ્રતિક્રમણ તથા આહારાદિક નિર્દોષ અને યથાકલ્પ્ય હતા કે નહીં ? તેની માનસિક આલોચના ાવગેરે કરતા જણાય છે. "

" અરે ! પાછા એ તો ધ્યાનમાં લીન થઈ ગયા. "

" સામેથી આ તરફ કોઇ આવતા જણાય છે. "

" હા, તે જ સિદ્ધાર્થશ્રેષ્ઠી અને વૈદ્યરાજ ખરક. "

" બ્હેન પ્રજ્ઞે ! ત્યારે તો જરૂર ભગવંત નિઃશલ્ય થશે. "

' હા, બ્હેન શ્રદ્ધે ! મને પણ એમ જ લાગે છે. "

* * *

" મિત્ર સિદ્ધાર્થ ! મજુરો આવી પહોંચે એટલે તેલની કુંડીમાં બેસારી પ્રથમ મર્દન કરવું પડશે. "

" અરે ! આ બધા આવી પહોંચ્યા. "

" હાં, લાવો મોટી કુંડી. તેમાં જાળવીને પ્રભુજીને બેસાડો. ને માંડો મર્દન કરવા. શરીરમાં લોહી છુટું થઇ ફરવા માંડે, એટલે સળીયા કાઢતાં જરા યે વાર નહીં થાય. કેમ ? બસ, મર્દન પુરૂં થયું ? "

" હા, જી ! "

" ઠીક. ચાલો ત્યારે. તમે બન્ને ઠીક બળવાન છો. બન્ને જણ આ એકેક સાણસી પકડો, અને બન્ને બાજુએ ઉભા રહો. જુઓ, કાનમાં આ દર્ભમૂળ છે. તેને બરાબર જોરથી દબાવીને બરાબર પકડો.

હં, બસ.

હવે હું સૂચના આપું કે તુરત બન્ને એકી સાથે ખૂબ જોરથી ખેંચજો પણ જો જો હો–જ્યાંસુધી ખીલા બહાર નીકળી ન જાય ત્યાંસુધી ખેંચજો. જરા પણ જોર ઓચ્છું ન કરતા. "

" ઠીક, એમ જ કરીશું. "

" હાં. સંભાળજો. ખેંચો. ખેંચો. ખૂબ જોરથી ખેંચો. હૂં ખેંચો. ખેંચો, ભાઈ ! ખેંચો. "

" અરે ભગવંતે ચીસ પાડી. હું બસ. સળીયા નીકળી પડ્યા ! "

" અહાહા ! મિત્ર ખરક ! કેટલી વેદના ? કેવી કારમી ભયંકર ચીસ ! જાણે વિશ્વ બધું બ્હેરૂં થઈ ગયું ! ચોતરફ ભય ને વેદના વ્યાપી ગયાં છે. જુઓ તો, પક્ષિઓ સ્થિર થઇ ગયાં છે. જાણે હમણાં જ રુદન કરશે ! વૃક્ષરાજી જાણે પડુ પડુ થઇ રહી જણાય છે ! પર્વતો જાણે ભયથી થરથરી ગયા ! આપણા કાળજાંમાંથી યે ' હાય ' ની ચીસ નીકળી ગઇ ! આ જંગલ આખું **મહા ભૈરવ** બની ગયું છે. "

" આવા ધીર અને સહનશીળ મહાત્મા પુરુષે ચીસ પાડી, ત્યારે એ વેદના કેટલી તીવ્ર હશે ? "

" મિત્ર ! ઔષધ લગાવો, ઔષધ. "

" અરે ! ક્યારની યે સંરોહણી ઔષધિ લગાવી દીધી છે. હવે તો વેદના ગઇ જ સમજો. "

" ધન્ય ! મિત્ર ! ધન્ય ! "

" ભગવંત ધ્યાનમાં લીન થઈ ગયા. ચાલો, આપણે."

" મિત્ર ! સારૂં થયું, કે ભગવંત પારણા માટે પધાર્યા તે જ વખતે આપ મારે ઘેર હાજર હતા. જો આપની હાજરી ન હોત, તો શું થતે ? ખરેખર બધું અજાણમાં જ જતે. "

*    *    *    *    *

" વાહ ! સિદ્ધાર્થ ! વાહ ! ! ધન્ય ! ખરક ! ધન્ય ! તમે પણ જન્મ સફળ કર્યો. સુમહોજ્વલ પુણ્ય ઉપાર્જન કર્યું. "

" અહો ! મહદ્ આશ્ચર્ય તો જુઓ ! ખીલા ઠોકનાર ગોવાળ પર કદાચ ક્રોધ તો ન કર્યો, પણ વૈદ્ય ખરક પર પક્ષપાત પણ નહીં ! ખીલા નીકળ્યા તેની ખુશાલી નહીં ! કાઢ્યા તેની શાબાશી નહીં ! ધન્યવાદના બે શબ્દો યે નહીં ! પણ તેવી લાગણી યે બતાવી નહીં ! બસ, પાછા પોતાની કાર્યસિદ્ધિમાં જ ! "

" ખરેખર, સમાન ભાવ–સમતા–હવે પરમકોટિએ પહોંચી ચુકે છે. "

" બસ, આ જ ભાવ કેળવવામાં તેમણે આજ સુધીના સાડાબાર વર્ષ ગાળ્યા છે. હવે તો ખરેખર એ સ્થિતિ પરમકોટિએ **પહોંચી** ચુકી છે. ખરેખર આવી મહા સાધનાથી જ એ **મહાવીર** છે. મહાવીર વર્ધમાનકુમારના જીવનની આ જ વિશિષ્ટતા છે. આવી વિશિષ્ટતા કોઇયે સિદ્ધ કર્યાનું જોયું, જાણ્યું કે સાંભળ્યું નથી. "

" ખરેખર આજનો બનાવ ભારે અદ્‌ભૂત ! "

" ખરેખર અદ્‌ભૂત છે. આવા ભયંકર અને કટોકટીના બનાવો બનવા એ જો કે બહુ જ સંભવિત છે. પરંતુ તેમાં બન્ને બાજુએ સામ્યાવસ્થા ટકાવી રાખવી. એ જ ખરેખરૂં અદ્‌ભૂત છે. "

" બાર વર્ષના વિહારમાં આવા બનાવો તો સેંકડો ગમે બની ગયા છે. પરંતુ આજની વેદના તો હદ જ હતી. "

" શું આવા સેંકડો બનાવો બન્યા છે ? "

" અરે ! હા. પ્રથમ વિહાર વખતે જ **કોલ્લાક** સંન્નિવેશે ગોવાળ ઉપદ્રવ કરે છે. મદદ માટે **દેવેન્દ્રનું** આવવું થાય છે. હંમેશ સાથે રહેવા તે માંગણી કરે છે. ત્યારે શ્રી વર્ધમાનકુમાર કહે છે કે–" આ માર્ગમાં કોઇની મદદ હોય જ નહીં: કોઈની મદદથી આ માર્ગ સિદ્ધ થાય જ નહીં. કોઇ યે તેમ કર્યું નથી. સર્વ પુરુષાર્થી પુરુષો પોતાના જ પુરુષાર્થથી જ કાર્ય સિદ્ધિ કરે છે. માટે અમારે કોઈની જરૂર નથી. "

**કટપૂતના**નો ભયંકર ઠંડો ઉપદ્રવ, **શૂલપાણિ** યક્ષના ઉધામા અને પાછી શાંતિ, **ચંડકૌશિક** નામના દૃષ્ટિ વિષ સર્પનું કરડવું, અને તેને બોધ કરવો. **સંગમ**ના છ મહિના સુધી હૃદયવિદારક ઉપદ્રવો. છઠ્ઠે મહિને થાકીને સંગમ કહે છે–

" ઓ દેવાર્ય ! હવે હું થાક્યો. તમારૂં ધૈર્ય અચળ રહ્યું. હું જાઉં છું. સુખેથી ભિક્ષા અટન કરો. હવે હું અડચણ નહીં કરૂં. "

" દેવાનુપ્રિય સંગમ ! અમારી ચિંતા શામાટે ? તારે શું કરવું ? તેમાં તારી જેવી રુચિ અમે તો સ્વતંત્રપણે જ વિહરનારા છીએ. "

સંગમ ચાલ્યો જાય છે એ વિગેરે અદ્ભૂત અને દિલને હચમચાવે તેવી અનેક ઘટનાઓ શી રીતે કહી જાય ? ”

“ ખરેખર એ બધી ઘટનાઓ વિસ્તારથી રસપૂર્વક સાંભળવાનું મન થાય છે. ”

“ જરૂર સાંભળવી જોઇએ. પરંતુ હવે તો આપણે પ્રભુજીની પાછળ ને પાછળ જવાનું છે. સ્વસ્થાને ગયા પછી કથા પ્રસંગે આ જ ઘટનાઓ સાંભળીશું, વારંવાર આવર્ત કરી કરીને સાંભળીશું. ને કૃતકૃત્ય થઇશું. ”

“ હાલ તો એ વિચાર જ ઠીક છે. ”

“ પરંતુ હું નિશ્ચયપૂર્વક કહું છું કે—

આ મહા પ્રતિજ્ઞાના પાલનમાં મહાન્ સિદ્ધિઓ સમાયેલી છે અને તે સર્વે આ મહાપુરુષે સિદ્ધ કરી છે. પરિણત–જ્ઞાનયોગ, કે અચળ ભક્તિયોગ : જે કહો તે સર્વ ભૂમિકાઓ જેમાં અંતર્ભૂત થઈ જાય તેવી સર્વોચ્ચ આધ્યાત્મિક-ભૂમિકાને શિખરે એ ચડી ચૂકયા છે. ગમે તેવી મરણાન્ત–કસોટીઓમાંથી પસાર થઈને પણ છેવટે પોતાની સાધ્ય-સિદ્ધિ તેમણે સિદ્ધ કરી છે. અને એ “ સમતા ” નામની આધ્યાત્મિક ભૂમિકાને બરાબર પોતાના વર્તનથી સિદ્ધ કરનાર આ એક જ મહાત્મા છે. **नान्यः कश्चिद्भवति न भविष्यति.** ”

૭

# પરિણામ.

" કલકલનિનાદિની **ઋજુપાલિકા** [ વાલુકા ] નદી વહી રહી છે !

સાયંકાળે ખેતીના કામથી પરવારી ગ્રામ્યજનો કિનારા પરના **જૃંભક** ગામ તરફ વળી રહ્યા છે !

ગ્રીષ્મ ઋતુને લીધે દૂર દૂરના સીમાડામાં ચરીને થાકી ગયેલી ગાયો બાળ વત્સોત્સુકા છતાં ધીમે ધીમે સૌ સાથે ગામ તરફ રવાના થઈ ચૂકી છે !

પોતાના માળા તરફ ઉડી જવા સ્વચ્છ આકાશમાં પક્ષિઓનાં ટોળેટોળાં હવે ઉભરાવા લાગ્યાં છે !

મુસાફરી કરી થાકી ગયેલું સૂર્યમંડળ આજે જાણે અહીં જ રાતવાસો રહેવા ઈચ્છતું હોય તેમ ધીમે ધીમે–અનિચ્છાએ અસ્તાચળ તરફ પ્રયાણ કરે છે !

પ્રસન્નમુખી દિશાઓ પ્રકાશ અને પ્રસન્નતા ઝીલી રહી છે, અને જગત્‌માં પાછા ફેંકી રહી છે !

સર્વત્ર–અંદર અને બહાર શાંતિ અને પ્રસન્નતા છવાઈ રહ્યા છે !

સૌના મુખમાંથી માંગળિક શબ્દો જ નીકળે છે. સૌ મંગળકાર્યને જ ઈચ્છે છે !

સૌના કાર્યમાં પ્રેમ ને પ્રેરણા ઉભરાઇ રહ્યા છે ! ”

“ શાથી ? ”

“ કોણ જાણે ? શાથી ? પરંતુ આ વખતે વસ્તુ-સ્થિતિ આ જાતની છે, એ ચોક્કસ. ”

“ બરાબર. પરંતુ, પેલા **શ્યામાક** ગૃહસ્થના ખેતરમાં કોણ બેઠું છે ? ”

“ ક્યાં ? ”

“ જુઓ, પેલા જુના **ચૈત્ય**ના ખંડેર પાસે **શાલ**ના ઝાડ નીચે કોઈ બેઠું છે. ”

“ચાલો. આપણે નદીને કિનારે ફરતા ફરતા જઈએ.”

“ હા, ચાલો. જે હશે, તે જણાશે. ”

“ અરે ! પણ એ કોઇ બેઠું નથી. પરંતુ ઉત્કટિકા આસને ધ્યાનમાં લીન છે. ”

" વાહ ! સુવર્ણવર્ણી દેહલતા સૂર્યમંડળ સાથે કેવી સ્પર્ધા કરી રહી છે ? જેમ જેમ પાસે જતા જઇએ છીએ, તેમ તેમ આપણા અંતરમાં પ્રસન્નતા, પવિત્રતા વધતા જાય છે. કોણ હશે એ ? "

" અહો ! એ તો શ્રમણ ભગવાન્ વર્ધમાનકુમાર મહાવીર દેવ ! "

"અહા! આજે તો કોઈ અપૂર્વ ભાવમાં જણાય છે!"

" ઓ! પૂર્ણ યોગીન્દ્ર! સિદ્ધાર્થ સુત! તમને કોટિ કોટિ વંદન ! ! ! "

" અહાહા ! અંદરનો શુક્લ ધ્યાન રૂપી ક્ષીરસાગર ભરતીમાં આવી મર્યાદા મુકી કેમ જાણે બહાર રેલાતો હોય! અહા ! વાતાવરણમાં કેટલી બધી પવિત્રતા વિસ્તરી રહી છે ? ખરેખર એ ત્રિભુવનના ત્રિકાળના યે સકળ પાપ ધોઇ નાંખવા માટેના પોતાના સામર્થ્યની સાક્ષી પુરે છે. "

" અહો! શો ચમત્કાર! જુઓ તો-પ્રભુજી એકાએક ઉભા થઇ ગયા !

ઘણા વખતથી ભારે મરતી પૃથ્વીએ જાણે છુટકારાનો દમ ખેંચ્યો !

વાંસની નળીયોમાં પ્રવેશ કરી આનંદ સંગીત લલકારતો વાયુ, જગતને વધામણી આપવા વાતો વાતો ચાલ્યો ગયો !

જળતરંગો નાચતાં નાચતાં-ગાતાં ગાતાં દોડી જવા લાગ્યાં

## પ રિ ણા મ

આખા યે વિશ્વમાં પ્રકાશનો એક અદ્‌ભૂત ચમકારો ક્ષણુ વાર ચમકી ગયો !

શાંત નામે રસરાજ આ ક્ષણે બની ધણી,
રેલાવે શાંતિ વિશ્વમાં અપૂર્વતા ભરી ઘણી.
હિંચે, હસે, રમે, કૂદે, રે ! તત્ત્વ સૌ પ્રકૃતિનાં,
તાલ દઈ, થૈ નાચતાં, રે ! વિશ્વરંગ ભૂમિમાં.—૧

આનન્દના રસે ઝીલે રે તત્ત્વ સૌ પ્રકૃતિનાં.
અવનવા ધરીને સ્વાંગ, પૂરી સૂર ગીતનાં—
ગાન ગાય શાશ્વતાં, રે ! તત્ત્વ સૌ પ્રકૃતિનાં,
ઘૂમે, મચાવે ધૂન ખૂબ ખૂબ વિશ્વમાં.—૨

" અહા ! આ બધો શો ચમત્કાર ? "

" પ્રભુજી **અર્હત્** થયા. **સર્વજ્ઞ** થયા, તેનો આ બધો ચમત્કાર છે ! "

" અરે ! હા, એ તો પેલી મહા પ્રતિજ્ઞાનું **અન્તિમ મહા પરિણામ** ! "

" હા. એ જ. સાડાબાર વર્ષ અને એક પખવાડીયે પરિણામ આવ્યું. "

" ધન્ય દિવસ ! ધન્ય ઘડી ! ધન્ય પળ ! આજનો આ પવિત્ર દિવસ હમ્મેશાં જરૂર સ્મરણમાં રાખવો જ જોઇએ. "

"આજે વૈશાખ શુદી ૧૦ મ છે. ચંદ્ર હસ્તોત્તરા નક્ષત્રમાં બિરાજે છે. અને દિવસનો ચતુર્થ પ્રહર પસાર થાય છે."

## ૮

# પ્રગટ પ્રકાશ અને તીર્થપ્રવર્તન.

૧.

" અહો ! મારાં સર્વ સત્ત્વો ! આવો ! આવો ! આજે જગત્‌માં ઉત્સવ છે ! મહાન્ ઉત્સવ છે ! આવો ! આવો !

સચરાચર આ જગત્‌ની શુભ કે અશુભ, સ્થૂલ કે સૂક્ષ્મ સર્વ પ્રવૃત્તિઓમાં મારો હાથ છે. મારે સત્પ્રવૃત્તિઓના ઉત્સવો ઉજવવા પડે છે, અને અસત્ પ્રવૃત્તિઓની દિલગીરી યે જાહેર કરવી પડે છે. એમ જગત્‌ની સર્વ પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ પરોક્ષ રીતે મારે ભાગ ભજવવો પડે છે.

આવો ! આવો ! આજે મહાન્ ઉત્સવ છે !

જ્ઞાતવંશવિભૂષણમણિ શ્રી વર્ધમાનકુમાર આજે સર્વજ્ઞ, સર્વદર્શી, સિદ્ધ. બુદ્ધ, અર્હન્ થયા છે. તેનો આજે ઉત્સવ છે.

જ્યારે જગત્માં કોઈ પણ જાતનો નાનો કે મોટો સામાન્ય પણ ઉત્સવ પ્રવર્તે છે, ત્યારે લોકો આનંદ અને હર્ષથી ઘેલા બને છે, સર્વ શુભ સામગ્રીઓ ત્યાં એકત્ર થાય છે, અને મારે પણ ત્યાં યથાયોગ્ય અનુકૂળ પરિસ્થિતિ રજુ કરવી પડે છે. તો પછી—

આ રાજકુમાર સ્વભાવે જ પ્રિયદર્શની હતા. જગત્માં મેળવી શકાય તે બધી ઉપભોગની સામગ્રી તેમને સંપ્રાપ્ત હતી. તેનો જીવન પર્યન્ત ઉપભોગ કરવાનો પણ તેમને હક્ક હતો. પરંતુ તે દરેકે-દરેક સામગ્રી તેણે જગત્માં જ રહેવા દીધી-સ્વહતે જ મને પાછી સોંપી દીધી, અને વ્હાલામાં વ્હાલું-કોઇ પણ પ્રાણીને વ્હાલામાં વ્હાલું-શરીર પણ મારે ખોળે જ મૂકી દીધું.

માત્ર અંદર રહેલા મહાચૈતન્યના ભંડારરૂપ આત્માને સ્વાભાવિક વિકાસની પરમ કોટિએ પહોંચાડવાને તેમણે મહા ભગીરથ પુરુષાર્થ ઉપાડ્યો. ખરેખર, મારા એ મહાન તત્ત્વના વિકાસનો પ્રયોગ ઉપાડી લઇ, તેમણે મારા ઉપર તેમ જ જગત્ ઉપર મહાન્ ઉપકાર કર્યો છે.

અને વિશેષમાં, તમે જાણીને ખુશી થશો, તમને

હર્ષનાં આંસુ આવશે, તમારાથી હર્ષાનંદનું નૃત્ય થઈ જશે ! કે—આજે ! એ વિકાસ સંપૂર્ણ કોટિએ પહોંચી ચુકયો છે. મહાભાગ, મહામુનિ, મહાયશ, મહાશ્રમણ ભગવાન્ મહાવીર આજે સર્વજ્ઞ, સર્વદર્શી, સિદ્ધ, બુદ્ધ, અર્હન્ થયા છે.

કહો, કહો. મારા વ્હાલા ! સર્વ સત્ત્વો ! કહો. આથી બીજો કયો રૂડો પ્રસંગ આપણે માટે મહાન્ ઉત્સવનો હોઇ શકે ?

પરંતુ, હજુ સાંભળો—

સર્વ પ્રકારે કૃતકૃત્ય થવા છતાં એ મહાપુરુષ પોતાની ઉત્તમ શોધનું જગતને દાન કરવા નિકળી પડ્યા છે–જૃંભક ગામથી રાતોરાત નિકળી ચૂકયા છે. અને એ જ માટે **અપાપા** તરફ જ રહ્યા છે.

આ કાર્યથી બીજું કોઇ મહત્ કાર્ય, ઓ ! મારાં શાશ્વત્ ભાવો ! તમે કદી ક્યાં યે જોયું કે સાંભળ્યું છે ? માટે બસ. આવો, આવો. આજે મહાન્ ઉત્સવ છે, આવો !

આપણી સર્વોત્કૃષ્ટ અને સર્વાંગસુંદર સર્વ સામગ્રી તેને ચરણે ધરી દો : આપણી સર્વ સામગ્રી જગત્‌ની જ છે, જગત્‌ને માટે જ છે. જગત્‌નો જ આજે સર્વોત્કૃષ્ટ ઉત્સવ છે. જગત્ તે ઉજવે છે. અને ફરી ફરીને આવો રૂડો અવસર ક્યારે આવવાનો હતો ?

હવે જો તમારી ખાત્રી થઈ ચુકી હોય, તમારા

દિલમાં પ્રમોદ જાગ્રત્ થયો હોય; તો, એ મહાન્ ઉપદેષ્ટા પધારે–આ ભૂમિને પાવન કરે, તે પહેલાં જ તમારૂં કર્તવ્ય બજાવવાને તત્પર થઇ જાઓ. અને તમારા મુખ્ય મુખ્ય કાર્યાલયો દ્વારા સર્વ સામગ્રી પુરી પાડો:—

તમારા સંદેશવાહક સૂક્ષ્મ તત્ત્વો દ્વારા જગત્ભરમાં વિજળીને વેગે આ મંગળ સમાચાર પહોંચાડી દો: ત્રિલોકમાં સર્વ સ્થળે ચળવળ પ્રસરાવી દો: ભાવિતાત્માઓના દિલમાં હર્ષોલ્લાસ ઉત્પન્ન કરો: જગત્ભરના સત્ત્વોને આ તરફ આવવા પ્રેરો, અને તેઓના માર્ગ કલ્યાણમય બનાવો: તથા એ મહા સાત્ત્વિકશિરોમણિના યે માર્ગમાં તેઓ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં આજુબાજુ અને સર્વત્ર ઉપદ્રવ કંટકો દૂર કરી અનુકૂળતાનું વાતાવરણ ફેલાવ્યા કરો: વિશેષમાં પેલા **મહાસેન** વનમાં યજ્ઞવાટકોની બાજુમાં જ થોડે દૂર વ્યાખ્યાનપીઠ અને બીજી બધી સર્વ સામગ્રીઓ સાથે ધર્મોપદેશ માટે એક મહાન્ મંડપ [સમવસરણ] રચી કાઢો.

આવા મહાન્ ધર્મોપદેષ્ટાને લાયક, તેમના મહાન ધર્મોપદેશને લાયક, જગત્ભરમાંથી ઉતરી પડતા તેવા જ શ્રોતાઓને લાયક, અને જગત્ભરમાં ધર્મોપદેશનો સંદેશો પહોંચાડવાને સમર્થ એવો સર્વ જગત્માટે, સર્વ જંતુહિતકર એ મંડપ રચો. અને તે કેવો ? સર્વ શ્રેષ્ઠ, સર્વથી ભવ્ય અને સુંદર, તથા સર્વોત્કૃષ્ટ, એવો એ મંડપ રચો.

કારણ કે—એ મહાપુરુષ જગત્‌ના બંધુ છે, જગત્પિતા છે, જગદ્‌ગુરુ છે, અને સમાન ભાવે સર્વના ઉપદેષ્ટા છે. જગતમાંની સર્વોત્કૃષ્ટ એમની મહાન્ શોધ જગત્‌માં જાહેર કરવાની છે—જગત્‌ને દાનમાં આપવાની છે.

અહો ! પૃથ્વી, પાણી, આકાશ, વાયુ, તેજસ્ વનસ્પતિ, દિશાઓ, સર્વ પ્રાણીઓ, ઋતુઓ, પહાડો, પર્વતો, સાગરો અને સરિતાઓમાં અધિષ્ઠિત મારાં સર્વ સત્ત્વો ! તમારામાંથી આશીર્વાદનો પ્રવાહ વરસાવો, અને તમારૂં સર્વસ્વ રજુ કરો: પ્રિય પુત્રિ ! જગત્સૌન્દર્ય-લક્ષ્મિ ! આ સર્વ તંત્રને સૂત્રિત કરવાનો આદેશ તને છે."

"પૂજ્ય માતા ! આપનો એ આદેશ સહર્ષ શિર ચડાવું છું."

"અહો ! અહો ! ઓ ! વાયુકુમાર ! આજે આપે સર્વ કળા અને કુશળતા ભૂતળ પ્રમાર્જન કાર્યમાં રોકી દીધી લાગે છે ! અહો ! મેઘકુમારો ! આપ તો જળ છંટકાવ માટે તૈયાર જ થઈ રહ્યા છો ! ઋતુદેવીઓ ! સર્વ ઋતુઓના પુષ્પોની વૃષ્ટિ કરવાનું તમે તો નહીં જ ચૂકો ! પૃથ્વી માતા ! આજે તો તમારી સર્વ વિભૂતિઓના ભંડારો અર્પણ કરો ! અહો ! દેવગણો ! તમારૂં સર્વ સામર્થ્ય, આજે આ જગત્સેવાના મહાન્ કાર્યમાં ખર્ચી નાંખો ! કળાના અધિષ્ઠાતાઓ ! તમે તમારી સર્વ કળા એમાં પુરજો ! સર્વ

મંગળો અને સર્વ શુભ નિમિત્તો ! હમણાં તમારે અહીં જ હાજરી આપવાની છે ! જગત્માં જુદે જુદે સ્થળે કાર્ય બજાવી રહેલા પ્રકૃતિ માતાનાં બીજાં પણ સર્વ શુભ તત્ત્વો ! તમારા અધિકારનું બધું કાર્ય તમારે હમણાં અહીં જ બજાવવાનું છે !

'જગદુદ્ધારનું કાર્ય છે, જગત્ની આબરૂનો સવાલ છે. માટે કોઇએ કશી કચાશ રાખવાની જ નથી.' એમ શ્રી પ્રકૃતિ માતાનો આદેશ છે. અને સાથે સાથે એવો પણ આદેશ છે કે—' એ મહાનુભાવ પુરુષની, તેમના કાર્યની અને તેમની સાથે સંબંધ ધરાવતી કોઈ પણ વસ્તુની સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવમાં સેવા કરવી. કારણ કે એ જ જગતના શાશ્વત્ કલ્યાણનો માર્ગ છે.'

સર્વત્ર શાંતિ: શાંતિ: શાંતિ: "

*    *    *    *    *

" ॐ इन्द्राय स्वाहा ! ॐ वास्तोष्पतये स्वाहा ! ॐ ब्रह्मणे स्वा—"

" અહો ! ગુરુજી ! ગુરુજી ! આ શું ચાલી રહ્યું છે ? આપ જરા દૃષ્ટિપ્રદાન તો કીજીએ, જી ! "

" કેમ ? શું છે ? બટુકો ! "

" જી ! આપણા યજ્ઞવાટકની પાસે જ આ ધમાલ ! મહા મોટો કોઇ કાર્ય સમારંભ ચાલી રહ્યો છે ! દેવો, દાનવો, યક્ષો, ગાંધર્વો, ભૂતો, પિશાચો, કિન્નરો, વિદ્યાધરો, આર્ય-અનાર્ય સર્વ જાતિના માનવો, સિંહ, હાથી, ગાય,

હંસ વિગેરે પશુ પક્ષિઓ: એ વિગેરે પ્રાણી સમુદાયોનાં ટોળેટોળાં ચાલ્યાં આવે છે. ”

“ પરંતુ, છે શું? શા માટે આવે છે ? ”

“ તે કાંઇ માલૂમ પડતું નથી, ભદન્ત ! ”

“ જનશ્રુતિ શું કહે છે ? ”

“ ભગવંત ! એ પણ બરાબર કાંઇ સમજાતું નથી. ”

“ તોપણ ? ”

“ ‘સર્વજ્ઞ, સર્વજ્ઞ’ એવા કાંઇક શબ્દો સંભળાય છે.”

“ આ: સર્વજ્ઞ ? ”

“ હા, ભગવંત ! લોકો એમ બોલે છે. ”

“ તદ્દન જુઠું ! જાઓ. દત્તચિત્તે અધ્યયન કરો. ”

“ તથેતિ ભગવંત: ” વિદ્યાર્થીઓ અધ્યયન શાળામાં દોડી ગયા.

*   *   *   *   *

“ શું કદાપિ સર્વજ્ઞ સંભવી શકે ?

ના, ના. ન જ સંભવે........કેમ સંભવી શકે ?

બસ, કોઈ મહા માયાવી ઇંદ્રજાલિક જ હશે. કેમ ન હોય ? એવા ઘણા યે ચાલ્યા આવે છે.

લોકો તેની માયા-જાળમાં જરૂર ફસાશે ?

બ્રાહ્મણ તરીકેની તેઓને તેમાંથી બચાવવાની મારી અનન્ય ફરજ છે. બસ, તેનો તપાસ કરવો જ પડશે; અને તેના સમૂલોચ્છેદનો ઉપાય પણ સાથે સાથે ચિંતવવો પડશે.

છતાં કદાચ જો મારા સંશયોના સમાધાનો આપશે, તો અભૂતપૂર્વ સર્વજ્ઞ સાથે મેળાપ થશે.

ઠીક છે, બન્ને રીતે ફાયદો છે. બસ, અવિલંબે જ જવું જોઇએ. "

* * * * *

" બંધુ અગ્નિભૂતે ! "

" શો આદેશ છે ? આર્ય ! "

" વત્સ ! એ જાલિકની ચકાસણી માટે મારે આ ક્ષણે જ જવું જોઇએ, અને જાઉં છું. "

" આપનો આદેશ શિર ચડાવનાર હું હાજર છતાં આપ જાતે શા માટે આ આયાસ સેવો છો ? પૂજ્ય ! "

" વત્સ ! આ કોઈ મહા માયાવી જણાય છે. એમાં તમારૂં કામ નહીં. હું જાતે જ જાઉં છું. તમે યજ્ઞ કાર્ય શરૂ રાખો, અને સાવધાન રહો. "

**"शिवास्ते पन्थानः सन्तु ! शिवमस्तु ! भद्रमस्तु !"** મુખ્ય દશે ય આચાર્યોએ એકી સાથે આશીર્વચનોનો નિર્ઘોષ કર્યો.

**" विजयन्तां, विजयन्तां श्री पूज्यमिश्रा विजयन्ताम् "** વિજયઘોષણા કરી વિદ્યાર્થીઓએ એકી સાથે ગગન ગજાવી મૂકયું. અને પોતાના પાંચસો શિષ્યોના મંડળ સાથે આચાર્ય પદની સર્વ વિભૂષણ સામગ્રીથી સજ્જ થઈ ગૌતમ-ગોત્રીયમહાબ્રાહ્મણઇંદ્રભૂતિઆચાર્યવર્યે ચાલવા માંડયું.

* * * * *

" હાં. ચાલો, ચાલો. સૂર્યોદય થવા આવ્યો છે. સામે ઝળાંઝળાં થઈ રહેલી જણાય, તે જ **અપાપા નગરી.** "

" પ્રભુજી તો મહાસેન વન તરફ વળ્યા ! માટે આપણે ય તે તરફ જ ચાલો. "

* * * * *

" પૂર્વદ્વારેથી પ્રભુજીએ પ્રવેશ કર્યો. અહો ! સર્વ પરિષદો સ્વાગત કરવા કેવી ઉભી થઈ ગઇ છે ! અહો ! કેવી અપૂર્વ શાંતિ પ્રસરી રહી છે. "

" અરે ! સ્વાભાવિક વૈરી પશુ–પક્ષિઓ પણ વૈર તજીને બંધુ ભાવથી પાસે પાસે બેઠા છે ! તો પછી બીજાઓની તો વાત જ શી ? "

" અરે ! પણ જુઓ તો–સામે જ વાઘ ને બકરી, પાસે પાસે બેઠા છે. પેલું હરણ સિંહની અડોઅડ ઉભું છે. ક્યાં ગયો સિંહનો ક્રૂર ભાવ ? અને ક્યાં ગયો હશે હરણનો એ મહાભય ? "

" શ્રી ભગવંતે પરમોચ્ચ કોટિએ પહોંચાડેલા અહિંસાના–પરમ કરૂણાના–જળ સાગરમાં ડુબી ગયા છે, એ વૈરભાવ. "

" જુઓ, સામે જુઓ. પ્રભુજી ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દે છે. એક,..........બે,..........ત્રણ. "

" બસ, ત્રણ પ્રદિક્ષા દીધી. પરંતુ આ તરફથી વિ-

ધાર્થીઓના મંડળ સાથે આ કોણ મહાબ્રાહ્મણ ચાલ્યા આવે છે?"

"હશે કોઈ. પુષ્કળ જનસમુદાય ચાલ્યો આવે છે. પરંતુ સાંભળો, પ્રભુજી કંઈક બોલે છે."

"**नमो तित्थस्स.**"

"અહો ! મસ્તક નમાવી નમસ્કાર પણ કર્યો."

"જુઓ. જુઓ ! પાદપીઠ પર ચરણકમળ સ્થાપીને સિંહાસન પર એ જગન્નાથ બેઠા."

"અહા ! ચારે તરફ વિસ્તરી રહેલા આ મનોહર ભવ્ય સૌન્દર્યનું આબેહૂબ વર્ણન કોઈ કવિજનની કલ્પના કરી શકે ખરૂં ? અને કોઈ ચિત્રકાર જગત્માં જન્મ્યો હશે ? કે જે આ ચિત્ર બરાબર રેખાંકિત કરી શકે ?"

* * * * *

"આ....હ ! ફટાટોપ તો ભારે જબ્બર છે !"

"આવો, આવો. ગૌતમ ઇન્દ્રભૂતે ! આવો."

"અરે ! પણ આ વિપ્રવર ઠંડા કેમ પડી ગયા ?"

"દેવાનુપ્રિય ગૌતમ ઇંદ્રભૂતે ! શા વિચારમાં છો ?

હે મહાપ્રાજ્ઞ ! વેદત્રયી, ઉપનિષદ્, ઇતિહાસ, પુરાણ, કલ્પ, છંદઃ, જ્યોતિષ્, વ્યાકરણ, નિરુક્ત વિગેરે વૈદિક શ્રુતના અને બીજા શાસ્ત્રીય સાહિત્યના ખરેખર તમે પારગામી છો.

તેનું શ્રવણ, મનન, ચિન્તન અને ઉંડું નિદિધ્યાસન

તમે કર્યું છે. જગત્ જે તત્ત્વો પર સ્થિર છે, તેનો સાર તમે તે શાસ્ત્રોમાંથી વિચાર્યો છે. આત્મકલ્યાણની આધ્યાત્મિક પ્રગતિની સરણિ તમે સમજી લીધી છે. લોકવ્યવહારના ઘણા નિયમો તમે તેમાંથી તારવી કાઢ્યા છે. તે શિવાય અનેક જાતના વૈજ્ઞાનિક તત્ત્વોનો તમે પત્તો મેળવ્યો છે, એટલું જ નહિં પરંતુ તે દરેકનો પરસ્પર સમન્વય પણ નિશ્ચિત કર્યો છે.

છતાં તમને પરસ્પર વિરોધિ જણાતા ઉપનિષદ્‌ના બે વાક્યો પરથી પુનર્જન્મ વિષે સંદેહ છે. ”

“ હા, પ્રભો ! ખરેખર એમ જ છે. મારા મનમાં એ સંશય હોવાનું આજે જ ખૂલ્લી રીતે માત્ર આપની જ પાસે કબુલ કરૂં છું. ”

“ દેવાનુપ્રિય ! મહાનુભાવ ! ગૌતમ ! એજ તમારી સરળતા, યોગ્યતા, ભવ્યતા અને સંસ્કારિતા પુરવાર કરે છે.

પરંતુ, હું સમજાવું તે દૃષ્ટિબિંદુથી જો તમે ઉપનિષદ્‌ના એ વાક્યો બરાબર વિચારી જોશો, તો તમારી ખાત્રી થશે કે–એ વાક્યો પરસ્પર વિરુદ્ધ નથી, પણ સંગત છે. ”

“ પ્રભો ! હું આપના વચનામૃતનું જ પાન કરી રહ્યો છું, સર્વથા સાવધાન જ છું. ”

“ તે બે વાક્યો ? તે આઃ—

"**विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञास्ति, इति।**" [ વિજ્ઞાનઘન આત્મા પંચભૂતોમાં ઉત્પન્ન થઇ. તેમાં જ વિલય પામે છે. મરણ પછી તેની સંજ્ઞા કાયમ નથી. અર્થાત્ પુનર્જન્મ નથી. ]

"**अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः।**" [ સ્વર્ગના ઇચ્છુએ અગ્નિહોત્ર હોમ કરવો જોઇએ. ]

પહેલા વાકય ઉપરથી તમને એમ સમજાયું છે કે, પુનર્જન્મ નથી. અને બીજા વાકય ઉપરથી એમ સમજાયું છે કે, પુનર્જન્મ છે. આ જ તમારા સંશયનું બીજ છે. "

" હા પ્રભો ! "

" પ્રથમ વાક્યમાંના **વિજ્ઞાનઘન** શબ્દનો અર્થ આત્મા ન કરતાં, કોઇ પણ વસ્તુનું જ્ઞાન કરતી વખતે પ્રવર્તતો ' ઉપયોગ—જ્ઞાનની પ્રવૃત્તિ કે જ્ઞાનનો વ્યાપાર ' એવો કરવો.

એક જ્ઞાન વ્યાપાર ઉત્પન્ન થાય છે ત્યારે પૂર્વનો જ્ઞાનવ્યાપાર નાશ પામે છે. વળી બીજો જ્ઞાનવ્યાપાર ઉત્પન્ન થાય એટલે પ્રથમનો જ્ઞાનવ્યાપાર નાશ પામે છે, એટલું જ નહિ પણ તે જ્ઞાનવ્યાપારનું પૂર્વનું નામ પણ કાયમ રહેતું નથી. દાખલા તરીકે—

કોઈ ઋદ્ધિમાન્ ગૃહસ્થ સુંદર ઘોડાઓ જોડાવી શીઘ્રગામી વાહનમાં બેસીને રસ્તે જતા હોય, ત્યારે તેમની દૃષ્ટિ એક પછી એક, એમ અનેક પદાર્થો પર પડે છે. તે વખતે

જો નિપુણતાથી સમજવામાં આવે તો–તે તે વસ્તુના જ્ઞાનવ્યાપારો ઉત્પન્ન થતા જાય છે; અને જેમ જેમ નવા ઉત્પન્ન થતા જાય છે, તેમ તેમ પૂર્વના જ્ઞાનવ્યાપારો નાશ પામતા જાય છે; અને સાથે તે તે વસ્તુના જ્ઞાનવ્યાપારોના નામો પણ કાયમ રહેતા નથી.

તે તે પદાર્થોને આધારે જ્ઞાનવ્યાપારો ઉત્પન્ન થાય છે, છતાં તે જ્ઞાનવ્યાપાર ચલાવનાર આત્મા તો કાયમ જ રહે છે, તેનો નાશ થતો જ નથી. અર્થાત્ આ વાક્ય આત્માના જ્ઞાનવ્યાપારના ઉત્પત્તિ અને નાશનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે, નહીં કે–આત્માની ઉત્પત્તિ કે નાશ પરક તેનું તાત્પર્ય છે.'

"હે અર્હન્ જગદ્ગુરો ! હવે હું નિઃશંક થયો છું. હે સંતપુરુષ ! આજથી આપ જ મારા ગુરુ છો, દેવ છો, એકંદર સર્વસ્વ છો. હવેથી સપરિવાર હું આપને જ શરણે છું."

"અરે ! પણ એક પછી એક એમ બીજા દશે ય વિપ્રો શંકાના સમાધાન થવાથી સપરિવાર શ્રી ભગવંતના કેવા અનુયાયિ બનતા ગયા !"

* * * * *

"વિનયાવનત મસ્તકે અંજલી જોડી ભક્તિપૂર્ણ ચિત્તે આ કોણ ઉભા થયા છે ?"

"એ દેવગણના રાજા છે. પ્રભુજીની સ્તુતિ કરવા ઉભા થયા છે. જુઓ, દક્ષિણાવર્ત સહિત ત્રણ વાર વંદન કરી સ્તુતિની શરૂઆત કરે છે—"

# પ્રગટ પ્રકાશ અને તીર્થપ્રવર્તન

"નમોઽસ્તુ—

ભગવન્ અર્હન્ ! આદિકર !
હે સ્વયંસંબુદ્ધ ! ને તીર્થંકર !
હે પુરુષોત્તમ ! પુરુષસિંહ ! અને પુરુષ–વર પુંડરીક !
તમે ખરેખર પુરુષ–વરગંધહસ્તિ છો.
હે લોકોત્તમ !
તમે લોકનાથ છો, તેથી
લોક હિતકર છો;
તમે લોકપ્રદીપ છો, તેથી
લોકપ્રદ્યોતકર છો.
તમે જગત્‌ને નિર્ભય કરો છો,
કેમકે–
તમે જ જગત્‌ને જ્ઞાનચક્ષુ અર્પો છો.
અને સાથે સાથે
સત્ય માર્ગ બતાવીને
અશરણ જગત્‌ને શરણે લો છો.
એટલું જ નહીં, પરંતુ—
શુદ્ધ બોધ અને શુદ્ધ ધર્મ જગત્‌ને દાન કરો છો.
તેથી જ તમે
ખરેખરા ધર્મોપદેશક અને ધર્મનાયક છો, ને
માર્ગભ્રષ્ટોને સારથિ થઇ ધર્મમાર્ગમાં દોરો છો,
કેમ કે, તમે

## કરેમિ ભંતે !–સૂત્ર

ધર્મરાજ્યના ચાતુરંત ધર્મ ચક્રવર્તિ છો.
તમારાં જ્ઞાન અને દર્શન અપ્રતિહત છે.
કેમકે
તમારાં અજ્ઞાન અને સંમોહ સર્વથા નાશ પામ્યા છે.
તમે વિજયી થયા છો, માટે જ
બીજાને વિજય અપાવી શકો છો.
તમે વિજયી થયા છો, એટલું જ નહીં, પરંતુ
બીજાને યે વિજય અપાવવા તત્પર થયા છો.
તમે પાર પામ્યા છો, માટે જ
બીજાને પાર પહોંચાડી શકો છો.
તમે પાર પામ્યા છો, એટલું જ નહીં, પરંતુ
બીજાને યે પાર પહોંચાડવા તત્પર થયા છો.
તમે બુદ્ધ થયા છો, માટે જ
બીજાને બોધ આપી શકો છો.
તમે બુદ્ધ થયા છો, એટલું જ નહીં, પરંતુ
બીજાને યે બોધ આપવા તત્પર થયા છો
તમે બંધનમુક્ત છો, માટે જ
બીજાને બંધનમુક્ત કરાવી શકો છો.
તમે બંધનમુક્ત છો, એટલું જ નહીં, પરંતુ
બીજાને યે બંધનમુક્ત કરાવવા તત્પર થયા છો.
માટે—
હે સર્વજ્ઞ ! સર્વદર્શી ! ભગવન !
આપને અમારા કોટિશઃ વંદન ! ”

## પ્રગટ પ્રકાશ અને તીર્થપ્રવર્તન

*   *   *   *   *

"હે ભવ્ય જીવો !

**તમે સામાયિક કરો:**

**સામાયિક કરો:**

**સર્વ સાવદ્યયોગની વિરતિ કરો:**

* જો તમે કલ્યાણ ઇચ્છતા હો ! *

જો તમે નિર્વાણ વાઞ્છતા હો !

સર્વ શ્રેષ્ઠ કર્તવ્યોમાંનું પરમ પ્રધાન કર્તવ્ય છે, એ.

પૂર્વના સંખ્યાતીત મહાપુરુષોએ આચર્યું છે, એ.

ત્રિલોકમાં સારભૂત સર્વ અનુષ્ઠાનોમય અનુષ્ઠાન છે, એ.

* એમ હું સર્વજ્ઞ સર્વદર્શી થઇને પ્રતિપાદન કરૂં છું. *

જગતભરના સર્વ જંતુઓના હિતને માટે પ્રતિનપાદ કરૂં છું.

મેં અનુભવ્યું છે, તેનું પરિણામ પ્રાપ્ત કર્યું છે;

તેથી પ્રતિપાદન કરૂં છું.

તીર્થંકર તરીકેનું મારૂં કર્તવ્ય સમજીને, હું પ્રતિપાદન કરૂં છું.

* આ પરમ ધર્મ છે, પરમ યજ્ઞ છે, *

નિવૃત્તિમય આધ્યાત્મિક જીવનનું કેન્દ્ર છે.

જ્ઞાનીઓના જ્ઞાનનું, ધ્યાનીઓના ધ્યાનનું, અને

તપસ્વીઓના તપનું યે કેન્દ્ર છે.

નિર્દોષ નિર્વિકારી અને ગુણગ્રાહક: એવું એ

*આધિ, વ્યાધિ અને ઉપાધિનું પરમ વિશુદ્ધતર ઔષધ છે.*

*સર્વાંગ સુંદર એ મહાન્ ધર્મ કલ્પદ્રુમ છે— *

સત્યના અચળ પાયા પર તે અધિષ્ઠિત છે.

વિનય એટલે નમ્રતા અને ભક્તિ: તેનું મૂળ છે.

અહિંસા: તેનો સર્વવ્યાપી પ્રાણ છે.

નિર્મળ જ્ઞાન: તેના સર્વદેહવ્યાપી જીવનતંતુઓ છે.

* વિશુદ્ધ શ્રદ્ધા: તેનું મજબૂત થડ છે.

ઉપશમ, વિવેક અને સંવર:
તેની પ્રધાન શાખાઓ છે.

પંચમહાવ્રતની ભાવના જળથી સદા તે સંસિક્ત છે.

પંચાચારના અખૂટ ખજાનામાંથી
* રસકસ મેળવી એ સદા ફાલ્યુ ફૂલ્યું રહે છે. *

બ્રહ્મચર્યના વજ્રમય કવચથી સદા સુરક્ષિત છે, એ.

પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપી
પૂજ્ય માતાઓની તેના પર નિરંતર દેખરેખ છે.

ષડાવશ્યક રૂપ પત્રોની ઘાટી ઘટામાં સદા લીન થયેલા
* સર્વ સંગ ત્યાગી અપ્રમત્ત મહાત્માઓ રૂપી પક્ષિઓ
કુક્ષિસંબલ થઇ નિરંતર તેને સેવે છે.

શત્રુ, મિત્ર: કાંચન, લોષ્ઠ: અને એકંદર
અનુકૂળ તથા પ્રતિકૂળ: એવા જગત્‌ના સર્વ ભાવો પર
પરિપૂર્ણ સમાનતા સિદ્ધ કરવા નિકળી પડેલા
મોક્ષ માર્ગના મુસાફરો
* વ્રત, સંયમ અને તપે કરીને ભાવિતાત્મા થઈ, *

સર્વ પ્રાણીઓના કલ્યાણની વિશ્વપ્રેમી ભાવના રૂપી *
તેની ગાઢ છાયામાં હમ્મેશાં આશ્રય લઇ શકે છે.
તેમાંથી નિરંતર ટપકતો ઉપદેશ રૂપી અમૃતરસ,
પ્રાણીઓને ગભરાવી નાંખનારા સર્વવ્યાપી
કામ–ક્રોધાદિક મહાવિષોના પ્રચારો અટકાવે છે.
* તમે સર્વ જાણો છો, અને અનુભવો છો, કે— *
જગત્‌માં કોઇને સુખ નથી,
સર્વત્ર જાણે દુઃખ જ વ્યાપી રહ્યું છે;
રોગ: શોક: જન્મ: જરા: ક્લેશ: આસક્તિ: ભૂખ: તરસ:
સંયોગ: વિયોગ: અને આખરે મરણ: એટલે
* કાળના વિકાળ જડબામાં અશરણ પ્રાણીને હતાશ *
થઇ પ્રવેશ કરવો પડે છે;
કેમ જાણે બધા જીવાત્માઓ પિંજરમાં પુરાયા હોય,
કેમ જાણે જાળમાં સપડાયા હોય, અને
એવી અનેક યાતનાઓ એકલા અશરણ ભાવે અનુભતા હોય છે;
* એ બધું તમે જાણો છો, અને અનુભવો છો; *
એ જાળની, એ પિંજરની મોહક ખુબી તો એવી છે, કે–
તેમાં રહ્યા રહ્યા જીવાત્માઓ સુખ માને છે, આનંદ માને છે,
કદાચ કોઇ દુઃખ તરીકે સમજાવે તો તેને
હસી કાઢનારા યે પડ્યા છે.
હું ખાત્રીપૂર્વક કહું છું, હું ભાર મૂકીને કહું છું કે—
*એ જાળને તોડી નાંખવાને, એ પિંજરને છિન્નભિન્ન કરવાને*

* પુરેપુરા સમર્થ એવા સંયમ સ્થાનકો રૂપી *
તીક્ષ્ણ શસ્ત્રાસ્ત્રની યથાયોગ્ય સામગ્રીથી સદા યે તે
[ સામાયિક ધર્મ ] સંપૂર્ણ સંપન્ન છે.
સર્વજ્ઞત્વ અને તીર્થંકરત્વ વિગેરે તેના સુગંધિ પુષ્પો છે.
નિર્વાણ પ્રાપ્તિ: એ તેનું સુમધુર અને મનોહર ફળ છે.
* જગત્‌ના ચોકમાં *
ત્રિલોકના વિશાળ ઘુમ્મટમાં
એ મહાન્ વૃક્ષ રોપવામાં આવે છે.
જગત્‌ના સર્વ ભાવોનું આનુકૂલ્ય રૂપી અમૃત
તેના પર સદા યે વર્ષી રહ્યું છે.
* ત્રિકાળમાં યે એ અબાધિત અને અપ્રતિહત છે. *
સદા-સર્વદા એક સરખું ઉપયોગી અને કલ્યાણપ્રદ છે.
પતિતમાં પતિતથી માંડીને
જગત્‌ના સર્વ પ્રાણી જાત માત્રનું
હિતકર ને ક્ષેમંકર છે, એ.

*માટે હે ભવ્ય પ્રાણીઓ ! *
પોતપોતાની શક્તિ અને સાધન પ્રમાણે
મનથી, વચનથી, કાયાથી અથવા એકી સાથે ત્રણેયથી
નિરંતર તેનું સેવન કરો,
કરાવો અને
બીજા કરનારને અનુકૂળ થાઓ.
* જેને જે જાતનો જે લાભ જોઇશે, *

* તેને તે જાતનો તે લાભ તેનાથી પ્રાપ્ત થશે. *
તમારી સર્વ શુભ પ્રવૃત્તિઓનું તેને કેન્દ્ર બનાવો.
તમારા સર્વ જીવનનું તેને કેન્દ્ર બનાવો.
કારણ કે
તે મંગળમય છે, સિદ્ધિપ્રદ છે.

*આ મહત સત્ય— *
પરિપૂર્ણ, અનુત્તર અને સંશુદ્ધ છે.

આ જ—
સિદ્ધિનો માર્ગ છે, મુક્તિનો માર્ગ છે, નિર્વાણનો માર્ગ છે,
અને એકંદર સર્વ દુઃખોના નાશનો પરમ ઉપાય છે.

*તેને સેવનારા— *
સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે,
પરિ નિર્વાણ પામે છે. અને એકંદર
સર્વ દુઃખોનો અંત કરે છે.

જે—
* તેના પર શ્રદ્ધા રાખશે, *
તેને પ્રાપ્ત કરશે એટલે બુદ્ધિગમ્ય કરશે, અને
તેના પર રુચિ જાગૃત કરશે;
તેમ કરીને

જે—
તેનો સ્પર્શ એટલે સ્વીકાર કરશે,
* તેનું ધીમે ધીમે પાલન કરશે, અને

* તેનું અનુપાલન એટલે સંપૂર્ણ પાલન કરશે. *
તે—

સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે,
પરિનિવૃત્ત થશે, અને એકંદર
સર્વ દુ:ખોનો અંત કરશે.
* તમે આ સત્ય પર શ્રદ્ધા રાખો, *
તમે તેને બુદ્ધિગમ્ય કરો, અને
તેના પર તમારી રુચિ જાગૃત કરો.
અને તેમ કરીને જો
તમે તેનો સ્પર્શ કરો, તેનું પાલન કરો, તેનું અનુપાલન કરો,
* તો ચોક્કસ તમે *

સિદ્ધ થશો,
બુદ્ધ થશો,
મુક્ત થશો,
પરિનિર્વાણ પામશો, અને
એકંદર સર્વ દુ:ખોનો અંત કરશો."

* * * * *

"તે જ નિ:શંક સત્ય છે. તે જ નિ:શંક સત્ય છે.
તે જ નિ:શંક સત્ય છે."

"અહા ! સર્વ પરિષદોમાંથી ગંભીર અને મધુર કેવો સુંદર ધ્વનિ ઉઠ્યો !"

"હે ભગવંત !

અમને તેના પર શ્રદ્ધા જાગ્રત્ થઈ છે.
અમને તે બુદ્ધિગમ્ય થઈ ચૂક્યું છે.
અમને તેના પર સંપૂર્ણ રુચિ ઉત્પન્ન થઈ છે.
અમને તેનો સ્પર્શ કરવાની ઈચ્છા થઈ છે.
અમને તેનું પાલન કરવાની ઈચ્છા થઇ છે.
અમને તેનું અનુપાલન કરવાની સંપૂર્ણ ઇચ્છા થઇ છે."

"—તો, એક ક્ષણ વારનો પણ વિલંબ ન કરો, ન કરો."

" 'તથા' ભદન્ત ! 'તથા' ભદન્ત ! 'તથા' ભદન્ત ! "

*　　　*　　　*

" હે મહાસાત્ત્વિકશિરોમણિઓ ! મને શ્રી દેવ-રાજની પરમ આજ્ઞા છે, જેથી કરીને હું **વૈશ્રવણ** નામનો તેમનો કોષાધ્યક્ષ આપ સર્વેને શ્રમણલિંગની સર્વ સામગ્રી પુરી પાડવા ઇચ્છું છું. "

" ઇન્દ્રભૂતિ વિગેરે હે ! વિપ્રવરો ! અને આર્યે ! ચંદને ! તમારે કલ્પ્ય છે, એ.

" 'તથા' ભદન્ત ! "

" ત્રણ પ્રદક્ષિણા દઇ [ચૈત્યવૃક્ષ, તીર્થંકર અને શાશ્વત્ તેમ જ વર્તમાન] તીર્થને વંદન કરો, અને હવે પછી શરૂ થવાના તમારી મહા સાધના અને ઉત્કૃષ્ટ જીવનપ્રયોગની શરૂઆતમાં મહામંગળ રૂપ શાશ્વત્ પરમેષ્ઠિ મહામંત્રની ભાવ આરાધના કરો. "

" 'તથા' ભદન્ત !

१. नमो अरिहंताणं,
नमो सिद्धाणं,
नमो आयरियाणं,
नमो उवज्झायाणं,
नमो लोए सव्वसाहूणं.

२. नमो अरिहन्ताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं,
नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं.

३. नमो अरिहन्ताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं,
नमो उवज्झायाणं, नमो सव्वसाहूणं."

" હવે શાશ્વત્ એવા સામાયિક દંડક મહાસૂત્રનો ઉચ્ચાર કરો."

" મહાપ્રસાદ !

करेमि भन्ते ! सामाइयं.
सव्वं सावज्जं जोगं पच्चक्खामि- } -जावज्जीवाए;

—तिविहं तिविहेणं;—

[ मणेणं, वायाए, कायेणं;—
न करेमि,
न कारवेमि,

करन्तं पि अन्नं न समणुजाणामि; ने.
तस्स–भन्ते ! पडिक्कमामि,
—निन्दामि,
—गरिहामि.
अप्पाणं वोसिरामि. ”

“ અહો ! સ્વયંબુદ્ધ ભગવંતે પણ મહાભિનિષ્ક્રમણ વખતે આ જ મહાસૂત્ર પાઠ સ્વયં ઉચ્ચાર્યો હતો. ”

“ હા. પરંતુ ભંતે ! શબ્દો શિવાય. ”

* * *

“ અહો ! ભગવન્ ! ત્રિકાળદર્શી નાથ !

આ સર્વ મહાનુભાવો અને મહાનુભાવાઓ આ મહા પ્રતિજ્ઞા લઇ જે રીતે નિકળી પડે છે, તે જોઈ અમારૂં અંતઃકરણ આશ્ચર્ય સાગરમાં ડુબી જાય છે. અમે પણ આપના પવિત્ર દર્શનથી કૃતાર્થ થયા જ છીએ; પરંતુ ભગવન ! અમારો કાંઇ તરણોપાય ? ”

“ તમે પણ સામાયિક કરો. સામાયિક કરો. ”

“હે નાથ ! અમને તેના પર શ્રદ્ધા જાગ્રત્ થઇ છે. અમે તેને બુદ્ધિગમ્ય કરી લીધું છે. યાવત્ અમને તેનું અનુપાલન કરવાનું યે મન થઈ આવે છે. પરંતુ, અમારૂં શું ગજું ?

કારણ કે–ધન–ધાન્ય, કુટુંબ–પરિવાર અને જુદા જુદા

વૈભવોથી ઘેરાયેલા અમે પંચેન્દ્રિયોને વશવર્તી છીએ, અમારા ચિત્તમાં તે વસ્તુઓ પર જોઇએ તેવો નિર્વેદ જાગ્રત્ થયો નથી.

કેવળ ભિક્ષાવૃત્તિ થઈ, અરણ્યમાં વન-મૃગલા માફક વિહાર કરતાં કરતાં પરમ ગુરુઓની પાદશુશ્રુષાથી સાધ્ય એવા **પરમ સામાયિક ધર્મ**ના વિકટ માર્ગમાં લીન થઈ આ મહાનુભાવ મહાત્માઓની માફક સંપૂર્ણ જીવન વિતાડવું, એ અમારે માટે ભારે દુર્ઘટ કાર્ય જણાય છે.

સામાયિક ધર્મની અપૂર્વતા અને અતિ મહત્તા, તથા અમારી પરિસ્થિતિ અને અશક્તિનો વિચાર કરીયે છીએ, ત્યારે અમને અમારી નબળાઇનું પૂરેપૂરૂં ભાન થાય છે, અમારૂં હૃદય કંપી ઉઠે છે, ને હતાશ થઇ જવાય છે. "

" તમારે લેશ માત્ર પણ હતાશ થવાની જરૂર નથી.

૨. તમે તમારી યથાયોગ્ય શક્તિ પ્રમાણે હિંસાદિનું દેશત: પ્રત્યાખ્યાન કરી શીળ રૂપ **દેશ સામાયિક ધર્મ**નું આરાધન કરો. તેમ ન બની શકે તો—

૩. મહા શ્રમણોના ઉપાસક અને ઉપાસિકા થઈ, માત્ર અજ્ઞાન સ્વરૂપ સાવદ્ય અંશનું પ્રત્યાખ્યાન કરી, શ્રુતના સમ્યગ્યદર્શની શ્રાવક [ શ્રોતા ] થઇ શ્રુત સામાયિક ધર્મની આરાધના કરો. અને તેમ પણ ન બની શકે તો—

૪. સાંગોપાંગ આ સામાયિક ધર્મ અને તેના સાંગો-

પાંગ તીર્થ તરફ અનન્ય રુચિ–પ્રીતિ ધારણ કરી, એટલે કે–મિથ્યા ખ્યાલો રૂપ સાવદ્ય અંશનું પ્રત્યાખ્યાન કરી, અર્થાત્ **શ્રાદ્ધ થઈ સમ્યક્ત્વ સામાયિક ધર્મ**ની આરાધના કરો. કેમકે–એટલેથી પણ છેવટે તીર્થમાં તમારૂં સ્થાન રહેશે જ રહેશે. જેથી કરી ઉત્તરોત્તર મહાસામાયિક ધર્મની યોગ્યતા અને સામગ્રી પ્રાપ્ત કરી પરંપરાએ નિર્વાણ જલ્દી પ્રાપ્ત કરી શકશો.

તેમ પણ જેનાથી ન બની શકે, તેણે તીર્થ બહાર રહ્યા રહ્યા તીર્થાભિમુખ ચિત્તવૃત્તિ રાખી પૂર્વસેવાદિક કુશળ કર્મ એવી રીતે કરવાં કે જેથી કરી માર્ગગામી–માર્ગાનુસારી બની સમ્યક્ત્વ સામાયિકાદિકની યોગ્યતા અને સામગ્રી પ્રાપ્ત કરી પરંપરાએ મોક્ષ પ્રાપ્ત કરી શકાય. ”

“ ભગવન્ ! જરૂર અમે એમાંની તો કોઇ પણ રીતે સામાયિક ધર્મ આરાધી શકીશું જ. ”

“ –તો, તમે જુદી જુદી રીતે દેશ આરાધકો છતાં એકી સાથે યથાવિધિ તીર્થને વંદન કરો, પરમેષ્ઠિ મહામંગળનું સ્મરણ કરો, અને સામાયિકદંડક મહાસૂત્રનો ઉચ્ચાર કરી યથાયોગ્ય પ્રતિજ્ઞા કરો. ”

“ મહાન્ અનુગ્રહ, પ્રભો !

**१. नमो अरिहन्ताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं.**

२. नमो अरि० इत्यादि. ३. नमो अरि० इत्यादि.

करेमि भन्ते ! सामाइयं } –जाव नियमं;
सावज्ज जोगं पच्चक्खामि– } [जाव साहू पज्जुवासामि]

—दुविहं तिविहेणं—

[ मणेणं, वायाए, कायेणं;–

न करेमि,

न कारवेमि. ]

तस्स–भन्ते ! पडिक्कमामि,

—निन्दामि,

—गरिहामि.

अप्पाणं वोसिरामि. ”

“ શ્રાદ્ધ, શ્રાવક, અને દેશ પ્રત્યાખ્યાતા: એ ત્રણેય ગૃહસ્થ ધર્મીઓને માટે પ્રતિજ્ઞા સૂત્ર પાઠ સમાન છતાં, શ્રમણ ભગવંત શ્રી ઇન્દ્રભૂતિ વિગેરેએ ઉચ્ચારિત પ્રતિજ્ઞા સૂત્ર પાઠ કરતાં આમાં ઘણો તફાવત જણાય છે. ”

“ હા, પરંતુ એ સૂક્ષ્મ વિચાર પછી જ કોઇ પ્રસંગે કરીશું. હાલ તુરત તો–એક પછી એક અહીં શો કાર્યક્રમ ચાલે છે, તે તરફ બરાબર ખ્યાલ રાખવો વધારે આવશ્યક છે. ”

* * * * *

" હે ભિક્ષુઓ વા ભિક્ષુણીઓ વા !

હવેથી તમારે તમારા જીવન પર્યંત પ્રત્યેક ક્ષણે—

[૧] એકાગ્ર થઇ સામાયિક ધર્મમાં પ્રગતિ કરવાની છે. તથા

[૨] સર્વ સાવદ્યયોગોના પ્રત્યાખ્યાન રૂપ પંચમહાવ્રતાદિકની પ્રતિજ્ઞા કરી છે, તેથી એ સાવદ્યયોગો તમને ક્યાંય ભૂલાવો ન ખવડાવે, તે ફાવી ન જાય, માટે તેથી પૂરે-પૂરા સાવચેત રહેવાનું છે.

[૩] આ સાધનાના અંતિમ આદર્શભૂત તીર્થંકરોના હૃદયથી સ્મરણ, સ્તવન અને કીર્તન તમારી આ વિકટ સાધનામાં અવલંબન માટે નિરંતર કરજો. અને

[૪] નિ:સ્પૃહ તથા નિરંતર કલ્યાણૈકતત્પર એવા સદ્‌ગુરુઓની હાર્દિક પ્રતિપત્તિથી હાર્દિક સહાનુભૂતિ મેળવ્યા વિના આ સામાયિક ધર્મની આરાધના લગભગ અશક્ય જ છે. એટલે જ તેઓના અંત:કરણ જીતી લેવા ઉપર જ તમારી સર્વ સફળતાનો આધાર છે.

[૫] આ રીતે સાવધાન રહેવા છતાં, જે ક્ષણે તમારા જીવનમાં સ્થૂલ કે સૂક્ષ્મ, માનસિક, વાચિક કે કાયિક સાવદ્યયોગ પ્રવેશ કરી દે, તે વખતે જરા પણ ન ગભરાતાં, તીર્થંકરોનું હૃદયથી સ્મરણ–સ્તવન કરી સદ્‌-ગુરુઓની સમક્ષ બનતા સુધી જાહેરમાં તદ્દન નિખાલસ ભાવે આલોચન, પ્રતિક્રમણ, નિંદા અને ગર્હા કરી શુદ્ધ થજો. હવે પછીના કાળ અને જીવાત્માઓને ધ્યા-

નમાં લેતા આ કર્તવ્ય તરફ વધારે લક્ષ્ય દોરવાની જરૂર છે.

[૬] સામાયિક ધર્મની બરાબર સિદ્ધિ ખાતર નિરંતર મમત્વનો ત્યાગ કરી શરીર વિષે પણ નિ:સ્પૃહ થઇ, સદા ધર્મ તથા શુક્લ ધ્યાનમાં લીન રહેજો.

આ છ આવશ્યક કર્તવ્યો આધ્યાત્મિક જીવનના સર્વ કર્તવ્યોમાં કેન્દ્રભૂત છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગચારિત્ર : એ ત્રિવિધ આત્મા જેઓમાં સર્વવ્યાપી છે, કે જે સામાયિક શબ્દથી વાચ્ય છે. અર્થાત્ એ છયે ય સામાયિકમય છે, એટલે કે એ છયેયનું કેન્દ્ર સામાયિક જ છે. માત્ર સાધકોની સ્પષ્ટતા માટે તેના જ જુદા જુદા છ સ્વરૂપો સમજાવ્યા છે.

અમારી સાડાબાર વર્ષની સાધના પણ, માત્ર એને માટે જ હતી.

તમે ગમે તે સ્થિતિમાં હો, ગમે તે પરિસ્થિતિમાં હો, ગમે તેવા દેશ–કાળ અને વિકટ સંજોગોમાં હો. પરંતુ યથાયોગ્ય એ છ કર્તવ્યોને કોઈ પણ ક્ષણે કદી વિસરશો નહીં.

તેને તમારા જીવન સાથે એવી રીતે પરોવી દેજો, કે જેથી કરીને તમારૂં હવે પછીનું જીવન પ્રત્યેક ક્ષણે સ્વાભાવિક રીતે જ તેમાં તન્મય બની જાય. તેમ છતાં–સાંજે અર્ધસૂર્યાસ્ત વેળાએ અને પ્રાત:કાળે અર્ધસૂર્યોદય વેળાએ

હમ્મેશ, તથા પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પર્વના દિવસની સાંજે, તો-જ્યાં જે પરિસ્થિતિમાં હો, ત્યાં આ છ કર્તવ્યોનું અવશ્ય જાહેર આરાધન કરવામે સ્પષ્ટ ભલામણ કરવાંમાં આવે છે. આ જાહેર પ્રવૃત્તિથી સંયમ માર્ગની સર્વ મુશ્કેલીઓ દૂર કરવાનું ઉત્તરોત્તર વિશેષ બળ તમે પ્રાપ્ત કરી શકશો.

શ્રમણોપાસકો અને શ્રમણોપાસિકાઓ ! તમને પણ લગભગ એ જ રીતે ષડાવશ્યકની જાહેર આરાધનાનો આદેશ છે. ''

* * * * *

" જ્યાં સુધી ષડાવશ્યકમય સામાયિક ધર્મની આરાધના કરનાર એક પણ તીર્થાનુસારી વ્યક્તિ વિદ્યમાન હશે, ત્યાં સુધી સામાયિક ધર્મ, આર્હત પ્રવચન, આર્હત્ તીર્થ અવિચ્છિન્ન પરંપરા એ શાશ્વત્ છે.

તમારામાંના ઘણા શીળસંપન્ન કુળોમાં ઉત્પન્ન થયેલા રાજપુત્રો, શ્રેષ્ઠી, સામંતો અને શ્રુતસંપન્ન વંશના સંતાનો છે, તથા મહારાજ રમણીઓ કે રાજપુત્રીઓ પણ છે. તમે આ સાહસ ખેડી સામાયિક ધર્મના આરાધન માટે શ્રામણ્યનો જે ભાર વહન કર્યો છે, તે સાબિત કરે છે કે-તમારા આત્માઓ ઉચ્ચ કક્ષાના છે.

આ શ્રામણ્યની સાધના, સામાયિક ધર્મની સંપૂર્ણ સાધના તમને સિદ્ધ કરી આપશે, એટલે પછી તેનું સાધ્ય

મોક્ષ અવશ્ય સિદ્ધ થશે જ, થશે. ”

“ હે પ્રભો ! અમને રુચિકર છે, પ્રીય છે, ઇષ્ટ છે, હિતકર છે, એ. ”

“–તો, તમે સર્વે સામાયિક ધર્મનું યથાર્થ પાલન કરો, કરાવો અને કરનાર બીજાને મદદગાર થાઓ. ”

“ ‘તથા’ ભદન્ત ! ‘તથા’ ભદન્ત ! ‘તથા’ ભદન્ત !”

“ ગૌતમ ઇન્દ્રભૂતિ વિગેરે હે મહાશ્રમણો ! તમે સર્વથી પ્રથમ દિક્ષિત છો, બીજ બુદ્ધિના નિધાન છો, અને આત્મવંત છો, માટે—

મોક્ષના પરમ ઉપાયભૂત સામાયિક ધર્મને કેન્દ્રસ્થ રાખીને, જગતના સમગ્ર પ્રતિપાદ્યો, તેના પરસ્પર સંબંધો, સાક્ષાત્ કે પરંપરાએ, હેય રૂપે, જ્ઞેય રૂપે કે ઉપાદેય રૂપે મોક્ષ માર્ગમાં જે રીતે ઉપયોગી હોય, તે રીતે તેની યથાર્થ યોજના: વિગેરેનો જેમાં સમાવેશ કરવામાં આવ્યો હોય, એવા ગવેષણાયુક્ત મહા શાસ્ત્રની પદ્ધતિસર રચના કરવાનો તમને આદેશ છે. ”

“ ‘તથા’ ભદન્ત ! ‘તથા’ ભદન્ત ! ‘તથા’ ભદન્ત ! પરંતુ, હે ભદન્ત ! સર્વ પ્રતિપાદ્યોનું મુખ્ય બીજક તત્ત્વ શું ?”

“ ગૌતમ ! જગતના ત્રિકાળવિષયક સર્વ પ્રતિપાદ્યોનું, તત્ત્વોનું, ભાવોનું પદ્ધતિસર એકીકરણ કરતાં છેવટે તેનું મુખ્ય બીજક “ સત્ ” છે. ”

“ ભદન્ત ! “ સત્ ” નું સ્વરૂપ કેવું છે ? ”

" પરંતુ ગૌતમ ! સત્ ત્રયાત્મક છે. સાંભળો—

**उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा.**

અર્થાત્–સત્ ઉત્પન્નાત્મક છે, નાશાત્મક છે, અને ધ્રુવાત્મક છે. આ આર્હતી મુદ્રા છે, આમ્નાય છે. "

" અહો ! સર્વે એકાગ્ર થઇ કેવા ધ્યાનમાં લીન થઇ ગયા છે ? "

" **नमो अरिहन्ताणं.** "

*    *    *    *    *

" દેવાનુપ્રિય ! ગૌતમ હિ શ્રમણપ્રવરો !

સદાકાળ પ્રવાહિત એવા જે તીર્થમાં અનંત તીર્થંકરો થઈ ગયા છે અને થશે; જે તીર્થની સેવાથી જ તીર્થંકરો પણ તીર્થંકરપણું પ્રાપ્ત કરી શક્યા છે અને કરશે, જે તીર્થના પ્રભાવથી અનંત જીવાત્માઓ સિદ્ધિ પામ્યા છે અને પામશે. ભર સમવસરણમાં તીર્થંકરો પણ જેને નમે છે અને નમશે.

આ ભરતક્ષેત્રમાં ચાલુ અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થપતિ ભગવાન ઋષભનાથ આદિ દેવે, એવા તીર્થ પ્રવર્તનની શરૂઆત જે રીતે કરી છે, તે રીતે આ ભરતક્ષેત્રમાં ચાલુ અવસર્પિણી કાળમાં આ ચોવીશમી વાર તીર્થ પ્રવર્તન થાય છે.

તીર્થ પ્રતિ કૃતજ્ઞ એવા અગારી તથા અણગારી સમ્યગ્દર્શની પુરુષો અને સ્ત્રીઓ તીર્થના સભ્યો છે, કે જેઓનું સર્વસ્વ જરૂરીયાત પ્રમાણે તીર્થનું જ છે.

સદા વન્દ્ય એવું શ્રમણલિંગ ધારણ કરનારા પુરુષ અને સ્ત્રી સભ્યો તીર્થનો પ્રધાન અધિકારી વર્ગ છે. સમ્યગ્દર્શનીનું માત્ર શ્રમણલિંગ પણ તીર્થોપકારક છે, તેથી જ તે સમ્યગ્દર્શની અગારી સ્ત્રી પુરુષોને સદા વન્દ્ય જ છે. અલ્પમાં અલ્પ ચારિત્રસંપન્ન શ્રમણલિંગી પુરુષ શ્રમણી વર્ગને વન્દ્ય છે. શ્રમણોમાં ચારિત્ર પર્યાય અને અધિકાર પ્રમાણે વડિલ રત્નાધિક ચારિત્રસંપન્ન શ્રમણલિંગી વન્દ્ય છે.

વિશાળ મુનિ સમુદાયના સંઘની ગણો [ગચ્છો] માં, અને ગણોની કુળોમાં વ્હેંચણી કરી નાંખવામાં આવે છે. તંત્રની સુવ્યવસ્થા માટે તેમાંની યથાયોગ્ય વ્યક્તિઓને કર્તવ્ય અને સત્તાની નિયત કરેલી મર્યાદા પ્રમાણે સ્થવિર, પ્રવર્તક, ગણી, વૃષભ, ઉપાધ્યાય, અનુયોગાચાર્ય, પ્રવ્રાજકાચાર્ય, ગચ્છાચાર્ય, ગણધર, તીર્થંકર વિગેરે પદોથી વિભૂષિત કરવામાં આવે છે.

શ્રમણી વર્ગની વ્યવસ્થા મહત્તરા, પ્રવર્તિની વિગેરે પદોની યોજનાથી કરવામાં આવે છે. અને પ્રવર્તિનીએ આચાર્યના અધિકારમાં રહેવાનું છે. ”

“ અરે ! પેલા દેવગણના સ્વામી ઇન્દ્ર સુગંધિ રત્નચૂર્ણનું પાત્ર ધરીને પ્રભુજીની પાસે કેમ ઉભા રહ્યા હશે ?’

“ અહો ! ખુદ પ્રભુજી યે ઉભા થયા ! અને અગ્યારે ય મહા શ્રમણો પણ તીર્થને ત્રણ પ્રદક્ષિણા દેઇ અનુક્રમવાર મસ્તક નમાવી પ્રભુજીની સામે જ ઉભા રહ્યા છે. ”

" વાહ ! ગુણરાશિ એવા એ વિનય અને નમ્રતાની મૂર્તિઓ જ છે તો ! ! "

" જુઓ, પ્રભુજીએ થાળમાંથી ચૂર્ણની મુષ્ટિ ભરી. તથા ચારે તરફ સર્વ પરિષદોમાં એ ચૂર્ણ વ્હેંચવામાં આવે છે. પરંતુ વાહ ! શાંતિ કેટલી બધી છે ? વાહ ! અતિશય ! વાહ !"

" ગૌતમાદિ હે સર્વ મુનિઓ !

તમને સર્વને અનુક્રમે આચાર્ય પદથી વિભૂષિત કરી પોતપોતાના ગણની સર્વ આંતર્ વ્યવસ્થા ગોઠવી લેવાની સર્વ સત્તા સાથે ગણોના સ્વામી એવા ગણધર પદથી વિભૂષિત કરવામાં આવે છે. "

" અહો ! પ્રભુજીએ સર્વના મસ્તક પર ત્રણ વાર વાસ ચૂર્ણનો પ્રક્ષેપ કર્યો, એટલે સર્વ પરિષદોમાંથી યે ચારે તરફથી સમ્મતિસૂચક વાસ ચૂર્ણનો વરસાદ વર્ષી રહ્યો છે."

" હે ગૌતમ ઇન્દ્રભૂતિ !

અતિશય ( લબ્ધિ ) સંપન્ન એવા તમને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી સમગ્ર તીર્થની સંપૂર્ણ અનુજ્ઞા છે. અને યશસ્વી તથા દીર્ઘાયુષી **સુધર્મા** નામના પાંચમા ગણધરને સમગ્ર તીર્થના મહાન્ ગણનાયક પદની અનુજ્ઞા છે. તથા **વસુમતી** આર્યા **ચંદનબાળાને** સર્વ શ્રમણી વર્ગની પ્રધાન પ્રવર્તિની નિમવામાં આવે છે. "

" પ્રભુજીએ અનુક્રમે ત્રણવાર વાસક્ષેપ કર્યો કે જુઓ તો–ચારે તરફથી પરિષદોમાંથી યે અશ્રાન્ત વૃષ્ટિ ચાલ્યા

કરે છે. ”

“તીર્થને નિરંતર માર્ગદર્શક એવું દ્વાદશાંગી રૂપ મહા પ્રવચન, એ તીર્થનું શ્રુત છે. તેના પઠનપાઠનની સર્વ આંતર્ વ્યવસ્થા તે તે ગણોના અને સંઘના ઉપાધ્યાયને સોંપવામાં આવે છે. તેની પણ મહત્ત્વની સર્વ જવાબદારી તીર્થપતિ આચાર્યને શિરે છે. ”

“ અહો ! ધર્મચક્રવર્તિ ભગવન્ ! હું **માતંગ** [અ-થવા **મૃગાંક** ] **યક્ષ** અને આ **સિદ્ધયિકા દેવીઃ** અમે બન્ને પ્રતિજ્ઞા કરીએ છીએ કે–આપના આ તીર્થમાં હવે પછી કદા કોઈ પણ મહા વિઘ્ન આવશે, ત્યારે તીર્થપતિની આજ્ઞામાં હાજર થઈ તે દૂર કરી તીર્થનું મંગળ પ્રવર્તાવવા તત્પર રહીશું. ”

“તમારી ઇચ્છામાં સકળ સંઘની સંપૂર્ણ સમ્મતિ છે.”

“ અનુગ્રહ શ્રી સકળ સંઘનો. ”

*   *   *   *   *

“ અહો ! સર્વ પાર્ષદો !

શ્રમણ ભગવાન્ મહાવીર વર્ધમાનદેવે સામાયિક ધર્મ આજે જગત્માં પ્રગટ કર્યો છે. અને તેના આધારભૂત તીર્થની પણ પુનર્ઘટના કરી ચોવીશમા તીર્થંકર તરીકે જાહેર થયા છે. પ્રથમ ગણધરને તીર્થ મુખ્ય સ્થાપી, તીર્થની ચાલુ સર્વ વ્યવસ્થા, સત્તા અને અધિકાર સાથે તેમને સોંપી છે.

સાંભળો—પ્રભુજીના યશનો પ્રતિસ્પર્ધી દુંદુભિ વિગેરે વાદ્યોનો શ્રુતિમનોહર મધુર પ્રઘોષ "ભોભો ! લોકો કલ્યાણને ઇચ્છતા હો, તો આ મહાપુરુષને ભજો.' એમ સમાચાર આપવા દિગન્તોમાં સર્વત્ર વ્યાપી રહેવા લાગ્યો છે.

કેમકે—પ્રથમ પૌરુષી પૂર્ણ થયે, ગણધરદેશનાની બીજી પૌરુષીનો સમય થયેલો જાણી, પ્રભુજી હવે સમવસરણના બીજા કિલ્લાના ઇશાન ખુણામાં રચેલા દેવચ્છંદમાં પધારે છે.' ઉભા થઈ સર્વ પાર્ષદો—

"જય ! જય ! જિનવર ! જય !
જય ! જય ! જિનવર ! જય !

રાગ ભૈરવ.

[ જાગ મુજ વ્હાલા બાલ ! પંખી વન બોલે ]

આનન્દ-કન્દ ! જિન-ચંદ ! હિંદ આજ ખીલે.
સૂઝે નહીં કંઇ દિશા, ગઈ જ તે તમો-નિશા.
તુજ વાણી—ચંદ્રિકાના તેજ વિશ્વ ઝીલે. આનન્દ૦ ૧
સંત જનોના માનસિક- રાજહંસ !—માલિક !
અભવ્ય શાન્તિ લે ક્ષણિક, ભવ્ય ખૂબ ખીલે. આનન્દ૦ ૨
રોમાંચ દ્વારા દેહમાં, અણુએ અણુ પ્રદેશમાં
ચમ્કાર દિવ્ય—તેજના, નાથ ! આજ દીલે. આનન્દ૦ ૩
ભાગ્યના વિધાયક ! માર્ગમાં સહાયક !
સત્યના પ્રદાયક ! વિશ્વ-પ્રેમ ખીલે. આનન્દ૦ ૪
તું જ એક ગુણ-પાત્ર, દિવ્ય તારાં સર્વ-ગાત્ર,
સત્યનો પ્રકાશ માત્ર આમ; આજ દીલે. આનન્દ૦ ૫"

૯

# સામાયિક ધર્મ

અને

# તીર્થનું શાસનતન્ત્ર.

" અહો ! પ્રભુજીની પાછળ પાછળ પૂજ્ય ગણધરો વિગેરે સર્વ શ્રમણ ભગવંતો કેટલાંક ડગલાં અનુસરી ભગવાન્ ગૌતમ ઇન્દ્રભૂતિની સાથે જ કેટલાક પાછા વળી આવ્યા."

"—અને સ્વયં ભગવાન્ શ્રી ગૌતમ ઇન્દ્રભૂતિ તીર્થને નમી પ્રભુજીના પાદપીઠ [ દેશના આપતી વખતે પગ મૂકવાના સ્થાન ] પર બેસીને ઉપદેશ આપવાની તૈયારી

કરતા હોય તેમ જણાય છે."

"ખરેખર, આપણે એ પણ સાંભળિયે ત્યારે."

"

૧

નમું હું, નમું હું—
 મહાવીર: મહાભાગ:
 મહાયશ: મહાનુભાવ:
 તીર્થંકર પ્રભૂ— નમું૦
નમું હું, નમું હું—
 જગદાધાર: જગત્પિતા:
 જગત્પૂજ્ય: જગદ્ગુરુ:
 જગદ્બંધૂ— નમું૦
નમું હું, નમું હું—
 સર્વ શક્તિથી: સર્વ ભક્તિથી:
 જે દેવાધિદેવ છે જીવન-
 સર્વસ્વ મ્હારૂં— નમું૦
નમું હું; નમું હું; નમું હું.

૨

અહો ભવ્યો !

ચરમતીર્થંકર ભગવાન્ શ્રી મહાવીર દેવના સ્વયં પ્રકાશી આત્મજ્યોતિ:માંથી સર્વજન મનોહર, સર્વગ્રાહ્ય, સર્વશ્રાવ્ય, સર્વહિતકર, સર્વગુણોપેત, અતિ ગંભીરાર્થ અને સંક્ષિપ્ત વાક્યરચનાત્મક વાણી રૂપે છુટેલા તેજસ્વી પ્રકાશના પ્રવાહનો જે ઝગઝગાટ અહીં વિસ્તરી રહ્યો છે, તેની છા-

યામાં તે જ વખતે પ્રગટ થતી સર્વજ્ઞ પ્રવચનાનુસારિણી મારી વાણીનો પ્રકાશ જો કે ખદ્યોતના પ્રકાશ તુલ્ય જ છે. તો પણ હું ગણધરના કલ્પને અનુસરી અતિ સંક્ષિપ્ત શબ્દરચના દ્વારા આત્મહિતસ્વી જંતુઓને શ્રેયસ્કર એવો પ્રવચનાર્થ પ્રગટ કરૂં છું ! !

૩. આજે જગત્‌માં મહાન્ ઉત્સવ પ્રવર્તી રહ્યો છે ! પ્રકૃતિના સર્વ તત્ત્વોમાં આજે મહાન્ ઉલ્લાસ પ્રવર્તી રહ્યો છે સર્વ કાંઈ આનંદમય, મંગળમય, કલ્યાણમય ભાસે છે

કારણ કે

કલ્યાણ માર્ગના પુનરુત્થાનનો આજે જગત્‌માં પરમ ઉત્સવ છે, પરમ ઉત્સવ છે ! ! !

૪. જેમ આજના જીવનમાં ગઈ કાલના સંજોગો અને આવતી કાલના જીવનમાં આજના સંજોગો કારણભૂત છે, તેમ પ્રત્યેક પ્રાણી માત્રનું આ વર્તમાન જીવન ભૂતકાળની કોઈ પણ પરિસ્થિતિમાંથી જન્મેલું પરિણામ છે, અને હવે પછીનું ભાવિ જીવન આ વર્તમાન જીવનનું પરિણામ હશે.

પ્રત્યેક પ્રાણીના જીવનમાં પ્રત્યેક ક્ષણે ચાલી રહેલી વિચિત્ર ઘટનાઓ, નિષ્કારણ હોવી સંભવિત જ નથી. જરૂર તેનાં કાંઇને કાંઇ કારણો હોય જ છે. આમ કાર્ય-કારણની સાંકળ જોડતાં ભૂતકાળમાં અનાદિ સુધી, અને ભવિષ્યકાળમાં અનંત સુધી જવું જ પડશે.

શું એવું કહી શકાય છે કે—જગત્‌માં માનવ સૃષ્ટિ

અમુક કોઈ વખતે નહોતી જ ? યદ્યપિ એ કલ્પના સર્વથા અસંભવિત જ છે, તોપણ કાળ અને સ્થળની વિવિધ અસરોને લીધે માનવ સૃષ્ટિમાં અનેક પ્રકારની વિવિધતા કલ્પી શકાય છે. અને સાથે સાથે એટલું વિશેષ પણ સમજી શકાય છે કે—પ્રાણી માત્રના સર્વ પ્રકારના જીવન કરતાં માનવ જીવન કેમ જાણે સર્વ જીવનોનું કેન્દ્રભૂત એક વિશિષ્ટ જીવન હોય !

૫. પ્રવાહથી ચાલ્યા આવતા અનાદિનિધનાત્મક આ માનવ–જીવનની અનેકવિધ જરૂરીયાતોમાંની નિવૃત્તિની ઈચ્છા –નિર્વેદ–મુમુક્ષાઃ એ પણ એક એવી જ મહત્ત્વની જરૂરીયાત છે.

યુવાવસ્થાનું ઘેન ઉતરી ગયા પછી, જ્યારે જાગ્રત માનવ પશ્ચિમ વયના સ્થિર જીવનમાં પ્રવેશ કરે છે, અને જ્યારે પામર માનવ મહા મહા વિટંબનાઓ અને કષ્ટોથી ઘેરાય છે, ત્યારે તો પ્રાયઃ તેના માનસમાં નિર્વેદ–સંવેગ–નિવૃત્તિની ઈચ્છા અને શાંતિની પિપાસાના અંકુરો ફૂટે છે. આ અનુભવ જેઓને થયો હોય, તેવા આ જગત્‌માં અને અહીં પણ ઘણાયે માનવ જીવાત્માઓ દૃષ્ટાંતરૂપે મળી શકે તેમ છે.

નિવૃત્તિની ઈચ્છાના પાત્ર ભેદે અનેક પ્રકારો પડી જાય છે, અને તે રીતે છેવટનો પ્રકાર તદ્દન નિર્વાણેચ્છા સુધી જઈ પહોંચે છે.

૬. પ્રાણી માત્રની અનેકવિધ અનેક જરૂરીયાતો જેમ

પ્રકૃતિના ગંભીર ખજાનામાંથી જન્મે છે, તેમ–તે પુરી પાડનારા અનેક સાધનો પણ પ્રકૃતિના ગંભીર ખજાનામાંથી જ જન્મે છે.

માનવ પ્રાણી બુદ્ધિ, શક્તિ અને સાધનસંપત્તિમાં સર્વોત્તમ છે, અથવા જે માનવ પ્રાણી બુદ્ધિ, શક્તિ અને સાધનસંપત્તિમાં સર્વોત્તમ છે, તે પોતાની પ્રત્યેક જરૂરીયાતો નિયમસરના શુદ્ધ વૈજ્ઞાનિક સાધનો દ્વારા પ્રાપ્ત કરે છે.

પ્રકૃતિના ખજાનામાંથી મળતા એ સાધનોને વિવેકભરી દીર્ઘદૃષ્ટિથી વિચારપૂર્વક શુદ્ધ વૈજ્ઞાનિક નિયમસરનું રૂપ આપી માનવ પ્રાણીએ એવી રીતે વ્યવસ્થિત ગોઠવ્યા છે કે–જ્યારે, જે વખતે, જેની આવશ્યકતા ઉભી થાય, ત્યારે, તે જ વખતે, તેનો યથાયોગ્ય રીતે ઉપયોગ બરાબર કરી શકાય.

૭. જે માનવોને નિર્વાણ પ્રાપ્ત કરવાની જરૂરીયાત ઉત્પન્ન થાય છે, તેને તે મેળવી આપવા માટે જે સાધનોની જરૂર છે, તે સાધનો પ્રાયઃ નિયમસરના વૈજ્ઞાનિક તત્ત્વો પર રચાયેલા **તીર્થ** દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે.

અમે "પ્રાયઃ" શબ્દ એટલા જ માટે વાપર્યો છે કે–નિયમબદ્ધ કરવાના ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પ્રકૃતિ એ એક એવી ગંભીર વસ્તુ છે કે–જેની અગાધતાનો એક પણ બાબતમાં સંપૂર્ણ પાર પામવો સર્વથા અશકય જ છે. અને તેથી જ–અમે જે બન્નેના નામસ્મરણને પણ અત્યારે

વંદન કરીએ છીએ, એવા ભગવાન્ **આદિપ્રભુના** પૂજ્ય માતા **મરુદેવા** વિગેરે તીર્થની મદદ વિના પણ નિર્વાણને યોગ્ય સામગ્રી પ્રાપ્ત કરી નિર્વાણ પ્રાપ્ત કર્યાના વિરલ દાખલાઓ મળી આવે છે.

તીર્થઃ એ એક એવી રચના છે કે–જેમાંથી નિર્વાણ પ્રાપ્તિના દરેકે દરેક સાધન યથાશક્તિ યથાયોગ્ય જરૂરીયાત પ્રમાણે પ્રાણી પ્રાપ્ત કરી શકે છે.

સદા વન્દ્ય ભગવાન્ મહાવીર વર્ધમાન પ્રભુએ હમણાં જ પોતાના મહત્ત્વના અગ્લાન ધર્મોપદેશમાં મેઘજળની માફક સર્વ શ્રોતાઓની ભાષાઓમાં પરિણામ પામી જતી, અતિશાયિની અને યોજનગામિની વાણીદ્વારા ફરમાવ્યું છે કે–

" જગત્માં નિર્વાણ પ્રાપ્ત કરવાનો અમોઘ કોઈ પણ ઉપાય હોય, તો તે માત્ર **સામાયિક ધર્મ** જ છે. "

અને હું કહું છું કે—

"તે સામાયિક ધર્મ પ્રાપ્ત કરવાનો જગત્માં કોઈ પણ અમોઘ ઉપાય હોય, તો તે માત્ર આ **તીર્થ** જ છે. "

અને તેટલા જ માટે જેની પુનઃ સ્થાપના હમણાં જ આ સર્વ પરિષદોની સમક્ષ તેઓએ સ્વયં પોતે જ શ્રીહસ્તે કરી છે.

જો માનવ સૃષ્ટિ અનાદિ છે, તો તેની સર્વ જરૂરીયાતો અનાદિ છે. જો તેની સર્વ જરૂરીયાતો અનાદિ છે, તો તેની નિર્વાણની ઈચ્છા યે અનાદિ છે. જો નિર્વાણની ઇચ્છા

અનાદિ છે, તો તેના સાધનો પુરાં પાડનારી યોજના-**તીર્થ**, તે પણ અનાદિ છે.

૮ જગત્માં પદાર્થ-ધર્મોનો મહાન પરિવર્તક કાળ પદાર્થ છે. સદૈવ જગદ્વ્યાપી એવો એ કાળ એવો તો વિચિત્ર અખંડ પદાર્થ છે કે—જગત્માંની અસંખ્ય વિચિત્ર પરિસ્થિતિઓ અને પદાર્થ-ધર્મોના પરિવર્તક અનંત વિચિત્ર નાના નાના કાળ-ચક્રોની સમુહાત્મક વિચિત્ર યાંત્રિક યોજનાથી જાણે યોજાયેલો હોય તેમ, જગત્માં જે અનંત પરિવર્તનો સદા યે કર્યે જ જાય છે.

જગત્માંના વાસ-ક્ષેત્રો નામના પદાર્થોના પરિવર્તક અવસ્થિત કાળ ચક્રો અને ઉત્સર્પિણી-અવસર્પિણી રૂપ અનવસ્થિત કાળ-ચક્રો: એમ દ્વિધા કાળ-ચક્રોની અસરથી અનાદ્યનન્ત તીર્થની પણ દ્વિધા સ્થિતિ છે.

અવસ્થિત કાળચક્રોની અસરવાળાં ક્ષેત્રોમાં પણ સદા-ભાવ અને સદા-અભાવ રૂપ બે પ્રકારની તીર્થની સ્થિતિ છે. અનવસ્થિત કાળચક્રોની અસરવાળાં ક્ષેત્રોમાં તીર્થોત્પત્તિને માટે યોગ્ય આર્ય ક્ષેત્ર વિભાગ અને તીર્થોત્પત્તિને માટે સદા અયોગ્ય અનાર્ય ક્ષેત્ર વિભાગ: એમ બે રીતે તીર્થની સ્થિતિ છે. આર્ય ક્ષેત્ર વિભાગમાં પણ અતીર્થકાળ અને તીર્થ પ્રવર્તન કાળ: એમ બે રીતે તીર્થની સ્થિતિ છે. અતીર્થ કાળ ત્રણ રીતે છે. અનુત્પન્ન તીર્થ કાળ, તીર્થ વિચ્છેદ કાળ અને દીર્ઘ કાળ સુધી તીર્થ વિચ્છેદ કાળ.

ઉત્સર્પિણી અવસ્થામાં અને અવસર્પિણી અવસ્થામાં પ્રથમથી જ તીર્થની ઉત્પત્તિથી લઇને તદ્દન તીર્થ વિચ્છેદ સુધીનો અને તે તે તીર્થંકરની તીર્થ સ્થાપનાથી લઇને પછી પછી થતા તીર્થંકરના તીર્થ સુધીનો: એમ તીર્થ પ્રવર્તન કાળ બે રીતે છે.

જે અનવસ્થિતકાળે, જે ક્ષેત્રમાં કોઈ પણ માનવ હૃદયમાં અમુક ચોક્કસ હદ સુધીની અલ્પમાં અલ્પ નિવૃત્તિની ઇચ્છા જાગ્રત્ થાય છે, ત્યારે તીર્થને યોગ્ય સામગ્રીઓની ઉત્પત્તિ થવા માંડે છે, અને જ્યાંસુધી કોઇ પણ માનવ હૃદયમાં અમુક ચોક્કસ હદ સુધીની અલ્પમાં અલ્પ નિવૃત્તિની ઇચ્છા ચાલુ હોય છે, ત્યાં સુધી જ તે ક્ષેત્રમાં તીર્થ પ્રવર્તે છે.

૯. કૃષિ ક્ષેત્રોમાં જેમ મર્યાદિત કાળે કસની વધ-ઘટ થાય છે; તેમ, ઉત્સર્પિણી કાળે પ્રકૃતિની અનુકૂળતા પ્રમાણે વાસક્ષેત્રોમાં શરીર, આયુષ્, શુભ પરિણામ: વિગેરેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ અને અશુભ પરિણામોમાં હાનિ થાય છે. અને અવસર્પિણી કાળે પ્રકૃતિની પ્રતિકૂળતા પ્રમાણે વાસ ક્ષેત્રોમાં શરીર, આયુષ્, શુભ પરિણામ: વિગેરેમાં ઉત્તરોત્તર હાનિ, અને અશુભ પરિણામોમાં વૃદ્ધિ થાય છે.

તે બન્નેના છ છ વિભાગો છે. પ્રત્યેક વિભાગ આરક નામથી ઓળખાય છે. અર્થાત્ બન્નેના મળીને બાર આરકનું એક અનવસ્થિત કાળચક્ર થાય છે.

એવા અનંત કાળચક્રો અહોરાત્રની માફક પસાર થઇ ગયાં અને થશે.

૧. સુષમ–સુષમા, ૨. સુષમા, ૩. સુષમ–દુષમા, ૪. દુ:ષમ–સુષમા, ૫. દુ:ષમા, ૬. દુ:ષમ–દુ:ષમા. ૧. દુ:ષમ–દુ:ષમા, ૨. દુ:ષમા, ૩. દુ:ષમ–સુષમા, ૪. સુષમ–દુ:ષમા, ૫. સુષમા, ૬. સુષમ–સુષમા. એમ અનુક્રમે અવસર્પિણી કાળના છ, અને ઉત્સર્પિણી કાળના છ આરકો છે.

અવસર્પિણી કાળમાં ત્રીજો સુષમ–દુષમા, ચોથો દુ:ષમ–સુષમા અને પાંચમો દુ:ષમા–તીર્થ પ્રવર્તન કાળ એટલે સામાયિક ધર્મારાધનને માટે યોગ્ય કાળ છે. અને ઉત્સર્પિણી કાળમાં ત્રીજો દુ:ષમ–સુષમા અને ચોથો સુષમ–દુ:ષમા તીર્થ પ્રવર્તન કાળ એટલે સામાયિકધર્મારાધનાને માટે યોગ્ય કાળ છે.

૧૦. આ ભારતવર્ષ અવસ્થિત કાળચક્રોની અસરવાળાં ક્ષેત્રોમાંનું વાસ–ક્ષેત્ર છે. તેમાંના સાડીપચ્ચીસ આર્ય ક્ષેત્રો તીર્થોત્પત્તિને યોગ્ય ક્ષેત્રો છે.

અનંત કાળચક્રોની અસરમાંથી પસાર થઇ ચૂકેલા આ ભારતવર્ષમાં અનંત તીર્થ પ્રવર્તનો થઇ ચૂક્યા છે અને અનંત તીર્થ પ્રવર્તનો થશે.

વર્તમાન પરિસ્થિતિમાં જે કાળચક્રની અસરમાંથી ભારતવર્ષ પસાર થાય છે, તે ચાલુ કાળચક્રનો અવસર્પિણી વિભાગ છે.

અવસર્પિણી કાળના તૃતીય આરકને અંતે તીર્થોત્પ-

ત્તિને યોગ્ય સામગ્રી ઉત્પન્ન થવા માંડે છે. અને તીર્થ ઉત્પન્ન થઈ પંચમ આરકના અંત સુધી પ્રવર્તીને વિચ્છેદ પામે છે. અને ઉત્સર્પિણી કાળના તૃતીય આરકમાં તીર્થ ઉત્પન્ન થઇ ચતુર્થ આરકના અંત સુધી પ્રવર્તીને વિચ્છેદ પામે છે. આ શાશ્વત્ સ્થિતિ છે.

આ ભારતવર્ષમાં આ ચાલુ અવસર્પિણી કાળમાં—સુષમ–સુષમા આરક વ્યતિક્રાંત થયો, એમ સુષમ આરક પણ વ્યતિક્રાંત થયો. એમ સુષમ–દુઃષમા આરક પણ ઘણો વ્યતિક્રાંત થઈ ચૂકયો, અને ચોરાશી લાખ પૂર્વ અને નેવ્યાશી પખવાડીયા જેટલો બાકી રહ્યો ત્યારે **આષાઢ વદી ચોથને** દિવસે ચંદ્ર જ્યારે ઉત્તરાષાઢા નક્ષત્રમાં બિરાજમાન હતો, ત્યારે **ઇક્ષ્વાકૂ ભૂમિમાં નાભિકુલકરને ત્યાં મરુદેવાની** કુક્ષિમાં ઉત્પન્ન થયેલા આદિ તીર્થપ્રવર્તકનો જીવાત્મા સંક્રાંત થઇને નવ માસ અને સાડાસાત દિવસ વ્યતિક્રાંત થયા ત્યારે **ચૈત્ર વદી અષ્ટમીને** દિવસે અર્ધરાત્ર સમયે-ત્યારે પણ જ્યારે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં બિરાજમાન હતો–ત્યારે જન્મેલા આદિ રાજા, આદિ માનવ–સમાજ વ્યવસ્થાપક, આદિ મુનિ અને આદિ તીર્થપ્રવર્તક એવા **નાભિકુલકરના પુત્ર** ભગવાન્ શ્રી **ઋષભદેવ પ્રભુ**એ ત્યાશીલાખ પૂર્વ સુધી ગૃહસ્થ ધર્મ પાળી પછી સામાયિક ધર્મ અંગીકાર કરી એક હજાર વર્ષ સુધી છદ્મસ્થ મુનિપર્યાય સમાપ્ત કરી **પુરિમતાલ**

નગરીએ **શકટમુખ** નામના ઉદ્યાનમાં **ફાગણ વદી ૧૧** ને દિવસે તે જ નક્ષત્રમાં ચંદ્ર બિરાજમાન હતો ત્યારે પૂર્વાહ્ણ ભાગમાં **વડના** ઝાડ નીચે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી પ્રથમ તીર્થ પ્રવર્તાવ્યું છે. ત્યાર પછી પણ ભગવાન્ **પાર્શ્વ-નાથ સ્વામિ** સુધીના બીજા બાવીશ તીર્થપ્રવર્તકોએ જુદે જુદે વખતે તીર્થ પ્રવર્તાવ્યું છે. અને **ભગવાન્ મહા-વીર વર્ધમાન સ્વામિ** પણ એવા જ ચોવીશમા તીર્થ-પ્રવર્તક મહાપુરુષ છે.

અહો ! જગત્માં ઉદ્યોત કરનારા, અર્હત્, જીન, કેવળી: એવા એ ચોવીશે ય ધર્મ-તીર્થ-પ્રવર્તકોને ત્રિવિધે ત્રિવિધે મારાં સહસ્ત્ર વંદન ! ! ! સહસ્ત્ર વંદન ! ! ! કે-જેઓના સર્વ પ્રકારે સદા-પૂજ્ય એવા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ સદાકાળ ત્રિભુવનને પાવન કરે છે. ”

“ અમારાં પણ સહસ્ત્ર વંદન ! સહસ્ત્ર વંદન ! ! ” એમ અનુવાદ કરી સર્વ પાર્ષદોએ અંજલિ જોડી મસ્તક નમાવ્યાં.

૧૧. “**ત્રિશલાનંદન**, ત્રિભુવનવન્દન એ ભગવાન્ **મહા-વીર** કોણ ? આ **મગધ મંડળમાં** આવેલા **વૈશાળી** અને **રાજગૃહના** રાજ્યોની વચ્ચેના ભૂમિપ્રદેશના અધિષ્ઠાતા, ભગવાન્ **ઋષભનાથ પ્રભુએ** સ્થાપેલા પ્રાચીન **ઇક્ષ્વાકૂ વંશની જ્ઞાત શાખામાં** ઉત્પન્ન થયેલા, **ક્ષત્રિ-**

**થકુંડગ્રામવાસી સિદ્ધાર્થ નરેન્દ્રના** કુળદીપક અને ચૈત્ર શુદી ૧૩ ને દિવસે જન્મેલા **ત્રિશલાદેવીના** નાના પુત્ર નામે **શ્રી વર્દ્ધમાનકુમાર,** તે જ શ્રમણ ભગવાન્ **શ્રી મહાવીર દેવ.**

માતા-પિતાના અનુરોધથી ૩૦ વર્ષ ગાર્હસ્થ્યનો અનુભવ કરી, વડિલ બંધુ મહારાજ **શ્રી નન્દિવર્ધન દેવની** અનુમતિ મેળવી, નિઃસાર અને જન્મ જરા મરણથી પિડિત જગત્‌ને અશરણ સમજી, રાજકુટુંબના વિપુલ વૈભવો છોડી, અશુભનું શામક અને કલ્યાણનું સાધક શ્રમણલિંગ ધારણ કરી નિર્વાણને ઉદ્દેશીને અણગાર મૂંડ થયા, અને અનેક ભવોમાં નિરંતર શુભ કર્મની આસેવનાથી સંસ્કારસંપન્ન જે આત્મવાન્‌નું અચળ સત્ત્વ પ્રાણીઓના હિતને માટે જાગી ઉઠયું છે, એવા એ સ્વયંબુદ્ધ મહાપુરુષ, મન-વચન-કાયાથી કરણ, કારણ અને અનુમોદનના પ્રકારે કરી પંચ મહા-અવિરતિઓના પ્રત્યાખ્યાન રૂપ પંચ મહાવ્રત સાથે-શીળ રૂપ સામાયિક ધર્મનું આરાધન કરવા માટે મહાપ્રતિજ્ઞા લઈ એકાકી બહાર નિકળી પડ્યા હતા.

એ મહા સાધનાને પરિણામે, સાડાબાર વર્ષને અંતે શુદ્ધ-દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને સમાધિના અપૂર્વ બળથી મોહાદિકનો નાશ કરી, ગઈ સાંજે જ **જૂંભક** ગ્રામની પાસે વ્હેતી **ઋજુપાલિકા નદીને** કિનારે શુદ્ધ, બુદ્ધ, સ્નાતક અને કૃતકૃત્ય સર્વજ્ઞ-કેવળી થઈ તેમણે મહા

ફળ પ્રાપ્ત કર્યું છે.

સકળ પ્રાણી વર્ગના હિતને માટે પોતે જાતે જ આચરણ કરીને અનુભવેલા અમોઘ સામાયિક ધર્મનો ઉપદેશ આપી, સંસાર સમુદ્રમાંથી તારવાને સમર્થ એવા ધર્મ **તીર્થ**ની પરંપરા મુજબ આવતા સ્વાભાવિક રીતે જ સ્થાપના કરી આજે હમણાં જ ત્રિભુવન–પૂજ્ય તીર્થંકર પદ પ્રાપ્ત કરી ધર્મચક્રવર્તિ તીર્થંકર થયા છે.

એવા એ પૂજ્યતમ દેવાધિદેવ પરમર્ષિ અર્હન્ **મહાવીર દેવને** હું ત્રિકરણ શુદ્ધિએ નમસ્કાર કરૂં છું. કે જેઓના પૂજનથી અનુક્રમે મનઃપ્રસાદ, સમાધિ અને છેવટે નિર્વાણ પ્રાપ્ત થાય છે." એમ કહી અંજલિ ત્રણ વાર મસ્તકે ચડાવી.

"અમે પણ એ પૂજ્યતમ દેવાધિદેવ પરમર્ષિને ત્રિકરણ શુદ્ધિએ નમસ્કાર કરીએ છીએ, નમસ્કાર કરીએ છીએ." એમ અનુવાદ કરી સર્વ પાર્ષદોએ પણ અંજલિ જોડી ત્રણ-વાર મસ્તકે ચડાવી.

**૧૨.** અનાદિકાળ સંસિદ્ધ આ તીર્થઃ કે જે જગતમાં મહાન્ આધ્યાત્મિક શાસન તંત્ર [ સંસ્થા ] છે. જેનો આશ્રય કરીને પ્રાણીઓ સામાયિક ધર્મ દ્વારા શાશ્વત્ કલ્યાણ–મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તેનો સંક્ષિપ્ત કલ્પઃ [ આમ્નાય–રચના–બંધારણ ] આ પ્રમાણે છે—

**૧૩.** આ મહા સમવસરણઃ કે જે જગત્‌ની સર્વોત્તમ

વિભૂતિઓ અને સુંદરતાના સંગ્રહસ્થાન જેવું છે, તે આ તીર્થના તંત્રની સ્થાપના, પ્રચાર અને વ્યવસ્થા વિગેરે કાર્યો ચલાવવા માટેનું કેન્દ્રભૂત એક મહાન્ કાર્યાલય છે.

જેના મધ્ય ભાગમાં બેસીને મહાન્ તીર્થપ્રવર્તકો કલ્યાણકર ઉપદેશ અને માર્ગ ઉચ્ચારે છે. જેમાં બેસીને એકત્ર થયેલા સર્વ સત્પાત્ર પ્રાણીઓ "પોતાનું કલ્યાણ કરનાર છે," એમ સમજીને એ ઉપદેશ સાચા દિલથી શ્રવણ કરે છે, અને કેટલાક અધિકારી પાત્રો જેના આશ્રયમાં રહી જગત્માં તેનો પ્રચાર કરવા નિકળી પડે છે.

આ સિંહાસનઃ કે જેની ઉપર, અને તેની વચ્ચે રહેલા ચૈત્યવૃક્ષની નીચે બેસીને મહાન્ તીર્થપ્રવર્તકો ઉપદેશ ઉચ્ચારે છે તે, તીર્થના સર્વ કાર્યો ચલાવવા માટેનું કાર્યાસન છે, સમવસરણનું કેન્દ્ર છે, અનાદ્યનન્ત ભાવ તીર્થનું ક્ષેત્રાકારે મૂર્તસ્વરૂપ કેન્દ્ર છે; કે જેને નમસ્કાર કરવા દ્વારા ખુદ તીર્થપતિ અને બીજા પણ તીર્થાનુયાયિઓ ત્રણ પ્રદક્ષિણા આપી "**નમો તિત્થસ્સ**" કહી અનાદ્યન્ત ભાવ તીર્થને જ વંદન કરે છે અને પછી જ સિંહાસન પર બેસી ઉપદેશ ઉચ્ચારે છે.

ગણધર, આચાર્યાદિક આર્હત્ તીર્થના અધિકારસંપન્ન ઉપદેશકોના ઉપદેશની આપ્તોપજ્ઞતા અને શાસન તંત્રના જવાબદાર પ્રતિનિધિ તરીકેની પ્રતીતિ ખાતર તેઓના ઉપ-

દેશ સ્થાનની યત્કિઞ્ચિત્ સમવસરણરચનાનુકારિ વિશિષ્ઠ સૌન્દર્યયુક્ત યોજના: તથા, તીર્થના મહત્વના સર્વ કાર્યો પર એકતંત્રતા અને તંત્રપરતંત્રતાની મુદ્રાસૂચક,—મહા સમવસરણમાં શ્રી તીર્થંકર પ્રભુની હાજરીમાં પ્રવર્તતા મહ-ત્વના સર્વ–કાર્યોના પ્રસંગોની ઉજ્જવળતાના અનુકરણ રૂપ તે સકળ સામગ્રીની–નંદિમય મૂર્તિમતી સ્થાપનાયુક્ત ક્ષેત્ર મર્યાદામાં જ સર્વ કાર્યો પ્રવર્તાવવાની–યોજના: એ બન્ને યોજનાઓ તંત્રની સુતંત્રતા સૂચવે છે.

**૧૪.** કૃતકૃત્ય એવા તીર્થંકર ભગવંતો પણ અનેક ભ-વોમાં તીર્થની મદદથી જ ભાવિતાત્મા થઇ, તીર્થંકરપણા સૂધી પહોંચ્યા હોય છે, અને તીર્થના સ્થાપક તથા પ્રવર્તક છતાં પોતે પણ તીર્થનું એક સર્વોત્તમ પ્રધાન અંગ છે. તેથી જ ત્રણ પ્રદક્ષિણા દઇ "**નમો તિત્થસ્સ**" કહી તીર્થને નમસ્કાર કરે છે. કારણ કે—જેમ સમ્રાટ્‌ને રાજ્યશાસન–રાજ્યતંત્રાન્તર્ગત સમ્રાટ્‌ના કલ્પને અનુસરીને વર્તવાનું હોય છે, તેમ ધર્મતીર્થસમ્રાટ્ તીર્થંકરોને પણ તીર્થકલ્પાન્તર્ગત તીર્થંકરોના શાશ્વત્ કલ્પને અનુસરીને જ વર્તવાનું હોય છે.

**૧૫.** સમવસરણના મધ્ય ભાગમાં બેસીને જ્યારે તીર્થંકરો પોતાના જીવનમાં અનુભવેલા સામાયિક ધર્મની હાર્દિક દેશના જગત્‌ના કલ્યાણ માટે સર્વાતિશાયિની વાણી દ્વારા પ્રકાશે છે ત્યારે, જેમ પુષ્કરાવર્ત મેઘની અનવરત ધારાથી મુદ્ગશૈલ પત્થર પણ કંઇક આર્દ્ર થાય છે, તેમ–

ગમે તેવા કઠોર અસત્પાત્ર આત્માઓને પણ અલ્પમાં અલ્પ અસર તો થયા વિના રહેતી જ નથી, તો પછી સત્પાત્ર આત્માઓની તો વાત જ શી કરવી ?

જેમ મેઘધારાહત કદંબ પુષ્પોમાં વિકાસ થાય છે, તેમ તમામેતમામ સ્ત્રી અને પુરુષ રૂપ એવા દેવ, માનવ અને તીર્યંચો ઉપર એ કલ્યાણમય ઉપદેશની જે અસર થાય છે, તેથી પ્રત્યેક શ્રોતા પ્રાણીના આત્મામાં જરૂર કંઈક ને કંઈક વિકાસ થાય જ છે.

તે વિકાસની ભૂમિકાઓના પાત્રભેદે અનેક પ્રકારો પડી જાય છે—જેવા કે—અપૂર્વ કરણી, અનિવૃત્ત, દર્શનાસ્વાદી, મિશ્રદર્શની, ઉપશમાદિક સમ્યગ્દર્શની [ શ્રાદ્ધ ], શ્રાવક, દેશવિરત, સર્વવિરત,—તેમાં પણ—અનંતવિયોજક, દર્શનમોહક્ષપક, મોહોપશમક, ઉપશાન્ત મોહ, મોહક્ષપક, ક્ષીણમોહ, અને જીન [ કેવળી ] તેમાં પણ સયોગ, અયોગ અને સિદ્ધ.

૧૬. સમ્યગ્દર્શની પાત્રથી લઇને સર્વે સામાયિક ધર્મના આરાધકો છે. અર્થાત્ સમ્યગ્દર્શન તીર્થ અને ધર્મારાધન માટેની મુખ્ય ભૂમિકા છે.

૧. સમ્યગ્દર્શક સામાયિક ધર્મના આરાધક, ૨. શ્રુત સામાયિક ધર્મના આરાધક, ૩. દેશવિરત સામાયિક ધર્મના આરાધક, ૪. અને સર્વ વિરતથી માંડીને વિકાસભૂમિના શેષ સર્વ પાત્રો સર્વવિરત સામાયિક ધર્મના આરાધકો છે.

જે સ્ત્રીઓ અથવા પુરુષોનો વીર્યોલ્લાસ સર્વ વિરત ભૂમિકા સૂધી પહોંચી જાય છે, તેઓ અણગાર મૂંડ થઈ અગારમાંથી નિષ્ક્રમણ ઇચ્છે છે. ત્યારે તેઓને તીર્થંકર ભગવાન્ નિર્ગ્રન્થ શ્રમણલિંગની અનુજ્ઞા આપી નિર્ગ્રન્થ વા નિર્ગ્રન્થીને નિર્ગ્રન્થ, પુલાક, બકુશ, કુશીળ અને સ્નાતક રૂપ-નિર્ગ્રન્થના કોઈ પણ વર્ગમાં યથાયોગ્ય રીતે સ્થાપે છે.

જે સ્ત્રી અથવા પુરુષ તેમ નથી કરી શકતા, તે સ્ત્રી અથવા પુરુષ અગારમાં રહી શ્રાદ્ધ, શ્રાવક અને દેશ-વિરત રૂપે શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા થઇ સામાયિક ધર્મની આરાધના કરે છે.

સમ્યગ્દર્શનાદિક સિવાયની વિકાસક્રમની પ્રાથમિક ભૂમિકાઓમાં પસાર થતા બાકીના જીવાત્માઓ કે જેઓની ઉપર ઉપદેશની અસર થઇ હોય છે. તેમાંના કેટલાક માર્ગગામી થાય છે, અથવા તેમ થવા પ્રયત્ન કરે છે. અને સ્વભાવથી જ નિર્વાણ નહીં ઇચ્છનારા અભવ્યો જેવા અસત્પાત્ર શ્રોતાઓ પણ છેવટે યથાપ્રવૃત્ત ભૂમકાનો સ્પર્શ કરી યત્કિંચિત્ શ્રુત સામાયિક ધર્મનો લેશ માત્ર પણલાભ પ્રાપ્ત કરે છે.

૧૭. તીર્થંકરોના પ્રથમ ઉપદેશની સૌથી પહેલી વિશેષ અસર જેઓની ઉપર થાય છે, એવા શ્રમણલિંગધારી થયેલા બીજ બુદ્ધિના ધણી તીર્થંકર ભગવંતના મુખથી ત્રણ અર્થ-પદોને પ્રાપ્ત કરી સામાયિક ધર્મને કેન્દ્રમાં રાખીને દ્વાદશાંગ રૂપ મહાશ્રુત-શાસ્ત્રની અંતર્મૂહૂર્તમાં જ

રચના કરે છે.

અલ્પમાં અલ્પ શ્રુતથી માંડીને સંપૂર્ણપણે એ પ્રવચન શ્રુત-જ્ઞાનના આરાધકો શ્રુત સામાયિક ધર્મના આરાધકો કહેવાય છે.

મહાદંડક-સામાયિક સૂત્રાદિક આવશ્યકાદિકના અધ્યેતાથી માંડીને યાવત્ યથાયોગ્ય અનેક પ્રકારના શ્રુતના શ્રોતા શ્રાવકથી માંડીને, તથા આચારાંગથી માંડીને સંપૂર્ણ દ્વાદશાંગીના અધ્યેતા શ્રમણો સુધીમાં-શ્રુત સામાયિક ધર્મના આરાધકોના-પદજ્ઞાતા, પદસમુદાય જ્ઞાતા, ઉદ્દેશ જ્ઞાતા, ઉદ્દેશ સમુદાય જ્ઞાતા, અધ્યયન જ્ઞાતા, અધ્યયન સમુદાય જ્ઞાતા, અંગ જ્ઞાતા, અંગ સમુદાય જ્ઞાતા, યાવત્ એકાદશાંગધર, પ્રાભૃતપ્રાભૃતજ્ઞ, પ્રાભૃતપ્રાભૃત સમુદાયજ્ઞ, વસ્તુજ્ઞ, વસ્તુ સમુદાયજ્ઞ, પૂર્વજ્ઞ, પૂર્વ સમુદાયજ્ઞ, યાવત્ ન્યૂનદશપૂર્વધર, દશ પૂર્વધર, ચતુર્દશ પૂર્વધર અને છેવટે સંપૂર્ણ દ્વાદશાંગીનાધારકઃ એવા અનેક પ્રકારો પડી જાય છે.

૧૮. આ રીતે સામાયિક ધર્મારાધકોના જુદી જુદી અપેક્ષાએ અનેક પ્રકારો પડી જાય છે-સ્ત્રી અને પુરુષ રૂપે તથા અગારિ અણગારિ રૂપે પ્રકારો પડે છે.

ઉપશમદર્શની, ક્ષાયોપશમિકદર્શની, વેદકદર્શની અને ક્ષાયિકદર્શનીઃ એ રીતે પણ ચાર પ્રકારો પડે છે.

મતિજ્ઞાની-શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની,

અને કેવળજ્ઞાની: એ રીતે સામાયિક ધર્મના આરાધકોના વર્ગો પડે છે.

સામાયિક ચારિત્રી, છેદોપસ્થાપ્ય ચારિત્રી, પરિહાર-વિશુદ્ધિક, સૂક્ષ્મસંપરાયચારિત્રી, અને યથાખ્યાતચારિત્રી: એ પાંચ રીતે પણ સામાયિક ધર્મારાધકોના પ્રકારો પડે છે.

નિર્ગ્રન્થ, પુલાક, બકુશ, કુશીલ, અને સ્નાતક: એ પાંચ નિર્ગ્રન્થ અને છઠ્ઠા સગ્રન્થ: એમ છ રીતે સામાયિક ધર્મના આરાધકોના વર્ગો પડે છે.

૧૯. [ એક કે અનેક વ્યક્તિનું ] કોઇ પણ કાર્ય જ્યારે સમુદાય સ્વીકારે છે, સમુદાય માટે હોય છે, અથવા એકથી વધારે વ્યક્તિઓ કોઈ પણ વિશિષ્ટ હેતુથી કોઈ પણ એક સંબંધમાં જોડાય છે, ત્યારે સર્વની સુવ્યવસ્થા માટે કોઇ ને કોઇ જાતની વ્યવસ્થા નિયત કરવી પડે છે.

નિયત કરવામાં આવતી વ્યવસ્થા માટે નિયમસરના શુદ્ધ અને ન્યાય્ય વૈજ્ઞાનિક તત્ત્વો પર રચાયેલી યોજના—બંધારણ—તંત્ર સ્વાભાવિક રીતે જ અસ્તિત્વમાં આવે છે.

જે સામાયિક ધર્મ તીર્થંકર ભગવંતનું વ્યક્તિગત આચરણ છે, જે સામાયિક સૂત્ર તીર્થંકર ભગવંતનું માત્ર નાનું છતાં ગંભીર પ્રતિજ્ઞા વાક્ય છે, અને જે સ્વયંસંબુદ્ધ તીર્થંકર ભગવંત પોતે પણ તદ્દન સ્વતંત્ર જ છે; તે સામાયિક ધર્મ, તે સામાયિક સૂત્ર અને તે તીર્થંકર ભગવંત: એ સર્વ, જ્યારે તેઓ સામાયિક ધર્મનો જાહેર ઉપદેશ

આપે છે, અનેક ભાવિક શ્રોતાઓ તે સાંભળે છે, સાંભળીને અનેક ભાવિતાત્માઓ તેનું આચરણ કરવા નીકળી પડે છે, ભગવંતના શિષ્ય થાય છે, અને પ્રતિજ્ઞાવાક્ય–સામાયિક સૂત્રનો ઉચ્ચાર કરે છે. ત્યારે આમ સંખ્યા વધતાં શરૂઆતમાં ગુરુશિષ્ય ભાવ સંબંધ નક્કી કરવા પુરતું પણ તંત્રનું બીજ રોપાય છે. એટલે કે તીર્થ–તંત્ર અસ્તિત્વમાં આવવા માંડે છે. અને પછી એ સર્વે પણ તીર્થ–તંત્રના અંગો બની જાય છે. અર્થાત્ સામાયિક ધર્મ સર્વ તીર્થાનુયાયિઓનો ધર્મ થાય છે, સામાયિક સૂત્ર અને તદનુસારી દ્વાદશાંગ પ્રવચન સર્વ તીર્થાનુયાયિઓનું શ્રુત થાય છે, અને તીર્થંકર ભગવંત તથા તેમના શિષ્યો વિગેરે, સર્વ તીર્થાનુયાયિઓના આપ્ત પુરુષો થાય છે, સ્વામિ અને નાયક થાય છે. એકંદર એ સર્વે તીર્થ–તંત્રના અંગો જ બને છે. એટલે જ શ્રી તીર્થંકર પ્રભુને પણ શ્રી તીર્થને નમસ્કાર કરવો પડે છે. !

૨૦. જગતને ઉપયોગી એવું સ્થાયિ કે પ્રાસંગિક કોઇ પણ તંત્ર જ્યારે અસ્તિત્વમાં આવે છે, ત્યારે તેના– ઉદ્દેશ, હેતુ, પરિણામ, પ્રચારકો, આંતર્–બાહ્ય વહીવટ, નાના–મોટા અધિકારીઓ, ઉત્પાદક વ્યક્તિ, ઉત્પત્તિના દેશ–કાળ, દેશ–કાળ અનુસાર નિયમો, અધિકારિઓની ફરજ–સત્તા–અધિકારનો વિસ્તાર અને મર્યાદા, પરસ્પરના આંતર્–બાહ્ય સંબંધો, વ્યક્તિગત અને સામુદાયિક–સ્થાનિક અને સમગ્રને લગતા–સનાતન અને માત્ર સંયોગ વિશેષમાં જ

ઉપયોગી-એવા અનેક નિયમો, મિલ્કતો, સભ્યો, પ્રતિનિધિઓ, પ્રવેશ-નિર્ગમના નિયમો, સંધિ-વિગ્રહો, ઉત્સર્ગ-અપવાદ, પ્રચારના સાધનો, પ્રભાવક અને ખ્યાતિકર યોજનાઓ, તંત્રનીતિ અને માર્ગદર્શન કરાવનાર ગ્રન્થ સંગ્રહ, કટોકટિના જોખમમાંથી તંત્રને બચાવી લેવા માટેની ઔપનિષદિક યોજનાઓ: વિગેરે અનેક વ્યવસ્થિત સામગ્રીઓ અસ્તિત્વમાં આવે જ છે.

આવી સર્વ યોજનાઓ સાથે તીર્થંકર ભગવંતો જે તંત્ર સ્થાપે છે, તે **તીર્થ** કહેવાય છે. તેઓ આવા તીર્થ-તંત્રને કરે છે, માટે તીર્થંકર કહેવાય છે.

આ સર્વ યોજનાઓના માર્ગ બતાવનાર વિજ્ઞાનો જુદા જુદા કલ્પો રૂપે દ્વાદશાંગીમાં વ્યવસ્થિત કરવામાં આવે છે.

જ્યારથી તીર્થંકર ભગવંત અગ્લાન ધર્મોપદેશ આપવા માંડે છે, ત્યારથી તીર્થના તંત્રને લાયક સામગ્રીઓ પ્રત્યક્ષ રૂપે ઉત્પન્ન થવા માંડે છે, અને તીર્થ સ્થપાતાં તે સર્વ સામગ્રીઓ તીર્થનું અંગ બની જાય છે.

**૨૧.** વ્યક્તિગત યોગ્યતાએ સમ્યગ્દર્શની એવા કોઇ પણ પુરુષો કે સ્ત્રીઓ તીર્થના સભ્યો છે. એટલે કે શ્રમણોપાસકો, શ્રમણોપાસિકાઓ, તીર્થંકર ભગવંત સુધીના સર્વ શ્રમણનિર્ગ્રન્થો અને શ્રમણનિર્ગ્રન્થીઓ: એ સર્વ સભ્યો છે.

સમ્યગ્દર્શન તીર્થના શાસન તંત્રના સભ્ય થવા

માટેની અલ્પમાં અલ્પ છતાં ખાસ અગત્યની પ્રાથમિક યોગ્યતા છે. તે ન હોય તો, ગમે તેવા શ્રુતધર કે આચાર-સંપન્ન કે તપસ્વી વ્યક્તિને તીર્થના સભ્ય તરીકે પણ સ્થાન મળી શકતું જ નથી. અર્થાત્ તે વ્યક્તિનો તીર્થમાં પ્રવેશ થઇ શકે નહીં. પ્રવિષ્ટ હોય તો તેમણે પોતાના અને તીર્થના શ્રેય: માટે બહાર રહેવું જોઇએ, બહાર થવું જોઇએ.

૨૨. તીર્થની જવાબદારીના અલ્પમાં અલ્પ અધિકારથી માંડીને તીર્થંકર સુધીના સર્વ અધિકારો શ્રમણલિંગી વર્ગને જ છે. એટલે કે ગૃહી કરતાં શ્રમણલિંગીને પ્રધાન અધિકારો માટે ખાસ કરીને વધારે યોગ્ય ગણવામાં આવે છે. કારણ કે શ્રમણલિંગીનું આખું જીવન આત્મસાધના ઉપરાંત તીર્થને માટે જ હોય છે. તેથી જ જવાબદારીઓ ઉપાડવાને તે સમર્થ થઇ શકે છે. માટે જ તેમને શિર સર્વ જવાબદારીઓ મૂકવામાં તીર્થના તંત્રની વધારે સુવ્યવસ્થા છે. અને—ગૃહી વર્ગને તો માનવ તરીકે, આર્યસંસ્કારસંપન્ન વર્ગ તરીકે, વૃત્તિ સંપાદક તરીકે, કુટુંબીજન તરીકેઃ એમ અનેક જવાબદારીઓમાંથી પસાર થવાનું હોય છે, ઉપરાંતઃ— તીર્થના અનુયાયિ અને સભ્ય તરીકેની જવાબદારીમાંથી પણ પસાર થઇ તીર્થની મદદથી આત્મગત કલ્યાણ સાધવાનું હોય છે. તેથી તેને તીર્થના સર્વ અધિકારો અને સત્તા સંભાળવાને અશક્ત ગણવામાં આવે છે.

૨૩. તીર્થ તરફ જે અને જેટલી ફરજ શ્રી તીર્થંકર

ભગવાનની છે, તે અને તેટલી ફરજ પ્રત્યેક સભ્યની છે. પરંતુ પ્રત્યેક સભ્યમાં ફરજ બજાવવાની તેટલી શક્તિ નથી હોતી, માટે જ અધિકારી પાત્રોની યોગ્યતા પ્રમાણે અધિકારો, અધિકારો પ્રમાણે જવાબદારીઓ, અને જવાબદારીઓ પ્રમાણે સત્તા અને ફરજો નિયત કરી તીર્થની વ્યવસ્થા કરવામાં આવે છે. અર્થાત્—

પ્રત્યેક સભ્યને બે જાતની પ્રવૃત્તિમાંથી પસાર થવાનું હોય છે, એકઃ- સ્વાત્મકલ્યાણ નિમિત્તે યથાશક્તિ સમાયિક ધર્મનું આરાધન કરવું, એટલે કે—સામાયિક ધર્મનું અવલંબન લઈ વ્યક્તિગત પ્રગતિ કરી આત્મકલ્યાણ સાધવું તે. અને બીજુંઃ–તન, મન, ધન, કુટુંબ, સમાજ, પ્રજા, જ્ઞાતિ, લાગવગ, સત્તા, અધિકાર વિગેરે યાવત્ સર્વસ્વનો સંપૂર્ણ ભોગ આપીને પણ તીર્થવત્સલ થવું, સ્વેચ્છાપૂર્વક તેની આધિનતા સ્વીકારવી, કટોકટિને પ્રસંગે પણ તેની રક્ષા કરવી, અપભ્રાજના નિવારવી, યાવત્ તીર્થની સવિશેષ પ્રભાવના પ્રસરાવવી, સર્વ જગજ્જંતુઓને સાક્ષાત્ કે પરંપરાએ યથાયોગ્ય રીતે શાસન રસિક બનાવવા સુધીના પ્રયત્નો કરવા, વિગેરે વિગેરે. તીર્થના વાત્સલ્ય માટે અને તીર્થની અપભ્રાજનાના નિવારણ માટે નાનામાં નાના સભ્યને પણ સર્વ અધિકારિઓના સર્વ અધિકારો છે. પરંતુ તેણે બજાવેલા તે તે અધિકારો તે તે અધિકારીઓની વતી બજાવેલા છે એમ સમજી લેવાનું છે. છતાં તીર્થની અપભ્રાજના કરવા માટે

ગમે તેવા મોટામાં મોટા અધિકારીને અલ્પમાં અલ્પ પણ અધિકાર નથી, અર્થાત્ તે તીર્થ બાહ્ય છે.

સામાયિક ધર્મના આરાધનથી થતી વ્યક્તિગત પ્રગતિને ભોગે પણ કટોકટિને પ્રસંગે, તીર્થના તંત્રની રક્ષા કરવાની જવાબદારી પ્રત્યેક સભ્યને શિરે છે. કારણ કે—ધર્મનું કારણ-સાધન તીર્થ છે. તીર્થ જોખમમાં હોય, તો ધર્મ પણ જોખમમાં હોવો સંભવિત જ છે.

ધર્મ માર્ગમાં ભૂલ કરનાર જેમ દોષાનુરૂપ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઈ આગળ પ્રગતિ કરી શકે છે, તેમ તીર્થની પ્રતિષ્ઠામાં થતી ક્ષતિની ઉપેક્ષા કરનાર શિક્ષાપાત્ર વ્યક્તિ પણ દોષાનુરૂપ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઇ તીર્થ ભક્ત બની શકે છે.

ધર્મારાધનમાં થતી સ્ખલનાના પ્રાયશ્ચિતના પ્રમાણમાં તીર્થારાધનમાં થતી સ્ખલનાનું પ્રાયશ્ચિત કંઇક તીવ્ર હોય છે. બન્ને જાતના પ્રાયશ્ચિત્તો તે તે કલ્પમાં સ્પષ્ટ વિભાગપૂર્વક નિયત કરી દ્વાદશાંગીમાં વ્યવસ્થિત કરવામાં આવ્યા છે.

૨૪. તીર્થના સર્વ સભ્યોનો સમુદાય "સંઘ" ગણાય છે. અને શ્રમણ સમુદાય પણ મુખ્યપણે "સંઘ" ગણાય છે.

સંઘ બે પ્રકારે છે:—પુરુષ રૂપે અને સ્ત્રી રૂપે: અર્થાત્-શ્રાદ્ધશ્રમણોપાસકથી માંડીને કેવળી સુધીના શ્રમણો પુરુષ રૂપે, અને શ્રાદ્ધીશ્રમણોપાસિકાથી માંડીને કેવળ જ્ઞાન સંપન્ન શ્રમણીઓ સ્ત્રી રૂપે હોય છે. એમ સંઘ ચતુર્વિધ છે.

સંઘ બે પ્રકારે છે:—ગૃહસ્થધર્મીઓનો સમુદાય અને અણુગારોનો સમુદાય: શ્રમણોપાસકો અને શ્રમણોપાસિકાઓ ગૃહસ્થ ધર્મિઓ છે. અને શ્રમણુલિંગી નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થિકાઓ અણગાર ધર્મિઓ છે. એમ સંઘ ચતુર્વિધ છે.

સંઘ બે પ્રકારે છે:—સ્થિર અને ચર: શ્રમણોપાસકો અને શ્રમણોપાસિકાઓ અગારવાસિ હોવાથી તે તે ગ્રામ વા નગરમાં સ્થિર, સ્થાયિ, સ્થાનિક સંઘ રૂપે છે અને વિહારકલ્પને અનુસારે ગ્રામ, નગર, વન, વિહાર, આકર, ખાણ, પર્વત, અરણ્ય વિગેરેમાં વિચરનારા શ્રમણ નિર્ગ્રંથો અને શ્રમણ નિર્ગ્રન્થિકાઓ ચર–જંગમ સંઘ છે. એમ સંઘ ચતુર્વિધ છે.

સંઘ બે પ્રકારે છે:—ભિક્ષોપજીવી, અને કર્મોપજીવી: શ્રમણભિક્ષુઓ અને શ્રમણભિક્ષુણીઓ ભિક્ષોપજીવી સંઘ છે. અને શ્રમણોપાસકો તથા શ્રમણોપાસિકાઓ અસિ, મષી અને કૃષિ રૂપ કર્મ અથવા શિલ્પાદિક કર્મ વિષે સ્વ–ઉદ્યમપૂર્વક અર્થ ઉપાર્જન દ્વારા આજીવિકા ચલાવે છે, માટે કર્મોપજીવી સંઘ છે. આમ સંઘ ચતુર્વિધ છે.

વળી સંઘ ચાર પ્રકારે છે:—સમ્યગ્દર્શન સામાયિક ધર્મારાધક, સમ્યગ્શ્રુત સામાયિક ધર્મારાધક, દેશ સામાયિક ચારિત્ર ધર્મારાધક અને સર્વ સામાયિક ચારિત્ર ધર્મારાધક: એમ પણ સંઘ ચતુર્વિધ છે.

શ્રાવક, શ્રાવિકા, સાધુ સાધ્વી: એમ સંઘ ચતુર્વિધ છે.

એટલે કે તીર્થના સર્વ સભ્યોના મુખ્ય ચાર વર્ગ છે. અર્થાત્—

| | |
|---|---|
| ૧. સભ્ય વર્ગ પહેલો | શ્રમણભિક્ષુક |
| ૨. સભ્ય વર્ગ બીજો | શ્રમણભિક્ષુકી |
| ૩. સભ્ય વર્ગ ત્રીજો | શ્રમણોપાસક |
| ૪. સભ્ય વર્ગ ચોથો | શ્રમણોપાસિકા |

**૨૫.** કોઈ પણ તંત્રના કાર્યની પ્રવૃત્તિ બે પ્રકારની હોય છે, અનુલોમ અને પ્રતિલોમ: બન્ને પ્રકારની કાર્ય પ્રવૃત્તિઓ એક જ જાતના પ્રતિનિધિઓ દ્વારા પ્રવર્તી શકે છે. એટલે કે—નીચે નીચેના અધિકારીઓના, નિવેદનને માટે ઉપર ઉપરના જે અધિકારીઓ પ્રતિનિધિ હોય છે. તે જ પ્રતિનિધિઓ ઉપર ઉપરના અધિકારીઓના આદેશો નીચે નીચેના અધિકારીઓમાં પ્રવર્તાવી શકે છે.

ગ્રામે વા નગરે વા સ્થિર વાસ કરી અગારવાસી થઈ રહેલા શ્રમણોપાસકો અને શ્રમણોપાસિકાઓનું દ્વિવિધ પ્રતિનિધિત્વ ધર્મ તીર્થના તંત્રમાં વ્યવસ્થિત છે. અગારવાસી તરીકેનું અને પુરુષ તરીકેનું તથા સ્ત્રી તરીકેનું.

આજીવિકા માટેના શ્રમ અને અર્થઉપાર્જન તથા કુટુંબ વ્યવહારમાં ભાગીદાર એવા એકાગારવાસી બાળક, બાળિકા યાવત્ સર્વ સ્ત્રી પુરુષોનું પ્રતિનિધિત્વ મુખ્ય ગૃહસ્વામીમાં વ્યવસ્થિત છે.

ગૃહસ્વામીઓના પ્રતિનિધિ, એક ગોત્ર, વંશ, કુળ,

કુટુંબ કે એક વસતિસ્થાન–વિભાગના–સ્વામી વ્યવસ્થિત છે. એમ અનુક્રમે–કુટુંબ સ્વામીઓના સમાન જાતિના મુખ્ય સ્વામી, સમાન જાતિના મુખ્ય સ્વામીઓના ગ્રામ વા નગરના મુખ્ય સંઘાગ્રણી, ગ્રામ વા નગરવાસીઓના મુખ્યાગ્રણીઓના તે તે પ્રદેશના સંઘાગ્રણીઓ, તે તે પ્રદેશના સંઘાગ્રણીઓના તે તે દેશના સંઘાગ્રણીઓ પ્રતિનિધિ છે.

આ અગારવાસીઓના પ્રતિનિધિત્વની વ્યવસ્થા છે. પુરુષ તરીકેનું પ્રતિનિધિત્વ તેમાં ગતાર્થ છે. તે તે પ્રદેશ વા દેશના સંઘાગ્રણીઓના પ્રતિનિધિ તે તે ગણસ્વામી યાવત્ ગણાચાર્ય, અને ગણાચાર્યોના પ્રતિનિધિ તીર્થપતિ શાસન ધુરંધર આચાર્ય છે.

એક કુટુંબની સ્ત્રીસમુદાયનું પ્રતિનિધિત્વ કુટુંબ સ્વામિનીમાં વ્યવસ્થિત છે. એમ અનુક્રમે ગ્રામ વા નગરમાં સમગ્ર શ્રમણોપાસિકાઓની સ્વામિનીમાં વ્યવસ્થિત છે. ગ્રામ વા નગરની સ્વામિનીઓનું પ્રતિનિધિત્વ સકળ શ્રમણોપાસિકા સંઘની પ્રધાન સ્વામિનીમાં વ્યવસ્થિત છે. પ્રધાન સ્વામિનીનું પ્રતિનિધિત્વ યાવત્ મહા પ્રવર્તિનીમાં વ્યવસ્થિત છે.

એક કુટુંબના સ્ત્રીસમુદાયનું પ્રતિનિધિત્વ કુટુંબ સ્વામિનીમાં વ્યવસ્થિત છે. એમ અનુક્રમે ગ્રામ વા નગરમાં સમગ્ર શ્રમણોપાસિકાઓની સ્વામિનીમાં વ્યવસ્થિત છે. ગ્રામ વા નગરની સ્વામિનીઓનું પ્રતિનિધિત્વ સકળ શ્રમણોપાસિકા સંઘની પ્રધાન સ્વામિનીમાં વ્યવસ્થિત છે. પ્રધાન સ્વા-

મિનીઓનું પ્રતિનિધિત્વ યાવત્ મહાપ્રવર્તિનીમાં વ્યવસ્થિત છે.

આ અગારવાસી શ્રમણોપાસિકા સંઘના પ્રનિનિધિત્વ છે. સર્વ શ્રમણીવર્ગનું પ્રતિનિધિત્વ સ્થવિરા, મહત્તરા, પ્રવર્તિનીઓ દ્વારા મહાપ્રવર્તિનીમાં વ્યવસ્થિત છે. મહાપ્રવર્તિનીનું પ્રતિનિધિત્વ ગણા (ગચ્છા-) ચાર્યમાં વ્યવસ્થિત છે.

એક મંડળનિષ્ઠ મુનિઓનું પ્રતિનિધિત્વ સ્થવિર, ગણાવચ્છેક, પ્રવર્તક યાવત્ એક કુલાચાર્યમાં વ્યવસ્થિત છે. કુલાચાર્યોનું ગણાચાર્યોમાં, અને ગણાચાર્યોનું તીર્થપતિ શાસન ધુરંધર આચાર્યમાં વ્યવસ્થિત છે.

તીર્થંકર ભગવાનની વિદ્યમાનતામાં તે તે શ્રમણ વા શ્રમણીગણોનું પ્રતિનિધિત્વ આચાર્યો દ્વારા તે તે ગણધર ભગવંતોમાં વ્યવસ્થિત છે, અને સર્વ ગણધરોનું પ્રતિનિધિત્વ તીર્થંકર ભગવંતમાં વ્યવસ્થિત છે.

સકળ સંઘનું પ્રતિનિધિત્વ તીર્થંકર ભગવંતમાં વ્યવસ્થિત છે. તીર્થંકર ભગવંતની અવિદ્યમાનતામાં તીર્થપતિ શાસન ધુરંધર આચાર્ય સકળ સંઘના પ્રતિનિધિ છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ ત્રિગુણાત્મક પ્રત્યેક પ્રતિનિધિત્વ અનેકધા પ્રવર્તે છે. એટલે–સમ્યગ્દર્શન રૂપે, સમ્યગ્જ્ઞાન રૂપે, સમ્યગ્ચારિત્ર રૂપે, સમ્યગ્દર્શનાદિક દ્વિક સંયોગે, ત્રિક સંયોગે, તેમજ સમ્યગ્દર્શનાદિકમાંથી કોઇ પણ એકના જ પ્રધાનપણે અને એક યા બેના ગૌણપણે. એમ પણ અનેકધા પ્રતિનિધિત્વ પ્રવર્તે છે.

જેમ કે-ઉપાધ્યાય સમ્યગ્જ્ઞાન પ્રધાનોના પ્રતિનિધિ છે. ત્યારે તીર્થપ્રભાવક સમ્યગ્દર્શન પ્રધાનોના પ્રતિનિધિ છે. ઉત્કૃષ્ટ ચારિત્રસંપન્ન આચાર્ય સમ્યગ્ચારિત્ર પ્રધાનોના પ્રતિનિધિ છે. તીર્થંકર ભગવંત, મુખ્ય ગણધર કે શાસન ધુરંધર તીર્થપતિ આચાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રિગુણ પ્રધાનોના પ્રતિનિધિ છે.

સર્વ પ્રતિનિધિઓ શાસનતંત્રના અધિકારીઓ છે. તીર્થંકરના આદેશો સર્વ અધિકારીઓ દ્વારા નીચે નીચે પ્રવર્તે છે, અને નીચે નીચેના સર્વ નિવેદનો ઉપર ઉપરના પ્રતિનિધિ અધિકારીઓ દ્વારા ઉપર ઉપર ઠેઠ તીર્થંકર ભગવંત સુધી પ્રવર્તે છે.

૨૬. નિર્યામક, ગણી, સ્થવિર, મહત્તર, પ્રવર્તક, ઋષભ, ઉપાધ્યાય, આચાર્ય, ગણધર અને તીર્થંકર તથા સ્થવિરા, મહત્તરા, પ્રવર્તિની વિગેરે તીર્થના પ્રધાન અધિકારીઓ છે.

તીર્થંકર ભગવાન્ શાસન રૂપ ધર્મરાજ્યના ચક્રવર્તિ તુલ્ય છે, અને પ્રથમ ગણધર મુખ્ય સચિવ તુલ્ય છે. તીર્થંકર ભગવાનની અવિદ્યમાનતામાં તીર્થપતિ શાસન ધુરંધર આચાર્ય ધર્મરાજ્યના અધિનાયક છે.

૨૭. ઉત્તમ-આર્યકુળ, જાતિ, વંશ, અને દેશમાં ઉત્પન્ન થયેલી વ્યક્તિઓ તીર્થંકર, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય વિગેરે તીર્થના સર્વ પ્રકારના ઉચ્ચ પદાધિકારો પર નિયુક્ત થાય છે.

૨૮. ઉત્તમ–આર્ય ક્ષત્રિય કુળ, વંશ, જાતિ અને દેશમાં ઉત્પન્ન થયેલા શ્રમણલિંગધારી, તીર્થંકર નામ કર્મોદયસંપન્ન મહા સાત્ત્વિક પુરુષો સર્વજ્ઞ સર્વદર્શી થઈ પ્રથમ દેશના આપે છે, સામાયિક ધર્મ પ્રરૂપે છે, શ્રમણલિંગધારણ કરાવે છે, ત્રિપદી કહી પ્રવચન શ્રુત ઉત્પન્ન કરાવે છે; અને વાસચૂર્ણનો પ્રક્ષેપ કરી યથાયોગ્ય અધિકારીઓને અધિકારો સોંપીને તીર્થની વ્યવસ્થા કરી તીર્થ સ્થાપે છે. સર્વ પુણ્ય-પ્રભાવાતિશયવાન્ થઈ ત્રિજગત્પૂજ્ય તીર્થંકર પદ પ્રાપ્ત કરી કેવળી સ્નાતક તીર્થંકર પ્રભુ શ્રુતધરોના કલ્પને અનુસરી સર્વ પ્રકારનો જીવનવ્યવહાર ચલાવવા સાથે સત્પાત્ર ભવ્ય જીવોને પ્રતિબોધિત કરે છે. ઇત્યાદિ અનેક પ્રકારે તીર્થંકર કલ્પનો અર્થવિસ્તાર છે.

૨૯. એ રીતે ગણધર નામ કર્મોદયસંપન્ન તીર્થંકર પછી ધર્મકથી, તીર્થંકર ભગવંતના અનન્ય ભક્તો, અને ગણ તથા તીર્થની સર્વ જવાબદારીઓ ઉપાડનાર મહાપ્રાજ્ઞ મહાત્મા પુરુષો એવા ગણધરોના કલ્પનો અર્થવિસ્તાર પણ કહેલો જ સમજવો.

૩૦. આર્ય સંસ્કારયુક્ત ક્ષેત્રાદિક ઉત્તમ સાધન સામગ્રીમાં જન્મ ધારણ કરી ઉત્પન્ન થયેલા, સર્વ વિરત શ્રમણ, શ્રુતપારંગત, દેશ–કાળજ્ઞ, સર્વ સમ્મત, તીર્થતંત્ર-તત્ત્વજ્ઞ, ધર્મરાજ્યનીતિજ્ઞ, સ્વાયત્ત નૃપતિની જેમ તીર્થ પ્રવૃત્તિમાં ષાડ્ગુણ્યયોજનસમર્થ, પ્રવચનાર્થ તાત્પર્યજ્ઞ,

આચારધર, આચારપ્રવર્તક, તીર્થવત્સલ, અકદાગ્રહી, વિજ્ઞ-ગીતાર્થોએ અનિન્દિત, પ્રૌઢવયસ્ક, નિરભિમાની, ક્ષમાદિક-ગુણસમૃદ્ધિસંપન્ન, સંવેગરંગરંજિત, નિરન્તર શ્રુતાવલંબન પ્રવૃત્તિપરાયણ, પરહિતનિરત, સ્વપરસમયજ્ઞ, ઉત્સર્ગાપવાદના વિષય વિભાગના જ્ઞાતા, સદ્‌વિધિ સદનુષ્ઠાનપૂર્વક આચાર્ય પદ પ્રતિષ્ઠિત, આચાર્ય પદની સર્વાતિશાયી વિભૂષા સામ-ગ્રીથી સજ્જ એવા સર્વાતિશાયી શાસન ધુરંધર તીર્થપતિ આચાર્ય તીર્થંકર ભગવંતની અવિદ્યમાનતામાં તીર્થંકર ભગવંતના પ્રતિનિધિ છે, સકળ સંઘના એટલે કે તીર્થના માર્ગદર્શક, શાસક અને અધિષ્ઠાતા છે, તીર્થતંત્રના સર્વ પ્રકારે પ્રવર્તક છે, તીર્થની સર્વ જવાબદારીના વાહક છે.

સામાયિક ધર્મના રક્ષણ માટે તીર્થ છે, અને તીર્થના રક્ષણ માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની યથાર્થ પરિ-સ્થિતિનું માપ કાઢીને યથાયોગ્ય ઉચિત માર્ગે તીર્થને પ્ર-વર્તાવવાની સર્વ સત્તા અને અધિકારો શાસનપતિ આચા-ર્યને આધિન રહીને પ્રવર્તે છે.

સદા સર્વથા જાગ્રત્ ભાવે રહી તીર્થનું પ્રવર્તન અને રક્ષણ કરવાની સર્વ જવાબદારી જેમ તેમને શિરે છે. તેમ, તેમના નેતૃત્વ નીચે રહેવાની જવાબદારી સકળ સંઘને શિરે છે.

તીર્થપતિની સર્વ જવાબદારી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની પરિસ્થિતિ વિશેષમાં સામાન્ય રીતે પ્રત્યેક સમ્યગ્દ-

ર્શનીને શિરે છે.

સર્વાતિશાયી આચાર્ય સંપદ્ વિભૂષિત આચાર્ય તીર્થના શાસન તંત્રનું પ્રધાન અંગ છે, માટે તે સર્વ સાધનોથી, સર્વદા, સર્વત્ર, સર્વ બાજુથી સકળ સંઘને રક્ષણ કરવા યોગ્ય છે, માનનીય છે, સન્માનનીય છે, વિશ્વસનીય છે, વંદનીય છે, પૂજનીય છે.

ઇત્યાદિ આચાર્ય કલ્પનો અર્થવિસ્તાર છે.

૩૧. આચાર્ય કલ્પની પ્રરૂપણા કરવાથી પ્રવચન શ્રુતના વ્યન્જન, અર્થ અને તદુભયના જ્ઞાતા, વાચના, પ્રચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા વિગેરે પ્રકારે જ્ઞાનવિષયક સર્વ શાખા–પ્રશાખાના પઠન–પાઠનને લગતા સર્વ તંત્રના પ્રવર્તક અને નિયામક સર્વવિરત શ્રમણ અને ઉપાધ્યાય પદ વિભૂષિત ઉપાધ્યાયના કલ્પનો અર્થવિસ્તાર પ્રરૂપાઇ ગયેલો સમજવો.

૩૨. ઉપાધ્યાય, શાખા–પ્રશાખાયુક્ત જ્ઞાન–વિષયક સર્વ તંત્રના ઉપ–અધ્યાય–ઉપકુલપતિ છે. કારણ કે જ્ઞાન–વિષયક સર્વ તંત્રના મુખ્ય અધ્યાય–મુખ્ય કુલપતિ તો શાસન ધુરંધર આચાર્ય જ છે.

ચારિત્રને લગતા આચાર વિષયક સર્વ તંત્રના પ્રવર્તક આચાર્યોના પણ અધિનાયક શાસનાધિપતિ આચાર્ય છે.

વાદી, પ્રભાવક વિગેરે દર્શન પ્રભાવક પ્રધાન પુરુષોના સર્વ વ્યવહારોના પણ અધિનાયક શાસનાધિપતિ આચાર્ય છે.

સર્વાતિશયસંપન્ન શાસનાધિપતિ આચાર્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની સર્વ સંપદ્ પ્રકાશે છે. તોપણ તીર્થંકર પ્રભુ અને મુખ્ય ગણધરની જેમ સમ્યગ્દર્શન [સાધન ?] સંપદ્ પ્રધાનપણે પ્રકાશે છે. કારણ કે તીર્થ એ ત્રયાત્મક છતાં મુખ્યતયા સમ્યગ્દર્શન સ્વરૂપ છે. અને આચાર્ય એ તીર્થનું પ્રધાન અંગ છે.

ગંભીર કટોકટિને સમયે ભરદરિયામાં ડામાડોળ થતી નાવને જેમ કુશળ નાવિક સહીસલામત પસાર કરાવી દે છે, તેમ-દેશ-કાળના ગમે તેવા ઉલટસુલટ કટોકટિના વિકટ પ્રસંગોમાંથી, વ્યામોહ ઉત્પન્ન કરે તેવા-ગમે તેવા સંજોગોમાંથી અને વ્યાકુળ તથા સંદિગ્ધ પરિસ્થિતિમાંથી, અવિચ્છિન્ન પરંપરાએ ચાલ્યા આવતા તીર્થના નાવને પ્રતિષ્ઠાપૂર્વક ચોક્કસ માર્ગેથી પસાર કરાવી દેવાનું સામર્થ્ય ધરાવનાર, આંતર્-બાહ્ય પ્રચારજ્ઞ, દર્શનાન્તર અને રાજ્યાદિક શાસનતંત્રો સાથેના યથોચિત સંધિ-વિગ્રહ વિગેરે તીર્થ-પ્રવર્તનના મૂલોત્તર તત્ત્વોનો ઉપયોગ કરી જાણનાર વ્યક્તિ આચાર્યપદને યોગ્ય છે.

પઠન-પાઠન, વાચન-મનન, પ્રશ્ન-વ્યાકરણ, ધર્મકથા, વાદ-પ્રતિવાદ વિગેરે ઉપાધ્યાય પરિષદ્‌ના પ્રધાન કાર્યો છે. શૈક્ષથી માંડીને ચતુર્દશ પૂર્વધર સુધીના શ્રુતજ્ઞાન-વિષયક પદધારકો ઉપાધ્યાય-પરિષદ્‌ના ભૂષણો છે.

ઉપાધ્યાય-પરિષદ્‌ના ભૂષણભૂત શ્રેષ્ઠ મુનિપુંગવો જ

આચાર્ય પરિષદ્‌ના સભ્ય થવાને યોગ્ય થાય છે. તીર્થ-તંત્રમાં આચાર્યના પ્રભાવયુક્ત નેતૃત્વમાં રહી નિષ્ણાત થવા પછી, તીર્થતંત્રને સદોદિત રાખવાને આચાર્યના પ્રકાશ-માનતેજ:પુંજમાં પોતાનો તેજ:પ્રકાશ ઉમેરવાને સમર્થ વ્યક્તિઓ જ આચાર્ય પરિષદ્‌ના ભૂષણ થઇ શકે છે.

ઇત્યાદિ રીતે ઉપાધ્યાય પરિષદ્ અને આચાર્ય પરિ-ષદ્‌નો સ્પષ્ટ ભેદ સમજી શકાય તેવો છે.

૩૩. ચરણ–કરણસિત્તરીના આરાધક, અને 'તીર્થના તંત્રને સાપેક્ષ રહી વિવિધ સામાચારી શુદ્ધ એવા જીન-કલ્પક અને સ્થવિર કલ્પક, યથાલન્દક અને પરિવિશોધક મુનિઓનું સ્વરૂપ યથાકલ્પ સમજાવેલું સમજવું.

૩૪. આર્ય–અનાર્ય: એ બે વિભાગથી વિભક્ત અ-નાદિ અનંત માનવ સૃષ્ટિ સર્વત્ર વાસક્ષેત્રોમાં વ્યાપીને નિવાસ કરી રહેલ છે.

શિષ્ટ–જાતિ, કુળ અને ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલા, શિષ્ટ કર્મ અને શિલ્પની મદદથી આજીવિકા ચલાવનારા, અને શિષ્ટ ભાષા બોલનારાઃ એ છ પ્રકારના આર્ય માનવો શિ-વાયનો માનવ સમુદાય "અનાર્ય" શબ્દથી વ્યવહાર્ય છે.

જે જાતિ, કુળ કે ક્ષેત્રોમાં તીર્થંકર ગણધરાદિક આર્યો –શ્રેષ્ઠો જન્મ ધારણ કરે છે, યથોચિત જે શિષ્ટ કર્મ–કે શિષ્ટ શિલ્પ આચરે છે, અને જે શિષ્ટ ભાષા બોલે છે, તે સર્વથી સંસ્કારસંપન્ન, પવિત્ર સાધન સંપત્તિથી વ્યાપ્ત, પ્રકૃષ્ટ પુણ્ય

પ્રાગ્ભારથીલભ્ય, ધર્મ અને તીર્થની વધારે નિકટ તથા ધર્મ અને તીર્થનું ઓજસ્ ઝીલવામાં અને તેનો અતુલ-ભાર વહન કરવામાં સમર્થ એવું **આર્યત્વ** પ્રાપ્ત કરીને પણ કુશલાનુબંધી પ્રાણીઓ ગર્વ ધારણ કર્યા વિના વધારે ને વધારે નમ્ર બની મોક્ષ માર્ગના આરાધનમાં સવિશેષ તત્પર થઇ શકે છે.

યથોચિત યથાવિધિ સંસ્કારોથી શુદ્ધ થએલા જ અનાર્ય જાત્યાદિમાં સંજાત માનવમાં આર્યત્વ સંક્રાન્ત થઈ શકે છે. આર્યત્વ નિરપેક્ષ, અનાર્યસંસર્ગી અને અનાર્ય-સંસ્કારી આર્ય જાત્યાદિકમાં સંજાતમાનવ પણ આર્ય મર્યાદાથી બહાર છે.

સર્વ પ્રકારની શુદ્ધિના નિબંધનભૂત એવા શ્રામણ્યાદિક ઉચ્ચ સંસ્કાર વડે શુદ્ધ થયેલા આર્ય-અનાર્ય જાત્યાદિકમાં ઉત્પન્ન થયેલા કોઈ પણ માનવ, આર્ય-અનાર્ય જાત્યાદિકમાં સંજાત કોઈ પણ માનવના પૂજ્યતમ છે.

વિકાસ માર્ગમાં પ્રગતિશીલ પ્રત્યેક પ્રાણી માત્રે જીવનભર યથાશક્તિ એવાં કુશળ-કર્મ આચરવાં જોઇએ કે-જેથી કરીને-ઈક્ષ્વાકુ વિગેરે શિષ્ટ જાતિમાં, અને કુલકર વિગેરેના ઉત્તમ કુળોમાં તેનો જન્મ થાય; વળી જ્યાં ધર્મ અને તીર્થની સામગ્રી, તથા તીર્થંકરાદિક શિષ્ટ પુરુષોના જન્માદિક કલ્યાણકના-સ્થાનભૂત શાશ્વત્ અશાશ્વત્ તીર્થ ભૂમિઓનો સ્પર્શ વિગેરે અનાયાસ સુલભ હોય, તેવા ક્ષેત્રોમાં

તેની ઉત્પત્તિ થાય અને નિત્ય નિવાસ રહે; આજીવિકા ચલાવવા માટેના ઉત્તમ કર્મો અથવા શિલ્પોના જ્ઞાન અને સાધનો અનાયાસે વારસાથી જ પ્રાપ્ત થાય; તથા જેમાં-અનેક રીતે જગત્ કલ્યાણકર પ્રવચનાર્થસંબદ્ધ વિશાળ શબ્દ સંગ્રહ છે, તેવી પવિત્ર શિષ્ટ ભાષા બોલીને સર્વ સંવ્યવહાર ચલાવવાનો સુપ્રસંગ પ્રાપ્ત થાય. આમ અનેક રીતે આર્ય માનવ પ્રાયઃ મોક્ષ માર્ગની વધારે નજીક જઈ પહોંચે છે.

૩૫. અનાયાસ સુલભ પવિત્ર વાતાવરણ, સંસ્કાર અને સાધન-સામગ્રીવાળા અનુકુળ આર્ય ક્ષેત્રોમાં જ કલ્યાણે-ચ્છુક આર્ય માનવોએ સ્થાયિ-નિત્ય નિવાસ કરવો જોઇએ.

આજીવિકાનિમિત્તક વ્યવસાય, અત્યન્ત-સ્વાયત્ત નિત્યનિવાસ સ્થાન, અને લગ્નાદિક કૌટુમ્બિક વ્યવહારઃ એ ત્રણ તત્ત્વો સ્થાયિત્વના મુખ્ય અને સબળપ્રેરક હેતુઓ છે.

આર્ય નિવાસ ક્ષેત્રો વિષેના આર્યોના નિવાસના સ્થાયિત્વમાં વિઘાતક પ્રત્યવાયભૂત સર્વ પ્રતિબંધક તત્ત્વોનું સર્વ પ્રકારના યથોચિત પ્રયત્નોથી નિવારણ કરવાનું પ્રત્યેક આર્યનું અનિવાર્ય કર્તવ્ય છે.

આબાળ-ગોપાળ-સ્ત્રી-વૃદ્ધ-દીન-હીન ઈત્યાદિક સર્વના યથાર્થ પ્રતિનિધિત્વ વડે સુસંબદ્ધ એવા આર્ય મહાપ્રજા-જનોને સમ્મત, પ્રજાભક્ત અને ધર્મરક્ત એવા ચક્રવર્ત્યાદિક તે તે નિપુણ અગ્રેસર નાયકોને શિષ્ટસમ્મત એવા રાજ્યાદિક

અનેક તંત્રો ફરમાવીને, વ્યક્તિગત-કૌટુમ્બિક, સામાજીક, આર્થિક, રાજકીય, ક્ષૈત્રિક, ભોગોપભોગ, ન્યાય, નીતિ અને રક્ષણ સંબંધી સર્વ પ્રકારની આંતર્-બાહ્ય વ્યવસ્થા કરવાથી પ્રતિબંધક પ્રત્યવાયો દૂર થાય છે, અને અવકાશ તથા શક્તિસંચયમાં વિશેષ ને વિશેષ વધારો થવાથી પ્રજા વધારે સુલભતાથી તીર્થદ્વારા મોક્ષમાર્ગ આરાધી શકે છે.

૩૬. વ્યવસાયાદિક ત્રણ હેતુસર જે નિયત ક્ષેત્ર મર્યાદામાં સમ્યગ્દર્શની અગારવાસી ધર્મતીર્થના વ્યક્તિસભ્યો, કુટુંબસભ્યો, કુલસભ્યો કે જાતિસભ્યોના સમુદાય રૂપ સંઘ સ્થિરવાસ કરી સ્થિત રહેલો હોય, તે તત્ક્ષેત્રસ્થ [સ્થાનિક] સંઘ, ધર્મ-તીર્થને લગતો પોતાનો-ક્વચિત્ બહુસમ્મત, ક્વચિત્ સર્વસમ્મત, ક્વચિત્ વિશિષ્ટ વ્યક્તિસમ્મત, ક્વચિત્ તીર્થાધિકારી સમ્મત, અને ક્વચિત્ પ્રવચનાર્થ સમ્મત એવો અનુલોમ-પ્રતિલોમ સર્વ પ્રકારનો આંતર્-વ્યવહાર યથાર્થ નિયત પ્રતિનિધિઓ દ્વારા સ્વતન્ત્રપણે છતાં નિ:શલ્ય રીતે યથાશક્તિ ચલાવે છે, અને ધર્મતીર્થ ખાતર તન, મન, ધન વિગેરે સર્વસ્વનો ઉપયોગ અને ભોગ આપવા તત્પર રહે છે, છતાં સર્વ કાર્યપદ્ધતિઓ અને તાત્કાલીન સર્વ કર્તવ્ય-નિર્ણયો પણ તીર્થના તંત્રને પરતંત્રપણે પ્રવર્તાવે છે. તત્-તત્પ્રદેશોના અગારી સંઘો અને સમગ્ર દેશના અગારી સંઘ સાથે તત્તત્ક્ષેત્રસ્થ સંઘોનો-સર્વસામાન્ય કર્તવ્યનિર્ણયોમાં સમાન વ્યવહાર છતાં સર્વ સંઘોનું પ્રતિનિધિત્વ તીર્થાધિ-

પતિ શાસનનાયક આચાર્યમાં પ્રવિષ્ટ હોવાથી કર્તવ્યવ્યાકુળ-દશામાં તેમના તીર્થસાપેક્ષ આદેશો જ સર્વથા શરણભૂત થાય છે, અને તે જ શ્રેયસ્કર બને છે.

૩૭. તત્તત્ક્ષેત્રસ્થ અગારિ સંઘોની ક્ષેત્રમર્યાદામાં રહેલા, રહેતા કે રહેવાના ધર્મારાધન માટેના નાના–મોટા ગમે તેવા સ્થાવર–જંગમ તીર્થના સર્વ સાધનો અને તીર્થની સર્વ સંપત્તિઓ–ના, રક્ષણ, વર્ધન, પરિવર્તન, વિઘ્નનિવારણ, યથાયોગ્ય ઉપયોગ વિગેરે પ્રવૃત્તિઓમાં તીર્થ નીતિ અનુસાર સર્વ જવાબદારી તત્ત-ક્ષેત્રસ્થ વ્યક્તિ અને સંઘોને શિરે છે.

શક્તિ છતાં સ્વજવાબદારીમાં ઉપેક્ષા કરનાર કોઈ પણ સંઘ, કે તેમાં અંતર્ભૂત કોઇ પણ વ્યક્તિ, તીર્થોપેક્ષાના પ્રાયશ્ચિત્તના ભાગીદાર થાય છે.

તત્તત્ક્ષેત્રસ્થ પ્રત્યેક વ્યક્તિની શક્તિને અભાવે સંઘ–, અને સંઘની શક્તિને અભાવે નિકટવર્તી વ્યક્તિ કે સંઘ, તે બન્નેની શક્તિને અભાવે તત્તત્પ્રદેશની કોઈ પણ વ્યક્તિ કે સમગ્ર સંઘ; તે બન્નેની શક્તિને અભાવે સમગ્ર દેશ-માંની કોઈ પણ વ્યક્તિ કે સમગ્ર સંઘ,–તે બન્નેની શક્તિને અભાવે સકળ શ્રમણસંઘમાંની વ્યક્તિ કે શ્રમણસંઘ–અને છેવટે તીર્થપતિ આચાર્ય, તે સર્વની શકિતને અભાવે એક કે અનેક શ્રમણોપાસક, શ્રમણોપાસિકા, શ્રમણ કે શ્રમણી કોઈ પણ–તેની શકિતને અભાવે શિષ્ટસમ્મત આર્ય રાજ્ય-તંત્ર–તેની શકિતને અભાવે તત્તત્ક્ષેત્રસ્થ આર્ય પ્રજાજન કે

આર્ય મહાપ્રજાજનો–તેઓની શકિતને અભાવે સમગ્ર આર્ય મહાપ્રજાજનો કે કોઇ પણ આર્ય વ્યકિત–તેની શકિતને અભાવે કોઈ પણ કુશલાનુબંધી માનવ–ને શિરે પૂર્વ પૂર્વ-ની વતીની સઘળી જવાબદારી બજાવવાનું રહે છે. અને શકિત સદ્‌ભાવે જવાબદારી પુનઃ સંપ્રાપ્ત કરવાનું અને સોંપવાનું સર્વનું કર્તવ્ય સ્પષ્ટ જ છે.

ઇત્યાદિ અનેકવિધ તત્તત્ક્ષેત્રસ્થાદિ સંઘના કલ્પનો અર્થવિસ્તાર છે.

૩૮. તપ, સંયમ અને જ્ઞાનમય વૃક્ષ પર આરૂઢ થયેલા સર્વજ્ઞ–સર્વદર્શી તીર્થંકર ભગવાન્ પોતાના પ્રસિદ્ધ પ્ર–[પ્રકૃષ્ટ]વચન દ્વારા પરમ–અર્થ રૂપી પુષ્પોની વૃષ્ટિ કરે છે, અને બીજ–બુદ્ધિના નિધાન એવા ગણધરો બુદ્ધિ રુપી વસ્ત્રની ઝોળીમાં ઝીલી લઈ એ અર્થપુષ્પોને વિવિધ કળા-યુકત–પુષ્પમાળા પેઠે ચિત્ર–વિચિત્ર કૃતિમય સૂત્ર રૂપે રચના કરે છે.

કૃતકૃત્ય છતાં તીર્થંકર તરીકેની પોતાની ફરજ સમ-જીને તેઓ પ્રવચન કરે છે, અને પોતાનું તેમ જ જગત્‌નું આત્મકલ્યાણ સમજીને ગણધરો ભકિતભર હૃદયથી એ પ્ર-વચનાર્થ ઝીલે છે, અને ગ્રન્થ રૂપે ગૂંથે છે.

સમ્યકત્વાદિક સામાયિક ધર્મનું સંક્ષેપથી અને વિસ્તા-રથી પ્રતિપાદન સમજી જગજ્જંતુઓ જે ક્રમથી અધિગમા-દિક સમ્યકત્વ વિગેરે પ્રાપ્ત કરી યાવત્ મોક્ષ પ્રાપ્ત કરે, તે

ક્રમિક વિકાસ માર્ગમાં પ્રસ્થિત થયેલા તે તે જીજ્ઞાસુઓની તે તે પ્રસંગે જાગ્રત્ થતી બુદ્ધિવિષયક સકળ જીજ્ઞાસાઓ શાંત કરવી, સર્વના સર્વ પ્રસંગોના કર્તવ્ય માર્ગો સ્પષ્ટ સમજાવવા, સામાયિક ધર્મનું આરાધન કરનાર વ્યક્તિઓના સંવેગ અને વૈરાગ્ય સતત જાગૃત રહે, જ્ઞાનાચાર અને ધ્યાન માર્ગમાં અવલંબનભૂત થાય, દેશ–કાળની પરિસ્થિતિ વિશેષમાં ધર્મ અને તીર્થને કટોકટિને પ્રસંગે દર્પણની માફક સુપથ પથનું પ્રદર્શન કરાવી શકે: એ વિગેરે સૂત્ર રચનાના પ્રયોજનો છે, અને સામાયિક ધર્મ તેનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે.

યદ્યપિ પ્રવચનાર્થસૂત્ર રચનામાં એક સામાયિક ધર્મ જ મુખ્ય અને કેન્દ્રભૂત પ્રતિપાદ્ય વિષય છે, છતાં તેની સાથે સંબંધ ધરાવતા જુદા જુદા અર્થાધિકારોને ધ્યાનમાં રાખીને, ગ્રહણ, ધારણ, અધ્યયન, અધ્યાપન, પુનરાવર્તન, વિચારણા વિગેરે પ્રવૃત્તિઓમાં સગવડતા રહે માટે, અંગ, ઉપાંગ, પૂર્વ, વસ્તુ, પ્રાભૃત, પ્રાભૃત–પ્રાભૃત, શ્રુતસ્કંધ, અધ્યયન, ઉદ્દેશ વિગેરે વિગેરે નાના–મોટા પ્રકરણ વિભાગોપૂર્વક રચના કરવામાં આવી છે. જો તેમ કરવામાં ન આવે તો, જેમ બે હાથે સમુદ્ર તરવો દુર્લભ થઈ પડે છે, તેમ આ વિશાળ પ્રવચનના ગ્રહણ–ધારણ દુર્લભ થઇ પડે.

તીર્થંકર ભગવાનના મુખથી ગણધરોએ સાંભળેલું આ પ્રવચન શ્રુત દ્વાદશાંગ રૂપે રચેલું હોવાથી દ્વાદશાંગી અને જ્ઞાન રૂપ હોવાથી આગમ કહેવાય છે.

પ્રવચન શ્રુતનો અર્થવિસ્તાર ઘણો જ વિસ્તૃત છે. તેનું કારણ એ છે કે—અખિલ વિશ્વના, તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અપેક્ષાએ ગૌણ અને પ્રધાન એવા સર્વ પર્યાયોનું સ્થૂલ અને સૂક્ષ્મ વિજ્ઞાન યોગ્ય વિસ્તારથી તથા ઉચિત સંક્ષેપથી સમજાવવામાં આવ્યું છે.

અનેક જીજ્ઞાસુ પાત્રોની જુદી જુદી જીજ્ઞાસાવૃત્તિઓને સંતોષે તેવી રીતે તેમાં પદાર્થવિજ્ઞાન આપવામાં આવ્યું છે.

આધ્યાત્મિક જીવનમાર્ગમાં પ્રયાણ કરનારા સામાયિક ધર્મના સાધક અનેક પાત્રોને વિવિધ સામગ્રી પુરી પાડવાની દૃષ્ટિથી તેની રચના કરવામાં આવી છે.

આજ સુધીમાં તે તે મુખ્ય અને અવાન્તર પદાર્થ વિજ્ઞાન સંબંધી શાસ્ત્રોમાં નિષ્ણાત વિદ્વાનોએ પદ્ધતિસર જુદા જુદા શાસ્ત્રો રચી જાળવી રાખેલા વિજ્ઞાનની સર્વ અપૂર્ણતાઓ પૂર્ણ કરીને, અને સર્વ વિપ્રપત્તિઓ શાંત કરીને તેમાં શાસ્ત્રીય વિજ્ઞાનોના સંપૂર્ણ યથાર્થ સિદ્ધાન્ત અર્થો યથાસ્થાને ગુંથવામાં આવ્યા છે.

તે દરેક વિજ્ઞાનોના પરસ્પર સંબંધો નક્કી કરી રાખ્યા છે. અને તે દરેકનો જગત્‌ના પ્રાકૃતિક સ્વરૂપ સાથે સીધો યા આડકતરો કઇ જાતનો સંબંધ છે? તે પણ તેમાં નક્કી કરવામાં આવ્યું છે.

તે સર્વ વિજ્ઞાન, તેના સંબંધો, અને જગત્ સ્વરૂપ સાથેના સંબંધો વિગેરેના યથાર્થ અધિગમથી જ્ઞાનીના

હૃદયમાં ઉત્પન્ન થતું તત્વજ્ઞાન, તેથી ઉત્પન્ન થતો ચારિત્ર ભાવ, તેથી પ્રવર્તતી સામાયિક ધર્મની આરાધના, તે આરાધના વખતે તે તે પદાર્થોનો કેવા સંજોગોમાં-હેય, જ્ઞેય અને ઉપાદેય રૂપે ઉપયોગ થાય છે ? તે વિગેરે સમજાવવા સાથે-તેવા સંયમી જીવાત્માઓ સામાયિક ધર્મમાં હમ્મેશને હમ્મેશ સ્થિર રહે, આગળને આગળ વધે એટલે કે તેના શમ, સંવેગ, નિર્વેદ ને વૈરાગ્ય ટકી રહે, એટલું જ નહીં પરંતુ ઉત્તરોત્તર વૃદ્ધિગત થાય, તથા પ્રવચનાર્થ શ્રુત શ્રવણગોચર થતાંની સાથે જ સત્પાત્ર શ્રોતાઓને પરમાર્થનો બોધ કરાવી સામાયિક ધર્મની આરાધના તરફ આકર્ષે-લલચાવે, એવી વિચિત્ર ખૂબી ભરેલી તેની રચના કરવામાં આવી છે.

ચારિત્ર ધર્મ અને શાસનતંત્રની દૃષ્ટિથી ઉત્સર્ગ-અપવાદ, વિધિ-નિષેધ, વિકલ્પ-ભજના વિગેરે વિષયવિભાગ જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

બાળ, મધ્યમ અને પ્રાજ્ઞ અધિકારી શ્રોતાઓને અનુસરીને વિવેચન પદ્ધતિઓ રાખવામાં આવેલી છે.

અખિલ વિશ્વનું સ્થૂલ-સૂક્ષ્મ ગણિત અને તે ગણિતના નિયમાનુસાર વિશ્વની ત્રિકાળવિષયક સ્થૂલ-સૂક્ષ્મ ઘટનાઓનું વિજ્ઞાન તેમાં સમજાવવામાં આવ્યું છે.

બની ગયેલા, બનતા, અને બનવાના બનાવોની યથાર્થ ઘટના જેમાં સંગ્રહેલી છે.

પદાર્થ વિજ્ઞાનની દૃષ્ટિથી જગત્‌નું વિજ્ઞાન અનેક દૃષ્ટિબિંદુથી સમજાવવામાં આવ્યું છે. જેમ કેઃ—

| | |
|---|---|
| પ્રશ્નઃ આ શું છે ? | ઉત્તરઃ જગત્ છે. |
| પ્રશ્નઃ એટલે ? | ઉત્તરઃ વારંવાર રૂપાન્તરો તરફ જાય તે જગત્ |
| પ્રશ્નઃ એવો અર્થ કેમ ? | ઉત્તરઃ **पुनः पुनः गच्छति इति जगत्** |
| પ્રશ્નઃ કોણ ક્યાં જાય છે ? | ઉત્તરઃ ધ્રુવ સ્વરૂપ જગત્ ઉત્પાદ–વ્યય સ્વરૂપો તરફ જાય છે. |

જગત્ એક પ્રકારે છે:—

જગત્ સત્ છે, એક છે, પરિણામિ છે.

જગત્ અસત્ છે, અનેક છે, નિશ્ચળ છે

જગત્ બે પ્રકારે છે:—જીવાત્મક અજીવાત્મક જગત્ છેઃ સાકારાનાકારોપયોગ ગ્રાહ્ય જગત્ છેઃ દ્રવ્ય અને પર્યાય જગત્ છેઃ આદિ-અનાદિ પરિણામિ જગત્ છેઃ નિત્ય-અનિત્ય રૂપ જગત્ છેઃ સામાન્ય-વિશેષાત્મક જગત્ છેઃ ભિન્ન-અભિન્ન જગત્ છેઃ એક-અનેક જગત્ છેઃ લોક-અલોક રૂપ જગત્ છેઃ પ્રમાતા-પ્રમેય રૂપ જગત્ છેઃ અભિલાપ્ય-અનભિલાપ્ય જગત્ છેઃ સત્-અસત્ જગત્ છેઃ રૂપી-અરૂપી જગત્ છેઃ સક્રિય-અક્રિય જગત્ છેઃ સર્વગત-અસર્વગત જગત્ છેઃ વ્યાપ્ય-વ્યાપક જગત્ છેઃ ક્ષેત્ર-ક્ષેત્રી જગત્ છેઃ શબ્દ રૂપ-અર્થ રૂપ જગત્ છેઃ પ્રમાણ-નયાધિગમ્ય જગત

છે: અર્પિત-અનર્પિત જગત્ છે: પ્રત્યક્ષ-પરોક્ષપ્રમેય જગત્ત છે: દ્રવ્ય-પર્યાયાર્થિક દૃષ્ટિ ગ્રાહ્ય જગત્ છે: કાર્ય-કારણ રૂપ જગત્ છે: ચળ-નિશ્ચળ જગત્ છે: સકલાદેશ-વિકલાદેશ ગ્રાહ્ય જગત્ છે: વ્યઞ્જન-અર્થ પર્યાય રૂપ જગત્ છે.

જગત્ ત્રણ પ્રકારે છે:—ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય રૂપ જગત્ છે: દ્રવ્ય ગુણ પર્યાય રૂપ જગત્ છે: ભૂત, ભવિષ્ય, વર્તમાન વિષયક જગત્ છે: હેય, જ્ઞેય ઉપાદેય જગત્ છે.

જગત ચાર પ્રકારે છે:—પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અને શબ્દ પ્રમાણથી પ્રમેય જગત્ છે: ચક્ષુ, ચક્ષુ શિવાયની ઇંદ્રિય, અવધિ, અને કેવળ: એ ચાર દર્શનગ્રાહ્ય જગત્ છે: દ્રવ્યાસ્તિકાય, માતૃકાપદાસ્તિકાય, ઉત્પન્નાસ્તિકાય, પર્યાયાસ્તિ-કાયમય જગત્ છે: દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ રૂપ જગત્ છે: નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ રૂપ જગત્ છે: અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ અનંત, સાદિ સાંત જગત્ છે: વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વાપરત્વયુક્ત જગત્ છે.

જગત્ પાંચ પ્રકારે છે:—મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યાય, કેવળ: એ પાંચ જ્ઞાન ગ્રાહ્ય જગત્ છે: ધર્મ, અધર્મ, આકાશ, જીવ, પુદ્ગળ: એ પાંચ અસ્તિકાયાત્મક જગત્ છે: ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપક્ષમિક, ઔદયિક, પારિણામિક: એ પાંચ ભાવ રૂપ જગત્ છે: સ્કન્ધ, દેશ, પ્રદેશ, પરમાણુ અને સમયાત્મક જગત્ છે.

જગત્ છ પ્રકારે છે:—ધર્મ, અધર્મ, આકાશ, જીવ,

પુદ્ગળ, કાળ: એ છ દ્રવ્યાત્મક જગત્ છે: નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ, વિધાન: એ છ અનુયોગથી અધિગમ્ય જગત્ છે.

જગત્ સાત પ્રકારે છે:—નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરુઢ, એવંભૂત: એ સાત નયદૃષ્ટિ ગ્રાહ્ય જગત્ છે: સ્યાત્-સત્, સ્યાદ્-અસદ્, સ્યાત્-સદ્-અસત્, સ્યાદ્-અવક્તવ્ય, સ્યાત્-સત્-સ્યાદ્-અવ્યક્તવ્ય, સાદ્-અસત્ સ્યાદ્-અવ્યક્તવ્ય, સ્યાત્ સત્ સ્યાદ્-અસત્ સ્યાદ્-અવ્યક્તવ્ય: એ સાત વિકલ્પ પ્રતિપાદ્ય જગત્ છે.

જગત્ આઠ પ્રકારે છે:—સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અન્તર, ભાવ, અલ્પબહુત્વ: એ આઠ અનુયોગથી અધિગમ્ય જગત્ છે.

જગત્ નવ પ્રકારે છે:—જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ: એ નવ તત્ત્વાત્મક જગત્ છે.

પદાર્થવિજ્ઞાન, વિચારસરણી, આધ્યાત્મિક વિગેરે અનેક દૃષ્ટિબિન્દુથી જગત્ અને તેના દરેક પદાર્થોનું યથાસંભવ લક્ષણ, વિધાન અને પરીક્ષાપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે.

**પ્રવચનશ્રુત**:-સંક્ષિપ્ત, મધ્યમ અને વિસ્તૃત વાચના-મય છે: સહેતુક, સનિર્યુક્તિ પદ, સચૂર્ણ પદ, સવાર્તિક અને સભાષ્ય છે: ઉપપત્તિયુક્ત, સપ્રશ્ન, સવ્યાકરણ, સર્વન-યાત્મક અને સર્વપ્રમાણાત્મક વાક્યરચનાયુક્ત છે: સૂત્ર, અર્થ અને તદુભય રૂપ તથા ગદ્ય, પદ્ય અને તદુભય રૂપ

છે: અંગોપાંગાત્મક છે, ગમિક-અગમિકાત્મક છે, અંગ-પ્રવિષ્ટ, અંગબાહ્ય છે, કાલિક-ઉત્કાલિક છે, ઉત્સર્ગ-અપવાદ રૂપ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર નિરુપણમય છે. દ્રવ્યાનુયોગ, ચરણ-કરણાનુયોગ, ગણિતાનુયોગ, અને ધર્મકથાનુયોગ રૂપ છે: સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિ અને સર્વ વિરતિ સામાયિક ધર્મમય છે: સામાયિક ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાના અપૂર્વ સામર્થ્યયુકત છે: તાત્પર્યગ્રાહી નિર્ણયાત્મક સિદ્ધાન્ત રત્નોનો સંચય કોષ છે: સંત પુરુષોના હિતને માટે છે, સત્પદાર્થોના વિવેચનાત્મક છે, માટે સર્વથા સત્ય છે. કેવળીભષિત છે, માટે કૈવલિક છે. પ્રતિસ્પર્ધિ રહિત હોવાથી અનુત્તર છે, અપ્રતિહત છે સંપૂર્ણ વિશ્વ વિષયોનું પ્રતિપાદક છે, માટે પરિપૂર્ણ છે, વિશ્વતોમુખ છે. સમ્યગ્દર્શનીને પાત્ર શકિત પ્રમાણે ગમ્ય છે. અસમ્યગ્દર્શનીને અગમ્ય છે. સમ્યક્ છતાં પરપરિગૃહિત થવાથી વિપરીતાર્થવિબોધ, કે અન્યથા યોજાવાથી મિથ્યા થાય છે.

કલ્પ એટલે-સામાચારી, નિયમ, તંત્રયુકિત, આચાર, આમ્નાય, વ્યવહાર: સર્વ અધિકારીઓના ત્રિકાળ વિષયક સર્વ કલ્પો પદ્ધતિસર શાસ્ત્રીય વિવેચનપૂર્વક શ્રુતમાં વર્ણવવામાં આવ્યા છે. જેવા કે:—

તીર્થકલ્પ, તીર્થકરકલ્પ, ગણધરકલ્પ, મનઃપર્યાયકલ્પ, અવધિકલ્પ, કેવળીકલ્પ, શ્રુતકલ્પ, આચાર્યકલ્પ, ઉપાધ્યાયકલ્પ, ગચ્છકલ્પ, ગણકલ્પ, સંઘકલ્પ, કુલકલ્પ, જીનકલ્પ,

સ્થવિરકલ્પ, યથાલંદકકલ્પ, પરિવિશોધકકલ્પ, છેદકલ્પ, ઉપસ્થાપનકલ્પ, જીતકલ્પ, ઓઘસામારી, પદવિભાગસામાચારી, ઇચ્છામિચ્છાસામાચારી, પિંડકલ્પ, સાધુકલ્પ, શૈક્ષકલ્પ, પ્રવર્તિનીકલ્પ, શ્રમણીકલ્પ. ગૃહસ્થકલ્પ, શ્રાદ્ધકલ્પ, વાદીકલ્પ, વાદકલ્પ, પૂર્વધરકલ્પ, આહારકલ્પ, દેવકલ્પ, ઇન્દ્રકલ્પ, રાજાકલ્પ, પર્યુષણાકલ્પ, પર્વકલ્પ, વિહારકલ્પ, પ્રભાવકકલ્પ, પ્રતિમાપ્રતિષ્ઠાકલ્પ, પ્રવ્રજ્યાકલ્પ, પદપ્રતિષ્ઠાકલ્પ, દેશનાકલ્પ, પ્રાયશ્ચિત્તકલ્પ, નિર્યામકકલ્પ, તપસ્વીકલ્પ, યોગોદ્વહનકલ્પ, ઉપધાનકલ્પ, વર્ષાકલ્પ, વર્ષકલ્પ, ચાતુર્માસિકકલ્પ, માસકલ્પ, પાક્ષિકકલ્પ, દૈવસિકકલ્પ, રાત્રિકકલ્પ, ઉત્સવકલ્પ, તીર્થકલ્પ, પૂજાકલ્પ, વંદનકલ્પ, પ્રત્યાખ્યાનકલ્પ, કાયોત્સર્ગકલ્પ, પ્રતિક્રમણકલ્પ, યાત્રાકલ્પ, મરણકલ્પ, વિગેરે વિગેરે.

તથાઃ–જીવવિદ્યા, ભૂગોળ, ખગોળ, ઇતિહાસ, પ્રમાણશાસ્ત્ર, પ્રમેયજ્ઞાન, ચૈતન્યવિદ્યા, કોષ [ નિગોદ ] વિદ્યા, આત્મવિકાસક્રમ, પદાર્થ ધર્મોની ઉત્ક્રાંતિ–અપક્રાંતિ, શબ્દવિજ્ઞાન, રાજ્યનીતિ, દ્રવ્યના ગુણધર્મ, પરમાણુવાદ, નિમિત્ત, જ્યોતિષ્, પદાર્થવિજ્ઞાન, અધ્યાત્મવિદ્યા, યંત્ર, મંત્ર, તંત્ર, ગણિત, કર્મ, શિલ્પ, સંસ્કાર, વિધિવિજ્ઞાન, પ્રાયશ્ચિત્ત, પ્રત્યાખ્યાન, હેય–જ્ઞેય–ઉપાદેય વિભાગ, જનનવિદ્યા, નીતિશાસ્ત્ર, જન્મવિદ્યા, ઉત્પત્તિ–યોનિવિજ્ઞાન, મસ્તિષ્કવિદ્યા, માનસવિજ્ઞાન, સામુદ્રિક, કાળનિરુપણ, દિગ્નિરુપણ, ક્ષેત્રવિદ્યા,

વાસ્તુવિદ્યા, શરીરરચનાશાસ્ત્ર, ભાષા, કળા, યોગ, ધ્યાન, સિદ્ધોની વિદ્યા, પ્રતિષ્ઠા, દેવ-માનવ-નારક અને તિર્યંચના આયુષ્ કાય-સ્થિતિ, સાધનસામગ્રી તથા ગુણદોષ, વિગેરે, કષાય, લેશ્યા, જડવિજ્ઞાન, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ, તત્ત્વજ્ઞાન, દેવસ્વરૂપ, ગુરુસ્વરૂપ, ધર્મસ્વરૂપ, લોકસ્વરૂપ, દ્વીપસમુદ્રજ્ઞાન, ભૂગર્ભ, ભૂતળ, ભૂપૃષ્ઠ, લોકસ્થિતિ, કાર્ય-કારણ, માનવસ્વભાવ, પ્રાણીસ્વભાવ, તપ, ઉપદેશ, મુનિધર્મ, ગૃહસ્થધર્મ, પુરુષધર્મ, સ્ત્રીધર્મ, આર્યધર્મ, વ્યક્તિધર્મ, સમાજધર્મ, માનવવંશ, પશુ, પક્ષિ, જળચર, સ્થળચર, ચતુષ્પદ, ઉરઃપરિસર્પ, ભુજપરિસર્પ, સ્વર્ગ, નરક, પાતાળ, આકાશ, સિદ્ધિસ્થાન, અરિહંત, સિદ્ધ, શાશ્વત-અશાશ્વત્ પદાર્થો, દર્શનવિદ્યા, જ્ઞાન પ્રાપ્તિના સાધનો અને નિયમો, ગુરુકુલવાસ, બ્રહ્મચારીધર્મ, ચિત્ર, સંગીત, કાળચક્ર, આરોગ્ય, વ્યાયામ, વનસ્પતિગુણધર્મ, ખનિજગુણધર્મ, જળ, વાયુ, અગ્નિ: ઈત્યાદિ અનેક વિજ્ઞાનો પરિણામે સીધી કે આડકતરી રીતે સામાયિક ધર્મમાં જે રીતે મદદગાર હોય, તે રીતે ચોક્કસ નિર્ણયાત્મક સિદ્ધાંતોપૂર્વક દ્વાદશાંગીમાં યથાસ્થાને વ્યવસ્થિત છે.

સામાયિક સૂત્રથી માંડીને લોકબિન્દુસાર પર્યન્તનું સૂત્રાત્મક આ શ્રુત અલ્પાક્ષર છે, છતાં મહાર્થ છે.

સત્ય, અપરુષ, અનિન્દક, સભ્ય, મધુર, હિત, મીત, પથ્ય અને ઉદાર છે. અસંદિગ્ધ, સ્પષ્ટાર્થ, અરાગ-દ્વેષયુક્ત,

અર્થ અને દેશ-કાળોપપન્ન છે. અલંકાર, પદ, વિભક્તિ, વાક્ય, સમાસ, છન્દ, યતિ વિગેરે રચનામાં નિર્દોષ છે. સયુક્તિક, ક્રમબદ્ધ, અન્યૂનાધિક, અવ્યાહત, અપુનરુક્ત અગ્રામ્ય અને આત્માનુગ્રાહક છે.

૩૯. સકળ દ્વાદશાંગીનો મુખ્ય પ્રતિપાદ્ય-વિષય સામાયિક ધર્મ છે. સામાયિક ધર્મનો સંક્ષેપ સામાયિક મહા-દંડક સૂત્રમાં છે. અને વિસ્તાર દ્વાદશાંગી રૂપે છે. અર્થાત્ સામાયિક દંડક મહાસૂત્ર અલ્પાક્ષર છતાં તેનો દ્વાદશાંગી રૂપ વિસ્તૃત મહાઅર્થ છે. એટલે જ એ મહાદંડક સકલ દ્વાદશાંગીનું મુખ્ય બીજક છે. કેમકે:—

સામાયિક ધર્મ અનંત તીર્થંકરોએ અને અન્ય જીવાત્માઓએ આરાધ્યો છે, આરાધે છે અને આરાધશે. જ્યારે તીર્થંકર ભગવંતો અણગાર થઇ, મૂંડ થઈ પ્રવ્રજ્યા સ્વીકારે છે, ત્યારે આ પ્રમાણે પ્રતિજ્ઞા વાક્ય ઉચ્ચારે છે—

**“ करेमि सामाइयं. सव्वं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए तिविहं तिविहेणं [ मणेणं वायाए कायेणं-न करेमि, न कारवेमि, करन्तंपि अन्नं न समणुजाणामि]. अप्पाणं वोसिरामि. ”**

નિવૃત્તિ રૂપ સામાયિક ધર્મમાં યાવજ્જીવ જાગ્રત્ ભાવે તત્પર રહેલા એ મહાપુરુષો પ્રવૃત્તિથી નવકોટિક નિ-વૃત્તિ સ્વીકારી અસાધારણ પુરુષાર્થથી સાધ્ય એવી આ મહા-પ્રતિજ્ઞા અંગીકાર કરી પરિણામે અર્હત્ જીન કેવળી થાય

છે ને જગત્પૂજ્ય બની જગત્‌નું કલ્યાણ કરે છે.

"જાવજ્જીવાએ" એ પદો અવધિ સૂચવે છે. "મણેણં" ઈત્યાદિ "તિવિહં તિવિહેણં" નું સ્પષ્ટીકરણ છે. "અપ્પાણં વોસિરામિ" એ વાક્ય પ્રતિજ્ઞાપાલન માટેની સંપૂર્ણ તૈયારી અને સામર્થ્ય સૂચવે છે. પ્રથમ અને અન્તિમ તીર્થપતિ અન્તિમ વાક્યની પૂર્વે—

" **तस्स पडिक्कमामि, निन्दामि, गरिहामि** "

એ શબ્દો વધારે ઉચ્ચારે છે, કારણ કે—

પ્રથમ તીર્થપતિના તીર્થમાં જનસમાજની સામાન્ય યોગ્યતામાં પ્રાજ્ઞતા છતાં સરળતા, અને અન્તિમ તીર્થપતિના તીર્થમાં વક્રતા અને જડતા છે. માટે બન્નેના તીર્થમાં અવશ્ય સપ્રતિક્રમણ સામાયિક ધર્મ છે. શિવાયના તીર્થંકરોના તીર્થમાં પ્રાજ્ઞતા અને કુશાગ્રતા હોય છે, એટલે માત્ર પ્રયોજન સદ્‌ભાવે સપ્રતિક્રમણ ધર્મ છે.

ગણધરો, આચાર્યો વિગેરે શ્રમણવર્ગ તથા શ્રમણીવર્ગ તે તે તીર્થંકરના તીર્થની છાયામાં રહીને પ્રતિજ્ઞા વાક્ય ઉચ્ચારતા હોવાથી પોતાના આદર્શ પુરુષ તીર્થંકર દેવનું સંબોધક " **ભન્તે !** " પદ " **કરેમિ** " પદની પછી, અને પ્રાયશ્ચિતાદિકના પ્રતિક્રમણમાં પરતન્ત્રતાસૂચક ગુરુ સંબોધક " **ભન્તે !** " પદ " **તસ્સ** " પદની પછી ઉચ્ચારે છે.

શ્રમણોપાસકો અને શ્રમણોપાસિકાઓ પણ પોતાના દેશ આરાધન માટે થોડાઘણા ફેરફાર સાથે આ જ પ્રતિજ્ઞા

વાક્ય ઉચ્ચારે છે. એટલે કે—દેશ આરાધક એવા તેઓને **"સવ્વં"** અને **"કુરંતંપિ"** ઇત્યાદિ શબ્દોનો ઉચ્ચાર કરવાની આવશ્યકતા જ રહેતી નથી. અને **"જીવાએ"** ને બદલે **"નિયમં"** તથા **"તિવિહં"** ને બદલે **"દુવિહં"** ઉચ્ચારે છે.

આ મહાસૂત્ર શાશ્વત્ છે, સર્વ તીર્થંકરો મહાભિનિષ્ક્રમણ વખતે તેનો ઉચ્ચાર કરે છે. પ્રથમ તીર્થપતિએ તેનો ઉચ્ચાર કર્યો છે. અંતિમ તીર્થપતિ મહાવીર દેવે તેનો ઉચ્ચાર કર્યો છે. ભગવત્‌શિષ્યો એવા અમે સર્વ શ્રમણોએ ઉચ્ચાર કર્યો છે. હવે પછીના અન્ય શ્રમણો અને શ્રમણોપાસકો પણ તેનો ઉચ્ચાર કરશે.

તીર્થંકર ભગવંતનું વ્યક્તિગત એ પ્રતિજ્ઞાવાક્ય સમુદાયનું થયું છે, તેમાંથી દ્વાદશાંગી શ્રુતનું ઉત્થાન થયું છે; અને તે દ્વાદશાંગીમાં આદિ બીજ તરીકે પ્રતિષ્ઠિત છે.

**" उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा "**

એ અર્થત્રિપદી યદ્યપિ દ્વાદશાંગીનું બીજ છે, પરંતુ તે માત્ર પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિથી—નહીં કે જીવન-કર્તવ્યની દૃષ્ટિથી—છે.

પદાર્થ વિજ્ઞાનનું પ્રયોજન શું ? સામાયિક ધર્મનું આરાધન. સામાયિક ધર્મના આરાધનનું પ્રયોજન શું ? મોક્ષ. આ રીતે પરિણામે સામાયિક સૂત્ર જ સકળ દ્વાદશાંગીનું મુખ્ય બીજક છે. અર્થત્રિપદી સમ્યગ્‌જ્ઞાનમય છે. ત્યારે સામાયિક સૂત્ર સમ્યક્‌ચારિત્ર એટલે રત્નત્રયાત્મક છે.

અર્થાત્ સામાયિક-સૂત્રથી માંડીને લોક-બિન્દુસાર પર્યન્તના શ્રુતનો સાર ચારિત્ર છે, અને ચારિત્રનો સાર મોક્ષ છે.

આ મહાસૂત્રમાં સંક્ષેપથી ષડાવશ્યક ધર્મોનો સમાવેશ આ પ્રમાણે થયેલો છેઃ—

[ ૧ ] " **કરેમિ સામાઇયં** " એ પદો, સામાયિક ધર્મ, આત્મ-પ્રગતિ, આત્મ-વિકાસ સૂચવે છે. સમિતિ, ગુપ્તિ, મુનિધર્મ, અનુપ્રેક્ષા પરિષહજય, ચારિત્ર અને તપ વિગેરે આસ્રવરોધક-સંવર અને નિર્જરા રૂપ, શીળ-વ્રત અને સદાચારમય સામાયિક ધર્મ સૂચવે છે.

[ ૨ ] "**સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ**" આ વાક્ય પ્રત્યાખ્યાન સૂચવે છે, ત્યાગ સૂચવે છે, આસ્રવથી વિરતિ સૂચવે છે. હિંસાદિક આસ્રવોની વિરતિસૂચક વાક્ય છે. એટલે કે-પાંચ મહાવ્રત, પાંચ અણુવ્રતો અને શિક્ષાવ્રતો એ સર્વ પ્રત્યાખ્યાન સ્વરૂપ છે.

[ ૩ ] પ્રથમ " **ભન્તે !** " પદ, ચતુર્વિંશતિ જીનનું અથવા તે તે તીર્થમાં ઉચ્ચાર થતી વખતે તે તે તીર્થંકરનું સ્મારક પદ છે.

[ ૪ ] " **તસ્સ પડિક્કમામિ, નિન્દામિ, ગરિહામિ** " એ પદો પ્રતિક્રમણ રૂપ, પ્રાયશ્ચિત્ત-નિર્જરા રૂપ છે. દોષશોધક છે.

[ ૫ ] " **તસ્સ** " પછીનું " **ભન્તે !** " પદ, ગુરુ સાક્ષિપૂર્વક પ્રાયશ્ચિત્ત અને પ્રતિક્રમણ કરતાં ગુરુસંબોધક

પદ છે. તે ગુરુવન્દન, નમન, ભક્તિ, પ્રતિપત્તિ વિગેરે સૂચવે છે.

[ ૬ ] " **અપ્પાણં વોસિરામિ** " એ પદો, સામાયિક ધર્મની આરાધના ખાતર કાયાનો–ઉત્સર્ગ–ત્યાગ, ધ્યાનમાં લીનતા અને સર્વસ્વના ભોગની તૈયારી સૂચવે છે.

એ પ્રમાણે સંક્ષેપમાં છ આવશ્યકો, તેનો અર્થવિસ્તાર અને તેના સંબંધમાં આવતાં બીજા નિરુક્તાર્થો આ સૂત્ર સાથે સંબંધ ધરાવી દ્વાદશાંગ રૂપ બની જાય છે અર્થાત્ સકળ દ્વાદશાંગીમાં પ્રાણુ રૂપે આ મહાદંડક સૂત્ર બિરાજે છે.

સંક્ષિપ્ત છતાં આ સૂત્રની રચના–પરિપાટી જ એવી વિચિત્ર છે કે–જ્યારે બુદ્ધિનિધાન અનેક પુરુષો તેની વિભાષા વિચારવા માંડે છે, ત્યારે તેઓમાં બુદ્ધિની વિચિત્રતાને લીધે છ વર્ગ પડી જાય છે.

આવું આ મહાદંડક સૂત્ર દ્વાદશાંગીમાં પ્રવિષ્ટ છે, છતાં દ્વાદશાંગીના અનધિકારી એવા શ્રમણોપાસકો અને શ્રમણોપાસિકાઓ પણ તે મહાસૂત્ર દ્વારા યથાશક્તિ સામાયિક ધર્મ આરાધી શકે માટે તેની અંગ–બાહ્ય પણ વ્યવસ્થા કરવામાં આવી છે

૪૦. તીર્થ, તીર્થંકર અને સામાયિક ધર્મ, તીર્થંકર પ્રતિમા, આચાર્ય અને ચતુર્વિધ સંઘ વિગેરે તીર્થના પ્રધાન અંગોની પેઠે તીર્થપ્રવિષ્ટ પ્રવચન શ્રુત પણ તીર્થનું પ્રધાન અંગ છે, અને તીર્થને સદા માર્ગદર્શક છે.

અધ્યયન–અધ્યાપનના યોગ્યાયોગ્ય વખત અને અધિ-

કારી પાત્રો પ્રમાણે અભ્યાસની ક્રમસર યોજના: શ્રુતાર્થ પરિણામ પામે તેવી યોગ્યતા સંપાદક યોગોદ્વહનાદિક તપોનુષ્ઠાન પ્રવૃત્તિ: કાળગ્રહણાદિક નિર્વિઘ્નતા અને શુદ્ધિસંપાદક પ્રકારોમાં પ્રવૃત્તિ: શબ્દ, અર્થ અને તદુભયના સ્પષ્ટોચ્ચાર અને સ્પષ્ટ બોધ શિષ્યોને કેમ થાય ? તેની યોજનાઓ: રત્નાધિકોની પદવીપ્રદાનયોગ્યતાનો નિર્ણય: સૂક્ષ્માર્થોનું સોપપત્તિક સ્પષ્ટીકરણ: સંદેહ નિવારણ: પ્રવચનાર્થનું સયુક્તિપૂર્વક સર્વોત્કૃષ્ટત્વ વ્યવસ્થાપન: વાચના, પ્રચ્છના, પરાવર્તના, ધર્મકથા અને અનુપ્રેક્ષા એ પંચવિધ સ્વાધ્યાય પ્રવૃત્તિના સર્વ તંત્રની યથાયોગ્ય સર્વ વ્યવસ્થા; અને તેમાં સંપૂર્ણ નિરીક્ષણ: સ્વાધ્યાય પ્રવૃત્તિમાં યથાયોગ્ય વ્યવસ્થા રહ્યા કરે તે ખાતર ગુરુકુળવાસની અન્ય સમગ્ર પ્રવૃત્તિઓમાં પણ સુતંત્રણા, વ્યવસ્થા અને નિયમીતતા સંપાદન: વિગેરે પ્રવચનશ્રુતના પઠન-પાઠનની સર્વ વ્યવસ્થા, શાસનાધિપતિ આમ્નાયાર્થવાચક આચાર્યના નિર્દેશસ્થાયિ ઉપાધ્યાય સર્વ અધિકાર અને સર્વ સત્તા સાથે સ્વકર્તવ્ય અને સ્વાત્મકલ્યાણ સમજીને તીર્થતંત્રના કલ્પ અને પરિસ્થિતિ પ્રમાણે ચલાવે છે. જેથી તે શ્રુત સત્પાત્રોને સુલભ સુગ્રાહ્ય અને આત્મકલ્યાણકર થાય છે.

૪૧. જે શ્રુત નિર્વાણ માર્ગમાં મુસાફરી કરવાને ઉત્તમ વાહન રૂપ છે. જે શ્રુત નિર્વાણપ્રાપ્તિનું મુખ્ય દ્વાર છે. જે શ્રુતની રચના માત્ર જ સર્વવિપ્રતિપત્તિઓને દૂરથી જ

ઉપશમાવે છે. જે શ્રુત [તીર્થની] સીમાઓને ધારણ કરે છે. જે શ્રુત મોહની જાળને તોડી નાંખે છે. જે શ્રુત અગાધ બોધ અને અમીત અર્થપદોથી ભરપુર છે. જે શ્રુત ભિન્ન ભિન્ન વિષયપ્રતિપાદક અમીતગમોથી વ્યાપ્ત છે. જે શ્રુત ચિત્ર-વિચિત્ર રચનાથી જ્ઞાની પુરુષોને આલ્હાદ ઉત્પન્ન કરે છે. જે શ્રુતનો ભાર મહા બુદ્ધિનિધાન મુનિપુંગવો જ વહન કરી શકે છે. જે શ્રુત વ્રત અને ચારિત્ર રૂપે પરિણામ પામે છે. જે શ્રુત-સિદ્ધ છે, સંયમ માર્ગમાં સદા નન્દી [ મંગળમય ] છે, સ-મ્યગ્દર્શની દેવ-દાનવ, માનવ અને તિર્યગ્ગણે અદ્ભૂત ભાવથી પૂજેલું, માનેલું અને સત્કારેલું છે. ત્રણલોકનો વિ-ચાર તથા મર્ત્ય અને દેવાસુર રૂપ ત્રિલોકમય જગતના સર્વ ભાવો જેમાં પ્રતિષ્ઠિત છે.

તે શ્રુતના જ્ઞાનથી ઉત્પન્ન થતો શ્રુત સામાયિક રૂપ ધર્મ, ઉત્તરોત્તર ઉત્તર ધર્મ એટલે સર્વ સંયમ રૂપ ચારિત્ર ધર્મની વૃ-દ્ધિમાં નિમિત્તભૂત થઇ ચારિત્ર ધર્મની વૃદ્ધિ કરો, વૃદ્ધિ કરો.

સદા વિજયવંત એ શ્રુતનું સર્વથા મંગળ હો ! મં-ગળ હો ! સદા તે વિજય પામો ! વિજય પામો !

હે ભવ્યો ! હું તેને પ્રયત્નપૂર્વક ભાવથી નમસ્કાર કરૂં છું, નમસ્કાર કરૂં છું. "

" અમે પણ પ્રયત્નપૂર્વક ભાવથી નમસ્કાર કરીએ છીએ, નમસ્કાર કરીએ છીએ. "

૪૨. " તીર્થ [ શાસનતંત્ર રૂપ સમ્યગ્દર્શન ], પ્ર-વચન [ સત્યતત્ત્વપ્રતિપાદક સમ્યગ્ જ્ઞાન ] અને ધર્મ

[ સામાયિક રૂપ સમ્યક્ચારિત્ર ]; અથવા–તીર્થંકર દેવ [ સમ્યગ્દર્શન ], સત્યધર્મ [ પ્રવચનોક્ત સમ્યગ્ જ્ઞાન] અને શ્રમણનિર્ગ્રંથ ગુરુ [ સમ્યક્ચારિત્ર ]; અથવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર: એ ત્રણ તત્ત્વો વિષે રુચિ ધરાવી વિધિપૂર્વક શાસનમાં પ્રવિષ્ટ સ્ત્રી કે પુરુષ વ્યક્તિ કે અનેક વ્યક્તિઓ. એક કુટુંબ કે અનેક કુટુંબો, એક સમાજ કે અનેક સમાજો, એક જાતિ કે અનેક જાતિઓ વિગેરે, અને ઉત્તરોત્તર તત્સંતાનો શાસનના સભ્યો છે.

એ ત્રણ તત્ત્વો વિષે રુચિવંત છતાં વિધિપૂર્વક શાસનમાં અપ્રવિષ્ટ શાસનના સભ્યો નથી.

વિધિપૂર્વક પ્રવિષ્ટ છતાં સ્વેચ્છાપૂર્વક શાસન વિરુદ્ધ વર્તન કે વાણી ચલાવનાર, અરુચિવંત, સંદિગ્ધ, વ્યામૂઢ, વિડંબક, નિહ્નવક, ઘાતક વિગેરે ગમે તેવા સમર્થ છતાં શાસનના સભ્યો નથી.

ચોક્કસ હેતુપૂર્વક સુપ્રયુક્ત અનેક અંગ–પ્રત્યંગોના સમુહાત્મક વ્યવસ્થિત યંત્રની સર્વ ક્રિયા, જેમ કોઈ પણ અંગ–પ્રત્યંગમાં ક્ષતિ પહોંચવાથી રોકાઈ જાય છે, તેમ ચોક્કસ હેતુઓપૂર્વક સુપ્રયુક્ત અંગ–પ્રત્યંગોના સમુહાત્મક ધર્મ અને તીર્થના કોઈ પણ અંગ–પ્રત્યંગ તરફની અરુચિ તીર્થ અને ધર્મ તરફની સંપૂર્ણ અરુચિનું કારણ હોવાથી અલ્પ અરુચિવંત પણ શાસનના સભ્ય થવાની યોગ્યતા ધરાવવાને યોગ્ય થઇ શકતા નથી.

૪૩. અનાદ્યનન્ત તીર્થને નમન કરનાર તીર્થંકર પ્રભુ ઉત્પાદક છતાં તીર્થનું અંગ છે. સામાયિક ધર્મ માટે તીર્થ હોવા છતાં એ ધર્મ, તીર્થનું સાધ્ય અને રક્ષ્ય અંગ છે. પ્રવચનશ્રુત અને સંઘ પણ તીર્થના સહાયકારી અંગ છે. મોક્ષ પણ તીર્થનું પરંપરાએ અંતિમ સાધ્ય અંગ છે. અર્થાત્ તીર્થતંત્ર સર્વ અંગોનું વ્યાપક મહાઅંગી રૂપ છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય તીર્થ છે, છતાં તીર્થ સમ્યગ્દર્શન પ્રધાન છે. પ્રવચનશ્રુત સમ્યગ્જ્ઞાન પ્રધાન છે, અને શ્રમણોપાસકથી માંડીને તીર્થંકર ભગવંતનો સકળ શ્રમણ સંઘ સમ્યક્ચારિત્ર પ્રધાન છે.

આ ધર્મતીર્થ, પ્રાણીઓને સંસાર સમુદ્રથી તારવાને સમર્થ ઉત્તમ વહાણ સમાન છે માટે તીર્થ છે. સામાયિક ધર્મ રૂપ અગાધ શાંતિના સાગરમાં સરળતાપૂર્વક પ્રવેશ કરવાને સર્વ પ્રકારની સગવડ સાથે બાંધેલા તીર્થ-ઘાટ ઓવારા સમાન છે માટે તીર્થ છે.

તીર્થ સાથે અનન્તર કે પરંપરાએ સંબંધ ધરાવનાર કોઇ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તેનાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ સર્વ કાંઇ જેનો સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર સાથે અનન્તર કે પરંપરાએ સંબંધ હોય તે સર્વ તીર્થ છે. એટલે કે—

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સામાયિક, સામાયિકના સાધનો, દ્વાદશાંગી, દર્શન-તંત્ર-કલ્પ-રચના, સંઘ,

ગણધર, પ્રથમ ગણધર, શાસનપતિ આચાર્ય, કોઈ પણ આચાર્ય, મુનિ, સ્ત્રી–પુરુષ વ્યક્તિ, કુલ, ગણ, શ્રમણી, પ્રવર્તિની, મહત્તરા, ગણિ, સ્થવિર, ઉપાધ્યાય, તીર્થંકર ભગવાન્, પદ, સૂત્ર, ગ્રંથ, પુસ્તક, દર્શન–જ્ઞાન–ચારિત્રના ઉપકરણો, સમવસરણ, ચૈત્યવૃક્ષ, ધર્મચક્ર, વાસચૂર્ણ, તીર્થંકર અર્હત્ ભગવંત વિગેરે પૂજ્ય પુરુષોના માતા–પિતા, ગ્રામ, સ્થાન, તેમના અંગની કોઇ પણ વસ્તુ, ચ્યવન–જન્મ–નિષ્ક્રમણ–જ્ઞાનોત્પત્તિ–નિર્વાણ તથા તેમના જીવનના બીજા પ્રસંગો સાથે સંબંધ ધરાવતા માતાને સ્વપ્નદર્શન વિગેરે કોઈ પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ વિગેરે, દર્શનવિશુદ્ધિ, માનસિક ભાવ, પૂર્વધર, તીર્થંકરાદિકના નામ, તેમની પ્રતિમાઓ, તેમના પૂર્વભવો તથા સાંસારિક સ્થિતિ, દર્શનજ્ઞાનચારિત્ર વિશુદ્ધિના ઉત્તેજક પ્રસંગો–મહોત્સવો, ઉદ્યાપના, મહાયાત્રા અને તેમાં અંગ–પ્રત્યંગ રૂપ વપરાતાં સાધનો, પરંપરા, પટ્ટપરંપરા, પદવીઓ વિગેરેમાં જ્યાં અંશતઃ કે સંપૂર્ણ રીતે દર્શનાદિકનો સંબંધ હોય, દર્શનાદિકની મુદ્રા હોય. તે સર્વ **તીર્થ** છે.

પતિત–પાવન તીર્થનો, અયોગ્ય વ્યક્તિઓ અયોગ્ય લાભ ન ઉઠાવે, તેની અપભ્રાજના ન થાય, સદા પ્રભાવના થતી રહે, અને સત્પાત્ર યોગ્ય વ્યક્તિઓ તેનો સુયોગ્ય લાભ જેમ સુલભ રીતે લઇ શકે, તેવા કોઇ પણ પ્રયત્નો કરવા કરાવવા અને અનુમોદવાનું તીર્થના પ્રત્યેક સભ્યનું સંપૂર્ણ કર્તવ્ય છે.

૪૩. ઈત્યાદિ અનેકવિધ ધર્મ અને તીર્થના શાસન તંત્રના કલ્પનો ત્રિકાલાબાધિત અર્થવિસ્તાર છતાં, સંજોગ વિશેષ, સ્થળવિશેષ, સમયવિશેષ અને પરિસ્થિતિવિશેષમાં-તીર્થભક્ત, નિઃસ્વાર્થ, નિર્દંભી, પ્રવચનાર્થવેદિ શિષ્ટોએ અનિન્દિત, પરિણામદર્શી મહાનુભાવ વ્યક્તિ જ ધર્મ, તીર્થ અને સંઘને શરણરૂપ હો! અને શ્રી તીર્થનું સર્વદા, સર્વત્ર સર્વ રીતે મંગળ હો ! ભદ્ર હો ! શુભ હો ! ”

“ અમે પણ એ જ ઈચ્છીએ છીએ કે-શ્રી તીર્થનું સર્વદા, સર્વત્ર સર્વ રીતે મંગળ હો! ભદ્ર હો! શુભ હો!” એમ સર્વ પરિષદોમાંથી શ્રી તીર્થ પર આશીર્વાદનો પ્રવાહ વહેવા લાગ્યો. અને જગત્‌ના સર્વ મંગળો કેમ જાણે તેના ઉપર ઉતરતાં હોય ! તેમ મંગળમય વાતાવરણ છાઈ રહ્યું.

૪૪. “ અહો ! ભવ્યો ! જગત્કલ્યાણકર શાશ્વત્ માર્ગના પુનરુત્થાનનો આજે દિવસ છે. આજે જગત્‌માં સર્વત્ર ઉલ્લાસ અને ઉત્સવ પ્રવર્તી રહ્યા છે. અને હજુ સાંભળો-

**૪૫. નામ**—આ ચોવીશમા ધર્મ-શાસનતન્ત્રનું નામ

**“ ભગવાન્ વર્ધમાન સ્વામિનું ધર્મ-તીર્થ છે.”**

**સંસ્થાપક**—ઇક્ષ્વાકુ વંશની **જ્ઞાત** શાખામાં જન્મેલા, મહા ઉગ્ર તપસ્વી, જીન એટલે જ અર્હન્, કેવળજ્ઞાની એટલે જ સર્વજ્ઞ, સ્નાતક શ્રમણ નિર્ગ્રન્થ એટલે જ આપ્તશ્રેષ્ઠ, એવા ધર્મ-ચક્રી દેવાધિદેવ પુરુષોત્તમ ભગવાન્ મહાવીર **વર્ધમાન** સ્વામિ આ ધર્મતીર્થના સંસ્થાપક છે.

**સ્થળ**—તિર્યક્‌લોકની મધ્યમાં અસંખ્ય દ્વીપ સમુદ્રોની બરાબર વચ્ચે રહેલા **જંબૂ** નામના દ્વીપના **ભારત** ક્ષેત્રના **દક્ષિણાર્ધ** ભાગમાં, **ગંગા–સિંધુના** વચ્ચગાળાના પ્રદેશમાં આવી રહેલા–સર્વ રીતે સમૃદ્ધ **મગધ** મંડળને વિષે, **અપાપા** નામની નિષ્પાપા નગરીની બાહ્ય પરિસરામાં શોભી રહેલા **મહાસેન** નામના વનોદ્યાનના એક ભાગમાં દેવાસુરોએ રચેલા **મહાસમવસરણના** મધ્ય ભાગમાં **ચૈત્યવૃક્ષ** નીચે આવી રહેલા સિંહાસન પર બેસીને, દેવાસુર, નર–નારી અને તિર્યંચોની પરિષદો વચ્ચે સ્વયં ભગવાને પોતે જ સકળ સામગ્રી સહિત સાંગોપાંગ આ ધર્મતીર્થ સ્થાપ્યું છે.

**કાળ**—આ અવસર્પિણી કાળના નવ કોડા કોડી સાગરોપમો વ્યતીત થયા ત્યારે, અને **શ્રી ઋષભદેવાદિક** ત્રેવીશ તીર્થ–પ્રવર્તકોના તીર્થો પ્રવર્તી ચૂકયા પછી, ચતુર્થ આરકનો અંત ભાગ પસાર થાય છે, ત્યારે આજે વૈશાખ શુદિ ૧૧ ના દિવસના પૂર્વાર્ધ ભાગમાં સૂર્યોદય થતાં જ પ્રથમ પૌરુષી વખતે તીર્થ સ્થાપ્યું છે. જેની સ્થાપના પછીની આ બીજી પૌરુષી પસાર થાય છે.

[ **वइसाहसुद्धएक्कारसीए पुव्वण्हदेसकालम्मि ।**
**महसेणवणुज्जाणे अणन्तरं परंपरं सेसं ॥ १ ॥** ]

**ઉદ્દેશ**—ભગવાન્ મહાવીર પરમાત્માએ સ્વયં આચરણ કરી પ્રકટ કરેલો નિરપાય સપ્રતિક્રમણ સામાયિક મહાધર્મને

સત્પાત્ર જગજ્જંતુઓ જે રીતે સુલભતાપૂર્વક પ્રાપ્ત કરી શાશ્વત્ કલ્યાણ પ્રાપ્ત કરે, તે રીતે સાધનો યોજવાં એ આ તીર્થ સ્થાપનાનો પ્રધાન ઉદ્દેશ છે.

**સંપત્તિ**—સર્વ ભાષા પરિણામિની અને સર્વાતિશાયિની વાણી દ્વારા અગ્લાન ધર્મોપદેશ વડે, શ્રી ભગવાને સર્વ શ્રોતાવર્ગમાં પ્રથમથી જ પ્રકાશ ઉત્પન્ન કરી ધર્મ અને તીર્થ ખાતર સર્વસ્વનો ભોગ આપવાની મનોવૃત્તિ રૂપ ક્ષેત્રમાં અવન્ધ્ય એવું જે **બોધબીજ** વાવ્યું છે, તે અને તેમાંથી ફલિત થતાં બીજા પણ તીર્થ, દ્વાદશાંગી, મુનિજીવન વિગેરે દૃશ્ય, અદૃશ્ય ફળો, અગમ્ય અને ઉત્તરોત્તર પરંપરાનુબંધી એવી એ સર્વ તીર્થની સ્થાયિ સંપત્તિ છે.

**સભ્યો**—ભારતવર્ષમાં ઉત્પન્ન થયેલા, વાસચૂર્ણ પ્રક્ષેપાદિક-વિધિપૂર્વક તીર્થમાં પ્રવિષ્ટ, સમ્યગ્દર્શની માનવ જીવાત્માઓ ભગવાન્ **વર્ધમાન** દેવના આ શાસનતીર્થના સભ્યો છે.

**અધિકારિવર્ગ**—તીર્થના સભ્યોમાંના ક્ષેત્રાદિક ઉત્તમ આર્ય પરિસ્થિતિમાં જન્મેલા સંસ્કારશુદ્ધ વ્યક્તિઓ તીર્થતંત્રના અધિકાર પદ ઉપર નિયુક્ત કરવામાં આવે છે.

**ગણધરો**—ભગવાન્ મહાવીર પરમાત્માના ઉપદેશને સૌથી પહેલો ઝીલનારા અમને અગ્યાર વિપ્રોને પ્રથમ દિક્ષા આપી, દ્વાદશાંગી રચનાની અનુજ્ઞા આપી, ગણોના સ્વા-

મી સ્થાપી ગણધર પદથી વિભૂષિત કરવાનો મહાન્ અનુગ્રહ શ્રી પોતે જ કર્યો છે.

**ગણો**—ભગવાન્ મહાવીર પ્રભુના આ શાસનમાં આઠમા અને નવમા ગણધરની તથા દશમા અને અગ્યારમા ગણધરની વાચના સમાન હોવાથી ગણુ નવ છે, એટલે દ્વાદશાંગી-ની વાચના પણ નવ છે.

**શ્રુત**—મહાભિનિષ્ક્રમણ વખતે પ્રતિજ્ઞા વાક્ય રૂપે સ્વયં ભગવાને ઉચ્ચારેલું શાશ્વત્ એવું **સામાયિક સૂત્ર**, અને કૈવલ્ય પ્રાપ્ત કર્યા પછી ભગવંતે કરેલા પ્રસિદ્ધ આદ્ય પ્રવચન પછી તે સૂત્રને અનુસારે ભગવંતના શ્રીમુખથી ત્રિપદી પ્રાપ્ત કરી ગણધરોએ રચેલી વિશાળ **દ્વાદશાંગી** તીર્થનું શ્રુત છે.

**સંઘ**—અમે વિગેરે સર્વ શ્રમણો ભગવાન્ મહાવીરના તી-ર્થમાં શ્રમણ સંઘ છીએ, **આર્યાચંદના** વિગેરે શ્રમણી સંઘ છે........વિગેરે શ્રમણોપાસક સંઘ છે, અને........ વિગેરે શ્રમણોપાસિકા સંઘ છે. એમ ભગવાન્ મહાવીરના તીર્થમાં ચતુર્વિધ સંઘ છે.

**તીર્થાનુજ્ઞા**—ત્રણ વાર વાસક્ષેપનો પ્રક્ષેપ કરી "દ્રવ્ય, ગુણ, પર્યાય"થી સમગ્ર **તીર્થની** અનુજ્ઞા આપી તીર્થના સર્વાધિ-કારો સોંપવાથી એ દયાળુ પરમાત્માએ અમને અત્યન્ત અનુગૃહિત કર્યા છે.

**ગણાનુજ્ઞા**—યશસ્વી અને દીર્ઘાયુષી **સુધર્મા** નામના પાંચમા મહાશ્રમણને સમગ્ર તીર્થના મહાન્ ગણસ્વામી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

**મહાપ્રવર્તિની**—ચંપાપતિ **દધિવાહન** રાજાના બાળબ્રહ્મચારિણી પુત્રી **વસુમતી આર્યાચંદના** નામે ભગવાનના શાસનમાં આદ્ય પ્રવર્તિની પદે નિયુક્ત છે.

**તીર્થપ્રવર્તન કાળ**—આ ભારતવર્ષમાં યથાશક્તિ સામાયિક ધર્મનું આરાધન કરનારા એક પણ શ્રમણ નિર્ગ્રન્થ, શ્રમણી નિર્ગ્રન્થી, શ્રમણોપાસક કે શ્રમણોપાસિકા જ્યાં સુધી વિદ્યમાન હશે, ત્યાંસુધી આર્હત્તીર્થ, આર્હત્તપ્રવચન, સામાયિક ધર્મ અને શ્રમણસંઘ અવિચ્છિન્ન પરંપરાએ સદા વિજયવંત છે ઇત્યાદિ.

**“ भद्रं श्री जिनशासनाय, मङ्गलं श्री वर्धमानतीर्थाय,**
**शुभं श्री धर्मसाम्राज्याय ”**

**“ भद्रं श्री जिनशासनाय, मङ्गलं श्री वर्धमानतीर्थाय,**
**शुभं श्री धर्मसाम्राज्याय ”**

“ હે મહાશ્રમણો અને મહાશ્રમણીઓ !

તમે, ભવ-સમુદ્રથી તરવા અને અનેક પ્રાણીઓને તારવા સમર્થ એવા પ્રવહણ તુલ્ય આ મહાશાસન તીર્થનો આશ્રય કર્યો છે, માટે હવેથી તમે જ્યાં જે પરિસ્થિતિમાં હો, ત્યાં તે પરિસ્થિતિમાં-ગુર્વાજ્ઞા અને શાસનતન્ત્ર પરતન્ત્રતાને કદી

વિસર્યા વિના સામાયિક ધર્મનું એવી રીતે આરાધન કરો અને એવી રીતે પ્રતિપાદન કરો, કે જેથી કરીને સર્વ સત્પાત્ર પ્રાણીઓને તે સુશ્રદ્ધેય, સુજ્ઞેય અને સુઉપાદેય થાય. તેમ કરતાં કરતાં આ ભૂમંડળ પર ગ્રામાનુગ્રામ અપ્રતિબદ્ધ વિહાર કરો, ભગવાનનું શાસન પ્રવર્તાવો અને જગત્માં મોક્ષ માર્ગ સુલભ કરવા પ્રયત્ન ચલાવો. ગમે તેવા મહાન્માં મહાન્ લાભોની લાલચમાં પડીને કે વ્યામોહજનક પ્રસંગોથી અંજાઈ જઈને તીર્થનિરપેક્ષ ન થઈ જવાય તેની પુરેપુરી સાવચેતી રાખજો.

તીર્થનિરપેક્ષ થવામાં પ્રત્યવાય છે, સંઘનું અપમંગળ છે. ગમે તેવી દુર્ઘટ પરિસ્થિતિમાં પણ સદા તીર્થને આધિનપણે વર્તવામાં સકળ સંઘનું સદા નિરપાય મંગળ છે, કલ્યાણ છે, ભદ્ર છે. એમ વિચારી કલ્યાણેચ્છુક મહાનુભાવ પુરુષોએ અસાધારણ દૃઢતાથી તીર્થનું સેવન કરવું, કરાવવું અને કરનારને મદદગાર થવું, તથા સમર્થ વ્યક્તિઓએ તીર્થની મહાપ્રભાવનાઓ, તેમ જ પ્રત્યેક સભ્યે યથાશક્તિ પ્રભાવનાઓ પ્રવર્તાવવી જોઇએ.

૪૬. પ્રાણી માત્રના સર્વ પ્રકારના જીવન કરતાં માનવજીવન કેમ જાણે સર્વ જીવનોનું કેન્દ્રભૂત એક વિશિષ્ટ જીવન હોય ? માનવજીવન પ્રાપ્ત કરવું ઘણું જ મુશ્કેલ છે, પ્રાપ્ત કરીને પણ માનવજીવનથી ભ્રષ્ટ થયેલો પ્રાણી ફરીથી મહા પ્રયાસે જ માનવજીવન પ્રાપ્ત કરી શકે છે.

દુર્લભ એવું માનવજીવન પ્રાપ્ત કરીને જે પ્રાણી કુશળ સામગ્રી પ્રાપ્ત કરતો નથી તે પ્રાણી મરણકાળે ઘણો જ શોકાતુર થાય છે, મરણના આક્રમણ વખતે પોતાને અશરણ જોઈને તે ઘણો જ ગભરાય છે. દુર્લભ અને વિદ્યુતના જેવું ચંચળ માનવજીવન પામીને પ્રાણી પ્રમાદ પરવશ થાય છે, તે સત્પુરુષ નથી પણ કાયર માનવ છે, પામર પ્રાણી છે.

માનવજીવન, ઉત્તમ-આર્ય-ક્ષેત્ર-જાતિ અને કુળ, રૂપ, આરોગ્ય, દીર્ઘાયુષ, ઇંદ્રિયપટુતા, નિવૃત્તિ, અનુકુળતા, તીર્થપ્રાપ્તિ, ધર્મદેશક ગુરુ, શ્રવણમનન, બોધનું અવધારણ, નિર્મળ શ્રદ્ધા, સામાયિક ધર્મની પ્રાપ્તિ અને તેનું પાલન, તથા નિર્વાણ: એ સર્વ સામગ્રી ઉત્તરોત્તર વિશેષને વિશેષ દુર્લભ છે. માટે—

આળસ, મોહ, સામાયિક ધર્મ તરફ અવજ્ઞા, ગર્વ, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, સાંસારિક અટપટી ઘટમાળ, નાટકાદિમાં કુતૂહળ, અને રમતગમ્મતના પ્રસંગો વિગેરેનો ત્યાગ કરીને કર્મશત્રુઓ સાથેના યુદ્ધમાં કુશળ એવા નિરોગી ભડ આત્માઓએ વ્રત-વાહન પર આરૂઢ થઇ ઉત્તમ ક્ષમાનું કવચ ધારણ કરવું, ગીતાર્થતા રૂપી કુશળતા, યથાયોગ્ય દ્રવ્યક્ષેત્ર કાળ અને ભાવની પરિસ્થિતિ પ્રમાણે વર્તન રૂપી રાજ્યનીતિ, અને યથાપ્રસંગે અન્યૂનાધિક પ્રવૃત્તિ રૂપી ચતુરાઇ ધારણ કરી, તપોનુષ્ઠાનોમાં તથા કષ્ટોપસર્ગ રૂપી કિલ્લાઓ તોડી પાડવામાં અ-

સાધારણ પ્રયત્નશીલ રહી ધ્યાન રૂપ શસ્ત્રાસ્ત્રો ગ્રહણ કરી કર્મશત્રુઓનો એવી રીતે પરાજય કરવો કે જેથી કરીને પ્રાણી હિતકર અને સંસારતારણ સમર્થ સામાયિક ધર્મ દ્વારા વિજયલક્ષ્મીને પ્રાપ્ત કરી યાવત્ નિર્વાણ પ્રાપ્ત કરે.

૪૭. અનાદ્યનન્ત આ પવિત્ર ધર્મતીર્થનો આશ્રય લઇ સામાયિક ધર્મનું આરાધન કરી અનન્ત જીવાત્માઓ અનન્ત કલ્યાણને પ્રાપ્ત થાય છે, સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, યાવત્ પરિનિર્વાણ પામ્યા છે.

તમે પણ તેનો આશ્રય લઈ સામાયિક ધર્મનું આ-રાધન કરશો તો ચોક્કસ અનન્ત કલ્યાણ પ્રાપ્ત કરશો, યાવત પરિનિર્વાણ પામશો.

ભવિષ્યમાં પણ જે સત્પાત્ર જીવાત્માઓ તીર્થમાં પ્ર-વેશ કરી સામાયિક ધર્મનું યથાશક્તિ આરાધન કરશે, તે અનુક્રમે સર્વ ઋદ્ધિઓ અને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છેવટે અનન્ત કલ્યાણ પ્રાપ્ત કરશે, યાવત્ પરિનિર્વાણ પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

એવો શ્રી ભગવાનના પ્રવચનનો અર્થવિસ્તાર છે, એમ હું કહું છું. ”

[ ધોબિડા તું ધોજે મનનું ધોતીયું રે !
રખે રાખતો મેલ લગાર રે !

## કરેમિ ભંતે !–સૂત્ર

એણે રે મેલે જગ મેલું કર્યું રે !
વણધોયું રાખ ન લગાર રે ! ધો૦

**જૈનશાસન સરોવર** સોહામણું રે !
**સમક્તિ તણી** રૂડી પાળ રે
દાનાદિક ચાર બારણાં રે !
માંહે નવ તત્ત્વ કમળ વિશાળ રે ! ધો૦

તિહાં ઝીલે મુનિવર હંસલા રે !
પીવે છે તપ-જપ નીર રે !
શમ-દમ આદિ જે શિળ રે !
તિહાં (પ) ખાળે આતમન્ ચીર રે ! ધો૦

તપવજે તપ તડકે કરી રે !
જાળવજે નવ બ્રહ્મ વાડ રે !
છાંટા ઉડાડ્ય પાપ અઢારના રે
એમ ઉજળું હોશે તત્કાળ રે ! ધો૦

આલોચન સાબુડો શુદ્ધિ કરે રે !
રખે આવે માયા શેવાળ રે !
નિશ્ચય-પવિત્રતા રાખજે રે !
પછી આપણી નીમી (?) સંભાળ રે ! ધો૦

રખે મૂકતો મન મોકળું રે !
ચળ [સળ] મેલીને સંકેલ રે
**સમયસુંદરની** શિખડી રે !
સુખડી અમૃતવેલ રે ! ધો૦]

" અહો શ્રી ગણધર પ્રભુ દેશાના આપવાથી વિરામ પામ્યા છે. સર્વત્ર પુષ્પવૃષ્ટિ અને " જય, જય. " શબ્દઘોષણા ઉચ્છળી રહ્યા છે. દેવદુંદુભિનો શ્રુતિમનોહર પ્રઘોષ સર્વત્ર વ્યાપી રહેવા લાગ્યો છે. સર્વ પરિષદો ઉભી થઈ ગઇ છે, અને આખું યે સમવસરણ કહ–કહ થઇ રહ્યું છે.

ભગવાન્ ગૌતમ ઇન્દ્રભૂતિ દેવચ્છંદામાં બિરાજમાન કોટિ દેવગણથી પરિસેવિત ભગવાન્ મહાવીર પરમાત્માની ચરણ સેવામાં હાજર થઇ ગયા છે, અને સર્વ પરિષદો જેમ આવી હતી તેમ સાનન્દાશ્ચર્ય થઇ પોતપોતાને સ્થાને ચાલી જવા લાગી છે. "

" હા. પરંતુ, આપણે ? "

"જેના સર્વાંગમાંથી નિરન્તર સામાયિક ધર્મ વર્ષી રહ્યો છે, એવા પરમાત્મા મહાવીરદેવ રૂપી ધર્મ પુષ્કરાવર્ત મેઘની દેશના–ગર્જના ક્યાં ક્યાં અને કેટલા કેટલા સત્પાત્ર જીવાત્માઓ રૂપી મયૂરોને કેવી કેવી રીતે રોમાંકુરિત કરી હર્ષ–નૃત્ય કરાવે છે ? તે જોઈ કૃતાર્થ થવા આપણે તો તેઓશ્રીની પાછળ પાછળ જ જવાનું છે. "

"બરાબર, બરાબર. અમારો પણ એ જ સંકલ્પ છે."

" અહો ! મારાં સર્વ સત્વો ! આવો, આવો. અને આનંદો.

તીર્થના સર્વ અંગો અને સર્વ ઉપાંગો જ્યાં જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની પરિસ્થિતિમાં હોય ત્યાં સર્વત્ર તમારૂં સર્વ આનુકૂલ્ય રૂપી અમૃત સીંચી દો. તેને સદા પ્રફૂલ્લ અને વિજયવંત બનવામાં તમારી સર્વ સામગ્રી ધરી દો. એ જ જગત્‌ના કલ્યાણનો શાશ્વત્ માર્ગ છે. એ જ પરમ પવિત્ર કર્તવ્ય છે. ”

अध्यात्म-विद्या-प्रकाशन कार्य. १.

# જૈન તત્ત્વ જ્ઞાન

દ્રવ્યાનુયોગ ૧-

| | | | |
|---|---|---|---|
| ૧ **કર્મવિચાર** | ભાગ ૧ લો. [ બંધ ] | | ૦-૩-૦ |
| " | ભાગ ૨ જો. [ સત્તા ] | | ભેટ |
| " | ભાગ ૩ જો. [ ઉદય ] | | " |

ચરણાનુયોગ ૨-

## ૨ કરેમિ ભન્તે!—સૂત્ર ભાગ ૧ લો.

[ ભગવાન્ મહાવીરની મહાપ્રતિજ્ઞા ]

ગ્લેઝ કાગળપર છપાયેલની કિં ૦-૮-૦

ઉંચા બફ કાગળપર છપાયેલ પાકું પુઠું " ૦-૧૨-૦

**નોંધઃ**-ઉદ્યાપન, ઇનામ, ભેટ વિગેરે માટે વધારે નકલો લેનારને કિંમતમાં ફાયદો પડશે. રૂબરૂ મળી કે પત્રવ્યવહારથી ખુલાસો પૂછાવવો.

શ્રી જૈન વિદ્યા ભુવન

ઠે. લહેરૂગાંધીના ડેલામાં, પરામાં.

રાધનપુર